ખુશરો શીરીનનો કીસ્સો.

(શાહેર નીજામીના ખુશરો શીરીનના કીસ્સા ઉપરથી)

૧૨૭૯ વાલમ પેહેલો.

[આ કીસ્સો ૧૮૬૭ ના ૨૫ માં કાયદા પ્રમાણે રેજીસટર કર્યોછે.]

૧૨૭૯

રચનાર

રૂસતમ ઇરાની,

નવી આવૃત્તિ.

મુંબઈ:-ઇશ્વિસને ૧૮૭૮.

વર્તમાન પ્રેસમાં મનચેરજી હોસંગજી જાગોસે છાપ્યુંછે.

કીંમત રૂ૧.

ખુશરો શીરીનનો કીસ્સો.

(શાહેર નીજામીના ખુશરો શીરીનના કીસ્સા ઉપરથી)

વાલમ પેહેલો.

[આ કીસ્સો ૧૮૬૭ના ૨૫માં કાયદા પ્રમાણે રેજીસ્ટર કર્યોછે.]

રચનાર

રૂસતમ ઇરાની,

નવી આવૃત્તિ.

મુંબઈ:-ઇખ્રિસને ૧૮૭૯.

વર્તમાન પ્રેસમાં મનચેરજી હોસંગજી જાગોસે છાપ્યુંછે.

કીંમત રૂ૧.

ખુલાશો.

આ ખુશરો શીરીનના કીસ્સાનો પાયો શાહેર નીજામીવાલો ખુશરો શીરીનનો કીસ્સો છે. આ કીસ્સામાં મેં મોટો ફેરફાર કર્યોછે. એ કીસ્સો રસીલો કરવા માટે મેં મારેથી ખનતી ઝેંમત એંચીછે. આ કીસ્સો ત્રણ વાલમમાં પુરો થશે. જેમાંનું આ પેહેલું વાલમ છે,

સાંકળીયુ.

સફે.

ખુશરો શીરીનનો કીસો.

મંડાણ છે જેને, તેનો તો છે અંત,
મંડાણ અંતથી કોઇ નથી ખાલી જીવજંત.

શાહાનશાહ આદેલ નોશીરવાંનના મોત પછે ઇરાનની શાહાનશાતના તખત ઉપર તેનો બેટો નામદારી ભરેલો અકલમંદ હોરમજદ આવ્યો. મરતી વખતે શાહનશાહ નોશીરવાને પોતાના બેટાને નેક નસીહત કરી હતી તે માફક તે અદલ ઇનશાફ, દાદ ને દરયાફના તરીકાથી પાદશાહત કારોબાર ચલાવવા લાગો. ઇરાનની શાહાનસાતનો જમાનો જેહાનમાં નેકનાંમ ને મશહુર હતો, તે શાહાનસાત ઉપર શાહાનશાહ હોરમજદનો અમલ અખતેઆર તેજ ને દમામ ભરેલો ચાલવા લાગો. પોતાના અદલ પેદરના કદમ ઉપર તેની પાદશાહાત જારી રહી, તે શખાવત ને શ્યાણપણામાં જમાનાનો નેક કેહવાવા લાગો. જેવારે પોતાના નેક ઇનશાફ ને દાદથી ઇરાનની મોટી પાદશાહાત પોતાના બાપ રવેશ આબાદ કરવામાં ફતેહ પામ્યો, તેવારે તે સેજ એશઆગમમાં મશગુલ થઇ પોતાના મનની મુરાદના મોહોલના સ્થાપનાર બેટાની આરજુમાં હરદંમ રેહેવા લાગો. બેટાની ઉમેદમાં તે નેકનામ શાહાનશાહે શખાવત કરવામાં બાકી રાખી નહી. પોતાની નઇઅત પાક સાફ કરી પોતે ઘણો વખત તે મુરાદ હાંસલ કરવાની બંદગીમાં ગુજારવા લાગો. પોતાના મહજબની રાહ રસમ માફક દીન રાત આતશબેહરામમાં પાક આતશ ઉમદા ખુશબોઇના પમરાટમાં શોહોલાદાર રાખ્યો. દસ્તુરો ને મોબેદોના સર પાકપરવરદેગારની જનાબમાં પોતાના મુલકના શાહાનશાહની મુરાદ બર લાવવાની મીનતગુજારીમાં ઝોકેલાં રહ્યાં. ઇરાનના તમાંમ દાવરોએ પાક જંદના કલામોથી પાક નુરી ફીરેસતાઓને હકની દરબારમાં પોતાના શાહાનશાહના મનની મુરાદ બર લાવવા યજદાંન શાહેબની હજુર હોજરબાહી કરવા મદદે બોલાવ્યા. જસનો ઉપર જસનોના ખુબી ભરેલા તેહવારો પાક અવસ્તા વાણીના અજમતી લબજોમાં ગજાવી પોતાના અસો પેગંમબર સ્પેનતમાંન જરથોસ્ત (જેના રૂહ ઉપર હજારો હજાર આફરીનો શેનાસો દરૂદ હોજો) જનાબ જાન કુરબાંની કરી.

ખુશરો પરવેજનો જનમ.

જમીન ભીતર પાતાળ અંદર પાષાન,
ગ્યાની તું જો ગુપ્ત બેમુળ રતન ખાન.

શાહાનશાહ હોરમજદની પાકી, પરેજગારી ને મહજબ એખતેઆરીથી કુલ જેહાનના શાહેબે તે મુરાદમંદને એક બેટાનું ફરજંદ નવાજેશ કરયું. શાહેર નીજામી કહેછે કે તે બેટો ગોયા પાદશાહી લાયક બેમુલ ગોહર હતું. તે બેટો, પાક ખુદાતાલાએ ખુદ પોતાના નુરના અંસનો ચેરાગ રોશન કરી આ જેહાન ઊતારયો હતો. જનમ્યો તેવારેજ તેની પેશાની પાહાદ-

શાન લાયક નુર ભરેલી ને પાદશાહીઓ મેળવનારી ચલકતી હતી. તેના ચેહરાના રોબ પાસ જોરેમંદ ઘડીભર નમી રેહતા. તે ચેહરો જાણે ખુરશેદ ઇરાનની શાહાનશાતનો વારેશ થઇ તેની રાણીના પાસામાં ઝલઝલ થતો પડયો હોય ! તેની બે ચશમ ગોયા ફરતા શુકર શીતારાની જોડ ખુદાવંદે પુર ખુશીથી રોશન રોશનીથી ઝલકતી કરી હોય ! બાલેશ અનાર શરબત જેવો તે લાલ બદનનો બેટો જોઇ હોરમજદ બેસુમાર ખુશાલ થયો. તે શાહાનશાહે ઇરાનની મોટી શાહાનશાતને તેના પેદા થવાનો રોજ શાદી રામસનીમાં ગુજારવા હોકમ આશકાર કરયો. તમાંમ દસ્તુર દાવરોનું મોટું જશન કરી તાંહાં પાદશાહી ખજાણો એટલો શોગાત કરી દીધો કે મોતાજંમંદ પરેજગારોના મકાનમાં દોલતની રેલ છેલ થઇ રહી, અને જેઓને ન્યામત ભરપુર હતી તેઓ નાહના જેવા શાહ થઇ ગયા !

ઇરાનની શાહાનશાત તાબેના રાજાઓ ને ઇરાનના દોસ્ત પાદશાહોને શાહાનશાહ હોરમજદને તાંહાં એક ખુરશેદ શાનીનો બેટો પેદા થયો, તે ખુશ સમાચાર માલમ થતાંજ તે તમાંમ પાદશાહો લાયક શોગાત સાથ મદાયુનમાં પોતાના મરતબા લાયક લશકર સાથ મુબારકબાદી ચાહવા આવી લાગા. એથી ઇરાન તાબેના પાદશાહતોના પાદશાહો, પેહલવાનો ને નામદારોથી ઈરાનનો મુલક ચોકાર થઇ ગયો. અને નેક હોરમજદ રોજે તે તમામ નામદારોની એક મીજલશ શાહાનશાહે પોતાના મેહેલમાં ભરી; તાંહાં પોતાના બેટાની મુબારકબાદી કબુલ રાખી. શાહેર કહેછે આ વખતે શાહાનશાહ હોરમજદના મોટાં મેહેલમાં શાહાનશાહ નોશીરવાનના તખત આસપાસ એક હજાર મોટા નાહના પાદશાહો પોતાના વજીર, સપેહસાલાર ને શાહાજાદાઓ સાથ સુનાની મોટી જડાવ કરેલી ખુરશી ઊપર બીરાજયા હતા. જેઓનાં ઝલઝલાટ મારતાં બેમુલાં તાજ ને પોશાગોથી તે દેવાનખાનું કોઇ આશમાનના ભેદ ભરેલા બેહશત જેવું થયું હતું; તે દરમ્યાન હોરમજદ પોતાના દબદબાએ કરી તાંહાં કોઇ મોટા ફીરેસતા જેવો નુરમંદ, તે આદેલ નોશીરવાનના તખતને ટેકાવ દઇ ઉભો હતો તે ફકત પાદશાહો મોટી મેહરબાંની ભરેલા તે ઉપર ફીદા ને ખુશાલ હતા તેના માનમાં, તેઓની મેહરબાનીનો બદલો વાલતો હતો. તે શાહાનશાહે આ વખતે જે શોગાતો કબુલ રાખી તેનો જુના લેખો ઉપરથી જે અરસતો જણાયોછે તેનો ખ્યાલ આપવાને એટલુંજ બસ છે કે તે છેલી શોગાતો જેવારે ઇરાનની શાહાનસાત પડી ભાગી, અને તે ફતેહ કરનારાઓએ પોતાના કાબુમાં લીધી તે વેલા તે, હીંદુસથાન, આજનું ઇરાન, થઇ ગયલી મુશલમીન ખલીફાત અને રૂમસામની શાહાનસાતમાંના તમાંમ ખજાણા દોલત બરાબર હતી. સબબ તે શોગાતને શાહાનશાહ હોરમજદે હાથ લગાડયો નહી હતો, તેવોજ તે ભરેલો ખજાણાનો ભંડાર ખુશરો પરવેજને મલ્યો, તેવોજ તે છેલા યજદેજરદના વખત તલગ હતો, જે શીકશત પામવા પછે લુટાઇ વેરાન થયો અને તેમાંથી ફતેહમંદોના લશકર, શરદાર, શોદાગરો, ચુનનદાઓ ને પાદશાહોને દસ્ત લાગો. તેઓ એ શોગાતના અઠાગ ખજાણા જોરે પછે એક બાજુ હીંદુસ્થાન તલગ અને બીજી બાજુ યોરોપમાં રૂશીઅન હદ તલગ આજની પાદશાહાત મચાવવાને નશીબો પામ્યા. આ શોગાતોમાં ભરપુર શાહાનશાહ હોરમજદને તેના જેહાન મશહુર પેદર શાહાનશાહ આદેલ નોશીરવાનની તારીફ આમેજ સાથના એક હજાર પાદશાહી માનપત્રો મલ્યાં. વલી તે માનપત્રો ગોહર જડાવ નગદના દાબડામાં જીના મોતી ગુઠાપલા હરફોમાં હતાં !

આ પાદશહી તાજુબી ભરેલા મેળાવડામાં દુન્યા પામનારા અને એલમ જોરે જેહાન ઉઠલ પાઠલ કરનારા બાહોશ નજુમીઓ બીરાજેલા હતા. તે સો જન નજુમીઓએ દુવાદરદોના જંદ બેત શાહાનશાહને ગાઈ સંભલાવી, મુબારકબાદી ચાહી, અને ફરજંદનો વરતારો કરીને

શાહાનશાહને તે નેક રોશન ફરજંદના શીતારાની બુલંદ ચાલ ને રોશન તાલેની ખુશ વધાઇ દીધી.

"ઓ મોટા જોરેમંદ શાહનશાહ હોરમજદ આ બેટો જેહાનગીર થશે. જેહાન તેના દસ્તમાં જેમ પરેજગારના હાથમાં તસબીર ફરેછે તેમ જીરજબર ફરતી રેહશે. એ નેક ફરજંદને તેની નામદારીની તારીફ, જેમ ખુરશેદ જેહાનને રોશન કરેછે તેમ જેહાનમાં રોશન કરશે, વાસ્તે એ પાદશાહી લાએક બેટાનું નામ ખુશરો પરવેજ રાખ, એ રોશન તાલેનો બેટો પોતાના નેક શીતારાની ચાલે ઇરાનની બુલંદ કદીમ શાહાનશાત ઉપર શમશેહેર બજાવી બીરાજશે, તે દીનથી એના નામના રોબે જેહાંન પોતાને એના કદમ ઉપર નમાવશે. ઓ નેક ઇનશાફી હોરમજદ એ નેક રોશન તાલે પાદશાહી લાયક બેટો તું જેહાનના નશીબદારને હજાર તરેહ મુબારક ને આમીન આમીન હોજો."

એક માહ તલગ ઇરાનમાં પાદશાહી રામસની રંગ રાગ ચાલુ રહ્યા. એક માહ તલગ ઇરાનની શાહાનશાત એશ આરામમાં ગમ ને હેજગારી ભુલી ગઇ. તમાંમ ખલકત ખુશ ખુશાલી ને મોજ મજામાં એક સરખી રીતે ભાગ લઇ શાહાનશાહ ઉપર દરૂદ ને આફરીન વરસાવતી હતી. મુલક મુલકના પાદશાહો, વજીરો, સપેહસાલારો, શાહજાદાઓ, અને ઓલમાઓએ શાહનશાહ હોરમજદના મચાવેલા મેલાવડા ને રામસનીના મહીમામાં શામેલગીરી બતાવીને તે ઇરાની શાહાનશાહનો ચાહ ને પાકી મોહબત બાંધી લીધી. ચીનના શાહાનશાહે ઇરાનને આ વખત બેસુમાર મોહબતથી ઇજત આપી, અને ચીનની શાહનશાહજાદીની શાદી ખુશરો પરવેજના ઊમરે પુગવા પછે કરવાનો ઇરાદો હસતાં હસતાં જાહેર પાડયો. બીજા પાદશાહો શાહનશાહ હોરમજદને આ ફરજંદની ખુશાલીમાં કમ ખુશ કરતા હતા નહી. એ રવેસ એક રોજ પેહલવાનોની લડતનો અખાડો, બીજે રોજ જંગલી શેરોની જવાંમરદી ભરેલી કુસતી; એક રોજ રંગ રાગ ને રામસની તો બીજે રોજ ઇરાનના પરેજગારોનાં જસનનો મેલાવડો; એક રોજ પાક અસીનોની શરોદ રાગણીનો મેલાવડો તો બીજે રોજ ઓલમાઓની એલમ વાદવીવાદ કરનારી મંડલી; એક રોજ લશકરની કસરત ને જવાંમરદીની તપાસવાલો અખાડો તો બીજે રોજ ચાલાક હાથ ચાલાકી કરનારાઓનો અખાડો; એક રોજ દસ્તુર દાનાઓના પાકસાક વંદીદાદના ભનતર ને કીરીઆની બુજોરગી રોશન કરનારી મંડલી તો બીજે રોજ મોટા જઇફોના પોતાના જમાનાની નવી નવાઇ કહી સંભલાવતા અખાડા; એક રોજ ઇરાનના લશકરના સરસ હથ્યારોનો મેલાવડો તો બીજે રોજ તેની માહ કારીગરીના નમુના ને અજાએબીઓ જોવા ઠેડવેલા જમાવો; એક રોજ પસુ પક્ષી તો બીજે રોજ માહી મગર વાલાં જમાવો જોવાનો મેલાવડો; એક રોજ નદીમાં મછવાઓની શરત ને માંહી મારવાની મોજજોક તો બાજે રોજ જંગલ પાહાડ ઉપર શેકાર બાજી કરવાનો સંગ; એક રોજ સરસ આબવાલા અસ્પની સ્વારી બાજીનો અખાડો તો બીજે રોજ હાથીઓ રેલાવવાની બાજીનો તમાશો; એક રોજ ચોગાન દરીની રમત તો બીજે રોજ શેતરંજ બાજીની ફીલસુફીનો દાવ મેલાવડો; એક રોજ ચમન ધુરવાની ને ફુલફલોની ફસલ ભોગવવાની ખુસાલી તો બીજે રોજ શરાબબાજી કરવાની મીજલસ; એ માફક નામદાર શાહાનશાહ હોરમજદના પરોણા પાદસાહો ઇરાનમાં મોજમજાહ મારી ખુશ ખુશાલીમાં ચકચુર તે મોટા જોરેમંદ હોરમજદની રજા લઇ પોતાના રાજ તરફ કુચ કરી ગયા. અને ઇરાનનો મોટો મુલક અસલ માફક પોતાના ધંધે રોજગારે, કામકાજે ને ખરએતીએ લાગો. રાબેતા માફક શાહનશાહ હોરમજદની રાજદરબાર ભરાઇ ને રાજ કારોબાર ચાલ્યો.

ખુશરો પરવેજનું બચપણ.

ફરેસ્તાગીરી છે ગોયા બચપણ,
ખાલેશ નુરી ખાલેશીનું સગપણ.

શાહાનશાહ હોરમજદે માહ કામેલ ઓલમાઓ પાસ પોતાના બેટા ખુશરોને એલમ હાંસલ કરાવ્યો. માહા ચુનંનદા લડવૈઆઓ પાસ શાહાજાદાને લડાઇનો હોનર અપાવ્યો. માહ પાકસાક દસ્તુરો પાસ શાહાજાદાને જરથોસ્તી મહજબમો કેલવાવ્યો. માહ શ્યાણા મુલુકના ઉસ્તાદો પાસ શાહાજાદાને તવાજોનો તરીકો શીખવાવ્યો. માહ દુરઅંદેશો પાસ આવતી ઘડીના રૂપ શીકલ કયાસ કરવાનો બેમુલો માહવેરો પડાવ્યો. એ રવેસ તે શાહાજાદાને કેલવણી મલી કે તે એક રજ જેટલી બેદાદી કે હેંકરાઇ કે નબલાઇ કે નાપાકી કે બારીકી કે ઊલરાઈ કે શરકસી કે ગફલતી થાય તો તુરત સમજી જઇ પશ્યાણો પડી જતો હતો. તેની ચાલ નેક, પાક, સમજુ, અદલ, દીનદાર નરમાસવાલી ને દુર અંદેશ હતી. તે પોતાનાં બપાવા જેવો કેરદારમાં અદલ ને અકલમાં પુરો હતો. તે પોતાના બાપ જેવો દુરઅંદેશ ને શલુકબાજ હતો. આ રવેસનો કાબેલ ને અકલમંદ હતો તે છતાં તેની ઉમર ફકત પંદર વરસનીજ થઈ હતી. તેનો ચેહરો આ વખતે ખોરશેદ જેવો તલુ મારતો તેની અકલના તેજ સાથ તેના નામનો નીશાણો ઇરાનની શાહાનસાતમાં જબજા આસકાર થઇ રહયો હતો. આ વખતે ખુશરો પરવેજને નજુમનો એલમ શીખવાને ખાયશ થઇ અને તે એક એલમથીજ તે શાહાજાદો કમનશીબ હતો. તે નજુમના એલમમાં એરીઆનો મોટો પુરવીન બુજોરગ ઉમેદ, શાહાજાદા ખુશરો પરવેજનો ઉસ્તાદ થયો. તે મોટા ઉસ્તાદે શાહજાદાને આશમાની ભેદ ભરમનો એલમ શીખવવામાં શેતારાઓની ચાલથી ઇનશાનના નશીબના ફેરફારનો તાજુબી ભરેલો માહવેરો એવી તો હેરતમંદ ગણત્રીથી બતાવ્યો કે ઘડીભર ખુશરોની બાહોશ અશ્રમ બેઝાંમ મારી ગઇ! આસમાની ભેદો સમજવાને ખુદાઇ પીછાણવાંની ગણત્રી ચોકશ મગજથી કરવી પેહલાં ખુશરો પરવેજને બઉ મશકેલ થઇ પડયું, પણ માહવરાથી તે આશમાનના તમાંમ પરદા વટાવી છેક ખુદાની ખુદાઇ તલગ પોતાના એલમનો છાપ અજમાવા લાગો. શાહજાદો તે માહ દાનાવ ઉસ્તાદની આશમાની તાલીમે કરી રોશન અકલ ને પુરવીન નજુમી થયો. તે એલમ જોરે ગેબી એલમનો ગંજ ભેદના દરયામાં આશાનીથી મુસાફરી કરી હાથ લાવ્યો; અને પાતાળથી તે સાતમા આસમાનનો છેલામાં છેલો શેતારો જે સનીશ્ચર તાંહાં તલગ રમલ ચલાવી શકયો. તે તમાંમ ખુદરતની રચના ને ભેદ ને ભવીષ જોઇ વલ્યો. તાજુબ થઇ તે શાહાજાદો પોતાના ઉસ્તાદને નમ્યો, અને નજુમના એલમની બરખતની બેસુમાર તારીફ કરયા પછે તેણે તે ઉસ્તાદને બેમુલા સરોપાવ બક્ષ્યા સાથ રૂખસત આપી. આ રીતે પોતાના જમાનામાં શાહાજાદો ખુશરો પરવેજ માહ પુરવીન ને ખબરદાર, એક મોટી પાદશાહાત ચલાવા લાયક હોશ્યાર થયો. પછે તે શાહજાદો પાદશાહી દરબારમાં તેમ પોતાના પેદરની ખેદમતમાં ખાશ કમરબાંધી વખત ગુજારવા લાગો. પોતાના પેદરના રાજદરબારી કામકાજ ખુબ ધ્યાણથી જોવા લાગો, રાજ દરબારમાં કેવી તકરારો, કેવા શોખનો, કેવા ઇજત તવાજા ને કેઇ બારીકબીનીથી મુલકના વહીવત ઉપર ધ્યાણ અપાયછે. તે ઘણું કરી ખાસ રીતે જોવા ને જાણવા લાગો.

શાહાનશાહ હોરમજદ ખુશરો પરવેજ માટે ખલકની પરવરસી કરેછે.

બખશ શાહેબ માયા મેહેર ને બરખત,
બક્ષુક્ષું જેવી હું, ઉપર મુજ ખલકત.

શાહાનશાહ હોરમજદ પોતાના ખુરશેદી નુરમંદ બેટાને જોઇ બેસુમાર ખુશ થયો. તે નામદાર પોતાના બેટાની અદબ, અકલ ને તવાજો જોઇ અજબ રેહ્યો. દરેક ગોફતેગોહમાં ખુશરો બેસુમાર ચાલાકી ને હોસયારી સાથ એલમનું મોટું ભંડોલ દેખાડવાને સકતીવાંન હતો; તેથી વજીરો ને દાનાવો ને ઉસ્તાદો તે શાહાજાદાના શોખનો ઉપર તાજુબીથી ગોર કરતા હતા. ઘણી વેલા શાહાજાદાની દેખાડેલી દરયાફ સાબુત ને બંદોબસતી જણાઇ હતી; અને તે ઉપર અમલ કરવાને તે ઇરાનની મોટી રાજદરબારને જરૂર થઈ પડી હતી. શાહાનશાહ પોતાના બેટાની બાહોશીના આ નેક પુરાવા ને સાબેતીથી તે ઉપર મેહરબાન રેહતો હતો; તે મોહબત એટલી તો બેહદ હતી, કે તે પોતાના ઇનશાફ કે કામમાં ગફલત મારવાની તકસીરના બદલામાં જેહાંનના મોટા શાહનશાહ પાક પરવરદેગારના કોફમાં આવી જવે રખે તે બેટાને કસો એલજામ પોંહોચે; એટલા માટે તે પોતાના પાદશાહાત કારોબારમાં ખુબ ચોકસ રેહવા લાગો. તેનો શાહાનશાહી ઢંઢેરો પ્રગટ થયો. તે ઢંઢેરામાં તે ખુબ ભાર મુકીને પોતાની તમાંમ ખલકતને જણાવી ચુકો “કે જે કોઈ મારાં રાજમાં મારી કોઇ પણ ખલકને જુલમ કે જફા કે જોર બતાવશે; જે કોઇ સબલો મારી નબલી પ્રજા ઉપર સકતી ગુજારશે; જે કોઇ પોતાના જર ખજાણા જોરે બીજા મોતાજદારને શેતમ ગુજરશે, જે કોઇ બદ જબરદસ્ત મારી નેક આલમને કેહર વરસાવશે; જે કોઇ કારોબારી મારી આલમને બુરી નીતથી લાલચ લઇ ખરાબ કરશે; જે કોઈ જબુન મારી ખુબ ખલકમાં બેદીલીના કામ કરશે; જે કોઇ શતાધારી પોતાની સતાના બલ ઉપર મુસતાક રહી મારી રાંક આલમના ઘર લુટશે; જે કોઇ વેર ને કીનાથી પસુઓને છુટાં મેલી મારી ખેતીવાડી કરનારી ખલકના ખેતરો ખવાડી દીલ આજુરદા કરશે. જે કોઇ કપટ કીનાથી બીજાના ઘોડા, ગાએ, ખચર, બીજાની ખેડાતી જમીનમાં છોડી દઇ મારી બીચારી પ્રજાના દીલ દલગીર ને ગમખાર કરશે, જે કોઇ પોતાના પોપટ, મેના, નુરી, હીરામણ, બુલબુલ, બાજ અને કાકાતવા છુટા મેલી બીજાના ઝાડના ફલફુલ તારાજ કરાવશે; જે કોઇ નીચ ને હરાંમખોર શખશ કે સખશો બીજી મારી મલાજે રેહનારી ખલકના છોકરાં બચ્ચાં કે પરદેપોશ રેહનારી ઓરતો ઉપર ખરાબ નજર કરશે અથવા જબરદસ્તીથી તેઓના મકાનમાં જઇ તેઓના ચેહરા જોશે અથવા પોતાના જર ખજાણાની મુસતાકીએ બરકેરદાર બજાવશે; તો તે તમામ શખસોએ જીવથી હાત ધોવા એ સીક્ષા મારેથી નકી જાણવી. જે કોઈ મારી ખલક આ મારી મનાડી ને હોકમનો મલાજો ને કાયદો જાલવશે નહી, તેઓ ઉપર હું રજ દયા કે મેહરબાની કરનાર નથી. નેકના બદલામાંજ મારેથી નેકી સહુ કોઇ જોશે, બાકી જેઓ મારા હોકમથી આડા જઇ મારો કાનુન તોડશે તેવા સંધા ઇનશાનો મારી નજરમાં પાપી ને શીક્ષા લાયક છે તેઓ મારેથી ઘણી ઘાટકી શીક્ષા પામશે; અને તેઓના જીવ બચાવવામાં મારેથી રેસ મેહરબાનીની ઉમેદ રખાશે નહી.”

આ મનાડી ફેરવવાનો તે નામદાર શાહાનશાહનો હેતુ જેહાનમાં આશકારા થયો. તેની ખલક ને તેના તાબેના રજવારાઓએ સેજમાં આ ઢંઢેરાની ટચ આબાદ કાઠી કે “શાહાનશાહ હોરમજદ જે નેક ઇનસાફ ને અદલ રાજકારોબાર માટે ઇનતેજાર છે તે ફકત પોતાના બેટા શાહજાદા ખુશરો પરવેજની ઊમરદરાજી ને હૈયાતીની ઉમેદ ધરાવેછે.” એ રવેસ શાહાનશાહ

હોરમજદે પોતાના પેદર શાહાંનશાહ નોશીરવાન અદલના તરીકા ઉપર રાજકારોબાર રવઇઓ જારી રાખ્યો. એથી એ નામદાર શાહાનશાહનો જમાનો દાદ ને ઇનસાફથી ભરપુર રહયો. જેહાંન જુલમ ને બેદાદીથી મોકલી એ નામદાર શાહાનશાહના અમલ તલે આરામ ભરેલી મચી. આ સંધળાના બદલામાં શાહાનશાહ પોતાના બેટાનાજ હઇઆતી ને ઉમરદરાજીની અરજ ગુજારી હરદમ તે ખાલેક જનાબ ગુજારતો હતો, અને તે નેક શાહજાદા ફરજંદના મુબારક દીદાર જોઇ મગન મગન રેહતો હતો.

શાહાનશાહ હોરમજદ પોતાના અદલ ઇનશાફને જોરે પોતાના બેટા શાહજાદા ખુશરો પરવેજને તકસીરવાર જોઈ ગુનેહગાર ઠેડવી સજા ફરમાવે છે.

ઇનસાફ છે ખુદાઇ નુર ને શીકલનો સાજ,
દરયાફ છે ખુદઇ નુર ને મોભાનું તાજ.

શાહાનશાહ હોરમજદે ઇનશાફથી પોતાના અમલની જેહાંન આસુદી રાખી. દાદ ને દયા ને મોહબતથી ખલકત પાળોને નામ કાઢયા સાથ કામ કાઢવામાં તે નામદારે ભરેલાં કદમમાં ખલલ પોંહોચી. ખુદાઇ ખુદરતેજ તે નેકનામના ઇનશાફની પરખ કરવાનેજ કોઈ ભેદ રચ્યો હોય એ રીતે તેના રાજમાં એક એવો બનાવ બન્યો કે એક દીન જેહાંન ખુરશેદની રોશનીથી જાદા રોશન ને નેક હતો. હવા ખુશનુમાં હતી. જાબજા પંતગીઆં ચમનમાં રંગ રંગ ને રંગમાંજ ખીલી ફુલના ફુમરા પેટામાંનું અમરત પી આસુદાં, હવામાં હઇથી તંઇ કુદી નાચો તર જણાંતાં હતાં. ગુલચમનની ડાલીઓ ઉપર બુલબુલો બેસીને શીરીન શરોડમાં ગાયનના તાન સુર લેઇ લેઇ તે રોજની બુલંદગી વખાણતાં ગુલાબની પાંદરીઓ શંગ ચોંચથી ધનધન કરી ઊડી કુદી જતાં હતાં. સફરચંદની સુનેરી દરીઓના ઝુમખામાં તુતી પોતાના પ્રેમની વાંસળી લંબાવી લંબાવી છેળાં શરમને નાંકે આવી જતી હતી અને ખુશબોવાળાં તે સફરચંનના ઝુમખામાં પ્યારના ખાબનો નકસ કઇ કઇ ચશમ સાથ ચશમ લગાડી જોવાની ઉમેદ રાખતી હતી. તાંહાં દુરથી તેજ દરખતના લાંબા સીધા લઠ ઊગેલા ઠાંબા ઉપર મધમાખીઓ મીનના બુટા લોકા ગોલાકાર ગોલામાં પોતાની અઠાગ જેહમતનો જર જે બેકીમતી શીરીનમધતે ઢાંકી દઇ ઉપર રખેવાલી કરતાં જે મન રીજાવણ ધનધનાટનું ગાયન ચલાવતાં તે એક શરખી ચાલતી ખરચ રાગણીની મધુરતા સમાન તે ખુશનુમાં દીનના મંડાણમાં મચાવતાં; તેની ખુબી આંકવાને તે જમાનામાં કોઇ કલાબાજ મુતરબ હતો નહી. અરે ખુશનુમા ખુદરત બનાવનાર તે રોશન ખુશાલ દીન જગો જગો તે ફસલ ધુરવાને બેઠેલા ઊજલા કમલ જેવાં કાકાતવા ને તોરબાજ કાકાતવીઓથી મદાફુન તે વક્ત ગોયા જશન કરવા ને ભોગવવા જેવો રલ્યામણો ઉગ્યો હતો. જગો જગો ખુબી ભરેલી ખાસ ખાલેશ ખુરશેદ રોશની દરદી દીલમાં રંગ ને રામસનીના ઊભરા ઊછાલવાને ઉશકેરાતી હતી. બાદેશબાનો શસુખ ભરેલો શોહોરમ જુવાનીના લોહીને ખાલેશ કરીને ખુદાની ખુદરતના ખાલેશપણા ઉપર શોકર ભણાવતો હતો. અરે તે બાદેશબાની લેહેકી જેના દેમાગને વાગતી, તે તો તે દીન ગોયા નવરોજ સમજી લઇ જીંદગાનીની જેહમત ને અંદેશા ઉપર બેઘડી પરદો નાખી દેવાને ખુશી થાય.

ખુદરતે તે ખુલા ખાશ ખ્વાર કરેલા રોજે શાહજાદો ખુશરો તાજા બાહાર મીશાલે પોતાના જેવા જવાન પાદશાહી ખાનદાનના શાહાજાદાઓ સાથ શેકારે નીકલ્યો. તેણે ને તેના દોસ્તોએ ગોરખરના ગબરૂ શેકારો મારી તે દીનનો બાહાર લુટયો, અને શામને વખત તે શેકારો લઇ પાસેના એક તાજા સબજા જેવા ખીલેલાં ગામમાં જઇ પડાવ નાખ્યો. ઘોડા છુટા મેલ્યા, હથ્યાર કાઢી નાખ્યા અને ઊંચા ગલીચા જમીન ઉપર બીછાવ્યા. સબજો ખીલી રહયો હતો તે મજોહ ગુરતા શરાબના પ્યાલાં પર પ્યાલાં ઉડાવી મજોહ મારવા લાગા; ભુજાઇ આવતા શેકારોનો નાશતો ને શરાબ એથી શાહજાદો ખુશીમાં ચકચુર થઇ ગયો. તેણે પાસેજ આવેલું એક ગરીબ ગામડયાનું મકાન સાફ કરી તાંહાં માજલશ બનાવવા પોતાના નોકરોને હોકમ કર્યો કે એક પલ વચે તે બચાંરા ગરીબ ગામડયાની તારાજી થઇ ગઇ. તેના મકાનમાં પાદશાહી મેમાનસરા મચી રહી. સાકી, ને શુરાઇ ને શરાબ ને શેકાર ને શરોદ ને રામજણીઓનો તે મકાન દરમ્યાન દોર ચાલ્યો. શાહાજાદો તે રાત પોતે કોણ છે? તે તદન ફરામોશ થઇ ગયો. તે રામજણીઓના શરોદ ઉપર શાબાશ શાબાશ પોકારવા લાગો, તે શાબાશીમાં શરાબની શુરાઇઓનો નોશ ઉડાવવા લાગો, તે નોશમાં નાજ ને નુરનો એશ મચાવવા લાગો, તે એશમાં રામશગરને ફીરેસ્તા જેવી સમજીને વાખવાખ બકવા લાગો, તે વાખવાખમાંજ ખુશ વાયતા વામાં ખાબ ચામવા લાગો, તે ખાબમાંજ પોતાના નશીબાના કટા જખમના જોખમનો ખાબ જોવા લાગો, તે નશીબાના જોખમદાર જખમમાં પોતાના નામ ઉપર માહા જબુન દાગ સમજવા લાગો. તે રાત તેણે પોતે પાદશાહજાદો હોયા છતાં પલીદ માફક ગુજારી. તેણે પોતે પારકાના મકાનમાં રંગ રાગ મોજ મજા ગુજારી, તેના ખુદ માલેકને તેના આખા એશ કબીલા સાથ નીચે જમીન નેં ઉપર આશમાન એમ ખુલા ઠારમાં દુખી ને શરગરદાન નાખ્યો! તેના ખેતરમાં પોતાના ઘોડાને ચરતો છુટો મુકયો! જેથી તે તમાંમ ખેતર તે ઘોડો ખાઇ ખરાબ કરી શકયો! તેના ગુલામોએ તે ગામના દરાખના પાકને કાચો તોડયો અને તે દરાખને શરાબ સાથ જેવારે તેઓનો પોતાનો મુરંબી પારકી મીરાશ ઉપર મોજ મારતો મસ્ત પડયો હતો તેવારે જોઇએ તેમ મોજા ગુજારી. તે જુલમ બામદાદ તલગ તે આમ ઉપર ગુજરયો, અને આખું ગામ શાહાજાદાના શેતમથી તરાય તરાય થઇ રહ્યું. કોઇની તાકાત નહી કે એક હરફ ઇનશાફ ભરેલો બોલીને આ કામને ના સજાવાર કહે! કોઇની તાકાત નહી કે ખુશરોના શેકારવાળા સાથીઓને પોતાનાં બચાં છોકરાંઓની મજાક કરવાથી અટકાવે! જાણે કે ઇરાનની શાહાનસાત ખતમ થઇ કોઇ અબલીશને હાથ તે શાહાનસાત ગઇ હોય અને તે પછે ઇનશાફ કે મેહરબાંની માંગવી ફોકટ હોય, પણ જુલમ ને ગુલામગીરી ને તાબેદારી ને બેશરમીનો હજારો ચાલુ થયો હોય એવોજ જમાનાનો રંગ બદલાઇ ગયો! ગાંમ આખું તોબા તોબા કરી રાત ગુજારતું હતું, જેવારે કે શાહજાદો ખુશરો પરવેજ રામશગરોના શરોદ ને ગવઇઆઓના તંબુરાના ખેચાણમાં શરાબ પી મોજમાં ગરક હતો. ગાંમ આખુ ખુદા ખુદા પોકારી તોજેસમાં સર નમાવતું જેવારે કે શાહજાદો ખુશરો તે નાવાજબી મોજમાં સર ઉઠાવી બદી ને બેદાદીમાં આમેજ થઇ તે નાદરૂસ્ત હાલત નવાજનારાઓને પોતાની બેફાંમ હાલતથી ઉલટ ને શાબાશી આપતો હતો!

આજુરદે દીલના બેદુત લોકો ઇનતેજાર દીલથી દીનનો આફતાબ તલુ થતો જોતાંજ કે શાહાશાહ હોરમજદના મેહેલ તરફ ફરયાદ પોકારતા જઇ લાગા. શાહનશાહ અગરેબથી આફતાબ રોશન થતો જોવા ને તેની જનાબ દીલનો બંદગીવાલો અવાજ કાઢવા પોતે મુરાદ ભર ઉભો હતો. તે જેહાનદારે જેવારે ગામના રહેવાસીઓને બરી બામદાદમાં પોતાના પ્યારા બીછાણાઓ

તજી લાંબી રાહ કાઢી તજદી પામેલા જોયા તેવારે તરતજ તે ઇનસાફ ને દાદનો દેનાર શાહનશાહ મેહેરબાનીથી તેઓનો હેવાલ જાણવાને આરજુમંદ થયો; તો તે આરજુમંદ હોરમજદ પોતાની બેગુનાહ ખલકના પોકારથી આંચકી ખાઇ ગયો. તે દુખ દરદના પોકારની પેદાએશ ને શબબ તેનો પોતાનો શાહજાદો ખુશરો પરવેજ હતો. તે ખેતીવાડી કરનારા દેહકાનીઓએ શાહનશાહનાં કાંનમાં કાકલુદી ને કકલાટથી દાદને ચાહી કે "ઓ જેહાંનનાં રાસ્ત ઇનસાફી શાહનશાહ અમારી ઉપર તુ નામદારીની શાહનશાહાતના અમલ દરમ્યાન બેસુમાર ગજબ ને બેદાદી ગુજરીછે. શેતંમ પાર વનાનો અમારા ગામમાં આ ગુજરી રાતે તારા શાહજાદાએ પાડયોછે. અમારામાંના આં એક ખેડુતનું મકાન શાહાજાદાએ પોતાનો મીજલશ બનાવામાં લીધુંછે. અને તેના બદલાએ અમારો વતની પોતાના સારા કબીલા સાથે ખુલી જમીન ને આશમાન વચે હાર ને તાપમાં તવળેછે. અમારાં ખેતરો ઘોડા ખાઇ ગયાછે. અમારા ઉમદા દરાક્ષના પાક કાચા ને કાચા ગુલામ લોકો તોડી શરાબ સાથ મોજ મારી રહ્યાછે. અમારા કબીલાની ઓરતોની હસી થઇછે. અમારો સરસામન ને બંદોબસ્ત પાયામાલ થયોછે. અમો દુન્યા પાણીથી ઉપડી ગયા છઇએ. અમારૂં ગામ વેરાન થયુંછે. અમારી શરમ નેક શાહનશાહ હોરમજદના જમાનામાં બરબાદ થઇછે. અમારી સુલેહ ખોરવઇછે. અમારો હક હારેમનના તાબામાં ગયોછે, અને અમો હવે શું છઇએ, તે તું જેહાન પાલનાર શાહાનશાહ નજરો નજર જોયછે. ફરયાદ ફરયાદ અમારા દીલમાં અમારા રૂવે રૂવાં પોકારેછે, કે અમારા જનમારાની હાંસલ ગુમ થઇને ના ધારી હેરાનગી અમારી ઉપર ઉલટી છે. અરે શાહાનશાહ આ રવેશનો જુલમાત ગુજારવાને તારા શાહજાદાએ તું નેકનામની હકુમાતીમાંજ દસ્ત લંબાવ્યોછે. તું નેકનામ કેશરાના ખુદ પેસરે પોતાની ખલકના ઘેર માલ ઉપર તેરાપ મારીછે. તું નામદાર જેહાનગીરના ઢંઢેરાનો પણ તેણે કોફ ધરયો નહી. શાહાનશાહના હોકમને તેના શાહજાદાએ મુલ મંડાણથી હીનપસ્તી લગાડી પાદશાહાતની આબરૂ ગુમાવીછે. અદલ હોરમજદના અમલને શરમ પોંહોંચીછે, અને તે પણ વળી તેના ખુદ બેટાથી, કેમકે તે શાહજાદાએ પોતાના પેદર શાહાનશાહનો કસો ડર કરયો નથી. તે શાહજાદાએ પેદર શેહનશાહની હૈયાતી છતાં સરકસીની શેહેલ મારવામાં સેહતાનને શરમાવ્યોછે !"

એ ઘડી શાહાનશાહ ચુપ થઇ ગયો. તેની જબાન ને મગજ બેકામ ને ખયાલી થઇ રહ્યાં પછે ખુબ ગોર કરી લાંબી નેશા પોંહોંચાડી તે પોતાની રાંક ખલકને દીલાસો આપી બોલ્યો કે "મારી નેક ખેતીવાડી કરનારી ખેડુત ખલક તમો બેફીકર પાછા તમારે વતન ગામ ફરો. જો કે શાહજાદાએ એ રવેશનો ના સજાવાર જુલમ જફા તમો ઉપર ગુજારી હશે, પણ હું બેખબર છું. મને તેની રેસ ખબર પડી હતી નહી, પણ તમારી ફરયાદથી મારૂં દીલ જખમાયુંછે. મને તમો જણાવોછો તેવારેજ મને તેની નાલાયક બેશરમ ચાલની ખબર પડીછે; તો તે શું બાબત છે તે મને વીગતે જણાવો કે તમો તમારે ગામ ફરો તે આગલ તે ઉપર મારેથી અમલ કરયામાં આવે."

આ સાંભળતાંજ ખેડુતોએ પોતાને ગામ ગુજરેલો ગજબ સરવે બયાનવાર કરી કહ્યો. તેઓ છેડે બોલ્યા "શાહાનશાહ એવો કોઇ બીજો છોકરો ગજબ કરે તો શું તું તે ઉપર ઘડીપણ ઢીલ રાખતે? પણ આ ગજબ કરનારો તારો ને અમારો એક પુરો શાહજાદો છે, તે ઉપર તું નેક ઇનશાફી હજુર બેદરકારી ને મેહરબાની નવાજવા શીવા બીજો કસો ચારો નથી," પણ ગામડીઆઓમાં એક ફાજેલમાં ખપતો હતો તે હરોલમાં નીકલી આ રવેસ કેહવા લાગો કે "ઓ શાહાનશાહ, હકીમ દરરોજ હજાર જનાને નસતર મારી સંગરા મેલી

લોહી કાઢે; પણ તે પોતે પોતાને એક સુઇયો ભોકવાને ડરે, બલકે તેનો હાથ ધ્રુજે. તેમ તું નેક કેસરથી પોતાના પ્યારાં ફરજંદને કોઇપણ કડવાં સોખન કેહતાં દરેગ આવે તો તે બનવા જેવું છે."

આ સંઘો હેવાલ સાંભળી શાહાનશાહે તરત પોતાના લશકરના દસ ચુનનદાઓને હોકમ કર્યો કે "જલદી જાઓ, અને આ મારા રાંક ખેડુત લોકો પોતાને વતન ગામ પોંહોંચે તે આગલ શેતાબ તાહાં પોંહોંચી ગામમાં છુટા થયલા મારા શાહજાદા ને તેના સાથીઓના ઘોડાના ચારા પાઉંઓ કાપી નાખો. જે ગુલામોએ દરાક્ષ ખાધી હોય તે ગુલામોને જેની દરાક્ષો ખાધી હોય તેને હવાલે કરો કે તેઓની તે મતા થયાથી ગયલા નુકશાનનો બદલો પામે, અને જે ગરીબ ગામડીઆ ફકીરના ઘરમાં મારા શાહજાદાએ ગમમની કરી રંગ રાગ સાંભળ્યો તાંહાં જે કંઇ ચીજ કે શીંગાર કે તખત કે સર સામાન તે દરમ્યાન હોય તે અનામત સાથ તેને તેનુ મકાન હવાલે કરો; અને મારા શાહજાદાને તેના આ જુલમગાર કામથી વાકેફ કરી તેના તમામ સાથીઓ સાથ એક ગુનેહગાર તરીકે હાં મારી હજુરમાં લઇ આવો."

શાહજાદા ખુશરો પરવેજે પોતાની તકસીર બાબે કરેલી તોબા.

શ્યાણો છે તેને ઇસારો છે મોત,
એક સુખન કરે તે દીલ સેજ લોટપોટ.

શાહાનશાહ હોરમજદનો તેજ હોકમ અમલ આવતાંજ શાહજાદો ખુશરો રાતની ખુમારીથી ખુવારી પામ્યો. તે ખુવારીએ તેની ખુમારી ઉડાડી મેલી. તે શાહજાદો પોતાની બેહોરમતી ઉપર ગમખાર થયો. તેણે કેટલીક વખત તે ગમખારી ભરેલા દેલથી અંદેશો કર્યા પછે તે ગામના બુજોરગ મરદોને બોલાવી પોતે પોતાની નાલાયક ચાલ માટે દીલગીરી જણાવી, તે બાપોકાર પોતાના કામ ઉપર અફસોસ વરસાવવા લાગો કે "આ નેક ને મેહનતું ગામડાંને મારેથી બેસુમાર ખરાબી પોંહોંચીછે. મેં પોતે દાદ ને દસ્તુરથી બાહેર જઇ બેશરમી ને હીનપરસ્તી એખતીઆર કરીછે. ઓ નેક બુજોરગ મરદો મારા આ બેદાદ કામની મને માફી બક્ષો મારી સાથ મારા અદલ પેદર હજુર આવીને મારા ગમના સરીક થાઓ, અને મને આ ગુનાહની માફી બખશાવવામાં જેહમત ખેંચો. તે મારો બાપ અદલ શાહાનશાહ હોરમજદ મારા દેદાર જોઇ દાદ વરસાવવા મારી ઉપરની મેહેરબાની ખતંમ કરશે, અને મારી પદવીના કાનુની બરબાદી કરી મારી ઉપર ગજબ ગજાવશે. ઓ નેક ને ભલા બુજોરગો જાંહાં તલગ તમો મારી ઉપર મેહેરબાની નવાજી મારી સાથ મારા પેદર હજુર આવી મારા બાબમાં મીનતગુજારી કરશો નહી તાંહાં તલગ આ સરજમીન ઉપરની ગેરદથી મારૂં સર ગરકાવ થશે મારા દીલમાં દરદના આતશથી જીવ બેદાદીના ગુનાહ દરમીઆન શલગી ખાક થશે."

આ રીતે શાહજાદાનો ગમ ને તોબા સાભળી તે ગામના બુજોરગોને રેહેમ છુટી. તેઓએ શાહજાદાના શુખનો માફક અમલ કરવાને સર ઝોકાવ્યાં. તે તમામ બુજોરગો સાથ શાહજાદો પોતે એક તકશીરવાર બંદવા મીશાળ પોતાના સાથીઓને લઇ શાહાનશાહ હોરમજદના દરગાહ તરફ ચાલ્યો. ઇરાનની આલમમાં આ બનાવથી શોહોર મચી રહ્યો અને શાહાનશાહ હોરમજદના અદલપણા ઉપર બેસુમાર તેજ જબાનો ચાલવા લાગી કે "શાહાનશાહ, અદલ ઇનશાફના ઘેલાપણામાં પોતાનો એકનો એક બેટો અને ઇરાનની શાહાનશાતનો રોશન તાલે તખતનો વારેશ બેજાન કરાવવાની ખાએશ ધરાવતો જણાય છે. આ ખ્યાલે તે શાહજાદા

પાછળ કદમ દર કદમ ઇરાનની આલમ તે બાબે શાહાનશાહને રેહેમ નવાજવા માનતગુજારી કરવા જમાવ થતાં સેજવારમાં ખુશરો પરવેજ પાછળ ઇરાનની આખી અનજુમન દરબારમાં હાજર થઇ.

મોટા શાહાનશાહ નોશીરવાનના ઇનશાફના તખત ઉપર આ વખતે ઇનશાફની અદલ દરબારમાં શાહાનશાહ હોરમજદ ગુસાથી દેવાના જેવો ખીરાજેલો હતો. તેના દીલનો બેટાના પ્યારનો ગમ તેની ચશમોમાં મોહબતનો શોહોળો શળગાવી રેહ્યો હતો, તેમ ઇનશાફનો અદલ કાંટો તેના મગજમાં પોતાનો રોબ એવોતો મસ્ત ને આબાદ મારી રેહ્યો કે તે આ વખતે પોતાના એક પુરા તખતના વારસ ફરજંદ ને કંગાળમાં કંગાળ ગુનેહગાર વચે કસો તફાવત જોઈ શકતો નહી. તેના સર ઉપર અદલ ઇનશાફ સોભાવનારૂં તાજ બેમુળાં ગોહરોથી ઝળકાટ ભરેલું ખીરાજતું હતું, તે ઝળકાટમાંથી જે નુર વીખરાઇ તે દરબારમાં તેજ ભરેલી ગંભીરાઈ પાંડરતું, તે દરમ્યાન તે પોતાના ઇનશાફને આતશમાં ગીરફતાર છતાં 'દાંખ વગરનો ખાલેશ જોઇને ફરજંદ ઉપર રેહેમ કરવા કરતાં ઇનશાફ ઉપર તેની કુરબાની કરવાને તઈઆર થયો. તે જેહાન ધુંજાવનાર શાહાનશાહે જમની તરફના ઉમરાવોને જોયા અને "શમશેહેર મારનારો જળાદ કાંહાં છે?" એ પોકાર માર્યો. તે આદેલ શાહાનશાહે ઇનશાફ કરનારા દરજજાવાળા દસ્તુર મોબેદોના મોહડાંમાંથી શાહજાદાની તકશીરનો છાપો આશકારા કરવાને હોકમ કાઢયો, અને ઇરાનની શાહાનશાત સોભાવનાર મદાયુન માહેતંમ કરતી એક નાચાર અબળા જેવી શાહાનશાહના ખ્યાળમાં સર ઉપર ખાક નાખતી દેખઇ! ઇરાનની ખલક અનજુમને શાહાનશાહના તખત પાસ સર નમાવી માફીનો પોકાર માર્યો.

આ શાહાનશાહ એક નાહના ગામમાં સેજ ગફલતી ગુજારવા માટે શાહજાદા ઉપર આ રવેસનો શેતમ વરસાવવો અદલ શાહાનશાતને સજાવાર નથી. ઇરાનના તખતનો જેબ દેનારો શેતારો અદલ શાહનશાહથી ગુમ થાય એ અફશોશ છે. જે તકશીર અમારા શાહજાદાએ કરી, તે માટે આ સજા જે હાલ તે નામદાર ઉપર ઉતરીછે, તેજ બસ બેસુમાર ને ફરયાદ કરવા લાયક છે, તો પછે શાહાનશાહે આ તકશીર ઉપર વધારે શેતમ ગુજારવાને શાહજાદા ઉપર શખત દીલ થવું દુરઅંદેશીથી જોતાં દીલ દરદનાક કરનાર ઠરેછે. એ પાદશાહોના પાદશાહ ઇનસાફ સાથ મેહેરબાની આમેજ હોય નહી તો તે ઇનસાફ ગમે એવા તરીકાથી થયલો અદલ ખપવાને ખામી પામશે."

દરબાર અનજુમનની મીનત ને માહેતમમાં સામેલ થઇ તેવામાં શાહજાદો પોતાના પાદશાહી સાથીઓ સાથ શાહાનશાહની હજુર ખાકમાં સર નાખી અદબથી બોલ્યો.

'આ નામદાર શાહાનશાહ મારા જેવા હજાર કમીના ઇરાનની અદલ શાહાનશાતના ઇનશાફ ઉપર કુરબાન હોજો કે આ નામદાર શાહાનશાહ મારી તકશીર માફ નહી થાય તેવી નાલાયક ને બુરી છે. મારી સુરત ઇનશાન છતાં મેં હેવાનપણું બતાવ્યુંછે. હું પોતે પાદશાહાતનો મોટો પાયો છતાં મેં મારી ખલકને ખુવારી ને ખરાબીમાં ગીરફતાર કરીછે. હું પોતે દાનાઓ દુરબીન દરબારીઓ હજુર ઇનશાફનો અદલ કાંટો સમાલનારો ખપવા છતાં મેં તે અદલ કાંટાને કાળા દામરનું અબલીશ પર દીધુંછે. મેં શાહાનશાતની બેમુળી બક્ષેશો પામવાં છતાં શાહાનશાતની જબુન લુટ ને ચોરી કરીછે. મેં મારી ઓળાદની અદલાતમાં મારે હાથે શેતમનો તીર માર્યોછે. શાહાનશાહ હું ગેરદમાં ગીરફતાર ગીરદેશી ભરેલો મારી તોબાના કફનમાં નામદાર ઇનશાફ જનાબ ગુનેહગાર સર પટકુછું. મારૂં સર જલાદની શમશેહેરને શોગાત આપવા લાયક થયુંછે. એ દરમ્યાંન નામદાર શાહાનશાહ પેદરની ખુશી હોય તે અમલ કરી

ઇનશાફને ખાલેશ ને નેક જાળવવો એ ખાસ મારી સુચના છે. બનનારી હતી તે બની ચુકી, પણ તેનો કાળો દાગ મારા નામને લાગો, તે મારૂં સર બરબાદ થયાથી જતો હોય તો તે આ ઘડી તઇઆર આપુછું, પણ તેમ નથી તેનો મને મોટો ગમ ઉપજેછે. ઓ નામદાર શાહનશાહ ખાકમાં પડેલા ગીરદેશ ભરેલા એક અદના જેવા ખુશરો પરવેજને જો, તેની ઉમર ઉપર ખ્યાળ કર, તેની એક તકશીર દરગુજર કરવાની મેહરબાની નવાજ કે આ જબુન દાગ ફીટાડવાને કોઇ મોટી કોશેશ કરી ઇરાનના મોટા નોશીરવાનના બેટા શાહાનશાહ હોરમજદની મોહબત લાયક ફરજંદ કેહવાવું, અને ઈરાનની સલતનતનો રોબ ને ઝળકાર અદલ ઈનશાફમાં એવો રોશન કરૂં કે આ હોનારતના કાળા વાદલાની હસ્તી મારી જીંદગાનીના પાંનામાં રહે નહી. ઓ નામદાર શાહાનશાહ મારી ઉપર મેહેરબાન થા, અને મને આ મારા પેહેલા ગુનાહની માફી બક્ષી ખાલશ કર.”

શાહજાદાની સ્યાણી સોખનગીરી સાંભળી શાહાનશાહ ને તેની તમાંમ દરગાહ તાજુબ થઇ. મોબેદો ને અમીરો શાહાનશાહના કદમ ઉપર શાહાજાદાને માફી બક્ષી મેહરબાની નવાજવા મીનતગુજારી કરતા પડયા. ઇરાનની ખલક અનજુમન ખુબશુરત ઓશરો બાબે શાહનશાહ હોરમજદના કદમ પાસ ખાકમાં સર નાખી આજેજીથી માફી ચાહવાની ઈનતેજારીમાં રહી.

શાહાનશાહ હોરમજદે શાહાજાદા ખુશરો પરવેજને બખશેલી માફી.

લાયક છે લાયક પરતાવો દીલનો જોઇ,
લાયક ઇજતથી બક્ષે શોરખરોઇ.

શાહાનશાહ હોરમજદે પોતાના બેટા ખુશરો પરવેજના હાલ ઉપર નેઘા કરી. તે નામદાર શાહાનશાહે પરેશાન શાહજાદાની દાનાઇ ને સ્યાણપણાને ખુબીથી પીછાણ્યા પછે મોહબતથી પોતાના ફરજંદને પોતા પાસે બોલાવ્યું. દીલના સદ હજાર મોહબત ને ચાહથી તે અકલમંદ શાહજાદાને બગલમાં લઈ ઇરાનની અનજુમન હજુર માફી ચાહી, પોતાના બેટાના ગુનાહને ખુદ પોતાના ગુનાહ માફકજ ધારીને દીલગીર દીલથી પોતાની દરબાર ને ખલક વચે ઇનતેજાર ખ્યાળો થઇ ઉભો. તે ખુબી ભરેલા શાહાનશાહના મોહમાંથી આ સખુનો આશકારા થયા.

“મારી ખલક અનજુમન, મારી દાનેશમંદ દરબાર, મારા શાહજાદાનો ગુનાહ બેસુમાર હદ બાહેર ગયોછે. પેશરે પેદરની પાદશાહાતના કાયદા કાનુન તોડી પોતાના અમલને હીનપસ્તી ભરેલો જુલમ પુર ચલાવ્યોછે. મારી રાંક ને વફાદાર ખલકના લોકોના દીલ જેણે દુખવી દરદમંદ કર્યાંછે, તે મારા ખુદ લોહી ને માવાનો મારો નવજવાન નકશ બેટો ખુશરો પરવેજ છે, એટલે એ ગુનાહ મેં પોતે એ જવાન અવતારમાં મારી પોતાની પાયામાલી રચનારો કર્યોછે. હું મારા બેટાના ખમીરમાં તમાંમ ઇરાન સલતનતનો તકશીરવાર થયોછું, પણ મોહબત વફાદારીના ભરપુર દીલથી આશકારા થઇને ખલકની મેહરબાનીમાં શાહાનશાહને ગીરફતાર કરેછે. મારી રાંક ને વફાદાર ખલક મારા બેટા ને તેઓના શાહજાદાને આ બેસુમાર હલકા ગુનાહની માફી બક્ષેછે, તો તે માફીની મેહરબાની બુજવા લાયક હું તમારો શાહાનશાહ તમો નેકનામ ખલક ને દરબારનો બેસુમાર હેશાનમંદ થયોછું. તમો વફાદાર અનજુમને મારા બેટાને મોહબતથી ગુનાહ બખશીંન્દા કરવાને જે મારી હજુર તજદી લઈ મારા દીલને ખુશાળ કર્યુંછે, તેવા ખુશાળ થવા લાયક તમારાં દીલ છે, તે તમો તમારી વફાદારીમાં હરદંમ ભોગવતા અમનચમ રહો એ હું તમારા શાહાનશાહની ઉમેદ છે, તે હકતાળા બર લાવો.”

"હવે મારા નેકનામ ને દાનાવ બેટા ખુશરો, અગર તું મારી હઇઆતી ને તારી ખુબેરગી ચાહતો હોયતો આજથી ઇરાનની શાહાનશાત ને તેના કાયદા કાનુન ઉપર ખુબ મલાજો ને ઇજત પકડજે. ઇરાનની વફાદાર ખલકના દીલ હમેશાં હેશાનમંદ કરજે. ઇરાનની ખલક તેના શાહાનશાહ ઉપર જેવારે આ રવેશ ફીદા ને જાંફેશાનીથી ચાહ નવાજે તેવારે તેના શાહાનશાહ ને શાહજાદા તે રઇઅત ઉપર જુલમ ને શેતમ ગુજારવાને પોતાની હદ ઓળંગે તો પછે તે જાતના શાહાનશાહ ને શાહજાદા વફાદાર ઇરાની શાહાનશાહાતના સુરંખીપણાને કેમ લાયક ગણાય? મારા જાન કરતાં કીંમતી મારા તખતના વારશ બેટા ખુશરો આજે મારા ગુસ્સાથી તું નામદારને બચાવનાર આ મારી કુલ ખલકત છે. આજે તને જીવતો ને ખુશાળ બખશનાર આ મારી અદલ ને રાસ્ત દરબારના દાનેશમંદ બેશનારા અમીર ઉમરાવ ને પાદશાહી શાનીના ખુબેરગો છે, માટે આજથી એ તમાંમ ખલકને તારા આસરા ને કુમકની નવાજેશ કર. હું તને આજથી મારા પાદશાહાત કારોબારમાં મારી પદવી માફકનો નેમુછું. મારા લશકરનો આજથી સપેહસાલાર નેમુછું. આજથી મારી શાહાનશાતનો રખેવાળ નેમુછું. આજથી મારી ખલકનો ખાવીંદ નેમુછું. આ મરતબા તું નામદાર બેટા શલુખ ને મરૂવતથી ચલાવી જેહાનમાં આશકારા થવાની હોશ્યારી રાખે એવી મારી ઉમેદ છે. મારી ખલક ને ઇજત ને મોહબત ને મેહરબાનીમાં નેહાલ કરી મારા નામની હકુમત ને અમલ નેક ને અદલ જેહાંન પોકારે એવો તરીકો બજાવે. ઓ શાહાજાદા આજના બનાવથી ચાનાક પકડી તમાંમ જાતની નાદરૂસ્ત ચાલ ચલગતનો મુળગો માવેરો તરક કરે અને આવતા વખતનો ઇરાનનો બુલંદ શેતારેનો, રોશન તાજેનો અને જેહાન જેના નામ ને અમલ ઉપર જાંફેશાની કરે એવા મરતબા ને રોબનો શાહનશાહ કેહવાય, એવો દુરઅંદેશ મરતબો જાળવવાને કોશેશ કરજે. અને પોતાના આ સોબતીઓને પણ નેક ને નામદારીભરેલો રાહ ઉપર ચલાવીને તુ નામદારના કોઇ બારીક વખતના મુસ્તાક આધાર બાંધજે."

આ સોખનો શાહાનશાહ બોલી રહ્યો કે ખજાનચીઓને તે નામદારના ઇશારાથી એક બેમુળ શરોપાવ લાવી શાહજાદા ખુશરો હજુર ધર્યો, તે વજીરે મોટા મરતબા ને ઇજતથી શાહજાદાના બદન ઉપર આબરૂની ઇધાની તરીકે ઓરંગ્યો!

શાહજાદા આ બનાવથી પોતાના બાપ શાહનશાહ હોરમજદનો અને ઇરાનની ખલકનો હેશાનમંદ થયલો પોતાના શોબતીઓ સાથ તવાજો બજાવી રહ્યો. જે નેક ને મોહબત ભરેલી બક્ષેસો ને જાંફેશાની થઇ તેથી શાહજાદા ખોશરો પરવેજના ચેહરા ઉપર તેના ખુબેરગ બપાવા શાહાનશાહ નોશીરવાન આદલ જેવું પાદશાહી નુર રોશન થઇ ગયું.

શાહજાદા ખુશરો પરવેજને ખાબમાં શાહાનશાહ નોશીરવાન આદલે ચાર માહભારત નવાજેશની બસારત આપી.

હોનારત કુળ છે બનતી વાજેબ ને નેક,
ગર ઇનશાન મતલબ માફક સમજેછ દરેક.

શાહાજાદા ખુશરો પરવેજ ઉપર જે હોનારત ગુજરી, તે રાતના તો જો કે આ રવેશ અરખર ને મરતબો પામી પોતાના સુનેરી બીછાણા ઉપર ફુલોની ખુશબો વચે ઉંગમાં પડયો હતો; તોપણ જે કાંઇ ગફલતીથી તે પોતા ઉપર કાળજી ને ફીકર લાવ્યો હતો તેના છાપથી ફીરાશ જેવો દીલનો દાજેલો ને તોબાહથી ધુંજેલો ભર ઉંગમાં પણ તે કકળટો હોય એવો

તેનો સાસ નીકળતો હતો. તે પળેપળ ચોંકી ચોંકી અફસોસ ભરેલો જાગી ઉઠતો હતો; તેથી તરત દુર ખ્યાળ પોંહોંચાડી તે પોતાના બંદગીખાનામાં ગયો, અને તન પાક સાક કરી તે પાક પરવરદેગારની હજુર પોતાના નાલાયક કામ માટે એબાદતમાં મશગુલ થયો. તે શાહાજાદાએ ગુનેહગાર માફક મોહમાંથી તોબાના પોકારો કુક્યા. દમ પર દમ ગુજારેલી બેદાદીના બાબમાં દાદગરથી રેહેમ ને માફી ચાહવાને નેઆશ ને પસ્તો પઢી પઢી પસ્તાવામાં સર પટકવા લાગો. બારેતાળાની જનાબમાં એક કમીના જેવો કંગાળ પોતાના કરતુકના બદલામાં તોજેશ પોકારતો દાદ ચાહવા પોતાના બે દસ્ત ઉંચા ઉઠાવી ગરદન પીથ ઉપર નાખી દઈ ઉભો. ના તે સાહજાદાએ પોકાર મારવામાં બાકી રાખી કે સર ઘસવામાં, તેણે નાખ એટલું તો ઘસી નાખ્યું કે નાઘસણી તેની પાસ ખુદ હાજર થઇ ના કેહતી હોય એવો તાંહાં છાયાંનો નકસ ખીલી રહ્યો. આ તોબાબાજીમાં અરધી રાત વીટી ગઇ, પણ શાહજાદાનો પરતાવો પુરો થયો નહી. બે ઘડી બીજી વીટી અને પછે તોબા ને તોજેશ કરતાં તેની ચશમમાં ખાબે ગલબો કર્યો. બંદગી મોહમાં ને મોહમાંજ જારી છતાં તે કોઈ ખુદાઈ શબબ માટે ભર ઉંગમાં પડયો હોય એવો બનાવ બની રહ્યો. તે ભર ઉંગમાં તે નામદારે ખાબમાં પોતાના મોટા નેઆગાન શાહાનશાહ નોશીરવાન આદેલને જોયો. કે તે નામદારને શેતારા જેવા રતનનું તાજ સર ઉપર ઝળકેછે. દીલમાં પગની પાટળી તલગ રેલવાતો સાફ ઉજલો મોતીનો તમાંમ ગુંડલો ઝમોછે. દસ્તમાં મુરગીના બેડાં જેવા અમુળાં ને મોટાં મોતીની માળા છે. પગમાં આતશની ખરાઉ છે. તે અશો શાહાનશાહની કાઠી કમર કરતાં પણ લાંબી ખાલેશ બરફ જેવી શપેત છાંયાદાર છે. તે નામદારના ગળામાં અદલ ઇનશાફનો ખુરશેદ ઝળઝળાટ પાડી રહ્યોછે. તેવા નુરી શાજ પોશાગ ને તેજમાં શાહાનશાહ નોશીરવાને શાહાજાદા ખોશરો પરવેજને કહ્યું.

"ઓ જેહાન રોશન કરનાર તાજા આફતાબ મીશાળના ચેહરાના બેટા તું ગમખાર ના થા. પણ ખુશ રેહ કે શાહાનશાહ હોરમજદે તારા ખુબસુરત ગુલામને કાચી દરાખ તોડવાના ગુનાહમાં દેહકાણીને બક્ષેશ કર્યો તેવારે તેં એક હરફ કાઢયો નહી, બળકે દીલમાં પણ એક કાચો ખાટી દરાક્ષ જેવો બદગુમાન સખુન બોલ્યો નહી તે નેક ફરજંદગીરીના અવેજમાં તું એક માહતાબ જેવી શીરીન નામની શાહજાદી પામશે. જેની ખુબશુરતી, મલાજો ને મોહબત જેહાનને તાજુબીમાં નાખશે. જે ખવાશમાં નેક ને જબાનમાં મીઠી ને ચાલમાં મોર જેવી અદાવાળી રેહશે. જેની ચશમ ઉપર શેતારાઓના નુર ફીદા રેહશે. ઓ નામદાર બેટા તારા ઘોડાના પગ તેણે ગુજારેલા શેતમના બદલામાં શાહાનશાહે કપાવી નાખ્યા, તે ઉપર તેં ફરમાબરદારી સીવા બાજો કસો ખવાસ જાહેર પાડયો નહી, તે નેકીના બદલામાં તુંને એક ઘોડો સીહા રાતને રંગનો સબરંગ નામવાળો મળશે. ચાલમાં જે વંટાળ્યાનો પવન, અને તેજીમાં જે જબરી આગ; જેના ફુંફારા ને ઉછળા દર્યાવના મોજા જેવા જંગ વખતે, જેનો તોર તોફાન વખતે ચઢીં આવતા ગજબનાક વાદળ જેવો. ઓ રોશન પેશાનીના બેટા શાહાનશાહે તારૂં તખત તાજ જે ફકીર ગામડયાના ઝુપડામાં તેં મીજલસ બનાવી હતી તેને બક્ષો દીધો, તે વખતે તેં પાદશાહાતને છાજતી ચુપકીદી અખતેઆર કરી બળકે કોઇ તરેહ આજોરદા નહી થયો, તે નેક અદબના અવેજમાં એક આબાદ પાદશાહાત તને મલશે. જે પાદશાહાતનું તખત બેમુળાં ગોહરોના જડાવ ભરેલું અને તાજ મારા હાથની તસબીના દાના જેવા મોતીમાં મડેલું, કે જેની જોડ જેહાને કમ જોઇછે. ઓ નેક દાનેશમંદ બેટા તારી રામસગર ઉપર જે સજા ઉતરી, તે બાબે તેં તારા દરજજાનો હેંકાર મનમાં ધર્યો નહી, તે ભલી ચાલના બદલામાં તુંને એક બારબુદ નામનો માહ ઉસ્તાદ ગવઇઓ મલશે, જેના ગાયન

ને અવાજ ઉપર આશમાની જેહાનનો ગવઇઓ શુક્ર સેતારો તાજ્જુબ રેહશે અને શાબાશીના પોકાર મારશે. તેના તાન ઉપર મારા નેઆગાનોના ચમનના બુલબુલો દેવાના જેવાં થઇ જશે. ઓ ખુરશેદ શાનીના ખુશરો પરવેજ જે સલુખ તેં તારા ગુનાહની તોજેશના બાબમાં બજાવ્યાંછે તે ઇરાનના તું આવતા વખતના શાહાનશાહને છાજતાં છે; કેમકે જે ગુનાહમાં તું ફસ્યો એ સાંધણો ફકત પથર જેવાં નકામાં ને તું શાહજાદાને બદનામીમાં લાવનારાં હતાં, પણ હવે આ ચાર અમુળી બક્ષેશો જે ખુદરતથી તને નવાજેશ થશે, તે એવીતો બેમુળી ને ઉમદા છે કે તે તારી સોભા ને આબરૂ વધારનારાં સાધણો થશે. તુંને ગફલતીમાં જતાં અટકવશે. તારી વખાણના લાયક ગુણ જેહાનને સંભળાવશે, અને તને લાયક સોખનો સંભળાવી વખાણ લાયક પાદશાહી ચલાવવાને હોશ્યાર રાખશે. એ માટે તું તારા આંદેશા ઉપર કસો અંદેશો ના લાવ."

શાહાનશાહ નોશીરવાન, છેલા સોખનો બંધ થતાંજ રૂહની દુન્યામાં ગેબ થઈ ગયો કે શાહજાદો જાગી ઉઠયો. તે થોડો વખત તો ગાફેલ જેવો અકરાયળો ગભરાયળો ઉભો થયો તેવોજ ઉભો રહ્યો પણ પછે તરત ફરીથી તન સાફ કરી પોતાના નેઆગાન નોશીરવાન આદેલથી થયલી બસારતના હેશાનમાં બીજી મરતબે પાક યજદાનની શેતાયશમાં મશગુળ થયો.

શાહજાદા ખુશરો પરવેજનો પાદશાહી રાહ રસમ.

શાહામનો હોય ચેરાગ તોપણ છે તે આગ,
ઝળકતો હોય પતંગ તોપણ છે તે ખાક.

ખાલેશ સોના સાથ જે સંબંધમાં આવે તે ઓર સોનાની સોભા પામે, પણ પોલાદના સંબંધમાં જે આવે તે ખુન ગુનાહ ને જહનુન પામે. શાહજાદો ખુશરો શાહાનશાહી ઝળકાટ હતો. તે ઉપર શાહેબની મેહરબાની ને ચોકી ઉતરેલી હતી; તેથી તે સેજ તકસીરમાં પોતાની જાત ખાશીઅત ને અદબ સમજી જઇ જેહાનમાં સલુખ ને શોભાથી પોતાનો કારોબાર ચલાવવા લાગો, પોતાના નેઆગાનના ખાબમાં આવી બસારત દઇ ગયા પછે, તે બસ ખુદાઇ મેદ ને ખુદરત ને જીકરમાં મશગુળ થયો. તે રાતદીન મીજલશ ભરી નેકી ને તકેદારી ને ઇનશાફ નવાજવામાંજ રાજી રેહતો હતો. તે શાહજાદો સચાઇ સમજયો કે આ જીંદગી ફકત ખાબનો ઓળો છે અને આ બદન કેરદારનો પોશાગ છે. તે પોતાના દાનાવોની મીજલશમાં બેધરક બોલતો હતો. કે આ જીંદગીમાં શું ગુમાનની જરૂરછે? અરે હવાઇ સપાતા જેવા ઇનશાન, તારા ચેરાગને ગુલ થતાં કસો વાર લાગનાર નથી, તો પછે તું તારા ઠાળાપણાની ખરાઇમાં કેમ નફ્રત થવાને હીમત ખીડેછે? શું તું રેસ જવાબદારી દેવાની હીમત ખીડી શકશે? ગરૂરીના તખત ઉપર જુલમનું તાજ પેઢી બેવફાઇના શરોપાવમાં શોભાયમાન થવાનું ડોલ તું જોયે તેને બટાવ, પણ તે તારી હસી તું મોડી સમજે તો પછે તોબા કરી છુટકારો પામવાની ઉમેદ રાખતો ના. આજના તારા ચઢતા વખતે તારી ગરદન દેવાનગીના તોરમાં ખમે વાંકી નાખી નચીંત થઇ ગયા પછે તું શું એવું સમજેછે કે હમેશાં તારા માથામાં પવન રેહવા લાયક આ હાલતમાં તું રેહશે? ઓ ગાફેલ ઇનશાન સમજ ને દુરઅંદેશામાં તારા આવતા વખતની હોનારતનો નકશો ખુબ સાઉચેતીથી જો. ખુબ સાઉચેતીથી જોઇ સમાળો જુવાનીની મુશાફરી પુરી કરવામાં ઇનશાનગીરી ખરચ. ઇનશાન જે અવતાર પામ્યું

તેણે આરેમનના કરતુક કરી જીંદગાની ઉપર ધુળ નાખવાથી હાથ ઉઠાવવો જોઇએ. જેણે ગફલતીથી આજના રોશન થયલા આફતાબને ગણકાર્યો નહી તેણે આવતી કાલની રોશન બામદાદ જોવાની ઉમેદથી હાથ ધોવા. જીંદગાનીના રોજની રોશની તું એ ઇનસાન, એવા કેરદારના બીછતરા ઉપર પડી સર પટકી ભોગવ કે બીજા રોજની રોશની તારી ચશમ જોય નહી તો તેનો તને કસો મુજાકો રહે નહી. સતા છે તેણે સાચુ રેહેવું જોઇએ, સલુખ બટાવવું જોઇએ. સતા છે તેણે દુરઅંદેશીથી જીંદગાનીના તબક્કા પસાર કરવા જોઇએ, અને બેસુમાર ભલમનસાઇ ને પાકીથી જાનના જોસા શીંગારવા જોઇએ. જેણે તક છે ને જુલમ ગુજાર્યો ને નેક નામ ખરીડયું નહી તે જીવતાં જીવત દોજખને રસ્તે ચાલતો થયો. જાંહાં તલગ જુવાની, તનદરસ્તી ને અમલ છે તાંહાં તલગ નેકી, ભલાઇ, નવાજો કરવામાં મરદાનગી છે, બાકી બુઢા જઇફો પરેજગારીમાં બેસે તો તે ફકત નાચારી છે.

શાહજાદો ખુશરો પરવેજ ચીતારા સાપુરથી મહીઆનું બાબે હેવાલ સાંભળેછે.

ધારેલી ના ખીલે ચમનમાં કળી,
સ્વપ્ના નહી જેનો, તે આવી મળી.

શાહજાદા ખુશરોની મીજલશ શાહાનશાહ હોરમજદની દરબારથીજ ઉતરતી ગણાતી હતી, તોપણ શાહજાદાની મીજલશમાં જે ભેદ ને રાજઅંદેશાઓ બાબે ખ્યાળ ને તકરાર થતી હતી, તેથી પાદશાહાતનો ભીતર પાયો આબાદ ને તકાવર રાખવાને ખુશરો પરવેજને તરક ને નેધા થતી હતી. તેની મીજલશ જો કે પાદશાહી કાયદા કાનુનથી ભરાતી હતી નહી, પણ તાંહાં જે રગજીક ને ગોફતેગોહ થતી હતી, તે એક લફ્જે શાહાનશાહના કાન ઉપર જાય એવી ખાયશથી સામેલ થનારાઓ તે ચુનેચુરો કરતા હતા; તેમ એક દીન ખુશરો પરવેજ પોતાના મીજલશના હેવાનમાં એકાંત, ગોહરથી જરાવ થયલી ખુરશી ઉપર બેઠોછે અને પોતાની સામેની બારીમાંથી ખુરશેદના કીરણોની ખાલેશી પોતાના ખ્યાળથી પીછાણેછે, તેવામાં તાંહાં તે તરફના અનાર । દરખત ઉપર એક બુલબુલે આવી શરોદ લંબાવ્યો, અને તેના મધુર અવાજની વેહતી મીઠાશની લેહેરમાં ખુશરોને પોતાની રામસગરો ને શરોદની યાદ આવી; તે યાદ સાથ તેના નશીબાનો મોટો ફેરફાર રચનારો બનાવ તેની સામે મગરૂરીથી પોતાનો નકશ બેંચ્યો ઉભો કે પછે શાહજાદાના દીલમાં દરદ ને આનાકાની ઉપજી રહી કે તેની દીલગીરી ને દરબાર ને ઇનશાફનો અદલ દોર એક પછે એક તે પાસથી ગંભીરપણે તવાજો બજાવી ચાલ્યાં ગયાં, પછે તેની જનાબ પરેજગારી ને તોજેશ સર નમાવી ઉભાં કે ખાબ પોતાના દસ્તમાં ખાબના ફીરેસ્તાના ખાબની તખતી લઇ આવી હાજર થયો ! કે ખુશરો પરવેજ ચોંકી બેશક ઉઠવા જતો હોય એટલાંજ તે તખતીના ચાર ખુના ઉપર તેની નજર પડી અને તેને પોતાના નેયાગાન નોશીરવાને, ફરેસ્તાના અવતારે આપેલી આગાઈ ઉપર મન લાગ્યું. કે બુલબુલનો શરોદ મસ્તીમાં એવો તો લંબાયો કે તે તાન ને સુરના બેચાન ઉપર શાહજાદાને રામશગરના શરોદાનો શોખ ઉપજી આવ્યો. પણ તેટલા વળી તે શોખમાં તેને પેલા ખાબમાં દેખાયલી ખુબશુરતની વધાઇ મનમાં લાગી રહી. તે નવજવાન શાહજાદો મનમાં બોલ્યો,

"મારા ગોટા ન્યાગાને આપેલી વધાઈ માફક મને એક દીલરૂબા ખુબશુરત સાથ મોહબત થશે; તે મારા દીલ ને મેહેલ ને મોહબતની માહતાબ બનશે, અને મારી ઓલાદનો શેતારો ઝળકાતમંદ રોશન કરશે. મારે તે શબર રાખવી જોઇએ; મારે લાયક, મારા મેહેલ લાયક, મારી ઓલાદ લાયક ને મારી પાદશાહી લાયક નાજનીન શાહજાદી વગર મારા જીગરનો કાંઇપણ શોખ કે મુરાદ મારા તનમાં જેમ હું આ મેહેલના દીવાનખાનામાં છું તેમજ છુપાયળા કેહશે."

તેટલાંજ એક મોટા માનીતા આનશાવ ચીતારા શાપુરે અદબ બજાવી શાહજાદા સામે પોતાની ખુરશી લીધી. શાપુર નકશ ખેંચવાનાં એલમમાં મોટા ઉસ્તાદ હતો. એશીઆમાં તેનુ નામ તેના હોનરમાં મોટા મરતબા સાથ આશકારા હતું. તે ફકત બયાન સાંભળી બયાનવાળો હકીકતોના ચીત્રો એવાંતો ખુબી ભરેલા આબાદ ચીતારી આપતો કે તેના હોનર ઉપર જેહાન હેરત હેરત રેહતી હતી. તે ઉસ્તાદ નકશબાજ શાપુર, શાહજાદાને પાદશાહી રાહ રસમ માફક તવાજો બજાવી મોટી ઇજતથી કેહેવા લાગો "ઓ નામદાર શાહજાદા આજ ઉદાશી સાથ કાંઇ ખેલ રચાયેલોછે. હોકમ હોયતો તે નામદારની ઉદાસીમાં એક બાબત એવી કેહું કે દીલગીર દીલમાં ખુશાળી ને ઉલટ આવે. શાહજાદાનો નેક હોકમ શું છે?" ખુશરો તેની આ દરખાસ્ત જોઇ બેદરકારીથી હોકમનો ઇશારો કરી જેવી હાલતમાં બેઠો હતો તેવાજ ઉદાસ ચેહરાથી વગર હીળવે તે હતો. શાપુર તે નામદારનો ઇશારો પામી ગયો, તેણે જબાન ચલાવી કે ઓ મારા નામદાર શાહજાદા ઉદાશીનો કોઇ કાબુ તમો નેકનામ ઉપર ના ચાલતો. તમાંમ ખુશી તમો મુરબ્બી ઉપર ફીદા રેહજો બલકે તમો તમારા પાદશાહી ખાનદાન સાથ હમેશાં આબાદ ને અમર રેહજો. તમો નેકનામ શાહજાદાને હું ઓજરખાઈ કરી કેહુછું કે ખુબ હોશયારીથી આ બેયાન સાંભળો. તમો નેક શાહજાદાને મશહુરછે કે ગયે શાલ હોકમ પામ્યાથી હું મુસાફરીમાં ગયો હતો, તે મારી મુસાફરીમાં ફરતો ફરતો કોહીસ્તાનની પાદશાહાતમાં પોંહોંચ્યો, ત્યાંહાં દરબંદ દર્યાવને કીનારે એરમંન નામનું એક બંદર છે, તેનું શેહેર ધણુંજ ખુશનુમા ને આબાદ છે, તેનો કીલો પણ તેવોજ સરસ ને તકાવર છે. તાંહાં તે કીલામાં ફકત રાજ દરબારીઓના મેહેલ ને લશકર રેહેછે. શેહેરમાં ખલક વસેછે, અને કીનારે બંદરમાં મોટો વેપાર ચાલેછે; તાંહાં પાદશાહી તખત ઉપર એક નામદાર ઓરત મહીબાનું નામની બીરાજેછે. જેનો અમલ ને શીકો રૂમથી ઇસફાન તલગ ચાલુછે. તે પાદશાહાતનો અમલ ઇરાનની સરહદ તલગ રૂમથી લાગુ પડેછે. આ પાદશાહાત આપએખતીઆર છે. અને તે તાબેની સરજમીન ઉપર તેની હદ અંદર ધણા બીજા શલામી આપનારા પાદશાહો તેની તાબેદારી કરેછે. જે કીલો પોતાના ખાસ મેહેલને લાગુ પાડયોછે તાંહાં ધણો બેસુમાર ખજાણો ભરેલોછે. તે પાદશાહી શેહેરમાં મહીબાનું અદલ ઇનશાફથી રાજપાત ચલાવેછે. તે નામદાર વરશમાં દર ફસલે, તે ફસલ લાયક જગાના પાદશાહી મેહેલમાં આવી વશેછે. એ માફક વરસની ચાર ફસલમા ચાર જુદી જગો તે નામદાર રાણી પોતા માટે બાંધેલા બેકીમતી મેહેલોમાં ઉતારો લેછે. તે વખતે તેના રાજદરબારીઓ બારીક મામલા તે જનાબ પોતે લઇ જાયછે, જે ઉપર તે રાણી ખાસ પોતે ધ્યાણ આપેછે. તે તનમાં મરદાને મરદ કરતાં પણ કદાવર ને જોરમાં મસ્ત હાથી છે. ચોગાન દરી તે સરસમાં સરસ બાજીબાજની સેજમાં જીતી લેછે. ચાર ફશલમાં જે તે ચાર જગામાં મકાન કરેછે; તે બસંતના વખતમાં ઇશફાહાન પાદશાહી બાગમાં રહેછે. ગરમીની ફશલમાં તે એરમનના પાહાડ ઉપર જે દરમ્યાનથી એક નદી વીજલી જેવી વહેછે તાંહાં ખાસ બંધાવેલા સુફ સફેત સંગેમરમરના હવાદાર મેહલમાં મકાંન કરેછે. ખેજાનની

ફસલમાં ઈજાજની ખુશનુમાં તેકડી ઉપર કે જાંહાં શેકારો બેસુમાર રહેછે, તાંહાંના મેહેલમાં રહેછે, અને હરદમ શેકારબાજીમાં ફુરસતનો વખત રોકેછે. તે નામદાર રાણીની કબંદ જે શેકારની ગરદનમાં પડેછે તેને મોતીની માળા પેહેરાવેછે, અને ખાશ માઉજતથી પાળેછે. તાહાડના વખતમાં બંદેહ શેહેર કે જાંહાની હવા હમેશાં ગરમ રહેછે, તાંહાંના કાળા પથરના કોટરેલા મેહેલમાં વાસો રાખેછે. ચાર ફસલ ચાર જુદી જગો તે નામદાર રાણી જાયછે તેવારે તે તરફ તેના અમીર ઉમરાવોના કબીલાઓ પણ જઈ દેહરા તાણી રહેછે. તેની પાદશાહીમાં તેની ખલક ખુશાળ ને આબાદ છે. આ મોટી રાણીની તે પછે ગાદી વારેસ કોઇ તેના કબીલામાં નથી; એક ફકત તેની ભતરીજીછે. કોઇ છેક દુરની પણ મરદ કે ઓરત સગું તે નામદાર રાણીને નથી; એવી રીતે તે કોહીસ્તાંન પાદશાહાતની વારસ શીરીન છે.

શાહેજાદા ખુશરો પરવેજ આગલ શાપુર ચીતારો શાહેજાદી શીરીનની ખુબશુરતીની તારીફ કરેછે.

શેતારાની ચશમ, બીજનું કપાળ,
પુનમ ચાંદ ચેહેરો ને ગુલાબના ગાલ.

શાહજાદી શીરીન તો એક પરીજછે. શીકલમાં માહતાબ મીશાલે એક નુરાની જ છે. તે ખુબશુરત શાહજાદીની ચશમ તો બે નમુનાના બેસુમાર ઝલકાટ ભરેલા શેતારાછે. તેના બે હોટ શાકરની મીઠાશવાળા પણ રંગમાં બે લાલજ છે. તે નાજનીનના જુલફાં કમાન મીસાલે પેચદાર છે. ગાલ જાણે ગુલાબના બની બાહારમાં ખીળેલાછે. તે નાજનીનના સરપરના બાલ ગોયા કાળો નાગણ ચાંદની ઉપર લાંબાઇ ગુંછ વલી રહ્યા માફકછે. તેમાંથી જે ખુશબો નીકળેછે તે કસ્તુરીની ખુશબોને હેરત કરેછે. તે કસ્તુરી મીશાલની ખુશબો જે બાહેર બેહકી રહેછે, તેથી તે શાહજાદીની બે શેતારા ચશમોના નુરમાં ગેન નાચો રહી હોય એવી નીશેતર જણાયછે. તે નીશાના ગીરફતાર નુરના ઝળકાટ મોહબતના જાદુમાં બદલાઇ તે નુરનીશાતર ચશમો ગોયા જાદુ મોહીનીછે, તેથી કોઇ કાળી નજર તે નાજનીન ઉપર ગાલેબ નહી આવે એ બંધન ગોયા નજરમારણ ઠરવુંછે. એક ચાંદીનો તેકડો બનાવી તેમાંથી કોઇ કલાવંત કારીગર કોઈ બેમીશાલ શીકલ કોરી કાઢે, તેવું તે શાહજાદીનું તન બદનછે. તેનો છોક કોઇ ફરેસ્તાને જોયા જેવો શોભીને સાંજની મધુર ધારી લેહેરવાળો તેમાં શરોદ વસ્યોછે. જેવારે તે શરોદ નીકળેછે તેવારે તે શરોદ સાથ તેના લાલના મુખ ભીતરમાં હીંગરાની નુરી નાજ નખરાં કરતી ખાલેશ હીરા જેવા કટારબંદ દાંત સાથ સોબતમાં મચ્યાં રહેછે. તે નાજ નખરામાં બાહારપર આવી ખીળી રહેલા જોબનના ફુલ ફલોના શીંગારમાં હસતી શીરીન, ગોયા આશમાન કોઈ મોજેજાથી ફાટી ઉજપાળુ થઈ રહે તેમ નુરી મહીમા થઇ રહ્યોછે. જેવારે તે નાજનીન શીરીન પોતાના નુરવાળાં ખાલેશ આબદાર દાતના મોતી જાહેર પાડેછે તેવારે દરયાવના શીપના પેતમાંના મોતી તે નુરની મસ્તીના તાપથી બેતાપ થાયછે. જેવારે તે પોતાના કદનો છોક ને લટકો દેખાડવાને નખરાંબાજ થાયછે તેવારે ચમનની સરવ પોતાના સીધાપણની ગરુરીને ભુલેછે. જેવારે સખુનો તેની નુરી જબાનમાંથી શરોદની નાજુખી સંગ મીથાસ વરશાવેછે તેવારે શાકરની શીરીની પોતામાં ફીકાસ જોયછે. તે નાજની જેવારે પોતાના ગાલના ગુલાબોનો બાહાર રતનહંસ જેવી તરી ગરદન હીળવી દેખાડેછે તેવારે કીરમજ ગોયા સીહાઇ ઠરેછે. તે

નાજનીંનું નાખ્ય ગોયા બીજના ચંદ્રની કલમ નોંક છે. જે તેના ચાંદના ચેહરાના ગુલાબી ગાલના બે ભાગ એવા ખુલા ને ચળકતા ચલકાવેછે કે જોનાર તેના ઝલકાતનો તાબેસ કરતાં પછાત પડેછે. તે શીરીન રોશન ચાંદ મીશાલ છે ને ઉપર હજારો ચકોર ફીદા થઇ રહેછે. તેના નખરાં પાસં ગુલના નાજ નીરજીવ બનેછે. તેના સીહા જોલ્ફ ઝલકાતવાળા મોહના ઉપર એ મીશાળે વીખરાયાંછે કે જાણે પોહોર ફાટયા આગલની બેસુમાર કાળી સીહાઇમાં આફતાબ ઢંકાયલો હોયની. ચશમના ઇશારાને તે નાજનીંને પોતાની મોતીના મોટાં મુલક જેવી ઠુઠડી ઉપર મવકલ કરયાથી તેણે શેતારાની શાની ને ચાલ પકડીછે, જે નજુમીઓ જોય તો શેતારા તેનેજ સમજી ખરા શેતારાની ગણત્રી ભુલી જાય. તે નાજનીનના બે અમુળાં જોબન જાણે નવાં ફાલના રૂપાના દાડમજ. વળી કાળી મરોરદાર શેતારાની આંખ પાસ હરણની આંખ એબવાળી જણાય, વળી તે નાજનીનની સીધી ગરદન હરણ જોય તો પોતાની ગરદન માટે રૂદન કરે કે શીરીન ગરદન પાસ કોઇ નાજુખાઇ સરસાઇ કરનાર નથી. તે નાજનીનના તન બદનમાં સાધારણ પોશાગની જગો જરતારની ઇજાર ને મોતીનું ફીરણ રહેછે, પગમાં ઝવેરના ઝાંઝર ને મોતીની ગુઠાયલી સપાત રહેછે. સર ઉપર કપાલ તરફથી મોતી હીરાના બુટાવાલું તાજ રહેછે. ગરદનમાં ચંદન હાર, કમરે લીલાં પાણાનો કમરબંદ, દસ્તમાં ચીનાઇ અબરેશમી પંખો, આંગળે બેમુલી અંગુઠીઓ, પોહોચામાં માણક ચુરીઆં. કાનમાં ત્રણ ઇંચ લાંબા બે ખાલેશ મોતી લટકતાં, નાખમાં શુકર શેતારા જેવાં હીરા ને મોતીની નહણી, પણ તે દરમ્યાન બેમુળાં આબનું માણક જેનો ઝલકાત તે નાજનીંના લાલના હોઠ ઉપર પડતાં તે રંગ ઓર પણ પુર દીલ છીણવનાર બીળતો હતો. પુછરબા તારાં જેવી ઝળકતી બાજુ ઉપર ફીરોજા કનચનમાં બેસાડેલાની વળી આસે પાસે માણક જરી એવીતો દીપતી બાજુબંન બંધાયલી કે તે સુનાનાં આબ ઉપર આતશ ધીકતો હોયની! તેના ખભાં ઉપર પણ નવી કારીગરીની ગોળાકાર મોતી માળાઓ પેહેરાઇને તેની કરીના છેડા તેના ગળેના ચંદન હાર સાથ મેળવી જોબનની તીલીઓ ઉપર લટકતા રાખેલા સાથ તે પરી સુંદર એવી શોહામણી શીકળ મુરતી દીપતી હતી કે મોહબત પોતે તે બાબે દીવાનગીના દીદારમાં ડરતી ફરતી હોયની. તે નાજનીના સલુખમાં અંદાજો ને શરમ બે બેકીમતી ગંજ સમાયાછે તે સબબ તે પોતાની સાહેલીઓ વચે ગોયા શેતારાથી ભરપુર આશમાન લોકાંચમના વચે ગોયા માહતાબ છે. તે નાજની શીરીન મહીબાનુની પાદશાહાતની હકદાર વારસ છે.

શાહજાદા ખુશરો પરવેજ આગલ શાપુર ચીતારો શાહજાદી શીરીનની શાહેલીઓની ખુબશુરતીનો તારીફ કરેછે.

આસ્માને ચંદા પાસ છે દીપતા તારા,
શીરીન પાસ સાહેલીઓ ગુલાબ શેતારા.

શાહજાદી શીરીનની ખાસ સીતેર સાહેલીઓ ગોયા પરીજાદ શીકલો છે. તે સંખી નાજનીનો તેની એસી છે. જેઓ તનમાં સીધી સોભાવંતી લીલી વાંસ જોઈ લેવી. ગરદનમાં તેવીજ ફાંકરી. મોતી ને માણકની માળાતો સંધીઓનેજ. લાંબી ગરદન ચીનાઇ હાંસના જેવી મરોરદાર. મોગરા જેવા કાન ને ચમપેલીની કલી જેવાં નાખ ને તે માંહે હીરા મોતીના એરીન ને નઠણીઓથી તે શોભાવંતીઓ જાણે સંગેમરમરમાંથી કોટરી કાઢી કપુરલોકાં કપરામાં ઢંકાઇ નાહીને ચાલતી હોયની. આંખ કેવી કાળી ને મોટી કે ભમરા કમળના પાસામાં પડેળા.

સોમ જેવા બાંબા અનીઆળા પાપણ ને મેહરાબદાર ભવાની પેરાયલી છટા જવૈ તે માટી કાળી આંખ વાંકદાર હોયાથી તે ઓરતરૂપી સરસ શીંગારની ખુદરતી શોભા એક જીવ સોભાવનારો બતીજો હોયની, અથવા જે માટે ઓરત મગરૂર બની ખુબશુરતીને વાહળો કરે તે નશીબો હતો. વીસ વીસ મોહસમ બાહાર ગોહોરી ગોહોરી બેમુળાં જોબનમાં જુલશંવાળીઓ એવીતો હસી મસ્તી કરી મજો મારી રેહતીયો કે નાગણોને તેઓની કાળી છુટી ચોટીની સોબતણો થઇ જવાને લાલચ લાગતી હતી. પરવાળાના બે સરખા પાટળા હોટની સોભા જેવારે તે શુંદર સાહેળીઓના મોહ ખુલી મોતીના દાંતનો વીજળી ચળકાટ પાડી રેહતો તેવારે પરેજગારની આંખ તેનું આબ જોવા પોતાના તન બદનની હાલત ભુલતું હતું, પણ તે વીજળી પાડનારા મોતી દાંત વચેની નુરી ચાંચ જે વીજબાંન રાગણી જેવા મધુરા સખુનો બોલી સંભળાવતું તેવારે તે પરી મેનાના હલકની શીરીની ખુબશુરતીને ગાંડી કરવાને બસ થતી હતી. કમળના ગાળ ને હોંગસાના તે ઉપરના રંગથી તે નાજનીન શાહેલીઓ ખુબશુરતીને હશી હશી રમાડીઆ કરતી હોયની એવી સોભી રેહતી. તે શાહેલીઓને સર ઉપર મોતી ગુડેલી તોપી, બદનમાં જરીનું પીરહણ ને જર ભરેલી ઈજાર ને સપાતોથી તે ચમનમાં કોઈ ખુલખુલ ગુલાબના પ્યારનો લાહવો લઇ મસ્ત થઇ તોરથી કદમ બ કદમ ડાળી બ ડાળો કુદતું હોય એવી ઠનકા લઇ નખરા કરી નાચી રેહતીયો. તે પરી શીકળ શાહેલીઓને પણ શીંગારમાં હાતમાં બેમુલી હીરાની અંગુઠીઓ, મોતીની બાંગરીઓ ને ગુંગરીઓ હતી. બાળમાં અતર ભરેલું જેની ખુશબોથી ખુલખુલો ભમાઇ તે સર ઉપર આવી ગુલાબ સાથ મળવા ચાંચ ભરતાં હતાં, નદીના નીર જેવી સાફ સફાઇદાર ચામરીની ખુશબો એવીતો જળદ બેહકતી હતી, કે જો બેફામીથી ચમનમાં ચાલતી અગર તલાવ પાર ઉપર આવી ઉભી રહે તો ભમરાઓ તે નાજદાર શાહેલીઓ ઉપર કમળ સમજી એટલાતો ઉભાઇ જાય કે તે પીડામાંથી ટલવા માટે મોટી મદદ આપ્યા વના ચાલે નહી, પણ તે સંધા ભમરાઓને ઉડારી મેળ્યા પછે તે નાજનીન બદનો કોઇ જોયતો સોઓનાં નાકા જેવાં જોબનમાં સેંકડો સુરાખ પડી ગયલાં જણાય. અને તે પ્રેમ દંખ ઘણા દીવસો તે નવબાહાર બદનમાં મોહબતના મનશુબાની મીજલશ મચાવે. શીરીન જે જમીન ચમનમાં ચાલે તાંહાંની ખાક અમબર થઈ રહે તો તેની શાહેલી નાજનીનો ચાલે તે જગા અગર બની રહે. મેદી લગાડેલી તે હડેલીવાળો નવજવાન શાહેલીઓ જેવારે એક એકની પાંખરી પકડી જુવાનીના નખરાં ને નાજ કરે, તેવારે કકુંનો કયારો હવામાં ઉડતો હોયની એવો તેઓની હડેલીનો સામતો ચકરાવો દેખાય. જેવારે તે શાહેલીઓ શીરીનને લેઇ ચાદનો ગોરવા ગુલચમનમાં જઇ ગરમીના દીન ઉપર બેસેછે તેવારે તે દરમ્યાન ખુલખુલો રાગ ગાયછે. અને ભમરાઓ તંબોરા ચલાવેછે, અને ફુલો ખુશબો વેંહેંચેછે. કમળ નીર પાયછે. પવન મશકેરો બનેછે. આ વખતે તે તમાંમ શાહેલીઓ પોતાના નેજારાના ઠંસારાથી આલમના જીવને બાળેછે. પાપણના તીર પરંદા મીશાળે ઉડનારા પરદાર હોયાથી તે શેતાઓને સીવેછે. તે શાહેલીઓ પેહેલવાની કસરત ને જંગના દાવપેજ સીખેલીઓછે, તેથી જેવારે કામ પડેછે તેવારે મસ્ત ચીતાનો ચુંગાળ તથા હાથીના દાંત ઉખેડી નાખેછે, જો કોઇ સખસને બેહસ્ત ને બેહસ્તની પરીઓ જોવી હોય તો શીરીનનો બાગ ને શીરીનની મીજલસ છે.

શાહજાદા ખુશરો પરવેજ આગલ સાપુર ચીતારો સબદેજ ઘોડાની તારીફ કહી સંભલાવેછે.

કેલવણીથી હેવાન છે બેમુલ ઇનશાન
બીન કેલવણીથી ઇનશાન છે બદ હેવાન.

રાણી મહીબાનુના ઇસતેબલખાનામાં એક ઘોડો પવન ચાલનો, વીજળી પાડનારો, પરંદા માફક ઉડનારો, જેનો સીનો સોંહ માફક ને બદન પોલાદ માફક. કદમ નાખવામાં એવોતો ચતુરછે કે ધુલ ઉડતી નથી. તેથી તેનો સ્વાર જે થાય તે દુશમનને સેજમાં ગીરફતાર કરી શકે, સબબ તેના કદમને પવનનો કાન સાંભલી શકે નહી એવી કેલવણીથી તેને ચાલ શીખવીછે. તેની કેલવણી મોટા ઉસ્તાદોથી છે, તેથી તે બીકટ વખત સમજી લઇ ફરસંગોના ફરસંગ ઉડી જતો ચાલવાને ડરતો નથી. વખત પડે ત્યારે તે મોટા દરયાવો માહી માફક તરી જવાને ચુકતો નથી, તે જમાનાની ગેરદેશ સમજી જાયછે. તે પોતાના માલક સવારનો અંદેશો સેતારેસનાસ માફક સેજમાં વરતી લેછે. જેમ આદમીને રાતના હીંગામમાં મનસુબો કરવાને ઉલત આવેછે. અને ગમે એવા અઘડા ખયાલોના પાયા બાંધી રાતના તે પોતાના મનસુબા દરૂસ્ત કરી ખુશાલીમાં રહેછે કે દીવસના એ પ્રમાણે ઉમેદની પાર બાંધી મકશદ મેળવશે, તેમ તે વીજળીરૂપી ઘોડો રાતની વખતે રોશન રોજ મીશાલે જાગતો રેહેછે. તેનો રંગ રાત મીસાલનો સીહાછે, તેથી તેનું નામ તે રંગને મલતુંજ સબદેજ પડયુંછે. મહીબાનું તેને સુનાની સાંકલીથી પોતાના ખાસ ઇસતબલખાને બાંધેલો રાખેછે. તેનો ખોરાક બામદાદના મન માનો ને અથમન દુધછે, બપોરના ચમનના ફુલ ફલો જે પોતાની મેરે ખરી પડયાં હોયછે તે છે. રાતના ગહું ને શેકારના ગોસ્તના કબાબ ને દ્રાસનો રસ છે. તેની કસરત મધરાતથી શેકારધામાં સેતાબ ચાલની સરતે છે, તે બામદાદ તલગ જારી રહેછે. જેવાર પછે ઉપલો જણાવેલો બામદાદનો ખોરાક મલેછે જે ખાધા પછે તે આસાએસ લેછે. મહીનામાં બેવાર પુનમ ને ચાંદરાતે જમીન ઉપર એક ગોલાંટ ખાઇ ઠાક ઉતારી વીજળી મીશલ ઝપકી પવન મીશાલે ઉડેછે. બાકી સારા મહીનામાં તે કદી જમીનને પોતાનું આંગ લગાડતો નથી. તે જેવારે પોતાના આંગને સાફ કરવા ચાહેછે તેવારે તે પોતાને મનસુજપુંજ પાદશાહી બાગ પાસ વેહતી નદીમાં પડેછે, અને તરવાની કસરતના દાવપેજ સાથ પોતાનું સીહા રંગ બદન જે જળને મલતું તેમાં એવો ગુમ થાયછે, કે ઘડીભર ખલીલની આંખ પણ તેને જોઇ શકતી નથી. તે ઘોડો, જાણે કોઇ ફરેસ્તો શીરીનની ખુબશુરતી ઉપર આશક પડી ઘોડાના રૂપે મહીબાનુના તબેલે બંધાઈ રાજી થતો હોય એવો ચમતકાર તે છે.

આશક પડયો ખુશરો પરવેજ શીરીન ઉપર.

પેહલવાનગીરી ને ખુબશુરતી છે શરીક,
મોટી ખુબશુરતી તો પેહલવાનનીજ રફીક.
ખુબશુરતી પેહલવાની પાસો ચાહે ચાહી,
પેહલવાન છે ખુબશુરતીનો આશક સવાઇ.

શાપુરના બયાને શાહાજાદાનો શીકો એવો ફેરવી નાખ્યો કે તેના જીગરમાં વગર જોવે શીરીનનો આરામ થયો. વગર જોવે તેનો પોતાનો આરામ ને ખુશાલી ફરમાઇ જઇ તે શીરીનની ખુબશુરતીના નકશ ઉપર મગજથી રંગ પુરવા લાગો.

ચીતારા શાપુરે શીરીનની ખુબશુરતીને જે ઝળકાટ ભરેલી વખાણીને બયાન કરી, તેથી પણ જાદા તે ખુબશુરત થયલી ખુશરોને દેખાવા લાગી. શાહાનશાહ નોશીરવાનની બાબની બશારત માફક આ નાજનીન હોયાથી તે શાહાજાદાના દેલમાં શીરીનનો નકશ બેસી ગયો. ને નકસવાળાં જીગરથી મોહબતના શોહોલા ફુકાવા લાગા. રાતનો કરાર તે મોહબતના આતશે બાળી ખાક કર્યો. ખુશરોના દેમાગમાં આ ને તે જેહાન એક થઇ, અને તેની હાલતમાં મોટા ફેરફાર થઇ તે ફકત શીરીન સીવાય તમાંમ મજો ભુલ્યો. ફકત શીરીન એ લાગતમાંજ તે શાહજાદાને તેનું મોટું રાજપાત, લડાઈ, તખત તાજ અને ગંજ ખજાણા દીસવા લાગા. જે વખતથી તે શાહજાદાએ ખુબશુરત શીરીનની શીકલનો ઓલો શાપુર ચીતારાની જાદુઇ જુબાનથી પોતા ઉપર રોશન થયલો જોયો તે વખતથી તે ઘણોખરો પોતાના મોહોલમાંજ એકાંત પડી રેહતો હતો. ખાનું પણ તે બરાબર લેતો નહી. ઘોડાની કુશરત કે દરબારની હાજરી બીલકુલ ભુલી ગયો. પાદશાહ સાથ પણ કમ મુલાકાત કરવા લાગો, અને જેટલી અકલ, અદા, અંદાજા ને રાજધારણની રાહ રસમો તેનો ખ્યાલ પણ તે શાહાજાદાને રહ્યો નહી. ગમે એવા રાજહોદેદારો કે વજીરો ખુશરોની હજુરમાં આવે તે પોતાના કામમાં સવલ કરવાની જગો ખલલ પામી નાશીપાયશ થઇ જાય એવી રીતે ખુશરો પરવેજ શીરીનની મોહબતમાં મસ્ત થયો. તે પોતે પોતાની હાલત સારૂ ગમ પકડતો હતો અને તે રીતે નહી ચાલવા ખાતર હોશ્યાર રેહવા માટે યાદ રાખતા છતાં પણ તે પોતાની બેફામ હાલત માટે નાચાર રેહતો હતો! આ વખત શાહજાદો ખુશરો, કોઇ શેકારીના માહ ઉસ્તાદીથી સીને પેવસ્ત કરેલા તીર ખાઇ જખમી થયા છતાં ઉડતા ખલીલ માફક હતો. તે ઇનશાની કાયદા માફક તબેહ પડયાથી જીંદગીમાં જળવાયલો રેહતો હતો, પણ તે કેમ જલવાયછે, કેમ ખોરાક લેછે, કેમ વખત ગુજારેછે, કેમ બીજી ગરજ સારેછે અને કેમ જુવાનો ગુજરેછે તેથી બીલકુલ બેખબરજ હતો. તે પોતાની મોહબત બરદાસ્ત કરી શકતો નહી અને શીરીન શીરીન એ શબ્દનો બોલનારો થઇ ઘણી ઉતરતી હાલતમાં ગીરફતાર હતો. શીરીનની ખુબશુરતીના ખ્યાળ પાસ આસમાન સીહા જોઇ ખુશરો મન સાથ બોલતો હતો કે હાઃ હાઃ આજ મારી શીરીન પરદેનશીન હોય એમ જણાયછે. પવન જોરમાં ફુકતો હોય તો શાહજાદો બોલતો કે હાઃ હાઃ આજ મારી શીરીનની શવારી નીકળીને તેના તેજના બભુકાના સપાતા આ છે. શાપુરના શોખનોની કમંદમાં શાહજાદો પડીને હવે તે દરમ્યાન એવો ગુંચવાઇ ગયો કે કોઇ પીર તદબીરથી તેનો છુટકો હતો.

શાહજાદો ખુશરો શાપુરને પોતાની મોહબતનો ભરમ કહી સંભલાવી ઈલાજ ચાહેછે.

ગમે એવો પેહલવાન કે ફીલસુફ કે પાખ,
છે મોહબત પાસ એકશાં મુજાયલા ને ખાખ.

શાહજાદા ખુશરોને એક વખત શાપુર મુલાકાતે આવ્યો, તેની શીકળ જોતાં શાહાજાદાએ પોતાની મોહબતનો ભરમ તેના દસ્તમાં આપવાનો અંદેશો કર્યો. તાકાત બીલકુલ રહી હતી નહી કે જુદાઇ તામોશ કરે, વાસ્તે તે શાહાજાદાએ શાપુરને મોટા મરતબાથી પોતા પાસ બેસાડી ભરમ કહ્યો કે એ જમાના જોયલા દાનાવ શાપુર તેં તે દીન જે પરી શીકળ શીરીનની

ખુબશુરતી બયાન કરી કહી, તે બયાને મારૂં ધ્યાણ બેધ્યાણ કર્યું છે. મારા મનમાં તે માહતાબ મારોવની મોહબત, આશમાન ઉપર જેમ બામદાદનો નીકાબ ફારી આફતાબ તળુ થાયછે, તેમ રોશન થઇછે, અને તે આ જીગર દરમ્યાન રૂવે રૂવે પોતાના ઝળકાટના તેજમાં ખીળીછે. શીરીન એ લબજ તો આજકાલ મારી કુલ મજો ને બંદગી બનીછે. તે નામ ઉપર મેં મારા જાનને એક દાના જેવો ઉડારી મેળ્યોછે. એ વફાદાર શાપુર તે દાનાને ફરી બેમુલી હસ્તી આપવી હવે તારે હાથ વાત રહીછે. તું હવે તે માહતાબની મુલાકાત મારી સાથ કરાવાને કાંઈ તદબીર રચ, આ બેઆરામ જીવને ફરી તે નાજનીંન આરામ બક્ષ અને આ જેહાનમાં મારી મુરાદ નવાજેશ કરાવનારો ઉસ્તાદ બપ. તું શેતાબ શરનજામ તઈઆર કરી કોહીસ્તાનનો રસ્તો લે, અને એરમન શેહેર શીરીનનો પટો મેળવ. તું તાંહાં તદબીરથી તે શેતારાઓને શરમાવનાર માહતાબને મલ, અને ખુબ નેધા કરી તે નાજનીંન દીલનો ભરમ મેલવ કે તે મરદની ખાયશમો છે? જો તે નાજનીંન કદખુદાઇ કરી મારી નેક મોરદાર થવા માંગતી હોયતો તરત તે મકશદરૂકો મોહોર સાથનો મારી ઉપર રવાના કર; જો મારૂં નામ સાંભળી મારો શીકો તે જીગરમાં ઠરે તો વીલંબ લગાડતો ના પણ જો તે મારોય પોલાદ જેવી સખ્ત દીલ હોય અને મારા નામ ને તોકમને ખીઆતમાં લાવે નહી તો તું શેતાબ તાંહાંથી મારી પાસ નીકળો આવ. ફરી એ બાહોશ શાપુર ખુબ ધ્યાણથી સાંભળી લે કે જો નાદાન ને રમતયાળ હોય, અને સેજ પટામણીથી નીકળી આવતી હોયતો બચ્ચાં મીશાળે ફંદ ફરેબમાં એંચી લેજે, કે આપણે ઇરાનમાં તે નાજનીનને મારી માદરના મેહેલમાં અલાએદી રાખી હું શાદી કરવાની ગોઠવણ નકી કરીશ. અગર તે બાહારની મોશમના ગુલલાલ જેવી નવજવાન ને મોહબતના રસ કસથી ભરપુર ચમનના ગલીચા ઉપર નવરોજ ગાનારી હોયતો તાંહાં પાંચ પંદર દીન રહી દાનાઈ ને પાદશાહી તરીકાથી ચારો કરજે. મારા જીગરને શબર મલે એવી બાજી બજાવજે. દુન્યાના મોટા નકશકસ શાપુર તું દાનાવ છે, તુંને એ મોહબતનો ચારો હું સમજાવું ને કેહું તે ઠાને તું જાદા નેમબાજ ને મકસદ માફકનો સમજેછે. જા હોશમંદ શાપુર તે પરીપેકર શીરીનના શેહેરમાં અને વગર જોવે શાહજાદો ખુશરો તે અસીનની મોહબતમાં તું ઉસ્તાદના ઉસ્તાદગીરીવાળા કરેળાં બયાનથી ગીરફતાર છે, તેમ તે નાજનીનને તારા શાહજાદા ઉપર ફીદા કર અને ખુશાળીનો પાંખ પેહેરીને તે વધાઇ ભરેલો મારી પાસ ઉડપો આવ.

શાપુર ચીતારો શાહજાદા ખુશરો પરવેજને દીલાસો આપી શાહજાદી શીરીનની તદબીર કરવા એરમન જાએછે.

તકદીર કરે ઉલટી ને મોહસમ બરબાદ,
પડયાછે કઇ એવા દુન્યામાં ઉસ્તાદ.

શાહજાદાથી શાપુર ચીતારાએ જેવારે મોહબતના ધાનું બયાન સાંભળ્યું, અને શીરીન ઉપરના આશક પડવાના છુપા ભેદથી વાકેફ થયો તેવારે તરત જમીનને બોશો દેઇ દરદ પામી કેહવા લાગો કે શાહજાદા ખુશરો તું હમેશાં ખુશ ખુશાલ ને હસતે મોહનો રેહજો. તાહરા દોસતો તારા દીલના આરામ માફક ફરમાબરદાર રેહજો. દુશમનોની ચશમ તારી ઉપર નેકબખતીથી ફીદા હોજો. તું સદા ખુશ ખુરમી ને શાદમાની પામજો. મેં શીરીનની ખુબસુરતીનું

બયાન કરવામાં ફક્ત મેં મારી બામુદત મુશાફરીમાં જોયલી નવી નવાઈ ને તાજુબ્યતનું નકશ ભરેલું બયાન કરવાનીજ ખાલેશ મતલબ ધારી હતી; પણ તેમાંથી આ નવો ને દીલ લુટનારો ભેદ જાહેર આવ્યો વાસ્તે હું તાજુબ થાઉંછું. મારા હુનર માટે જેહાનને ખબરછે કે મારી નકશ એંચવાની ઉસ્તાદી પાશ મોટા માની ચોતારો ઘડીભર ગભરાયછે. મારી હુનરમંદ પીછી જેવારે મારા મકશદના તરીકા ઉપર નકશ એંચેછે તેવારે તે જેવી હોયછે, તેવી જીવતી જણાયછે; મેં જે ઇનિશાનોના ચીતાર ચીતાર્યાછે તેઓને જોનારા તે ખાલી નકશ સમજતા નથી. મેં ચમન ને તે દરમ્યાનની રચના ને પસુ પંખીઓના ખુદરત ખીળવનારા નકશ એંચ્યાછે તે પસુ પંખીઓને જેઓ જોયછે તેઓ બોલાવા ને પસવારવા જાયછે. મેં જે મોર ને હાંસ ને પોપત ને નુરી ને બુલબુલો ચીતરી રંગ પુર્યાછે તે સાથ જીવતાં પંખીઓ ચાંચથી ગેલ કરી રહેછે, અને પોતા જેવા હસ્તીના ધારી પ્રેમ કરવા જાયછે; પણ મેં ફુલોની કળી ચીતરીછે તે ઉપર પતંગો આવીને બેઠાં રહેછે. અને મેં રાતના નકશમાં જે તારા ને માહતાબ પાડયાછે તે ઉપર પતંગ ને ચોકોર ભમેછે; અરે મારા હુનરમાં મેં મારો જનમારો મજોહ મારતો ગુજાર્યાને જે ખુશાળી પામ્યોછું, તે જો આજ નામદાર શાહજાદા તારી મકશદમાં તારી મુરાદ માફક ના કામે લાઉં તો તે ખામી ભરેલો, નકામો ને ભટાઇ કરનારો કેહવાય. બેફીકર રેહ શાહજાદા હું કોહીસ્તાનની રાહ પકડુંછું, અને પરમન પોંહોંચી તે ખુબશુરત પરી શીરીનની સખી ને સત તારી જનાબમાં તે પાસથી નજરાણા તરીકે લાઉંછું. ખુદાનું ચાહવુંછે તો એ કામ બરખતી ને નેક ને પાદશાહી લાયક પાર પડ્યું એમજ જાણવું. ઓ નામદાર શાહજાદા આ કામનો કસો દેરગ દીલમાં ના લાવ; કેમકે જેના દીલ ઉપર દેરગ હોય તેના દીલ ઉપર દરદ પણ હોય. હું કોહીસ્તાંન કોઈપણ જગો આરામ કે થાક લીધા વના ગોરખર માફક ચાલ્યો, અને પરંદા માફક ધારેલા કામ ઉપર ઉડી જઇ બેઠો. નામદાર શાહજાદા જ્યાંહાં તગલ તે પરી શાહજાદી શીરીનને તું પરીજાદ શાહંજાદા ખુશરોના કામની તદબીર ને મકસદ માફક પાર ઉતારૂં નહી ત્યાંહાં તલગ મને અમન હરામછે. અગર શીરીન ચકમકમાના આતશ માફક કોઈ બેમાલુમ મોહોલમાં હશે, અગર પથરમાના હીરા માફક તે કોઇ ખ્યાળમાં નહી આવે એવી જનાનખાનાની દેવરીમાં છુપી થઇ રેહી હશે; તો તાંહાંથી પણ હું તે નાજનીન પરીજાદને ઢુંડી કાઢી તે નાજદાર મેહબુબને તારે હવાલે નહી કરૂં તાંહાં તલગ મને ચેન ચમન પડનાર નથી. હું જેટલી દાનાઇ મારામાં છે તેના સંધા બળ સાથ આ કામમાં વીચારથી કદમ નાખશ; અગર તેના હાથમાં એ મારૂં કામ એકબાળની મીશાળ હશે તો દોલત મીશાલે લાવી તે શીરીનને તું નેક શાહજાદાની થાદીમાં ઉભી કરી ફરમાબરદારીમાં વચન કબુલ કરાવશ; પણ ઉલટી હોનારતથી એ કામમાં આજેજ થયો તો ઉદાસ દીલથી પાછો ફરેલો તારા કદમ ઉપર સર ઝોંકાવી પડશ.

આ ગોફતેગોહ કરી ચીતારો શાપુર શાહજાદા ખુશરોને સર નમાવી શેતાબ મોહોલ બાહેર આવ્યો; તેણે તરત સંધી તઇઆરી કરી એક પાણીવાળા ઘોડા ઉપર રાહનો સરનજામ મેળાવ્યો. પોતે એક મુશાફર અરધો ફકીરી ને શીપાઇગીરી ડોળનો બની તે ઉપર સવાર થયો; તેણે પોતાના હોનરના ઓજારો પોતાની કમરમાં જ્યાંહાં શીપાઇ લોકો કટારી ઓસેછે ત્યાંહાં ઓસી મેળ્યાં. તેણે ખુદરતને પોતાના કામની ફતેહ બખશવા માટે પોતાના ખરાં જીગરથી બંદગી ગુજારી લીધી. તેણે તે સીહા રાતને વખત ઇરાનની સરજમીનને શેજડો કરી લઇ કોહીસ્તાનનો મારગ પકડયો.

શાપુર ચીતારો શાહજાદી શીરીનના મોહોલ સામેના પરેસતસખાનામાં ફકીર થઈ ઊતારો લેછે.

નવબહાર નવરોજ મોહસમ લાલા,
ગુલાબ ને રેહાન ને સબજાના કયારા,
જોનારા જાન ખુશબુએ તર કરી,
મોહબતના ખ્યાળની દેતા ચકચુરી.

એક મહીને વગર હાક લેવે ને વગર આસાએસ પકડવે જાન ઉપર મુસાફરી એંચી શાપુર કોહીસ્તાનમાં દાખલ થયો. હીંગામ બાહારનો હતો અને એરમન નવા ખીળેલા ખુદરતી ખજાણાથી શેલે શીંગાર થયલી નખરાંદાર અસીન માફક હસતી ખીલી હતી. શીરીન બાહારની મોહસમમા એરમનના પાહાડ ઉપરના ઉંચા આસમાન સાથ લાગી રહેલા મોહોલમાં પોતાની શખીઓ સાથ મોહસમ ગુજારવા આવી રહી હતી. જાંહાં નવો સબજો ખીળીને જમીન ઉપર ખુશબોને પાંઠરી રહ્યા હતો. રેહાન અને લાલાના કયારાથી તે પાહાડ શેરખ ને જરદ ફુલના લેબાશમાં લાજવરદી રંગમાં રંગાઇ રહ્યા હોયની જે દરમ્યાન દાડમના ઝાડોની એકસરખી કટારબંદ હારમાં લાલની દરીઓ માફક અનારની કલીઓ ખીળો રહી હતી. તે પાસ ડાળી ડાળી ને પાન પાન બુલબુલો બેસીને તે સામેના ગુલચમન ઉપર નેજારા મારી મારી રાગણીઓનાં રૂપ સ્વરૂપ એવીતો મીઠી તાનો ઉપર તાનો લગાવીને ઉપજાવી રેહેતા કે તે ખુશાળોની સાબાસી વરસાવતા પાસે પાસે વળી સફરચનના દરખતો ઉપરના સુનેરી દડાઓમાંથી સોહરમ ખમરી રેહતો હતો. આ મજો મારવાને પવનની લેહકી પોતાના અલી નાજુખપણાના રંગઢંગમાં ગુલની કળીના બદનને લાગી એવા નાચરંગમાં તે હીળવી મોહસમને મગરૂર કરતી, કે રાગણી ને નાજુખી ને ખુશબો તે મોહસમના જોબન ઉપર તકેદારી ને તાબેદારી માટે ફીદા હોય એવો ખાલેશ ખુદરતી નકશ ખેંચાતો હતો. એક કે દસ કે સો બુલબુલ નહી પણ હજારો બુલબુલો તે એરમનના પાહાડી મેહેલના ચોગાનમાં પોતાના સંધા સુર તાન અલાપ સાથ ખુશબોની વખાણમાં ને જોબનના તાનમાં ફીદા ફીદા ને ચકચુર ચકચુર થઇ રહેલાં. ખુશબો ભરેલા અમરતની ભીનાસવાળી લેહેકીથી ચાંચભરી સાસમાં મખવાસ લઇ બસ તે ઉપરજ પોતાનો ગુજારો કરી આશકીના અંગારામાં જળીઆ જેવાં થયલાં તે ચમનની તાજગીથી આસુદા થતાં હોયની એવી તે બાગ દરમ્યાન ખુશબો ને મોહબત ને શરોદની દોસતી મચી હતી. અથવા તો બુલબુલોનો જબાન કોઇ અહાગ સુર તાન સાગર હોય તેમ તે દરમ્યાનથી પળે પળ રાગ મધુર ઉછ્લી ઉભાઈ તે ખુશબોના ચમનની સુસતી દુર કરી પવન પાસ પોતાના તેજનુ તોલ કરાવાને વારંવાર સરત લાગી રેહતી હોય એવો તે મોહસમનો દીલ છીનવનાર દેખાવ રોશન થઈ રહ્યો હતો. તેવી રસ મધ મોહસમથી ખીળેલા ખુશબો ભરેળા બાગવાળા મેહેલ પાસે ખુબશુરત ખુદરતના હાથ્યારો ભરેલા ને શરોદો તાનો રહેલા તે પાહાડોની હારબંદ તોંચમાંનો એક એરાક નામનો પોહોલી તોંચ ઉપર એક મેહરાબદાર પરેસતસ કરવાનું મકાંન હતું, તાંહાં એક બુઢો જઇદ મરદ પરેસતસ પ્રમુખ ગણાતો હતો. બીજા પાંચ પંદર ચેલા પણ હતા; તાંહાં શાપુર ફકીર જેવો મુશાફરીના રંગ ઢંગે થઈ રહેલો ફકીરમાંજ ખાપી જઇ ઉતારો લઇ રહ્યો; કેમકે આ પરેસતસખાનામાં રહ્યાથી તે શીરીનના દીદાર જોઇ તેનો નકશ તથા તદબીર ખેંચવાને સગવડ પામે. આ પાહાડો દરમ્યાન શીરીન આ બાહારનો મોસમ શેકાર કરવામાં મશગુળ થતી અને હર વખત તે પોતાની શાહેલી સાથ, જેમ આસમાન ઉપર માહતાબ કોઇ છુટા છવાયા નુરમંદ શેતારા સાથ રોશન થઇ રહે તે માશાળે ઝલકી રેહતી હતી.

શાપુર ચીતારાએ ખુશરો પરવેજની તશવીર ખેંચી શાહજાદી શીરીનની નજરે પાડી.

ખુદાઇ ભેદમાં ખીલેછ ને કરમાયછ ખુદરત,
છે કાયમ ખુદાઇ ભેદથીજ હરખત ને બરખત.
થાયછ રોશન એક જીંદગી તો બીજી અસ્ત,
હોનારતના હોકમમાં જીવ સઉ જેરદસ્ત.

જેવારે ખુદરતે રાતની સીહા ચોટીને કંગાઇ કરી શંગાર ભરેલી કરી, તેવારે રોશન રોજના ચેહેરાના ચેરાગને પરવાળા મીશાળે એક ગુસામાં નાખ્યો; કે અબનુશ રંગના આસમાન ઉપરથી બે માહ નુરાનીના શાહાનશાહ ગેબ થયા; યાને આફતાબ ને માહતાબ વગર આશમાન સીહા રાતનો દોર ચલાવી રહ્યું હતું. તે અંધારી રાતને વખત ભરેસપતી શેતારો એક ભેદ ભરેલા ફરમાન સાથ આસમાન ઉપર નુરે ઝલકી રેહ્યો. તે ભેદ ભરેલા ફરમાનમાં એક નવાઇ જેવો લેખ રોશન ઝળકાટ માફક તણુ થયો કે શાહજાદો ખુશરો પરવેજ ને શાપુર ચીતારો એ બે નામીચા ઇનશાનો ફીકરના બંધથી મોકળા થયા!

પરેસતસખાનામાં ફકીરી લેબાસે ઉતારો પામેલો ઉસ્તાદ શાપુર રાહની ઠાકનો મારેલો બે ચાર સાએત આરામ કરી ઉઠયો કે તેણે પોતાના ખ્યાળ ને તદબીરની રચના રચવાને તે સીહારાત ખુબ જોઇ. અવલ તેણે તે જગાના પ્રમુખની સાથ ગોફતેગોહ ચલાવી તાંહાંની રાહ રસમ જાણી લીધી. તાંહાંની રીત તરીકાથી વાકેફ થવામાં એવીતો ચતુરાઇથી કોહીસ્તાન પાદશાહાતની બાબત કાઢી કે તે ખુદો ફકીર સાપુર પાસ પોપટ માફક બોળતો થયો. તેણે નાજનીન શીરીન ને તેની શાહેલીઓની તમાંમ કેફીઅત મનપસંદ શરાહગાતથી એવી ચલાવી કે બાતેનમાં માહ ચોકસ પણ જાહેરમાં બેદરકાર જેવો રેહી શાપુર તમાંમ ચાહી વીગતથી ભરપુર થઇ પોતાની મકસદનો બેહરો થયો.

જેવારે શાપુરે શીરીનની મોજ જોક ને તેની શાહેલીઓની રમતગમતનું મહક જાણ્યું તેવારે તેણે તે નાજનીનના મન ઉપર ખુશરોની ખુબશુરતીનું જાદુ અસરકારક ચલાવવાને એક એવી નેમ ધારી કે તે આકેબત પાર પડયો.

ખુદા પરેસતસદારથી શીરીન પાસેનાજ પાહાડની તોંચ ઉપરના લીલા સબજામાં ખેળવા ને મજો મારી ખાનું ખાવા તથા થંડે પોહોર શેકારબાજી કરવા આવનાર જાણી ઉસ્તાદ ત્યાણે ઉસ્તાદ દસ્તથી નકશના નુર ઝળકાવનારી પીછીને શલામ કરી હસ્તે મોહ પોતાની શરીક થવા અરજ ગુજારી. પેહેલી પીછી તેણે વાદળને મળતાં રંગમાં બોરીને પોતાના મગજમાં ચમકાટ મારી રેહેલા ખુશરોના ચેહરાને લગાડી. તેણે એક ખાબ જોવા જેવી જુગતી કરી ખુશરોને ખાલેશ મોતીની શીપપર ખેંચી હાથમાં પકડયો કે તેના સફેત બાળોમાં ખુશાળોની મજોહ વીખરાઇ તેની બેસુમાર તેજ ચશમમાં ઉમેદ ઠરી.

રાતનો સીહા સમુર, દીનના સફેત સમુરને જોતાંજ લરજો પામ્યો, જોકે જંગ કરી ઘણો મઠયો પણ જ્યારે કસો ચારો રેહ્યો નહી ત્યારે જીવ લઇ તે મેદાનમાંથી નાઠો યાને અલબુજ પાહાડમાંથી ખુરશેદે નુર ભરેલાં કીરણોના વરસાત સાથ આશકાર થઇ રોજનો રોશન ચેહેરો જેહાનને આશકારા કર્યો, તેવારે શાપુર ચીતારો તે પરેસતસખાનામાંથી બાહેર નીકળી જાંહાં શીરીન આજ શેહેલ ને શેકાર કરવા આવનારી હતી તાંહાં ચમનમાં જઇ પોંહોંચ્યો. તેણે તાંહાં એક જગો માહ રોનક ભરેલી જોઇ, તે અતકળે શીરીનની બેઠક જાણી તે સામેના

દરખ્ત ઉપર ખુશરોની તશવીરવાળી શુરત લટકતી કરી, કે જેમ રાતના ખાબમાં કોઇ ફીરેસ્તો આવી જાગવાને સબબ મગજમાંથી ગેબ થઇ જાય તેમ તાંહાંથી શાપુર એક લેહજામાં જાંહાં દરખ્તોના ઝુંદના ઝુંદ એક એકમાં મિળાઇ કુંજ ઘટા થઇ રહેલી તેમાંએ ગુમ થઇ ગયો.

જેવારે ખુરશેદ આશમાન ઉપર પોતાની નુરાનીમાં વધતો એક સાયતનો બુલંદ ખીલ્યો તેવારે શીરીન ગોયા પરી પોતાની પરી શાહેલીઓ સાથ તે ચમનમાં નવા ખીલેલા સબજ ગલીચા ઉપર આવી બેઠી. લાલાના ક્યારામાં લાલાના ગળ જેમ સરોવરમાં કમળ તેમ ખીળી રહ્યા તેવારે મોજજોક ઉપર તે નાજનીનોએ ખુશીનો બાહાર પોતાની ખુબશુરતીને શીંગારમાં ભેટ કરયો. કોઈ ગુલાબના ચમનમાં ગુલાબ ચુનતી તો કોઇ તે નાજનીનના રંગ ઢંગ ઉપર હસવાની શાકર વરશાવતી. કોઇ ગુલછરીના ચમનમાં જઈ તેની નાજુખી જોઇ પોતાની આંગળીઓ શરખાવતી તો કોઇ તે મગરૂરી ઉપર મુસકાઇ મશકરી લગાવતી. કોઇ ચમપેલીને લાગી નાખને ભરી જોતી તો તે ઉપર બીજી આંગળી કરી ઠઠ્ઠાની તાનાજની કરતી. કોઇ નરગેશના ચમનમાં નાજુખીને શરમાવવાના રંગ ઢંગમાં ચાલીને પોતાની નરગેશને બરોબરીમાં મેલી જોતી તો કોઈ તે ઉપર પોતાના ગુલાબના કાંટાં જેવાં તીના પાપણોના નેજારા લગાવી રેહતી. કોઇ અનારના બગીચામાં જઇ જોબનના ઘાટ ને કમરને લચકા લઇ ખીલવી જોતી તો કોઇ અનાર તોડીને તે જોનારીને મારી હસી નાસી જતી. કોઈ સપરચનની દરીઓના પાસામાં ચેહરાને લઇ જઇ પોતાના ઘટમના ગોલપણાને ન્યાલતી હતી તો કોઇ તે સપરચન ઉપર કાંકરીઓ મારી તેને ખીજવવાની પેરવી કરતી. કોઇ ગુલરહાનને કયારે ખુશબોની લેહજત લેવામાં પોતાના બદનની બુ પરખવા ચાહતી તો કોઇ તે ગુલરહાનને નીંદી તે ઉપર મજાકના કવેત બોલતી. એ રીતે તે બીલકુલ જનમમાં મરદ નહી જોયલી અસીનો દરમ્યાન શીરીન હસી ખુશીથી ચમનમાં બેઠી. તે ઉપર શાહેલીઓએ ગુલકલીઓનો વરસાતજ વરસાવ્યો. સંધીઓ બાહાર માફક ખીલેલી શેતારાઓને મોહબતમાં દેવાનું લગાડે એવાં નખરાં નાજ ભરેલીઓ શીરીનનો જુવાની બહાર જોઈ તે ઉપર હદ બાહર મશકરી કરી કરી તે શાહાજાદીને પોતાનો જોરો ચાહવાની યાદ દેવાડતી હતી. તે મીજલશ માશુકી રંગ રાગની તે દરમ્યાન જેવારે શરાબ ને ગાયને પોતાના કદમ મેળ્યાં તેવારે તે આતશવાલી મોહબતમાં ગરકાવ થયેલીઓ જુવાનીના રંગ સાજનમાં તાંહાં એક એવી મસ્તાંની ખીલી રહી કે જોબન પોતાના જુદા જુદા ઝલકાટમાં તાંહાં સોંગ લઇ ખુદરત સાથ સ્નેહના શીંગાર રચતું હોય એવો મહીમા બની રહ્યો. વળી તે નાજનીનો શરાબના પ્યાલાં નોશ કરતી ગાયન ગાતી ફુલોના હાર ને ગજરા ગરદન ને બદનમાં નાખી બહારની મોહશમનો દેખાવ મુબારક માણતાં હતાં. આ વખત શીરીન ગોયા માહતાબ ને શાહેલીઓ ગોયા શેતારા, તેઓએ શરાબ ગોયા બહારની ફસલ તે પ્યાંળા દસ્ત પકડી ખુદરતને ખુબશુરતી ને ખુશબોનો સાજ ઇનામ બખશતાં હોય, એ દીલકસ નકશ ખીલ્યો હતો. આ ખુબશુરતીના પુતલાંવાલાં ચમનમાં ખાલેશ ખુદરત વગેરે કોઈ ઇનશાન જાત હતું નહી. ખાલેશ ખુદરત મોહશમના મહીમામાં ઇનશાનને મોહબતમાં રીજવતું હતું. ખાલેશ ખુદરત પોતાના ભોલા ઓલીઆ પતંગ ને બુલબુલને બીજા તેવા નાજુખ માહ ખુબશુરત પરંદા લઇ તે નાજનીન મીજલશનો નાચ જોવા હાજર થઇ નવબાહાર માશુકીને માન દેઇ રેહી હતી. તાંહાં જાંહાં જોયે તાંહાં ખુદરતની નાજુખી ને ખુબશુરતી ખુદરતની બેમુલ ખુશબો સાથ આમેજ થઇ આરામ ને અમન પામવા જોબનના પાસામાં પડી સુખી બની હોય અથવા જેમ કમલના ઉરમાં ભમરો બંદ પડી આનંદ પીતો હોય એવો નીરદોશ ખેલ થયો હતો.

જેવારે શરાબની જોક મગજમાં દાખલ થઇ અને શરોદની મસ્તી જીગરમાં આગ બની તેવારે સરવે નાજનીન પોત પોતાના શોખ માફક નાચવા ને ગાવા ને નાજુખાઇના નખરાં કરવાં લાગી. તે પાક તન નાજનીનો મોજજોકમાં એટલીતો ચીકાર થઇ ગઇ કે શીરીનના ગાળ જે ગુલાબજ તે ઉપર બુલબુલ માફક મોહબતના શરોદ ગાઇ ગાઇ ફુવા વરસાવા લાગી. બસ ખુરી રામસની શીવાય તે ચમન તે શીરીન ને તેની શાહેલીઓનું બીજુ કામ હતું નહી. તે મધુર હોટની નાજનીંનો દરમ્યાન શીરીન ગોયા શેતારાઓ વચે માહતાબ હતી. શીરીન બસ દમબદમ મહીબાનું ને પોતાની નેક મેહરબાન શાહેલીઓની સલામતોમાં શરાબના શુનેરી પ્યાળાં નોશ કરતાં ને હસતાં ચમન મજો મારતાં તેના મનમાં કેફના બાહારમાં મગરૂરીનું એ ગુમાન આવ્યું કે આ જેહાંનમાં મારી સુરત તમાંમ ઓરતોમાં બેહતર છે બળકે હું પોતે તમાંમ ઓરતની માહતાબ છું. એ ગુમાન અજીતો તે નાજુખના મગજમાં આવ્યાને પળક થઇ નથી તેટલાંજ એકાએક તે પરી નાજનીંનની નજર શાપુર ચીતારાની પેલાં દરખત ટાંગેલી ખુશરોની તશવીર ઉપર પડી. તે તેજ ને ઝળકાટ ને ચશમ જોતાંજ તે શરમથી ફીકી મારી ગઈ. શરાબનો બહાર ઉડી ગયો. મોજ જોક સઘળી જતી રહી; પણ ધીરજથી પોતાની શખીઓને કહ્યું કે પેલી શુરત તશબીર લઇ આવો. તે તશવીર હાથમાં લઈ બશ પુતળાં મીશાલે થઈ રહી. ઘણોવાર પકડી જોયા કરતાં પણ શીરીન તે ખુબશુરત ખુશરોના નકશથી ધરાઈ નહી. શીરીને તે નકશ તો પોતાની બગળમાં લઇ લીધો હતે, પણ શાહેલી વચે તે રીતે કરતાં તે સરમાઇ તોપણ દસ્તમાંતો રાખીજ મળી. તે નાજનીન તે જોયાથી બસ ખુબશુરતોની ઘેનમાં એવી મચી કે જે વખત જાય તેટળાં તે બેહોશ થઇ પડે. એ મામલો શાહેલીઓએ સમજી જઇ કળાથી તે તશવીર શીરીનના દસ્તથી પડાવી લીધી; પણ શીરીને તરતજ ગુશો કરી તે તશવીર શાહેલીઓ પાસે માંગી. તેની જુસા ભરેલી જુબાન સાંભળી શાહેલીઓ દીલગીરીથી એક બીજાંનાં મોહ જોતી ઉભોયો; દરેકે તે તશવીરના બાબમાં નવી જુગતી રચી પણ મનમાં તે ઠીક નહી દીસ્યાથી એક મનસુબે સખલીઓએ તે તશવોર હાલ તરત પાછી તેને સવાધીન કરો. તે ફરી પોતાના હાથમાં બઇ બસ તે દરમ્યાન ગીરફતાર થઇ. ફરી શાહેલીઓ પોત પોતામાં બોળવા લાગી કે શીરીન આ શીકળ ઉપર આશક પડી. જો એ શીકળ તશવીર એ નાજનીનના દસ્તમાં રેહશે તો બસ તે દેવાની થઇ અકળ હોશથી જતી રેહશે માટે ફરી કળાથી તદબીર રચી તે તશવીર લઇ લીધી તે આ વખત તો ફારી ફુરજા કરી નાખી. ત્રીજી મરતબે શીરીને હોશમાં પુર આવતાં તે તશવીર માંગી પણ શાહેલીઓએ તે વેળા તાલ રચી કે તે નકસ કોઇ પરીજાદે શાહજાદીને બેમગજ કરવા બેંચ્યો હતો. તે દેવ લોકો નજર ચુકાવી લઇ ગયા. નામદાર શાહજાદી આ ચમનમાં કોઈ પરીજાદોનો આશેબ નજર આવેછે વાસતે આપણે ચમન તજી બીજી જગો મોજ જોકમાં મશગુળ થઇએ. શીરીન બરફ માફક ઉજળી ઠરી રહી, પણ શાહેલીઓએ આતશ માફક ગરમ થઈ તરતજ તે નકશનો ઇશક નાબુદ કરવા તે શાપુરના બેચેલા નકશના ફુરજાઓને પરીનો આશેબ જાણીનેજ તાંહાં કેટલુંક હસપંદ લાવી બાળી સરવે પોતાના ઘોડા ઉપર સવાર થઇ યાહુમ તે ચમનથી તોફાન માફક ઘોડા દપટાવી ગયા; શીરીન ને તેની શાહેલીઓના ઘોડાની ખુપથી તે મેદાન ગીરદ ઉડી જેમાંથી શીરીન ને તેની શાહેલીઓ કાળાં વાદળમાંથી માહતાબ ને શેતારા ઝળકી નીકળે તે મીશાળે ઝળકતાં હતાં.

શાહજાદી શીરીન બીજી મરતબે શાહજાદા ખુશરો પરવેજની તશવીર જોઈ આશક થાઈ.

લેલી મકતબે, જુલીખાં સ્વપ્ને,
શીરીન ચમનમાં, આશક બને.

જેવારે બીજી બામદાદ વખતે ગુલરંગ ઘોડાએ પોતાની શીકળની કસોટી આતશથી બાહેર કાઢી યાને ઝલકતો માહાતાબ તલુ થયો ને જેહાંન રોશનાઈમાં જેબાહ પામો તેવારે બીજી મરતબે શાપુર ચીતારાએ પોતાનાં હોનરની ઉસ્તાદી પીછીની તાબેદારીમાંથી એવી ઉપજાવી કે પરો શાહજાદો ખુશરો પોતાના જુવાન તેજ ને ઝલકાટમાં ખુરશેદ માફક રોશનાઇ ભરેલો નકશ બનીને તેના દસ્તમાં ઠરી રહ્યો. શાપુરે દરખતમાં છુપાઈ શીરીનનો હેવાલ જોયો હતો અને સાહેલીઓના ફંદ ફરેબથી, પોતાની બાજી પુરી ફલવાને એક અંઝ બાકી હતો તે પુરો ફાવતો કરી લેવાને આ બીજી વખતનો હોનર પુર ઉસ્તાદી ભરેલો અંચ્યો હતો. શાપુરે પછે તે નકશને ચમનમાં જાંહાં પરીઓને આવી મજા મારવા બીછાણા બીછાવેલાં ઉપર બેશનારી તે જગો સામે દરખતે આગલ માફક સખી લટકાવી પોતે છુપો થઇ ગયો. વલી શીરીન ને તેની શાહેલીઓ ઘોડા દપટાવતી તે ચમનમાં આવી અને એશ આરામ ને રંગ રાગ કરેછે તથા આશમાન ઉપર ખીલેલા માહતાબની મજાહ ને મશકરી કરી હશેછે તે દરમ્યાન શીરીન ફરી એશભરી તાજા બાહારના ગુલલાલા જેવી નવબાહાર થઇ પેલી તશવીર યાદ કરી રહી. મીજલશમાં શરોદા ને જામો ગવાઇ ને ભરાઇ નોશ થઇ રંગ ને મોહબતની મસ્તી જીઆદા વધી જતી હતી. દરેક નાજનીન ઉપર મોહબતે ગબલો કરયો હતો અને સરવે કોઇના મુખડા ઉપર જમશેદનો સોધી કાઢેલો શરાબ જામ ભરપુર પીધાથી પશીનાના બુંદ મોહ ઉપર ઝલકી રહ્યાં તે ગોયા આફતાબ ઉપર શેતારા જડયા હોય તેમ નજર આવતા હતા; તેવા એશ રંગમાં સરવે ચકચુર હતાં તેવામાં શીરીનની નજર બીજી મરતબે ખુશરોની તશવીર ઉપર પડી, કે તેજ વખત તે નાજનીનના જીવનો મુરગ આતશ ભરેલો ઉડવા લાગો. શીરીનની જબાં આ વખત કાંઇપણ શખુન બોલવાથી બંદ પડી.

શાહેર નીજામીના આ શખુનોછે કે જે કોઇ ખુમાર આદમી હોય તેને થોડો ખાબ આવે તો ગોયા મોત માફક બસ છે. જે ફુલબદન માશુક પાણીમાં ભીનાયલો હોય તેને થોડી ઝરી બસ છે. જે કોઇ આશક ફકત દીદારનો તરશો છે તેને તે મારોયનો નુરી છાંયાં બસ છે. જે જુદાઈના રંગમાં ગમખાર પડયો હોય તેને એક મુલાકાત થયલીની યાદ બસ છે. જે દમ દરદમાં રોજીને મન મારવાની મજોની કેફમાં ચકચુર છે તેને માશુકના રૂકાની એક સતર બસ છે. જે મોબતની ખાલેશીમાં મોહબતથી ધરાતો હોય તેને દોસ્તના લબનો હીલવાનો ફફરાટ બસ છે. જે ગમમાં ગગરી તે દરમ્યાન ગીરફતાર છે તેને છોડવવાને માશુકનું એક નેણ બસ છે, પણ જેને જીગર તશવીર જોઈ આશકીનો ઘા લાગોછે, તેને તો તે તશવીરવાળો મોહીની ખુદ મલે તો તે જીંદગાની બસ છે.

થોડીએક સાઅત પછે શીરીન પોતાના અશલ હોશમાં આવી; તેવારે પોતાનાં મન શાથ એખાલ કરવા લાગી, કે પેલી અશલ તશવીર આ મુકામ શીરીતે આવી પોંહોંચી? શું મારી શાહેલીઓ જણાવેછે તેમ તે ખરે કાંઇ પરીઓ મારી ઉપર અશર કરવા આ ફંદ રચેછે? યા કોઇ તાજુબી ખુદાઇ ભેદમાં બંદ થયલી મારા નશીબાનો પીછો પકડી મને આ ખુશાલ અવતારમાંથી ફેરવવા ચાહેછે? એ અંદેશો કરવા લાગી, પણ ઇશકનો ગોબાર

બરદાસ્ત થયો નહી. તે નાજનીન શાહજાદી આ વખત એટલી તો હદ બાહેર મોહબતમાં ગીરફતાર થઇ કે તરત તે ખુબશુરતે પોતાની ખુબશુરત હસતી રમતીઆલ શાહેલીઓને ગમખાર જીગરથી હોકમ કરયો કે સામેની સોહામની પરી શીકલ તશવીર મારી પાસ લાવો. શાહેલીઓ શીરીનના આ હોકમથી ચોંકીયો, પણ જયારે તશવીર ખરે ખરી તેઓએ જોઇ ત્યારેજ તેઓ પોતાની શાહાજાદીના મગજ માટે બેફીકર રહીયો. એક ચતુર શખીએ આ વખત દરખતપર ખલેરી માફક ચઢી તે તશવીર લઇ છુપાવી; પણ મુઠી ધુલથી સુરજ ઢાંકે યા લોહીલુઆન જીગર ઉપર નેટનો ખુરઓ નાખે તે માફક શીરીનની મોહબત ઉપર અટકાવ થયો. વલી સઘલી શુંદરીઓએ હસીને શીરીનને કહ્યું કે એ તશવીર જે નજરે પડેછે, તે કોઇ પરી કેટલ કે શાયો છે. એવી તશવીર કાંઈ આ જેહાનમાં જાનદાર થતી હશે? કે શાહજાદી એ રવેશ દીલલગીનો લોભ કરેછે? શું કોઇ પરીજાદ આ જેહાનની પરીજાદ શીરીનને મન માપવા પોતાની મશકરીનો શીકાર કરે તો તે દરમ્યાન સપડાવવાને એ રવેશ આશાનીથી તે પાર પડે? આ શખુનોના જવાબમાં શીરીને દીલથી હાયનો શોળો ફુકયો, અને પોતાની શાહેલીઓ તાંહાંથી આગળ ચાલીયો તે સાથ તે પણ પોતાનો શુંદર ઘોડો દપટાવતી બીજા ચમનમાં ગયી.

હાં શીરીન ને તેની શાહેલીઓએ આગળથી નકી રાખ્યા માફક રાતના કરાર લેવાને પોતાના તનથી શેકાર ને ચમનનો પોશાગ ઉતારયો ને આરામખાનો નાજુખ પોશાગ તનમાં લટકાવ્યો.

ચીતારા શાપુરે ત્રીજી વખત ખુશરોની તશવીર શીરીનને નજર પાડવાથી તે નાજનીં તનજાનથી આશક થઇ.

આબાદ જગો જઇ લાગો ઉસ્તાદ નેમ તીર,
થઇ ખુશરોપર આશક શીરીન બાદીલ.

ચીતારા શાપુરે આ ચમનમાંથી તશવીર જોયા વખતની શીરીનનો મુખરો જોઈ પાંમી ગયો કે નાજનીંન પુરી શેકાર થઇછે. હવે એકજ વધુ કોશેશ તે કમલ ફુલને તેના ભમરના ધ્યાણમાં મેલી આપશે. કલાબાજ શાપુરે ફરી પોતાની જાદુઇ પીછી હાથમાં પકડી ગુલાબના પાણીમાં બોરી દુવા ગુજારી કે "ઓ મારા જાન માન પારસપાહન તું મારા મનનો ચીત્રેલો નકશ ખેંચી મને જશનો સાગર પાર કરાવજે. મારા ફીકા બુજેરગ ચેહરાને મારી ઉસ્તાદીના તેજથી ચલકાવજે અને મારા શાહજાદાની મુરાદ લાવનારી કરાંમત મચાવજે" કે તરત જખાં બંધ પડીને પીછી પવન માફક વીજલીના ચમકારા કરતી તશવીરનો બાંધો તેનાં સંધા સાધા જોડી એવો બાલેશ નુરી ઉઠાંવી રહી કે શાપુર પોતે પણ ખુશરો ખુદ છે કે તશવીર તે માટે શકમંદ થતાં ચોંકયો. તેણે તે માહ તાજુબી ભરેલી તશવીર બીજે દીન શીરીન જનારાં ચમનમાં ગુલાબના ઝાડને ખુબ તદબીરથી વલગાવી અને પોતે તે નાજનીનની ચરચા જોવા તે ચમનમાં એક જગો છુપો થઈ શુતો.

જેવારે રોશન રોજ થયો તેવારે આગલા રાબેતા માફક શીરીન પોતાની શાહેલીઓ સાથ શેકારઘા ગયી. તે બે શામ્મત આફતાબ આશમાન ઉપર ચઢયો તેવારે ઠેડાવેલી જગો લીલા સબજાના ગલીચાના બીછાણા ઉપર શરાબબાજી ને શરોદબાજી ચાલી. શરાબે ખુશ હવામાં ગરમી પેદા કરી અને શરોદે ગમખાર દીલને મધુરનુ શરબત પાઇ નરમ પાડયું.

શીરીન એક શબનમના ખુશબોદાર બીછાણા ઉપર બેઠી હતી જે અકલમંદ લોકોના જીવ મીશાલે ખુશ હતું, તાંહાંની હવા ફરજંદોની મોહબત મીશાલે દીલને ખુનકી આપે તેવી હતી તાંહાંનો પવન ઘણોજ તાજગી બખશનારો લાગતો હતો. લાલાના ફુલે તે ચમનને માશુક માફક જેબદાર કરયું હતું. બામદાદના બાદે ચમપેલીને કંઆઇ કરી હોય એવી તાંહાં ખુશબો વીખરતાં સરખી ખીલેલી હતી. ગુલાબ ઉપર બુલબુલો મોહબતના મારેલાં ઠીકી ઠીકી જીગરની આગ જબાંનથી લલકારતાં હતાં. રંગ બે રંગીન પરંદા ડાર ડાર ઉડીને બાહારની મોહશમની મોહબત ઢુંડતા હતા. આ ચમનમાં સરવ ને ચીનારની ડાલી એક એકમાં વલી ગયો હતી તેથી તે ચમન તે દરખતોથી વીંટાઇ એક મોહબતી કુંજ થયા સમ હતું. હાં શીરીન બે વાર જોયલી અપાર ખુબશુરત તશવીરની યાદ ધરી દીલ કુમલાવી સામેના ગુલકયારાને ગમખાર નજરથી જોયછે તેવામાંજ તે નાજનીનને ખુશરોની ખુરશેદ તશવીર એકાએક વીજલી ચમકારા માફક દેખાઇ રહી. વીજલી તો ગુમ થાય પણ આ નુરી તશવીરની વીજલી તો એવી ઠરી રહી કે શીરીનનું મગજ થોડો વખત તેના ખ્યાલે પવન માફક હીલવાં લાગું. તે તસવીર કે વીજલી નહી હતી પણ તે નાજનીન શીરીનના જીવનો આરામ હતો. ત્રીજી મરતબે તશવીર જોઇ શીરીનની તાજુબીની હદ રહી નહી. તે શાહજાદી આ વખત કાંઇ હોકમથી બોલી નહી, પણ એશઅસરતમાં નીરાલી થઈ તે ગુલાબના કયારામાં ગઇ. તેણે તે તશવીર તાંહાંથી લાવી તો તેના દીલમાં નેશ જોસા ભરી ચાલી દીલ બે દીલ થવા લાગું. તશવીરના નેણ એક થતાંજ તે પુરેપુરી આશક પડીને પુરે પુરો બેહોશ થઇ. તે તાંહાં તશવીર સાથ ક્યારામાં પડી. તેની શાહેલી આ ધપકારાથી દોડી આવીયો અને ગુલાબ તથા અતર છાંટી તેને હોશયાર કરેછે તેટલાંજ તે એવા સખુનો બોલી કે તમાંમ શાહેલીઓ દંગ થયી રહી. શીરીન મોહબતની તલવારે જખમી જીગર આ વખત પોતાની શાહેલીઓના પાસા વચે બેશ્રાંમ પડેલી હવી.

શાહેર નીજામી કેહેછે કે દેવ પરીઓ કરતાં આદમીજાત બાલાતર છે, તે જેમ કરારયો માંખને મજબુત પકડે તેમ જો એકવાર દીલથી મનસુબો રચે તો ગમે એવા દેવ કે પરીને પોતાની અકલના પંઝામાં લાવી રાખે. હોમા જેવી શીરીનને શાપુરે એક શેકાર માફક સેજમાં પોતાનાં હોનરની જાલીમાં પકડી લીધી. આદમજાતે એક વખત ચારો કરવાનો ઠેડાવ નકી કરયો પછે ગમે એવું મુશકેલ કામ તે પાર પાડી શકેછે એ બેશક જાણ.

શાહેલીઓએ શીરીનને નશીઅત કરી અને તશવીરનો આદમીજાદો શોધી કાઢવાનો ચારો રચીઓ.*

ઓરત દીલ છે બાલેશ બરફ,
પીગલેછ જેવા જોશો ને જેવા હરફ.
કોઇવાર મીથાસ તો કોઇવાર તીખાસ,
ઓરત પરખવાની કસોતી છે આસ.

બીજીલી પાકબદન શાહેલીઓએ પોતાની પાકબદન શાહજાદી શીરીનના આ રવેશ ન્યારા ઢંગ જોયા તેવારે તેઓએ જે તશવીરે શાહજાદીનો હોશ લુટયો તે ઉપર ખુબ નજર કરી. તે તશવીરનાં દરેક રંગ છોક તેજ જોઇ તે સઘલી સુંદરીઓએ તારીફ કરી કે આ તશવીરનો આદમીજાદો કોઇ ખરે અપાર ખુબશુરત જણાયછે, ખરે આ કાંમ કોઇ દેવ

પરીનું નહી પણ આદમીનું છે; જે પોતાના કામ ઉપર માહ ઉસ્તાદ ને અકલમંદ જણાયછે માટે એમાં હોશયારીની જરૂરછે જેમા આદમીનો દસ્ત આવ્યો તે નાહનું સમજી કરી બેદરકાર રહીશું તો તે નુકશાંનભરેલું નીકલી આવશે. આ ખ્યાલથી તેઓ તમાંમ નાજુઓ આ ચમનમાં આવ્યાના કામ માટે પસેમાન થવા લાગીયો; જયારે ચારો રહ્યો નહી ત્યારે તે તમાંમ શાહેલીઓ એક મત થઇ શીરીનને ધીરજ ને શબર આપવા લાગીયો.

"શાહજાદી તું શબર પકડ અને રંગ રાગ મચાવ, એવી ગમખાર ના થઇ જા. એ સુરત શીકલનો મરદ તદબીરથી ખોલી કાઢચે. જો કે આ તશવીરને જોવાને સેજ વખત થયો તેટલાંજ તારા ગાલ ગુલાબ માફક હતા તે જરદ થયાછે. જેમ પાણીમાં બરફ પગલી જાયછે તેમ તું એ તશવીરથી પગલીછે એ અમો સઘળીઓ સમજીએ છઇએ, પણ શબર પકડ કે અમો તારી મુશકેલી ટાલનારી બાદીલ મદદગાર છઇએ. ઓ નાજનીં શાહજાદી તું બેફીકર રેહે અને એ અંદેશો અમોને સોંપ નો બેફાયદ ગમ કરશે તો જાણ કે નકામી ખીમારી ભોગવશે અને તારા ભેદથી આપણી પાદશાહાત જાણીતી થશે; તો આપણને ભારે નામોશી પોંહોંચશે. દુન્યામાં સઘલી ખલકને પોતાના જોડા શીવા જીવતર નથી. એક ખુદા વગર જોડાનો છે; તેને કોઈ શરીક કે યારની હાજત નથી. તે કુલ આલમનો શાહેબ છે તેનેથી આપણુ આદમીજાતનો તમામ કારોબાર ભેદથી ચાલ્યો જાયછે. તે જેહાનદાર શીવાય તમામને પોતાનો રફીક યાર જોયે; માટે તારો જોડો આ તશવીરનો આદમીજાદો હશે માટે તારા મદદગાર થવામાં અમને કસો મુજાકો નથી. તારા દીલનું કામ સરનજામ પોંહોંચાડવાને અમો હમાનથી જેહમત ખેંચી સારી જેહાંન તારો જોડો ખોલી વળશું."

આ ધીરજ ને દેલાશો પોતાની શાહેલીઓથી સાંભલી શીરીન દીલથી ફરી તાજા શબજા માફક ખીલી; તે નાજનીને પોતાના દીલનો ભેદ જાહેર કરયો કે "ઓ નેક શાહેલીઓ હું આ તશવીર જોઇ ખાબ ભુલીછું. મારો આરામ હવે એ તશવીરમાં સમાયોછે, મને એ આદમજાદા સાથ એક વખત ચશમે ચશમ મેલવો." શાહેલીઓ બોલી "એ સુરતના મરદને ખોલી કાઢવાને તજવીજ ચલાવ્યેછે પણ હાલતો તું શરાબ ને શરોદમાં દીલ રમાડ અને મોહબતની ઉલટથી છાતીભર ખીળો રેહ." શીરીન બોળી "હવે શરાબ મને કડવો જેહેર જેવો લાગેછે, અને શરોદ મારી ઉદાશી જેવો ફીકો દેખાયછે. મજો મને મારી ઠકા જણાયછે. આ ચમન આ તશવીરના ખુદ ઇનશાન વગર એક વેરાન જંગલ જેવું દેખાઇ મારા તનમન ઉપર વીલાપનું તોફાન ફુકનાર સાંધણ થાયછે. હવે આ ચશમમાં આ તશવીર, જેમ તશવીરમાં હું છું તે તેને ખબર નથી તેમ મને થયુંછે." શાહેલીઓએ શીરીનને શમજાવી તશવીરની યાદમાં શરાબની જામ ને શરોદનું તાન નવાજયું અને એક ચતુર શાહેલીને તે તશવીર આપી મોહોલને દરવાજે બેસાડી કે કોઇ રાહદારી તે રસ્તે જાય તો પુછી પરછી તે સુરતનો પટો મેળવે. શાહેલી બેડી તે બેઠી. તાંહાં કોઇ રાહાદારી આવ્યો નહી ને પટો મળ્યો નહો ને કોશેશ કરી તેનું ફળ ઉપજયું નહી. આ નાશીપાયશીથી શીરીનનું બીમારી તન જુદાઇની રંજે કરી સુસત માર્યું. શીરીન જેમ શાંપ પેચ ખાઇ રહે તે મીશાળે મરોડાવા લાગી. તે નાજનીન શાહજાદી પોતાના દીદામાંથી પાદશાહી મોતી મીશાળના આજુંં વરસાવા લાગી. તે મોહબતની શીકાર થયલી પોતાના તન જાનથી તે તશવીર ઉપર જોઈ જોઈ જાનને ગમખાર કરવા લાગી. ગમનું નવું દરદ તે નાજુખ ફુલબદનને થઇ કુમલાઈ રહી, તે હવે પોતાના દીલદારની જીવતી સુરત માટે શકદાર થઇ.

શાપુરે તશવીરનો ભેદ જણાવીઓ ખુશરો પરવેજ ઊપર આશક થઈ પડેલી નાજનીં શીરોનને.

બહારની મોહબતમ ઉપર ખીળે ચમન,
કરજે હોય વખત તેવી વાત સજન.

જેવારે ચમનના ગલીચા ઉપર બેસીને નાજનીન શીરીને આંખમાંથી મોતી જેવાં જે આશુંના કતરા વરસાવ્યા તે મંતરના મારનાર ઉસ્તાદના જોવામાં આવ્યાથી તેના દીલમાં રહમ છુટી. છુપી જગાથી તે મંતર મારનારો શાપુર ચીતારો શેતાબ બાહેર નીકળી આવ્યો અને પરદેશી મુશાફર મીશાળે રસ્તામાં ચાલવા લાગો કે શીરીનની નજર તે ઉસ્તાદ ઉપર પડી કે તરત તે સંઘો ભરમ પામી ગયો. ઓરતજાતની ચંચલાઇ આ વાતમાં વધારે તેજ હોયાથી શીરીન સમજી કે લણુ મરતબે મને ખુબશુરત તશવીર દેખાડી આશક કરનાર આ શખસ છે. જાંહાં છે તાંહાં તશવીર કોઇ શાહજાદાની છે અને આ કોઇ નકશ કાઢનારો મોટો ઉસ્તાદ છે જેણે મારા નેણમાં પોતાની પીછીથી મોહબતનો રંગ પુરવાની તાજુબી બજાવીછે. આ અંદેશો કરી શાહેલીને ઇશારો મારયો કે પેલો મુશાફર ફકીર જેવો જે મરદ જાતો હતો તેને બોળાવ્યો. શીરીન પોતાની તમાંમ શાહેલીઓને કેહવા લાગી કે આ કોઇ મુશાફર જેવો આ તશવીરનો ખુલાશો કરી આપણને નીશાન બતાવે એવો દીસેછે. જો એ મુશાફર જાણતો હશે તો કેહશે કે આ સુરત ફલાના શાહજાદાની છે. તો એ શાહજાદો શી રવેશનો છે? શી તદબીર ને એલમ ને રવઇઓ ધરાવેછે? એ ક્યા વતનનો છે? એથી વાકેફ થવાને હોશ્યાર રેહજો કે તમાંમ શાહેલીઓ તે બુજોરગ શાપુર પાસ આવી શીરીનનું દીલ છીણવનાર તશવીર દેખાડી તેની વાત પુછવા લાગી. ઓ દાનાવ મરદ આ તશવીર તપાસ કે આ શીકલ શાનીનો પાદશાહ કે શાહજાદો કે કોઇપણ ઇનશાન તારા જોવામાં આવ્યું છે? જો તું એ સુરત શીકલની નીશાન કે વતન જાણતો હોયતો અમો લોકોને કેહ કે અમો એ મરદની તજવીજ ને તલાશમાં છઇએ. શાહેલીઓના શુખન શાંભલી હોશયાર શાપુરે મન સાથ મનસુબો કરયો કે આ વખતે મારૂં કામ પાર પડયું ને બખતે યારી કરી. આખર મેં જેટલુ શન્ન આ કામ ધારયું હતું તેટલું આશાન થયું છે. પછે પેલી નાજનીનોને જવાબ આપ્યો કે ઓ અસીનો મને એ વાત કેહવા લાયક નથી તમો બજીદ થાઓ તોપણ એવા બારીક ભેદની વાત દાના ને ઉમરે પોંહોચેલા શીવા હું મારી જબાં કોઇ પાસ ખોલું નહી. એટલું કહી હસતાં આસ્તે કાંઇ એક લબમાં બબડ્યો. શાપુરે પોતાના શેકારના પગ ફાંદામાં જોયા ત્યારે શાહેલીઓ સાથ દીલના પરદાની વાત નહી કરવામાંજ કામ દરૂસ્ત જોયું, તેથી પોતાની બાજીથી વાકેફ બુઢો આસતેથી આગલ ચાલવા લાગો; તેજ વખત શાહેલીઓએ શીરીન પાસ દોડી જઇ શાપુરે કહેલું જાહેર કરયું. શીરીન સાહેલીઓથી આ સાભલતાંજ જુસા ભેર ઉઠી તેના દીલનું લોહી દરીયાવના મોજા માફક જોશમાં ઉછલવા લાગું. તે પોતાના દીલમાં હવે ચોકસ સમજી કે જાંહાંછે તાંહાં આ શખસજ કોઇ કાબેલ ચીતારો હોઇને પોતાના કોઇ ખુબશુરત શાહજાદાના સંબંધમાં ધારેલો કોશેસ રચનાર છે, જેમાં તેણે એવા તો પાકા પાયાથી કદમ નાખ્યુંછે કે તે પાર પાડી નામ કાઢશે એવા ઢેડાવનો ચોકસ છે. તેની બુજોરગી, તેનો ગંભોર મોહબો ને ચોકસ ડોલો શીરીનના ધ્યાણમાં એવો તો મજબુત અસર કરી રહ્યો કે ઘડીભર તે નાજનીં ખ્યાળમાં પડી

શાહજાદી શીરીન ચીતારા શાપુરથી પોતાની મોહબતનો પટો મેલવેછે.

હાં તો એક અબળા આશકની ફરયાદ,
તું તો છે એક સબળો આદમ ઉસ્તાદ.

શાહજાદી શીરીને પોતાની શાહેલીઓથી શાપુરના સખુનો સાભળ્યા ત્યારે તે નાજનીં શેતાબ હોશ્યાર થઇ પવન મીશાળ ઝરપથી શાપુર પાછળ આવી. તેણે ચીતારાને હસતા સખુનોથી બોલાવ્યો. શીરીન આ હોશ્યારીથી જે હીલચાલ કરતી હતી, તેથી ગોયા તે લટકતી ચાલ ચાલનાર સરવ ઝાડ હતું. સીને ને બાજુવાળું બીલોરી કોટ જેવું તેનું રૂપાના રંગનું બદન તેનો જરી ઘુંગરાના ખણખણાતથી બાહારની મોશમમાં બાદેશબાથી પરીજાદને લોભાવતી રીતે નખરાંથી હીલ્યા માફક હતું. આ વખતે તેના સર ઉપરની ચોટી જાણે નવરોજ બાહારની કસ્તૂરી હતી. તેણી હસ્તી બોલાવતી શાપુર સામે આવતાં પોતાનો નીકાબ ઉઠાવી એક માહતાબ રોશન થઇ રહી. શીરીન પોતાના જમાનાની જબાનોથી માહીતગાર હતી. ઉંચો કીસમની એક મોટી પાદશાહાતની વારસ શાહજાદીને છાજતી કેળવણીથી તેને કાબેલ કરવાને કસી બામી રખાઇ હતી નહી; તેણી શાપુરને એક ઇરાની જેવા છોક પોશાગનો જોઇ ઇરાની જબાનમાં બોલી. શાપુર પોતાની જબાનનો શીંરી શરોદ સાંભળી દંગજ થયો. તે હમણા સુધી જાણતો કે શીરીન તુરકસ્થાનની પાદશાહાતની વારસ છે, અને બેસુમાર ખુબસુરત ને નવજવાન છે પણ તે કેળવાયલી ને આલમા છે તે જાણ્યાથી તેની તાજુબીની હદ રહી નહી. વળી જે દુરઅંદેશાથી તેણીએ પેહલવી જબાનમા બાહોશી બતાવી, તે વેળા તે નાજનીનનું મોહ દીલનવાજ એક પુતળી જેવું હતું કે જે કાંઇપણ ઇસારો પામી જઇ શાપુરને પોતાના એક પુંજારા મીશાળ જાણી બેદરકારીથી બાજી રચતી હતી. તે જબાંન ને તે નાજનીન જોઇ શાપુર જેવો ચતુર ચીતારો પણ ઘડીભર સુસ્ત ને જબાન તંગ થયો. વળી શાપુરે તે નાજનીનના કાનમાં બેમુળાં મોતી ને હીરા લટકતા જોયા જેનો ઝળકાત તેની ખુબશુરતીને ઓર પણ ઝલેહ ભરપુર કરી રહ્યો હતો. લાંબા બાળની લટી જે એક કમંદ મીશાળે તેણીની ગરદન આંસપાસ વળ ખાઈ હીળતી હતી તે દરમ્યાનથી તે નાજનીનની માહતાબ રોશની ને મોતી હીરાના ઝળકતા ઓરા જોઇ શાપુર ચીતારો શીરીનની ખુબશુરતી બેહદ બુળંદ દરજાની સમજી ખ્યાળમાં પડયો; તેવામાં શીરીન બોલી કે ઓ ઉસ્તાદ મરદ તું એ રવેસની શીતાબ ચાંળ ચાલી આ જગાથી કેમ દુર નાહાસેછે? શું અકલમંદોની નેકબખતી આશનાઇ ઢુંડનાર ઓરતોથી દુર જવામાંછે? અરે નેકબખત તું બેગાનગી તરક કરી આ અમારા ચમનમાં એક નજર કર અને મારી સામે સાયત એક દમ ધરી ઉભો રેહ; અને મારી સાથ તારી નજર મેળવવામાં કસો મુજાકો ના રાખ. શાપુર જો કે શીરીનના આ સખુનોમાં પોતાની તમાંમ જેહમતનો જસ પામી ચુક્યાનો નતીજો જોતો હતો, તોપણ માહ અંદેશાથી તેણે હજી પોતાનો ભેદ એક રતી પણ તે નાજનીન અસ્તક કરવાને મોકુફ રાખી શાહજાદીના કેહા માફક ઉભો રહ્યો અને તેણીને એક ચશમ જોઈ પાદશાહી રાહ રસમ માફક કુનશ બજાવી દુર નમી ઠર્યો. શીરીને શાહેલીને ઇસારો કર્યો કે તાંહા એક સુનેરી ને જરીન ખુરસી લાવી મેલાઈ કે એક ઉપર શીરીને બેસી બીજી ઉપર સાપુરને બેસવા હોકમ કર્યો.

ચીતારા શાપુરને શાહજાદી શીરીન પેલી તશવીરની નીશાનીમાં સવાલ કરેછે અને શાપુર તે ઊડાવેછે.

આતશ વગર નથી કોઇ ભાબત કે જાન,
આતશથી છે રોશન આ ચોખુન જેહાંન.
આતશથી છે વફાઇ બેવફાઇ જુબાન,
આતશ છે તો છે આ હસ્તી ને આસ્માન.

શાહજાદી શીરીને ખુબ મશલહતથી પોતાની શીરીન જબાને દુન્યા જોઇ વળેલા સાપુરને સવાલ કરયો કે તું કાહાંનો રેહવાશી છે? તારૂં વતન કયું? તારૂં નેક નામ શું? અને આ જગા ઉપર તુંને મુશાફર તરીકે આવ્યાનું કામ શું? તું કોઇ નેકનામ ને ખુબીવંતો આદમ જણાયછે અને તાહરો ચેહરો કોઇ છુપા ભેદભરમની આશનાઇનું પરખીદું હોય એવો દબદબો મારેછે. શાપુરે આ દીલ છીણવનાર તેમ ઘડી વચે ભેદ બોલાવી લઇ લેનાર નાજનીના સખુનો ઉપરથી તરત દુરઅંદેશી કરી પોતાને મન પક્કો ઠરાવ કરયો કે ગમે એ થાય, અને ગમે એવી મને એ મીથાશમાં મારે પણ મારે મારા ભેદનું એક ફુમટું દેખાડવાને યજદાન પાકના કસમ છે. જો હું એની મીથી શાકર જેવી જબાનનો ગુલામ થઇ મારા ભરમને હાથથી ગુમાવી ફકીરીમાં મારા શાહજાદા પાસ પાછો ફરૂં તો શું તેમાં મારી ઉસ્તાદી કાચી કેહવાશે નહી? જાંહાં તલગ એ નાજનીન સાફ ખુલ્લું મને પોતાનું દરદ કે દીલ કહી શંભળાવી મારા દસ્તમાં એક પંખી મીશાળે સપડાય નહી તાંહાં તલગ મારી જબાન ઉપર મારા ખરા ભેદનો એક ઇસારો લાવવો એ મરદાઇનો તરીકો નથીજ. એવો પાકો ખ્યાળ કરી રહ્યા પછે તેણે ચારાથી શીરીનના સવાલોનો જવાબ વાળવાનાં ડોળમાં પાદશાહી રાહ રસમ મુઆફેક કુનસ બજાવી. પછે તે બોલ્યો કે ઓ નામદાર પાદશાહજાદી હું મારી આખી જીંદગાનીનો મુશાફર છું. બાખતરથી ખાવરના માલેક તલગ હું ફરી વળ્યોછું. મેં જેહાનના નેક બદ તમાશા તો બેશુમાર જોયાછે. હકતાલાએ આશમાનથી તે જમીન લગે જે કાંઇ કર કરાંમત ને બેનમુન ચીજો પોતાની અજીમ ખુદરતના જોરે પેદા કરીછે તે હું જોઇ જાણી વળ્યોછું. તેના તમાંમ છુપા ભેદ મને માલમ છે. ગમે એવી આસમાની વાત મને સેજ ઇસારામાં સમજાયછે. મેં જે રીતે દુન્યાની સફર કરીછે, તે રીતે હું આ દુન્યાને મારા દસ્તમાં જેમ મેહબુબ લોકો મોહબતની મીજલશમાં શેતાર પકડી પોતાના દીલને વજાડેછે તેમ હું મારી મકસદ માફક લઇ ફેરવવા ચાહુંતો કરી શકુંછું. મેં હુનરો ને હાંદેશાની મરદાનગી જેર કરીછે, અને જમાનો મને મોટા ઉસ્તાદ તરીકે પીછાણેછે; ઓ માહતાબ ચેહેર નાજનીં શાહજાદી હું જેહાંનને જે રવેસ જોવા ને પીછાણ કરવાનો માહવેરો પામ્યોછું; તેવો આ જમાનામાં કોઇજ જવાન કે પીરમરદ હશે.

શાહજાદી શીરીને શાપુરની જબાન તેજ ને મન હોનરમંદ જોયું તેવારે ઉમેદ ભરેલી થયી. તેણી પોતાના પુછેલા સવાલો ભુળી પોતાની ખાસ મકસદ ઉપરજ વાત કરવા મંડી ગયી; કે ઓ જેહાન જોઈ વલેળા નેકબખ્ત આ તશવીર જો અને મને ઇનતેજારીમાં વધુ વખત રેહવાથી મોકળી કર. આ ખુબશુરત તશવીર જે આફતાબી તેજે રોશન થયલી ચીત્રકળાની ઉસ્તાદીનો ઝળકતો નમુનો છે તે કોણની છે? જેની ચશમ પાસ શેતારાઓ જાંખાં છે અને જેના સીધાપણા પાસ સરવનું દરખ્ત શરમાયછે તે ખુબશુરત શખી કયા પરીજાદ શાહજાદાની છે. તે કયા મુલક કે પાદશાહાતનો માલક છે? જે ગાળ ઉપર ગુલાબની કલીઓ પોતાની નવી

ખુશબો વીખારતાં ખીળી જતાંપુર વધાવાને ખુશી માણે અને અનારની કળી તે ઉપર પોતાની ઝળક ફીદા કરે તે સબી કોણે ચોતરીછે? અને એ ઉસ્તાદ દસ્તની તશવીર ત્રણ વખત ખેંચી મારી ઉપર ગોપા તેને આતશ ફુકવાની શું મતલબ છે?

શાપુર હાં તલગ શીરીનને પોતાના દાવપેજથી ખુલી કરવામાં ફાવ્યો પણ હજી તેમાં તે બાનું કેવી ને કેટલી ગીરફતાર છે તે જાણવા માટે તેણે બાજી આગળ ચલાવી. ઓ માહતાબ નાજનીંન તારા શીરીં સખુનો તારી મુરાદ માફક ખીળજો. તારી ઉપરથી બુરાં આદમીની નજર દુર હોજો. પણ નેક રોશન પેશાનીવાળી મેહબુબ એ તશવીર મેં તો પીછાણીછે. હું ધારૂંછ તેમ એ તે નામદારની છે, પણ વાત ઘણી બારીક ને વખત ઘણો કઢંગો ને ભેળવતઆનો જગો શીવા એ ભેદ ખોળવાને મારી હીમત ડરેછે. આ નુરવાળી તશવીર જોતાં મારા શીનામાં ઘણાએક ભેદ છુપાયાછે તે હું જાહેર લાવવા ચાહુછું પણ તે આ જગો બને તેમ નથી. હા, આ વાત કોઇ ખાનગી મશલતઘા કે ખલવતખાને તું નેકજાદની હજુર હું કેહવાને કાંઈ વાંધો જોતો નથી. આ વાત ઉપરથી દાનાઇ સમજનારી શીરીને પોતાનો શાહેલીઓને ઈશારો કરયો કે સંધીઓ પંખી મીશાળે તાંહાંથી ચપોચપ દુર ઉડી જતી રહીઓ.

ઉસ્તાદ શાપુર શાહજાદી શીરોનને તશવીરવાલો શાહજાદો ખુશરો પરવેજ ઓલખાવેછે.

જેમ ઓલમમાં ચેલાને કેલવે દે એલમ
શાપુર ખેંચતો તદબીરે સીરીન ભરમ.

જો કે સખુનના જાણનાર શાપુરે ખુબશુરત શીરીનને તેની શાહેલીઓથી જુદી ને એખલી કરી તોપણ તે પોતાના ઠરાવને વળગી રહીજ આગળ કામ લેતો હતો; જો કે પોતે તે નકશ ખેંચી પોતે આ સંધો રખણો બરપા કરનાર હતો તોપણ એક મુસાફર તરીકેજ તે તશવીરની ઓળખ દેતો હોય એવા દેખાવે તેણે તે ખાળી મકાનના મેદાનમાં શખુનની દડી નાખી. તે આગલ બોલ્યો "ઓ શાહજાદી આ તશવીર જો કે અછા ઉસ્તાદની ખેંચેલી હશે તોપણ તે જેવી જોયે તેવી તેના અશલનો ખ્યાળ આપવાને કમ ઉતરેછે. આ તશવીર નેક જવાન શાહજાદા ખુશરો પરવેજની છે. તે નોજવાન પાકીજે બુન્યાદ દબદબામાં મોટા શીકનદર મીશાળે છે. તે દારાં માફક મોટો ઘોડેસ્વાર કેહવાયછે. તે જુના ઇરાની તોખમથી યાદગારછે. નેક ખુબીઓમાં તે આફતાબ જેવો જણાયોછે, ઇરાન તે એવા પોતાના શાહજાદાથી બખતાવર કેહવાયછે, તેની શાની આજ કાલતો જમાનામાં કોઇ નથી. મેં તેને મારી મુસાફરી દરમ્યાનમાં છેલાં નવરોજના જશનમાં જોયો હતો કે જે વખતે એક આફતાબજ તે જસન દરમ્યાન પોતાના લાલ પોશાગ ને કોલાથી તળુ મારતો હતો. તે હીરાના તખ્ત ઉપર કોઇ નવજવાન ફીરેસ્તો આશમાની દુન્યાથી ઉતરી આવી તાંહાં બીરાજયો હોય એવો અજાએબ ઝળકાતમંદ તે નવરોજનાં જશનને રોશન કરી રહ્યો હતો.

આ તમાંમ વાતને ચીતારા શાપુરે એવુંતો આબ દીધું કે શીરીન પોતાના જીગરથી તે શાહજાદા ઉપર ફીદા થઇ રહી. તેણીને રગે રગ તે ઉસ્તાદની સખુન બાજીએ ઇશ્કનો આતશ શળગાવ્યો. સાપુરે એ વાત કરવામાં એવી ઢબ વાપડી કે જેમ જેમ શીરીન છક થઇ થઇ શાહજાદા ખુશરોને સાંભળે તેમ તેમ તે આસ્તે જાણે પોતાની કોઇ તાજુબ મુશાફરીનું બયાન કરતો હોય તેમ રહી રહી વખત લગાડી તે વાત યાદ કરી કરતો હોય એ રીતે તે નાજનીંન શીરીનને રૂંવે રૂંવે ખુશરોની મોહબતમાં દાખલ કરી.

જ્યારે શીરીનને પુરી મસ્ત ને બેહોશ મોહબતની ગીરફતાર જોઇ ત્યારે વળી પોતે બેદરકાર જેવો જબાન ચલાવતાં પરીને ખુબ આબ દઇ પોતાના ગોહર મીશાળના સખુનો કેહવા લાગે "એ પરીજાદ પાદશાહજાદી આ તશવીર ને તેની નીશાન સાંભળો મારા જેવા એક આ સરજમીન આવેલા મુશાફરને તું નામદારથી તાજુબી ઉપજેછે કે આ સ્વેશ આ તસ્વીરની ઇનતેજારીમાં જેહાન જેની ખુબસુરતી માટે મગરૂર બને તે નાજનીનને ગીરફતાર થવાનો શું મકશદ હશે? તે હું જાણું તો વાજબી ઇલાજ સુજ પાડું. મારી વાત ને બયાન સાંભલી તું ખુબશુરત નારી તારી વાત ને ભેદથી મને નાવાકેફ રાખે ને પરદામાં ભેદ ભરેલી ઢંકાઇ રહી મુશાફરને હેરાન કરે એ પાદશાહી મરતબા લાયક નેકબખતોને ઠીક દીસે નહી. જો તું મેહેબુબ પોતાના દીલનું પર ખોલી ફુલની કલી મીસાલે હસતી થાય યા લાયક વખત વાતમાં શાકર મીશાલના લબ ખોલી શીરીન શખુન બોલી મુશાફર શખસનું દીલ ખુશાલ કરે તો તેમાંથી કાંઇ એવો રસ્તો મલી આવે કે મુરાદ ધારેલી ઉમેદના કદમ ચુમે. જો તું ખુબશુરત પરી ચાહતી હોય કે મરજનો ઇલાજ થાય તો તબીબ નજદીક દીલના દરદનો ભરમ શાવાસ્તે છુપાવેછે.?

શાહજાદી શીરીને શાહજાદા ખોશરો પરવેજ ઉપર પોતે આશક પડવાનો ભેદ ચીતારા શાપુરને કેહી સંભલાવ્યો.

શેકારીએ કમાનથી ખેંચ્યો એક તીર,
કે ધારેલો શેકાર ઝટ વીંધી પાડે જીર.
કે ઉમેદ હસી કરી ઇશારે શલામ.
આ જો તારી ચાહેલી રહો મુશકફામ.

માહ શેકારી માફક શાપુરે શખુનનો તીર એવો તો આબાદ જગો ને આબાદ વખતે કરયો કે તે દરમ્યાન શીરીન એક શેકાર માફક વીંધાઇ તુરત ચીસ પાડી પડી. તરત તે ચીસ પાડતાં તેણે પોતાના ભેદનું પરબીડું ચાહી ચીઠી આવેલા ઉસ્તાદ કરવૈઆને વગર આણા-કાણીએ શવાધીન કર્યું; કે તેણે હાવકા કસરેવન માફક પોતાના કબજામાં લઇ તે ઉપર એવું તો ડબાણ ચલાવ્યું કે ખુશરોની ચાહેલી મુરાદ પાર પડવામા કઇ ખામ રહી નહી, તે એ સમજુ વાંચનાર તું આગલ દાસ્તાન સાંભળઃ—જેવારે ફાંદો નાખનાર મીશાલે શાપુરે શાહાજાદી શીરીન ઉપર પોતાની ઉસ્તાદી ને ખુજોરગીનો દાવો કરનાર જબાંનથી તેણીના ભેદ ઉપર તદબીર રચી; તેવારે જંજીર મીશાલના જોલફાવાલી પુતલી શીરીને દેવાના મોશાલે ખુશરોનો ઇશ્ક તેનો દામનગીર હતો તે સબબે આ પોકાર મારયો, એ મુશાફર મને આ તશવીરે પોતાનું તેજ દેખાડયું તે દીનથી પાદશાહીની પાસબાનીથી મારૂં દીલ ફરામોશ થયુંછે. તે દીનથી હું મારી આગલી હાલતથી બીલકુલ ફેરવાઇછું. એ મોટા ઉસ્તાદ દેખાવના આદમ તું આ તસવીરની ધાયલ ઉપર ગંભીરાઇથી ખ્યાલ દોડાવ. હું પરવરદેગારના કશમ દેઇ કહુંછું કે તું મને પોતાની દાનાઇએ કરી આ જંજાલ જંજીરથી મને નચીંત કર. આજ હું એ તશવીરના ઇશ્કમાં ગરક સરવે વાતથી પરેશાન છું. મારૂં કામ પરાગનદે થયુંછે તેમ મારૂં સારૂં દીલ પણ પરાગનદે થયુંછે. આ તશવીરની દેવાની બનેલી દીન રાત હું તેની પરેસતસ કરૂંછું. એ બુજોરગ મુશાફર તું જો મને આ મોટા હંદેશામાં મદદ આપીને મારા આશનાવ સાથ મારી શાદી કરાવવામાં મદદગાર થશે તો જયાંહાં તલગ મારા આ બદનમાં

ફરમેછે તાંહાં તલગ તારી ઉપર રેહેમ વરસાવી રેહતાં તારી ગમે એવી અઘડીના વખતમાં મારી મદદ માંગવાનો તને પુરતો હક રેહશે. મારો ભેદ મેં તારી આગલ કહ્યોછે તે જેવો મારો જાન મને વાહલો છે તેવો વાહલો ને પાક દામન મારો ખજાણો છે તેવો બેકીમતી છે; તે મેં તારી હજુર મેલ્યોંછે તો તે ઉપર તું અછી પેર નેક વીચાર કરી એ દરમ્યાનથી મારી ખલાશીનો ઇલાજ જાણતો હોય તેમ દેખાડ. એ ઉસ્તાદ મુશાફર જાંહાં તલગ મેં આ તશવીર જોઇ હતી નહી તાંહાં તલગ હું મારા હોશન ઉપર મગરૂર ને ઇશ્કના ખ્યાલથી ના વાકેફ હતી. ચમનમાં જેમ ગુલની કલી પોતાના તેજ ને રૂપમાં મસ્ત થઇ ખીલી ખુશબોથી ભરેલી માફક હું એક નાજનીન કલી હતી, મારી ઉપર મોહબતના દવનાં બુંદ હજી જેમ કલી ઉપર રાતની મધુર ઠાર વરસી ઠરી સકવા જેવી હાલત નહી તેમ ઠરયાં હતાં નહી, હજી મારી બોહલી પુર જોબન પાંત્રીઓ જેમ કલી સેજ એકુપર જરા મોખલી થયા જેવી રહેછે તેમ કલીબંદ હતી; પણ જયારે પતંગના ચુમ્મનો લાગી લાગી કલી ખીલવાની ગરમીમાં આવેછે તેમ આ તશવીરની આશનાઇ મને લાગી મોહબતની ગરમીમાં પુર જોબન મને ખીલવી રહેછે. અને જેમ બુલબુલ તે કલીમાથી ખુશબો વીખરાતાં તે ખીલી રહેલાં તાજા નવબહાર ફુલને આશનાઇના આતશમાં ઉછેરવાં મોહબતના સૂર તાન ખેંચી ખેંચી તેના આતશી ઇશ્કને નરમ રાખેછે તેમ મને મારા બુલબુલ દીલદારની મોહબતના સખુનોને વધાવા જોઇએછે, હું હવે તે આગલી શીરીન કલીની નવબહાર શીરીન ફુલ બનીછું, પણ મારો દીલદાર આશના ખુશરો કાંહાં છે? તે મને રાસ્ત કેહ અને હું તારી નજરમાં તારો ઉસ્તાદ ઇલમ જે નકશ ખેંચવાની જાદુઇ તે દરમ્યન સપડાઇછું તેનો મને ખુલાશો કર અને રાસ્ત કેહ રાસ્તી કસમ લઇ એ નેક મુશાફર કે માહરો આશના ખુશરો કાંહાં છે. તે કયા ચમનમાં ફરેછે. કેવા કદ, કેવા તેજ, ને કેવી ઢપનો નવજવાન છે મને તે તુલાતવીલ બયાન કર, મને તેના કદના સખુનનો નવબાહાર ભરેલો નકશ આપ, મને તેની ઓલાદની બુજોરગી સમજાવ મને કહે કે તેનો શોખ હલ્યારીમાં વધુ કયા ક્યારામાં રહેછે? તે શરોદો સાંભલવામાં, તે શમશેહેર મારવામાં, તે શખાવત કરવામાં કેવો છે? તે દુશમનની હરીફાઇમાં કેવો જવાંમર્દ છે? મને સંભલાવ તેનો દબદબો કે જેહાનમાં તેના ખજાણાની કેટલી આંટ છે; તેની જાહોજલાલીનો ઝલકાત કેટલો દુર મુલક ને આલમમાં રોશન છે? તે ગુલલાલા કેવો છે કે જે ઉપર જમાનો જમશેદનો જહલકાટ વરશાવેછે? તું મને રાસ્ત રેહ અને રાસ્તીથી તારી ઉસ્તાદીને શરોપાવ ભરેલી મારી હજુર લાવ કે તેના તેજમાં મારી મોહબતનો ખાલેશ આશના મને મારા જીગરના ખાલેશ લોહીમાં રાજ કરતો અને વફાદારી નવાજતો મલી રહે. શું તેણે ખુબસુરતી પસંદ છે? શું તે ખુશબોનો શોખી છે? તેણે મારી અશમ પસંદ પડશે. મારી શીકલ ઉપર જેમ હું તેની શીકલ ઉપર બેહોશ દમ થઇછું તેવો ફીંદા થશે? તેની તને જેટલી પણ તારીફ આવડતી હોય. તે સંધી સાથ તેનો રોશન ચેહરો ને શીકલ, મારે મન વસેલી શીકલમાં આમેજ કરી મારા આશકીના નજરાણામાં મને તું કોઇ નવાજેશ કર કે હું મારા આ તશવીરે આતશ ફરેલા દીલ ને જીગરમાં તેની શીકલના ખ્યાલને દરૂસ્ત રાખું.

ચીતારો શાપુર શાહજાદી શીરીનને પોતાના કામનો શરસ્ત હેવાલ કહી શીરીનનો શાહબર થાયછે.

પરદે રહી પણ મ્હારા પ્યારને તું એકવાર કબુલ રાખ,
ઉમેદવારની ઉમેદ હોંસ કે તું સજાવાર કબુલ રાખ.
કર ના કોપ વધુ હવે કે પડયોછું બીલકુલ ના ચાલતું તેમ,
મુદતનો બેહાલ પુર મોહબતનો ગીરફતાર કબુલ રાખ.
ત્હારા નીમ હસત નેજારમાં નોવા જેવા કે સચવાય,
તે લતીજો તે ઇનામ દે પુર ઓસ્તવાર કબુલ રાખ.
તારી દેવરીએ વાગતા ઘંટના શરોદમાં છું હું ખકચુર,
નથી નવાજતી માન કસું તો ફરમાબરદાર કબુલ રાખ.
કે ચમનમાં ફરી જોયાં ઘણાએક નો ગુલાબ ખીલેળ,
તારા ગાલ ગુલાબ ઉપરનું મારૂં નેણ ઉમેદવાર કબુલ રાખ.
બુલબુલે મારી સાંમ ગમ ગાયનથી ચમન હલમલાવ્યુંતું,
જીગર ગમ ગાયનથી થયલું મન મુજ ગમખાર કબુલ રાખ.

જે મતલબ ને મકશદ માટે હજી તલગ શાપુરે પોતાનો પરદો રાખ્યો હતો તે જ્યારે પરવરદેગાર ને રાસ્તીના કશમ વચ્ચે આવી તેની પોતાની ચાહી બાજી તેની ફતેહના નકશમાં તેનો ચતુર દસ્ત જીતી રહ્યો તેવારે તેણે રાસ્તી ને ખાલેશીથીજ પોતાની હવે પછેની રાણી સાથ તવાજો ને મરતબો જાલવી ખુલાશો કરવાને જબાન ખોલી. અવલ તે ઉસ્તાદે તરતજ ઉઠી ઉભો થઇ પાદશાહી રાહરસમનો તરીકો જલવાતી રોનકે શીરીનના દસ્ત ને કદમ જેમ મેહબુબને નવી બાંગરી ને ઝાંઝર હાથ ને પગ સાથ ફરમાબરદારી કરેછે તેમ ફરમાબરદારીનો બુશો દીધો અને અદના થઇ તે કેહવા લાગો; કે ઓ માહતાબ રાણી હવે મારી જબાંનથી જે ખુલાશો જાહેર પડેછે તે રાસ્ત જાણજે અને એ રાસ્તી સબુન માટે તું નેકજાદના આપેલા કશમ હું વચ્ચે રાખુછું. ઓ નુરભરેલી મારોય હું જેહાનનો મશહુર શાપુર ચીતારો છું. એ હુનરમાં મારી ઉસ્તાદી આજ કુલ જેહાને કબુલ રાખીછે. ઓ પાદશાહાત લાયક રોશન બતી આ તસ્વીર મેં પોતે ત્રણ વખત ખેંચી મારા હોનરથી મારા શાહજાદાનું ચાહેલું કામ પાર કર્યુંછે. મારો હુનર મેં જેહાનના મોટા ઉસ્તાદોથી મેળવ્યોછે. એ હોનર ને કારીગરીમાં મેં મારી પીછી હેરતમંદી જેવી ફતેહમંદ રાખીછે. એ હેરતમંદી હું એવીતો રચુછું કે અશલ શુરતમાં એક જાન જોત રોશન થવાની બાકી રહેછે. એ હોનર મારા હોનરના ઉસ્તાદો મારી માફક લડાવવામાં હજી ફાવ્યા નથી. મારા મોટા ઉસ્તાદોએ મને ઘણોજ અકશીર હોનર આપ્યોછે અને જો તે ઉસ્તાદ શાહેબ લોક પાશે જીવ મુકવાની કુદરત હોતે તો તે હુનર પણ મને મળતે, પણ એક તે બાકી રહીછે અને જમાનાના જમાના તલગ બલકે જેહાનના છેડા તલગ એ રંવેશ રેહશે. ઓ પરીજાદ પાદશાહજાદી જાન મેલવાનો કાબુ ને હોનર ફકત એક પરવરદેગાર ધરાવેછે, તે અખતેઆર આખર તલગ તે પાસ રેહશે; તે યજદાન પાક સીવા કોણની તાકાત છે કે એ બારીક ભેદ પામવામાં એક પલક જેવો પણ ખ્યાલ કરે! એ ઉપરથી તું નેક નાજનીન મારી ઉસ્તાદી સમજી શકી હશે કે તે માહ હુનરમંદ મારા પેશાથી મેં તે શાહજાદાને તશવીરમાં તેજ ને નવબાહાર જેવો આબેહુબ તે પોતાની પાદશાહાત દરમ્યાન પોતાને મોહોલ તખતે બીરાજેછે તેવો ચીતારયોછે. તોપણ આ ખાલી

નકશ છે. તે ગમે એ કરતાં ખુદાઇ કરામતની હસ્તીના દોકડાભાર બરાબરી કરી શકે નહી. આ પાદશાહી નશીબાની નાજનીન જેવારે તું તે શાહજાદા ખુશરો પરવેજને એક નજરે જોશે તેવારે તું ગમે એવી ચબરાક ને હોસ્યાર તન હશે તોપણ તે પાકીજા રોશન તન જોતાંજ તું હોશ ખોહી દેશે. બેશક હોશ તું નાજનીન શાહજાદીમાંથી ગુમ થશે કેમકે તે ખુશરો પરવેજ નથી પણ જેહાન રોશન કરનારો આફતાબ છે. તે આ જેહાન દરમ્યાન એવી મોટી જાઓજલાલી ને કુમક ભરેલો નવજવાનીમાં આવતો જાયછે; કે જેવારે તું પાકજાદની ચશમ તે ઝલકતા નવજવાન ઉપર ઠરશે તેવારે તું નાજનીન તારી ખુબશુરતીનું બોલકુલ ગુમાન ભુલી જશે. તે શાહજાદો ગોયા આફતાબ તું શાહાજાદી ગોયા માહતાબ બંધો એક જગા સાથ મલી બેશો, તે દેખાવ ખરે ખુદરતને ઘડીભર ઉલટ પુલટ કરી નાખશે. અરે તે શાહજાદા જેવો આ જમાનામાં કોઇ તે બરાબરીનો ઘોડસ્વાર નથી. હોશ્યારી ને એલમમાં તે પોતાના બપાવા શાહાનશાહ નોશીરવાનના ઓલમાં વજીર બુજરચેમેર જેવો છે અને મરદાનગીમાં પોતાના ન્યાગાન શાહાનશાહ શાપુર જેવો છે. તે આદમજાતનું ફરજંદ નથી પણ ગોયા એક ફુલ કે જેણે બેજાનનો એક પવન કે શપાટો ખાધો નહી હોય એ રવેશ તાજગી ભરેલો ફુલજવાન છે. તે જવાનીના બાહારમાં ગોયા એક તાજો બહાર છે. હજી તેના ગુલાબના ફુલ મીશાલ મોહોડાં ઉપર શમશાદના ફુલ મીશાલ મુછના બાલ ઉગ્યા નથી. તે શાહજાદો શોશનના ફુલ મીશાલ લાલ હોતનો છે. તે શાહજાદો કદમાં આજાદે શરવ મીશાલનોછે. તે શાહજાદાનું મોહ આફતાબ મીશાલછે અને શીહા વાદલથી પાક છે. એટલે હજી મુછ ફુટી નથી; પણ આફતાબને વાદલથી કસો ડર નથી એટલે જેવારે મુછ નોકલશે તેવારે તેનો ચેહરો હાલ કરતાં હજાર ઘણો જેબદાર થશે. તે શાહજાદો તનબદનમાં ખુશબો ભરેલો ગુલાબ બોહોકેછે. તે શાહજાદાની તોકમ તો જેહાનને રોશન છે, કે તે ઇરાનની શાહાનશાતનો વારશ યજદાનપરસ્ત કયાની શાહાનશાહોથી યાદગાર સાખ છે. તે નામદારનું લશકર જેહાનમાં તેની પાદશાહાતનો હક બોલાવતું ફતેહમંદ ને જોરાવર છે. તેની બરાબર આજ કોઇ પાદશાહના લશકરમાં તાકાત કે જોર નથી કે હરીફાઇ કરવામાં બાહેર પડે. તેના પાદશાહી ખજાણાની જેહાનને ખબર રોશન છે કે તમાંમ બીજી શાહાનશાતો તે શરખાવરીમાં જેમ શેર પાસ સસો ગણતી પામે તેમ છે. તેમજ ઇરાનની શાહાનશાતની મોટી બક્ષેસો ને નજરાણા જેહાનને રોશન છે. ખુશરો પરવેજ તે બખશેશો કરનાર ને કદર બુજી નજરાંના ને સરોપાવ આપવામાં બેસુમાર દુલો છે. તે શાહજાદો જેવારે લડાઇની ખાયશ કરી મેદાન પડેછે તેવારે તે નામદારના હરીફ ઉપર અફશોશ ખાવો પડેછે. જેની જીંદગીનો આંકો આવી ચુકો હોય તે તે નામવર કયાની યાદગાર શાહજાદા સામે સરકસીથી સર ઉઠાવેછે. તે શાહજાદો જેવો જોરેમંદ છે તેવોજ લડાએક પેહલવાનો માફક નામનો ઉઠાવનાર અને આતશ વરશાવનારો છે. જાહાં તે શાહજાદો ચમન કે મેદાનમાં ચાલેછે ત્યારે તે ચમનનો જમીન તેની નાજુખાઇથી અને મેદાનની જમીન તેની સંગીનાઇથી જખમો થાયછે. લડાયક હોનરમાં તે આ જમાનાનો જવાંમરદ ગણાયછે. તેની શમશેરનો હુનર એવો તે પોતે ધરાવેછે કે નરમ રેશમ તે વીજલી પડયા માફક સાફ ફટકે બે ભાગ કરેછે. તેના હાથમાં જેવારે પોલાદનું ખંઝર હોયછે તેવારે હીરો પોતાના તનને એલમાસના બખતરમાં ગરકાવ કરી દેછે. તે નામદારના દસ્તમાં જેવારે છુટભાલદી હોયછે તેવારે આશમાનતાઇ ઉડતું હોકાબ તેનો ડર કરેછે. તે નામદારની કુસ્તીના હોનરમાં શેર ગોયા ખચર માફક તેનો બારબરદારી બની રહેછે. તે નામદારની ખુબશુરતી ને જવાંમરદી એ બે એવી તો ખુદાઇ મેહરબાની તે ઉપર નવાજેશ થઇ છે કે આલમ તે ઉપર મોહબત ને મરૂવત ધરાવેછે. એવી ખુબી,

ખામોશી ને મરતબાં સાથનો સાહજાદો ખુશરો પરવેજ છે. તે એ નામદાર રોશન માહતાબ શાહજાદી તારી ઉપર આશક થયોછે. જેમ તું મારા હોનરે તે આફતાબ શીકલ શાહજાદા ઉપર આશક પડી ફીદાગી રાખેછે તેમ તે મારી મુશાફરીના બયાનમાં તું નાજનીન શાહજાદી ની ખુબશુરતી ને તેજ મારી ઉસ્તાદ જબાંનથી સાંભલી એવો આશક થયોછે, કે તે નામદારે જેમ હાલ તું રોશન શુરતે મને પોતાનો ભેદ જણાવ્યો તેમ જણાવી તેનો ચારો ચાહ્યો. તેથી મેં એ નેક ને ખુદાઈ રાહે રાસ્ત કામમાં કમર બાંધીને આશક માશુકોના દસ્ત નેક કોલથી ઇજત ને લાયક રફીકાઇમાં મેળવવો. આ ખ્યાળથી મેં મુશાફરીની મોહબત ઢુંડી અને કોહીસ્તાનની માહતાપ હજુર હાજર થવાને હુનર લડાવ્યો. મારી ઉસ્તાદીથી મેં મારા શાહજાદાની જનાબ શેરખરૂફ મેળવી. એ નામજોય નાજનીન ખુબશુરત, મારો શાહજાદો ખુશરો પરવેજ તારી મોહબતમાં આજ શરાબની જામ તરક કરી તારા નામની કેફમાં ચકચુર છે. તેની જોક મોજ મજા તારા નામની મોહબતનો આતશ પોતાને જીગર રોશન કરવામાંજ કાયમ થઇછે. જે વખતથી તે આફતાબશાનીના ઓશરોએ તું માહતાબશાનીની શીરીનની ખુબશુરતીનો તારીફ મારા આ મોહડે સાંભળીછે તે વખતથી તે નામદારે પોતાનો અકલ અને હોશ પોતાની તે આશકી ઉપર ફીદા કરીછે. તે નામદાર આરામથી બેસ્તો નથી ને શીરીન શીવાય બીજું કાંઇ ચાહતો નથી. આલમ જાણેછે કે તેનો શાહજાદો એશ અશરતમાં ઉમર ખુશ ખુશાળીમાં ગુજારેછે પણ એ નાજનીન પરી હું ખાતરજમેથી કહુંછું કે તે શાહજાદો ઉમર બેકરારીમાં ગુજારેછે. તારી મોહબતમાં હેરાન ને પરેશાન હાલછે. એ નેકજાદ પરી જેવારે યજદાન પાક આપણા કામ વચે કોલ થઇ ભેદ ભરમ ને રાસ્ત કેહવાનો એકરાર થયો તેવારે મેં તું શાહજાદીને તે શાહજાદાના ભેદ ભરમ ને મારી તમામ હકીકત કહીછે તે દાનેશમંદ શીરીન તું નેક રવેશ ગોર કરી તારા હકમાં નેક હોય તેમ તારી મોહબતનો પાયો રચ.

શીરીને ખુશરોને મલવાનો ઈલાજ માંગ્યો ઉસ્તાદ શાપુર પાસ.

અગ્રતો એક ખુળખુળ રહ્યું બેકરાર,
તો કળી ખીળી થઇ એક ફુલ નવબાહાર.

શબર, દાનેશ ને દુરઅંદેશીથી શાપુરે વળી પુરતી રાસ્ત ગોફતેગુથી શીરીનને એવીતો દીલજાન ને વફાદાર આશક બનાવી કે ખુશરોની મોહબત ને જોયા વગરની પોતા ઉપર થયલી પુર આશકીથી તે બેહદ ફીદા થઇ ગયો કે ઘડીભર તે ખુશાળીમાં બેસુધ બની રહી, તે નાજનીનને હોશ કે ફાંમ બીલકુલ રહ્યો નહી. બસ તે હવે પોતાના આશક ખુશરો પરવેજનેજ જોવાની ઉમેદવાર થઇ રહી. તે ઉમેદવારીમાં શાપુરથી સાંભલેળા ખુશીના સખુનને મીથાઇ ઠાને વધારે મીથા જાણી પુર હરખ ને શોખપુર તે મીથાઇ ખાતી હતી. આશક ખુશરોના એશકના ચકર તે નાજનીનનો ચશમમાં એવાંતો બેસુમાર આવવા લાગ્યાં કે બસ તે ખુશીમાં બેઅખત્યાર થઇ જમીન ઉપર તુટી પડી. તોપણ તરત જીવ ઠેકાણે લાવી ઉઠી હોશયાર થઇ બેઠી સબબ તે જાતે આ વખત હોશયાર હતી; તેની દાનાઇએ એવા બનાવની ખાતરી માનો પોતે નેધા રાખી રહી હતી. જેવારે તે આ બેફામ હાલતથી જરા ઠર પડી કે તરત શાપુરને બાઇજત ને બેહદ નાજુખાઇથી મેલાપનો ચારો પુછવાલાગી.

એ હોશ્યાર મરદ મને માહરા આશકને મળવાની તદબીર બતાવ. તે શાહજાદા ખુશરો પરવેજના ઇશકનો ગમ મારા જીગરમાં બેઠોછે, તે શાહજાદાએ માહરૂં તન નરગેશના ફુલ માફક બીમાર કરી નાખ્યુંછે. જેમ આતશને અગર ને શુખર ખાસ કરી પસંદ આવેછે તેમ તે ખુશરો મને પસંદ આવેછે. ઓ ઉસ્તાદ શાપુર તું રાસ્ત માણ કે તેની મોહબતની ખુશબો વગર, તેના રોશન દીદાર વગર, તેની મુલાકાત વગર અને તે સાથ કદબોદાઇ વગર હું જીનહાર જીવી શકનાર નથી. નથી તાકત મારામાં તાહરા દસ્તની જાદુઇ તશવીર જોયા પછે શબર એખ્તયાર કરવાનો કે નથી તાકત તાહરા મોહડેની હકીકત શાંભળ્યા પછે જુદાઇમાં નીભવાની. મારી તાકત બીલકુલ જતી રહીછે. મારી મોહબતની હું ફરમાબરદાર થઇછું. મારા આશકની હું આશક બનીછું. મારા જુદાઇની જળનાર ગાનારી છું. મારા દીલમાં હવે આ જેહાન તે મારો દીલદાર ખુશરો પરવેજ છે. આ કુળ જેહાન તેની આપતાબી પેશાન વગર મારી નેઘામાં કુળ અંધકાર છે. કુળે શીહાઇમાં હું તેના દીદા વગર ગરક ગઇછું એવુંજ મને લાગેછે. એ નકશ ખેંચનાર શાપુર જો તું હેકમતબાજ ને દાનાવ ઉસ્તાદ હોય તો હું જેવી શીકસ્ત દીલ એક નાતવાં શાહજાદી ઉપર કાંઇ મેહેરબાની લાવ. કાંઇ એવી મેહરબાની લાવી મારી ઉપર રેહમ નવાજ કે હું મારા આશનાને એક દીદા જોવું. એક દીદા જોઈ એક તન થઇ ફીદા રેહું. તે દીલનવાજ ખુશરો સાથ એવો કોઇ આધાર મને દેખાડ કે હું તે સાથ મન ચાહી ઉમેદ મુઆફેક મલી જાઉં. અરે બુજોરગ શાપુર મને આ વતન તે દીલદાર વગર ઝેર ફુકનાર અજદહા માફક જણાયછે. હવે મારા જીગરમાં તે દીલજાનની આગ શળગીછે, તે તે વગર હોળવાઇ મારા દમને આશાએશ ને એશ ને મજો મલે એ માહાલ છે. બોલ કલામંદ શાપુર કે આ શીકશત શાહજાદીને ઉમેદના ઝળકતા તંબુમાં દાખલ થવાને પાર બંધાય. જીગરની ખાયશ કરનાર હું નાજુખ નાતવાંન ઓરતને તું કોઇ એવો મારગ બતાવ કે જમાનામાં તારી ઉપર ખુબી ને વખાણનો શરેપાવ થઈ રેહ. શીરીન ખુશરો સાથ મળે તે લતીજો જમાનો તને નામદારી ને નેકીમાં નવાજેશ કરે.

જે ઢપે ને જે ધોરણે શીરીને ઉસ્તાદ શાપુરને તેના શાહજાદા ખુશરો પરવેજની મોહબત ને મુલાકાત ચાહવાને અરજ ગુજારી, એ તે બુજોરગને કારી અશરકારક થઈ રહી. તે આ વખતની શીરીનની નાજુખી, નરમાશ ને ખુબશુરતી જોઇ જેમ કોઇ પરેજગાર પોતાની બંદગીના જોરથી યજદાન પાકની મેહર ઉતરતાં નુરના ઝમકાત ને રોશનીના નવાઇ જેવા ઓજબ થઇ રહેતાં દીલ દંગ થાય તેમ બસ પુતળાં જેવો થઇ ઉભો. તે તે શાહજાદીના રોશન મુખરો જે ઉમેદવારીનો રંગ પકડી તેજ મારી રહ્યો તે ઉપરતો ઘણોજ તરાશ પામી ગયો.

શાહજાદી શીરીનને શાપુરે તદબીર દેખાડી.

ઉસ્તાદે ખોળ્યો મનકળાનો આયેના,
સમજાવી શીરીન તેમાં સો માયના.

ધીરજ ને શ્યાણપણથી ઉસ્તાદ શાપુરે શાહજાદી શીરીનને દીલાશો દીધો. ઓ નામદાર મારોય આપતાબ ચેહેર, તારૂં દેલ હમેશાં આસુદા રેહજો. તું નામદારની ઉમરદરાજ રેહજો. ઓ દાનેશમંદ શાહજાદી આશકોને લાજમ નથી કે બેકરારીથી નાચારીમાં ગીરફતાર થાય. આશકને તો બસ મોહબતના મેદાનમાં જુશાફરી કરી માશુકનો રોશન મુખરો ઢુંડી કાઢી જુદાઈ નાબુદ કરવાની કોશેશ દીન રાત જારી રાખવી જોયે. દુન્યા નાચારી ને વાયપેળા ઉપર

ગુજારો કરતી નથી, પણ તદબીરની જળદ તેજી ઉપર પોતાનો હસતો ચેહરો દેખાડી પોતાના પાસામાં પોતાના મેહનતું રફીકને લઇ લેછે. તેમાં કીશમત કાયમ ને ઉજળું હોયછે તો ધારી મુરાદના બંદરમાં મનનું ઝાઝ ઉમેદના તમામ જાતના વેપલાના સર સરનજામ સાથ સહી સલામત લંગર કરેછે; પણ તે નાકાયમ ને લડરતું ને સીહા હોયછે તો તેનો ચેહરો જુદો લટીનો લાવેછે. માહતાબ અશીન, તું હોશ્યાર થા અને ઉમેદ પકડ કે સબર ને હીમત તારી કુમક થશે તો આ અંદેશો શીકસ્ત ખાઇ ખુવાર શરીઓ નાબુ બનશે. દાનાવો કેહછે કે આતશ પણ ઘણો વખત બેદરકારીથી પડયો હોય તો થંડો થાયછે અને આતશ ને આશક બંધે જણા એક માવો ને ખમીર કેહવાયછે તો પછે તે દરમ્યાન નકામો અફશોશ ને બેકાયદે બેદરકારી દાખલ રહીતો પછે તેમાં સાર ગોવા નાસાર છે. તું મારોય નાજનીન ગમને બીલકુલ દુર કર અને હસતી બટક ચાલ ચાલનારી ચમનની અનદલીબ જેવી થઇ રેહ અને આ ભારી મુશકેળીના મોહડા ઉપર તદબીરનો બુરખો બેંચી તારી સખીઓમાં અસલ સ્વરૂપ ને મોજીળી ઢપછપે સામેળ રેહ. એ રીતે તારી તદબીર રચ કે તેઓ તારામાં કસી તરેહનો ગમ ગોબાર જોય નહી. પછે તું તદબીર આગળ ચલાવ અને શેકારના શોખમાં તું નામદાર શાહજાદી આવી હોય એવો દેખાવ કર અને તું નામદાર માહરાણી મહીબાનું પાસ નાજદાર તને જઇ રજા માંગી શેકારગાહ જા. એ બાહાને તું તાહરા મોહોળથી બાહેર પડ અને શેકારની ધરપકડમાં તું પોતાને મદાયુનને રસ્તે ઝોકાવ; પણ સ્વારીનો ઘોડો તારો સબદેજ લેજે. પોશાગ શેકારગાહનો મરદાનેમરદનો રાખજે. જો બનશેતો હું તું શાહજાદી સાથ મદાયુન રાહબર થાશ. આ રીતે તું અસીન અમલ કરશે તો કોઇ કોઇરતાની તારી દામન પકડી શકનાર નથી કે તારા ભેદને કોઇ આદમી પામનાર નથી. શબદેજ ઘોડાની દપટને પવન પકડવાને પ્રાવે નહી તો પછે કયો આદમજાત તેની સરતમાં સર ઝોકાવશે? અગર હું ન મલું તો તું ફુરસત પામી ફરસંગ દર ફરસંગ મંજળ કાપતી મદાયુન રાહ નીકલી જા. આ અંગોઠી તું નામદાર તારી પાસ ખુબ તજવીજ ને હોશ્યારીથી જાળવજે. એ શાહજાદા ખુશરો પરવેજની ખાસ રાજદરબારી નીશાનવાળી અંગોઠીછે. જેવારે હું તેના ભેદનો મુખત્યાર થઇ અતરે કદમ ધરવાને તઈઆરી કરી ચુકો તેવારે તે નેક શાહજાદાએ મને આ અંગોઠી આપી કહ્યું "ઓ શાપુર આ મારા તનજાન જેટલી કીંમતી ને ઉપેયોગી અંગોઠી તું તારી પાસ રાખ, અને જેવારે મારા જીગરને મારી તરફ મારી મકશદ ફળતી વધાઇ આપી રવાના કરવા જેવી તકદીર પામે તેવારે આ અંગોઠી તે માહતાબ શીકળ શીરીનને આપજે અને કેહજે કે આ નીશાની ખુશરોના મેહેલમાં કોઇપણ જોશે તો તેથી મોટાં માન ને મરતબાથી તેની નોકરી ને માઉજત થતાં તે હજુરમાં આવી શકશે." તે તું શાહજાદી તદબીરથી સંભાળી રાખ; અને જેવારે તું મદાયુન જાય તેવારે ખુશરો પરવેજના મેહેલમાં કોઇને પણ બતાવજે કે તારી મુરાદના દસ્તમાં મોબતની જાઓજલાલ ફતેહ આવી પડશે. અથવા જો રાહના દરમ્યાન તું નાજનીનને તે શાહજાદા સાથ મેલાપ થાય તો આ અંગોઠી દેખાડતાં તમો આશક માશુક એક બશમ મળી જોઇ ફીદા થઇ રેહશો. વળી આ પણ તું ઓ નેક ખુબશુરત શાંભળી યાદ રાખ કે શાહજાદા ખુશરો પરવેજનો સરથી તે કમર તલગનો પોશાગ લાલ છે. કોળા લાલ, કોબાહ લાલ, કમરબંદ લાલ, તલવારની મુથ લાલ, તલવારની મ્યાણ લાલ, ખંજરનાં મુઠ, મ્યાણ લાલ અને તેનો ચેહરો પણ લાલ છે. તેનો ચાબુક લાલ, લગામ લાલ, વળી પણ જીન લાલ છે. અગર એવો કોઇ નવજવાન તને નજરે પડે નહી તો મદાયુન આગળ રસ્તો કાપતી જજે અને કોઇ રાહદારી મુશાફરને પુછતી પાદશાહાતના મેહેલોનો પતો મેળવી મુન મકશદ

પામજે. સહમાં તને વર વેપારીઓના હજારો ઉંટ ને ખચર જર ખજાણા ને જર બરકતના લાદેલાં મલે તે ખાસ મદાયુનનો મોટો રસ્તો સમજજે. અને બેદેહશત તે રાહ તું તારો શબદેજ દપટાવજે કે તું પાદશાહી મેહેલના ચોક તરફ આબાદ પોંહોંચશે. પાદશાહનો મોટો મેહેલ બીજા ચાર મોટા મેહેલથી બઉ રોનકદાર છે. તે મેહેલમાં શાહજાદો ખુશરો પરવેજ રહેછે. તાંહાં હજારો રોશન ચેહેરાની શીરકાશ્યા દેશની ખુબશુરત બાંદીઓ જનાબમાં ફરમાબરદારી ને ખેદમત કરેછે. તાંહાં જે જેહાનના તમામ જાતના ખુશબોદાર ફુલના ચમનો લગાડેલાંછે તેની ખુશબોથી ફરસંગોના ફરસંગ જમીન બેહેક બેહેક થાયછે. તે ખુશબો ને તાજગીભરેલા ચમનોના ચોકમાં તું તારો પવન પાછળ નાખનારો ઘોડો ઠોબાવજે અને માહતાબ જેમ કાળાં વાદળને ખસેડી જલકી રહે તેમ તારા સીહા અસ્પ ઉપરથી કુદી પાંઉપેઆદી થતાંજ તાંહાંની કોઇપણ બાંદીને આ અંગોઠી દેખાડજે કે શેતાબ તું માહતાબને તારા આફતાબ સામે લેઇ જઇ ઉભી કરશે, કે તું નેક અશીન તારા દીલનવાજને મળી મીઠી પાદશાહી રાહ રૂસમથી ઇરાનની ઓહળી પાદશાહાતની રાણી થશે. આમીન.

શેકારગાહ જવા રજા મેલવી શાહજાદી શીરીને માહરાણી મહીબાનુ પાસે, તેમ ખુશરોને મલવા મદાયુન જવા સંબંધી શીરીનના ફીલશુફી વીચાર.

ઉમેદ છે કે બળા ઉમેદ છે કે આગ,
ઉમેદ ગોયા સીહા વાદળરૂપી નાગ.
જે ઘડીમાં મસ્તક ઓળો દીયે મની,
કે ઘડીમાં ફુકી મારે વીષ અગ્ની.

શીરીન, ઉસ્તાદ શાપુરની તદબીર અછી પેર સમજી, પણ જેવારે તે પોતાના ખ્યાળથી ફારેગ થઇ પોતાની આસપાસ જોયછે તેવારે તે એકલી એકાંત શીવા તાંહાં કોઇ પંખી પણ નથી. તેણે અછી પેર ઓશરોની અંગોઠી જોઇ કે તેના અનમોળ ઉપર ફીદા થઇ ગયો. પણ પછે તરત તે છુપાવી અશલ આબને તેજ ને ઢંગમાં તે પોતાની શાહેળીઓમાં ભેલાઇ ગઇ. આગળ માફક રંગ રાગ ને બેદરકારી ને બાનું ખુબશુરતીનો હેંકાર એ તેણે એવાં તો અછી તદબીરથી ચાલું કરયાં કે તે શીરીન ઉપર બીજા ભેદનું કોઇને કાંઇપણ ગુમાન ગયું નહી. હરણી જેમ પોતાના ટોળાં ને જંગલમાં કુદે નાચે ચરે ને ગેળ કરે તેમ તે શીરીન તે પોતાની શખીઓમાં. અશલ માફક સઘળા ઢોંગ સોંગ રમત ગમત ને હસાહસમાં ગીરફતાર થઇ. બસ તેણે કોઇ કાળ ખુશરોની શખી શીકલ જોઇ હોય નહી; કોઇ કાળ તેને મન મોહબતનો ખજાણો જપત થયો હોય નહી; કોઇ કાળ તેણે પોતાની શખી સાહેળીઓ વચે પોતાનું પાણી મુક્યું હોય નહી અને કોઇ કાળ તેને શાપુર જેવો માહ ઉસ્તાદ મળી તેને તેના આશક ખુશરો પરવેજ સવાધીન કરી ગયો હોય નહી એવા ઉતંમ ભેદથી તે પોતાનાંઓ વચે વસી. એ રવેસ પોતાને ખાલેશ ને બેમોહબત બતાવવા થોડા દીન જવા દીધા પછે એક અરધી રાતના તે શીરીન નાજ નખરાંથી પોતાની ફુઇ જે કોહીસ્તાનની શાહાનશાહ હતી તે પાસ ગેઇ અને હસી લાડ કરી મોટાં પ્યારથી તે બુજોરગ મેહરબાન મુરંબીના પાસામાં પડી. થોડો વખત માહરાણી મહીબાનુ પોતાની ભટરીજીને તમાંમ હરખ મોહબતથી ગોદમાં દાખી મયા મોહબત કરી બુથા લીધા પછે ખુરબાન થઇ થઈ પુછવા લાગી, કે મારા મોટાં રાજપાતની

વારસ ઓ મારા કીમતી જાન શીરીન આ રવેશની સીહાશી અરધી રાતને સમે તું કેમ એખલી આવી? શીરીન હસી ગળે વળગી કોટી કરી બોલી કે ઓ મારી પાળનાર મુરંબી ફુઇ હું કાળ રોજે શીકારધા જવાનો શોખ કરૂં છું. જો નામદાર જનાબ તે બાહાલ રહે તો પછે તમાંમ તઇઆરી થતાં હું તે મારો શોખ પુરો પાડી શીકારોના ટોળે ટોળાં સાથ જનાબ કદમ આગળ આવી નમું. ફુઇ બોળી બેટા બેલાશક શીકારધા જા. તમાંમ તઇઆરી મારો ખાસ માહોળ રખેવાળ કરશે. વળી શીરીન બોળી કે હું સબદેજ ઉપર તાંહાં મારી શીકારી કશરત લેવા ચાહુંછું. મહીબાનુ બોળી એ બદ જુબાંની વાત છે. એ સબદેજ માહ તેજ ને તુંદ ને આતશ છે. તે તું જેવી એક ફુલબદનને પોતાની પીથ ઉપર જોતાંજ પોતાના તોર દમરમાં વધી પવનને ધુંજાવનાર મસ્તી કરી તું મારા અમુળા ખજાણાને જમીનપર પછાડી નાખે તો મારો જાન નીકળો જાય; માટે એ વાત મેળી દે એ કરતાં જોઇએ તો મારી પાસ મુલકો માંગી લે; જોઇએ તો મારી પાસ મન ચાહે તે પાદશાહાતનું તાજ માંગી લે. જોઇએ તો મારા તમાંમ ખજાણા માંગી લે; પણ એ સબદેજની ચાલ ઉપર હું ઘણી દેહશત રાખુંછું. શીરીન દીલગીર થઇ બસ જે ઢપ ને લઢણે પોતાની ફુઇ સાથ ગળે વળગી હતી તેમજ રહી, તેથી મહીબાનું ફરી બોળી. બેટા આ બોહળાં રાજ ઉપર તારી ગ્યાજની માગણીથી કાંઇ હોનારત આવી ઠરીછે. તું મારા જાનને મેં કોઇ ચીજ મના ગણી નથી અને તારા એક રૂવાંને મેં આજુરદા કર્યું નથી તો આજ તુને દીલગીર જોઇ મારી આંખ ભરાઇ આવેછે. બેર જે બને તે ખરૂં. જા તું શબદેજ ઉપર સ્વારી લેજે. તું ખુશી તેમાંજ હું ખુશી છું તુંને સબદેજ પસંદ આવ્યો તો લે પણ દીલગીર ના થા. બેટા તારે વાસ્તે હું આ રાજની આ રવેશ રખેવાળો કરૂંછું તો તે રાજની તું માળક તને તેની ગમે એવી ચીજ વાપડવાને છુટ છે. તું પુનમના ચાંદ જેવી બેઠી ઉપર શબદેજ ને હું બંને ફીદા હોજો. પણ એની સ્વારીમાં નચીંત ના રેહતી. એને પેહલવાની લાયક સીધા લગામ દેવાડજે કે તારી સ્વારીમાં પલાયલો ને નરમ ચાલશે. એ બક્ષેશ સાંભળતાંજ સીરીનનું મોહ લાલાના ફુલની મીશાલે ખીલી રહ્યું. તે ખુબશુરતે તરત બેહદ ખુશીથી મહીબાનુંને ઘણોક પ્યાર ને લાડ કરી તવાજો ને મોહબ-તથી બોશા લઇ તેમ આપી પોતાના દીવાનખાને આવી આરામ કરયો. તે નવી ખુશીમાં પોતાના આશક ખુશરો પરવેજના ઝલકાટમાં વીટલાયળી ખબદાર થઇ.

હોશંગના વખતે મુરગે ઉક રે ઉકની બાંગ દીધી અને શીરીન પણ ખાબથી બીદાર થઇ. હોશંગનો મીથો વખત ખુશબોના તબકમાં ખાલેશ દવના મોતીઓ વચે ખુદરતે જેહાનને નવાજેશ કરેલો પરેજગારો કદરથી ગાતા તેમ આશક માશુક રૂદનથી નવાડતાં. આબેદો યા હક બરહકના ધુંધુંધુંમાં આંખ વીંચી તશબીર ફેરવી જીંદગાનીના દીનનો દાનો દયાનતના દોરામાં પોઇ હવામાં અધર મુકી રેહતા હતા. પીરમરદો જીંદગાનીનું પ્યાલું એકુબે બુંદ બાકી જોઇ તેની ગદળાઇને ખાલેશી જાણવાના ભેદથી હાથ ઉઠાવી સબઝ તોબાના ગલીચા ઉપર મસ્તક નમાવી બેસતા હતા. ઓલીઆઓ યજદાનના નુરનું બીંબ પામવા ભવનો ભોગ દેઇ દરયાના કીનારે કે કાફને મથાલે બેસી ભણતા હતા. દીનદારો દીનના ફરમાનને જાનના ઓરયામાંથી જીભની સોતી વટે હવામાં ઉતારતા હતા અને તેમાં તેઓ પોતાની આઇન ફરજ બજાવ્યાના લતીજાની લેહેજત ચાખવાની ઉમેદવારી ધરાવતા હતા. ઓલમાઓ એલમની ધુની પામેલા મગજોથી પોતાના કેરદારનો જુમલો અકલ ને દાનેશભરી કીરતારની મેહરબાની ગાઇ લેતા હતા. ફીલસુફો અમર રૂઉના દરમયાનમાં માછી માફક વસી જતા હતા. નજુમીઓ શેતારાઓની ફીલચાલમાં ઇનશાનના દાનાને તસબીરમાં ફરતા દાના જેવા જોઇ તે બારેતાલાની ખુદરતની

ખુરદેહવસ્તા પઢતા હતા અને પોતાના એલમની તમાંમ ફતેહ ને આગઇ તે દાદારે હકની ખાસ મેહરબાનીનો હોકમ સમજતા હતા. નાસ્તીકો જીસમ ને જાન સમાગમનો દરો તેજ આ બોહલી ખુદરતનો ખુદા-તોબા!!! સમજી દોજખ જેવી જીંદગીમાં બેચેન હતા. નાપેકારો પોતાની જબુન જુલમગારી ને આજાબના વરસાતમાં પોતાની જીંદગાંનીને રગતપીત જેવી મશહુર કરી દેતા હતા. કારસ્તાન કરનારા કાલા કસરેવજો પોતાના પલીત મનશુબા પાર પડવાનો રચના ને મદદ આ શુપ ખુદરતી વખતે નકી કરવાના ફાંફાંમાં જાનનો નાશ કરતા હતા. બેવફા કમજાતી પોતાના હ્યાનતી ઠગાઇના પાસામાં પચી ગપલા ભોલા દોસ્તોના દૈવત જોરે જનીનુ કેફમા મસ્ત પડેલા હતા. ઇનિશાન્યતને દાગ ને દરદ લગાડનારા નીરલજ ને બેશમજ ચશમચોરો પોતાની હારેમની મોજજોકમાં ગીરફતાર ગોયા દરામના દરૂજો બનીને નજીસાતમાં સબરતા હતા. જાહેલો હેવાન માફક જીવતરના અમુલા સમાનો ઉપ્યોગ કરનારાઓ તો દીશે ખુને પડી મરી ચરી રેહતા બોલાડા માફક જુદાઇ ગયા હતા; પણ કંગાલ ને મોહતાજ મરદો કકલાટના પોકારો ને આજેજીના અફરસાનો પઢી પઢો પોતાની નાવાજબી બતંગ હાલત ઉપર દાદગર દાદારની મેહરબાની ને કરમબક્ષેસ ચાહતા હતા, અને પોતાની નાસજાવાર હાલતને ફેરવવાના સંબંધમાં જીગરના આતશી આશુંથી ગલતી ચશમો ને બતંગોથી ધ્રુંજતા દસ્તો આસમાન તરફ ઉંચા કરો તોબા તોજેશથી તે કરીમેકારસાજથી આશાની ચાહતા હતા. આ વખત તમાંમ જાતની નાજુખાઇનો શરોદ ચાલુ થયો હતો; જેમ કેઃ—

ભૈરવ.

હોશંગ હોગામ ગાઇ લે. બંદગીબોર—

આશમાનના મેહરાબ પર જીન અને પરી ડોળે, એ તક તું ના છોર—હોશંગ,
જમીનના ચોગાન પર પસૂ પંખી મનુ ઝુલે, એ ખેલ તું ના ભુલ—હોસંગ.
પાતાળના પેટામાં મુરડાંઓની ખાક બોલે, એ અમૃત્ત તું મન ધોર—હોસંગ.

તે મીથા વખતે શીરીને જાગીને જાનીની યાદનો ખ્યાલ કરયો. તે શાહજાદી પોતાના વતનથી દુર જાવામાં મન સાથ લડત કરવા લાગી "શું હું શીકારચાને બાહને એક શીકાર જેવી મારા આશકના દસ્તમાં જાઇ પડતી નથી? જયારે હું મારૂ વતન, મારૂં મુલક મારૂં રાજપાત ને કુટુંબ તજી તરક કરી મદાયુનનો રસ્તો પકડું ત્યારે શું મારી ઉપર, મારા કુટુંબની ઉપર, મારા બાપદાદા ને આલ ઓલાદ ઉપર કાલો દાગ નહી ચોંહોંટશે? હું એક નાજુખ ખુબશુરત શાહજાદી મારા ઇશકની ગરમી ને મોહબતની ગુલામોના જોરે મારા જોસ્યા ને દીલદારની થવાને આ રાહ એખતીઆર કરૂં એ દાનાવો પસંદ કરશે? મારી શાહેલીઓ મારી ખુબશુરતી ને જુવાની ઉપર કેવી જબાન ચલાવશે? શબદેજ મને સેજ દીનમાં મદાયુનના શાહાનશાહી મેહેલમાં લઇ જશે. કદાચ ખુશરો મને એખલી તનહા જાણી મારી ઉપર આશકીના આતશમાં બાજી લઇ જાઇ મને જનમની નાપાક બનાવે નહી એનો કોલ શું? શીરીન તું આ કદમ ભરેછે તે ખુદાના સખુનોમાં અંજાયછે કે શું? અરે કદી મારી કદખુદાઇ થઇ; કદી મને ઇરાનના શાહાનશાહે પોતાના શાહજાદાની મોરદાર મારોય બનાવી. કદી દીનઆઇનના રાહ રેવાજ માફક મારી શાદી જેહાને કબુલ રાખી. પણ તે ઉપર મારી માહરાણી ફુઇએ સહી નહી આપી તો પછે હું કેવી કંગાલ ને નાચાર એક તનહા લાઇલાજ શાહજાદી ઇરાનની રાણી કેહવાઉં! આબ વગરનું મોઠી શું બીશાત વારૂ? જુવાની વગરનું બદન શું જોરાવર વારૂં? ગંજ ખજાનાની બેમુલી રોત વગર એક નવશી શું બેચાણુ વારૂં? અને રાજપાતના નજરાણા વગર એક શાહાજાદી એક મોહટી શાહાનશાતને શું ખુશા

શી વારૂં ? હા! હા! આજ મારી માદર હઇઆત હતે તો આ મને ગુચવણની સફાઇ મળતે. વારૂં કદાચ હું શેહેરગ્રાને બહાને મદાયુન મારા દીલદારના દીલની આરજુ અને મોહબત ને આશકી માફક નહી જાઉં અને મારી ફુઇને આ વાત જણાઉં તો તે મને તે શાહજાદાને મારા ખાવીંદ તરીકે માંગણી કરવા કબુલાત આપશે ? વારૂં ફુઇને શમજાવું તો જેની શમશેહેર ને હાક પાશ જેહાન ધ્રુજેછે એવો જે ઇરાંનનો મોટો શાહાનશાહ હોરમજ તે પોતાના એક પુરા બેટાને કોઇસ્તાનની ખુબસુરત શાહજાદી જેનો સઘલો મદાર તેની ફુઇના ફાંટા ને પ્યાર ઉપર તે સાથે કદખુદાઇમા આપવા રાજી થશે! આ સવાલ પુરવા માહ બીકત છે. માહ બીકટ ઠાણે બીકટ તે રાજી થાયતો તેનાં મેહેલમાં મારે ખાલી હાથ ને ખાલી તને જવું છે. આ ખ્યાલ મારૂં મગજ એવું શીકરેછે કે હું પોતે શમજી શકતી નથી કે કેવી રાહ લેવું ? વલી પણ મેં યજદાન પાકના કશમથો તે શાપુરનો ભેદ લીધોછે. તે કોણ, તે શબી કોણ, તે શીકલ કોણ, તેને હાં આવ્યાનો અર્થ કોણ ? એ, તે કશમજોરે રાસ્ત ને દરૂસ્ત તે ઉસ્તાદ શાપુરે મને જણાવ્યુંછે; પછે પણ મારા પુછવાથી તે ભલામરદે મને રાહ બતાવીછે. રાહ બતાવ્યામાં કોલ ને ઇમાન ને વફાદારી ને ખુશરોની ખાલેશ મોહબત જણાવીછે. તે ખાલેશ મોહબતનો ગીરફતાર મારી ઇનતેજારીમાં કેવો ને કેટલો ચકચુરછે તે તેની જાન ને પાદશાહાત તોલની અંગોઠી આપી મારી મદારત ને ખાતરી કરીછે. મારે ખાતર ખુશરો બેચેન ને બેઆરામ થાયછે; તે જણાવી મારી આશકીના આતશ શનમુખ તે દીલદાર આશકીનો જલજલતો જાવેદાન આતશ મેલ્યોછે. મારૂં મગજ કહેછે કે તેનો આતશ મારા આતશ ઠાને જબરો ને તેજ છે. તેમાં વફાદારી હોરમત ને મારી ઉપર તમામ ફીદાગી છે. મારી ઉપર તેના જાનનો સદકો ને શોભા તે ભલા પીરમરદ ચીતારાએ કહી શંભલાવી મને મદાયુનથી વાકેફ કરીછે. મદાયુન ને તેના મેહેલ ને તાંહાંની રાહ રસમ, તાંહાનો વેવાર ને મારા દીલદારની માઉજત કરનાર બાંદીઓનો ઇશારામાં હેવાલ સમજાવ્યોછે! તે શાહજાદો મારી સાથ કદખુદાઈ ચાહેછે તે જાણ્યા આગલ હું તે ઉપર તે જેમ કહે તેમ તેની થવા જેવી આતશી હાલતે આશક થઇ ચુકીછું, તે છતાં તેના છુપા જાશુસ ને કારસાજી કરનારા ઉસ્તાદથી તેની ખાલેશ મોહબત ને આશકી શાંભલી હું તેની ભલી મોહબતમાં ઓર પુર દીલ ગીરફતાર થઇ છું. હું તે પાસ જાઉં. હું મારી નજરે એકવાર તે આશક નવજવાન ખુશરોપરવેજને જોઉં. હું તેની ગોદમાં પડું તેના સીના ઉપર મારૂ નામ શીરીન કેવી રીતે છુપું લખાઇ કોતરઇ રહ્યુંછે તે જોઉં. તેનો બદલો ને નતીજો આપું. તે હેશાનનો શદકો આ મારો જાન તે ઉપર આપી દેઉં. તે આફતાબ ચેહરાને આ મારો માહતાબ ચેહરો નજર કરૂં અને કેહું કે મારી પાસ જે છે તે હું તું આશક સમાયલા જીગર શીકલે છું! જોઇએ તેમ મને કબુલ રાખ અને ઇમાન ને વફાદારી ને યકીન જેમ એક બીજાના માયના છે તેમ હું ને તુ ને આપણી દીલલગી એ તમાંમ સ્વરૂપ એક થઇ રેહશે. મારી ખુશી ને મરજી ઉપરાંત તે મારા બાલને પણ દસ્ત કે આંગલી લગાડશે તો હું કેહીશ કે "ઓ દીલજાન મારા, તું મારે લાયક મારી મદારા જે મને તારી ખાશ મોરદાર કરવામાં છે તે રાહ રસમનો તરીકો તારા શાહાનશાહ પેદર પાસ મંજુર કરાવી તારા મોહોલની શીરીન બનાવ, મને તારા મનની શીરીન બનાવવામાં જેમ ખુદરતને દસ્તમાં આપી તેં શાપુરને મારા ચમનમાં મુશાફર મરદ તરીકે મોકલ્યો; તેમ તું કોઇ ઉસ્તાદ કરવૈઆને દસ્ત તારી મુરાદનો પરવાનો આપી તારા પેદર ઉપર મોકલી તેની મોહબતનો વરસાત મારા શર ઉપર વરસાવવાને ફતેમંદ થા. મારા તનનો ખુશબો જોઇએ તેમ દુરથી લઈ તારા નેણુના નુરી ઝલકાતથી મને જીવવા દે, પણ જો માહરી તન કલી હાથમાં લઇ તારા મનના તમાંમ

હરખ ને આતશી દાવપેંજમાં મને પરેપર ખુલી કરી નાખી એક ફુલ બનાવવું હોય તો તારા દસ્તુર દાવરો, માબેદો એરબુદો ને બરશનુમવાલા પરેજગારોના ચ્યારાં મુકાંમ આતશબેહરામમાં ઇરાનના શાહાનશાહ ને તેની અનજુમન હજુર જંદના આશમાની આશીરવાદમાં ને ઇરાનની ખલકની નેક ને ખુશ દુવાદરૂદોના નજરાણામાં મને તું પાકીજગીના અમર દરખતથી ચુનો લે અને તારે શીને મને દીલ મીશાલ વળગાવી મારી જીંદગીનું ચ્યાલું તું નોશ કર." હા. આ રીતે મારે મારા દીદાર ખુશરોને આ મુલક મુકી મલવું તો જોઇએ. મલ્યા વના મનનો મેલો જેવો થવો જોયે તેવો બીજા મારફત થનાર નથી. પછે હું તમાંમ રીતે નશીબદાર મારા જીગર જાન ખુશરો પરવેજને લઇ મારી મેહરબાન ફુઇની કદમબોશી કરી જો મારી દુરી ને નાફરમાનીની માફી માંગશ તો માદર તોલની તે મારી મેહરબાન ફુઇ મને પલકમાં નવાજશે. મને મારો દીલદાર ખુશરોપરવેજ મળ્યો તો પછે આ જેહાન મને મલીને હું પુર જાઓજલાલજ થઇ. બસ મને મારો દીલદાર ખુશરોપરવેજ મલો કે મને સારી જેહાન આબાદ છે. શીરીન આ વીચારમાં એટલી ગરક ગઇ કે તે મધુરે વખત બામદાદ રોશન થઇ રહી.

શેકારગાહુ ગઈ શીરીન શબદેજ ઘોડા ઊપર સ્વાર થઈ.

કાલાં આશમાન પર ખીલ્યો ખુલો માહ,
ખીલી શીરીન શબદેજ ઉપર શેકારગાહ.

બામદાદ રવેઆથી શીરીનની શાહેલીઓ તેના દેવાનખાનામાં ગઇ તો, શીરીનને જુના મોતીની ઝલરવાલી શીઆલે તન બદન ઢંકાઇ જાગતી પડેલી જોઇ સંઘી નાજની હસી હસી ઓવરાઇ ગઈ. એકે તે નાજનીન ઉપર ખુશાલી વરશવાનુ ગાયન ગાયું. બીજીએ તેની રૂપેવાલી ફીરેસ્તા કરવાવાળું ભજન ગાયું. ને તરીજીએ તેની જુવાનીને બાગોબહાર બામદાદ સાથ સરખાવતી લાવણી લલકારી. એમ જેણે જેમ ફાવ્યું અને મનમાં આવ્યું તેમ શીરીનને પોતાના પ્યારની નીશાની બતાવી. એ હસાહસ, એ જુવાનીનો ખેલ ને એ ખુબશુરતીની રમુજ જયારે થોડી નરમ પડી ત્યારે શીરીન પોતાની હમશોહબત મેહરબાન ઓરતોને જોયાની આભારી થઇ બોલી. તે એવીતો આહેશતેગી તથા મીઠી જુબાનથી હસતા લબ ખોળી કેહવાલાગી કે બસ બાદેશબા તાંહાં તે રૂપ ઉપર ઠરી ગયી. શાહેલીઓએ શાહજાદીથી શેકારઘા જવાની ખાયશ જાણી તેવારે તેઓ સંઘી કુરબાની કરતી પોત પોતાને દીવાનખાને પાછી ફરી. તેઓએ તરત માથા ઉપરના જરી બેશ કાઢી નાખી તથા તનના જનાનો પોશાગ દુર કરી શેકારઘાના મરદાના લેબાશ બદનમાં પેઢી લીધા. મરદ માફક કશબના દગળા ને ઇજારમાં શોભા ભરેલાં થઈ કમરે કમરબંદ ભેરવી ખંજર ખોસ્યાં. તે જમાનામાં શેકારઘા જવાનો પાદશાહી ઓરતોનો રાહ રશમ એ હતો તેથી તેઓ સર ઉપર વાંકી કોલાહ મેલી પોત પોતાના ઘોડા તઈઆર કરવાનો ખીદમતગારોને હોકમ કરી શેતાબ શીરીનના દીવાનખાનામાં ગયાં.

તાંહાં શેકારી પોશાગમાં શીરીન એક નખરાંદાર જવાન ગોયા નુરી પરીજાદો હતી. તેના બદનમાં સીહા મખબલનો જભો હતો. કમરે બેમુળા હીરાનો કમરબંદ તે દરમ્યાન માણકનો મુઠનું ને સુના મ્યાનનું ખંજર હતું. તાંહાંથી એક જર ને રેશમના જુલતાં પકરે મોતી મુઠની ને ચાંદી મ્યાનનો શમશેર આશમાનમાં જેમ પુછડ્યો તારો દાંસે તેમ દીસતી હતી. તેના પગમાં મખબલનો મરદાનો શીકારગાહનો જોરો હતો. તેની ઇજાર પણ ઉંચી સ્યાળો

મખ્મલની શમશેહેરબાજ લડાયકોને રવેશની હતી. તેના હાથમાં કમકરાંની મુઠ જે ઉપર ફીરોજા જડેલા અને ચીમકી, કાળા ઉનની વણેલી એવો ચાબુક હતો. તેને આંગળે પેલી શાપુરે આપેલી એકજ બેમુળી અંગોઠી હતી. બાજુ ઉપર શેહતુંર જેવા લીલાં ને લાલ લુલકો ને પશતાં જેવા મોતીની ઝાલરે ઘેરાઇ લટકતાં મોટાં રાજાવરખની બાજુબંદ હતી. તેના ગળામાં ખાલેશ આબના ખબુતરના ઇંડા જેવા મોતીની શાત શેરી માળા વચે વચોવચ શુકર શેતારા નામનો કોઇસ્તાનની પાદશાહાતનો વખણાયલો હીરો લટકતો હતો. તેના કાણમાં બે પાદશાહી મોતી ખાલેશ હીરાની કડીમાં પોવાયલાં પેહેલાં હતા, અને તેના સર ઉપર કોહીસ્તાનની રાણીનું એક ઉમદા તાજ હતું. આ શોભા તે શીરીનના માહતાબ ચેહરાને ઓર ઝળકતો કરીને તેની તીરનદાજ ચશમો ને કમાન મસ્ત ભવાંથી તે શીકળ કે નુર! એ સમજવાને મુશકેળી પડતી હતી. તેવી શીકળ નુરની શીરીન જ્યારે કાળો રાત ખુંજે ને બીએ એવા કાળા સબદેજ ઘોડા ઉપર જેમ હરણ શપરચંદના ઝાડ ઉપર કુદી તેનો ફલપુર ઝુળતી ડાળો ઉપર બેસે તેમ તે ઉપરના જરી જીન ઉપર બેડી કે બીજી પળે તેની સંધી શાહેલીઓ ઘોડેશવાર થતાં તે માહતાબ શીરીન પોતાની શેતારા શાહેલી સાથ શેકારધાના આશમાન ઉપર ઘોડો દપટાવી ઉડી.

શેકારગાહમાંથી ગેપ થઈ ગયી શીરીન તે મહાબુનની રાહમાં.

મોહબત પાસ ના ગણકારી શાહેલી કે ફુઇ,
ના પાદશાહીનો વારસો ના ચમન ખુશબુઈ.
ના વતનની મોહબત કે ઓલાદ શેરખરૂઈ,
બદલો ઠગઇનો શીરીન આખર છે ઠગઇ.

જેવી શીરીન હરણી માફક શબદેજ ઉપર એક ઝપાટામાં સવાર થઈ તેવીજ તે સમજી પોતાને મન કે પોતાના દીલદાર આશના ખુશરોને મળીજ. તે લગામ ધરી શબદેજ કુદાવી ઉડી કે શાહેજાંઓ તે પાછળ ઘોડા પુર તેજ મુકી રહી પણ કાંહાં શબદેજ ને કાંહાં બીજા ઘોડા. કાંહાં પવન તોફાની ને એકુ કલાકે વાગતી નરમ બાદનો ઝરો! અફશોશ તે શાહેલીઓ પાછળ પડી ગયી. શેકારગાહમાં તેઓ પોત પોતાની કશરત ને બાજી કરી શેકાર પકડી જ્યારે સઘળી એક જગો રાબેતા માફક મળતી તાંહાં શીરીન વગર આવી ઉભી ત્યારે તેઓના મુખરા ઉપરનો રંગ ઉડી ગયો. તેઓ ગમ ને આશુમાં ફાકી જેવીઓ તાંહાં ઉભી. પેહેલાં જ્યારે શેકારગાહના જંગલમાં શીરીન ને તેઓ યાહુમ ઘોડા નખાવી ઉડી ચાલ્યાં તેવારે તેઓ શીરીનને શબદેજ ઉપર પુર જોર જતી જોઇ તેઓ એવું શમજતાં કે કઇ રોજે શબદેજ છુટો થયોછે, તે શીરીનને પોતાની કશરત ને જોરની ઓળખ કરાવેછે, અને પોતાના પુર જોસામાં જંગલ હલમળાવેછે. જેવારે શેકારધામાંથી શબદેજને ઘણો તેજ ચાલ દુર વધી ગયલો જોયો તેવારે તેઓ શમજયાં કે કોઇ જબરો શેકાર શીરીનને દસ્ત લાગોછે, તે દુમબાલે તે જાએછે; તે વખતે તે શાહેલીઓએ જાણ્યુ નહી કે શાહજાદી શીરીન ખુશરોની શેકાર થવા તેની મોહબતની મારી મહાબુનનો રાહ પકડેછે અને શર ઉઠાવી પુર જરફ ને તેજીથી શબદેજને સાંધણ કરી વતન ને મુલકથી નીકળી જાયછે. શાહેલીઓએ શેકારો તો ખુબ માર્યા હતા પણ શીરીન વગર મહીબાનુ પાસ ગમે એવા શેકારો લઇ જવું ગોયા ગજબ લઇ જવા બરાબર જાણી તેઓ અંદેશામાં પડયાં. ઘણીઓએ ચોતરફ પોતાના ઘોડાઓને ચારો પગે યાહુમ છોડી મેલ્યા પણ શબદેજ પાછળ જવું તે કોઇ ભમાવતા છાયાં પાછળ તે પકડવા ખાળી જેહમત ખેંચ્યા બરાબર હતી. સમીસાંજ તલગ સંધી શાહેલીઓએ શીરીનની જોશતેજે,

ફરી. જંગલે જંગલ ફરી વળી પોકારો ને બુમ પાડી શીરીનને બોલાવી પણ જેની હસ્તીજ નહી તેનો પતો કાંહાંથી મળે. આખર સંધીઓ નાશીપાયશ થઇ સંધા શીકારો તાંહાં પડતા નાખી ગમખાર ને રડતી જેવી પરેશાન હાલે પોતાને મેહેલ ફરી. તાંહાં ફીકરમાં પડયાં કે હવે માહરાણી મહીબાનુને શું જવાબ દઇશું. રાતની ખાણાની મીજલશ મહીબાનુની દરગાહમાં થતી હતી. તાંહાં તે શેતારા માશાળની તમાંમ શાહેળીઓ પોતાની માહતાબ શીરીન વગર જતાંજ તે રાણીના તખત નજદીક રડતી આંખની પાપણોએ જમીનની જમીન ને બોશા લઇ શીકારગાહની તમાંમ હકીકત કહી પોતાના આ કડવાં નશીબાની બાજી ઉપર અફશોશ કર્યો. તેઓ સંધી એક અવાજે બોળી, કે "ફરતાં આશમાને એવી બાજી રચી બેળીછે કે શીરીન ગોયા એક નાજુખ શીકાર જેવી આપણી પાદશાહાત ને આપણા કબજાથી ગુમ કરી નાખી. શબદેજ ઉપર શીરીન ગોયા હવા ઉપર હોનારત સ્વાર હતી. શબદેજ ઉપર શીરીન ગોયા દીલ ઉપર દીદાર સ્વાર હતી. શબદેજ ઉપર શીરીન ગોયા વીજળી ઉપર ચંદર સ્વાર હતી. શબદેજ ઉપર શીરીન ગોયા વાદળ ઉપર ચકોર સ્વાર હતી. શબદેજ ઉપર શીરીન ગોયા બાદેશબા ઉપર ખુશબુઇ સ્વાર હતી. શબદેજ ઉપર શીરીન ગોયા રાત ઉપર વેમાય સ્વાર હતી. શબદેજ ઉપર શીરીન ગોયા નખરાં ઉપર શરમ સ્વાર હતી. શબદેજ ઉપર શીરીન ગોયા આગતર અજળ સ્વાર હતી. શબદેજ ઉપર શીરીન ગોયા ખ્યાળ ઉપર ખુમાર સ્વાર હતી. શબદેજ ઉપર શીરીન ગોયા વખાત ઉપર કીરણ સ્વાર હતી. શબદેજ ઉપર શીરીન ગોયા ચેરાગ ઉપર ઉમેદ સ્વાર હતી.

શબદેજ ઘોડા સાથ શીરીનના ગુમ થવા ઉપર માહરાણી મહીબાનું અફશોશ કરતી તે શાહજાદાની જુદાઇ ઉપર માહેતંમ કરેછે.

જીવ જયારે ખોહી આશા થાયછે નીરાશ,
જીંદગી નાશીપાયશ થાયછે હેડે હરાજ.
ત્યારે ગમ ને માહેતમ બેકીમતી શરીક,
શીરીનની જુદાઇ છે મહીબાનુંને વીખ.

શાહેલીઓની જુબાનનો હેવાલ સાંભળીને મહીબાંનુને પોતાનો જુનો ગમ તાજા જખમથી નવેશર ઉભરી આવ્યો. આ ગજબે તે નામદાર રાણીએ પોતાના જવાન પાદશાહ ખાવીંદને યાદ કર્યો. પોતાના પાદશાહ બીગાદરના હવાઇ ઓળા ઉપર નજર નાખી પોતાનાં એક પછે એક એશ એશી જે નવજવાન ને પાદશાહી ભોગવવા લાયક તે જીનતનશીનોના રૂવાનોને યાદ કરી રેહતાં શેતાબ બેહોશ થઇ તે રાણી તખત ઉપરથી નીચે પડી. જયારે હોશમાં આવી ત્યારે પોતાના સર ઉપર ખાક નાખીને શીરીનની યાદ બેઅંદાજે કરવા લાગી. મોતી જેવાં આંશું આંખથી તપતપ તપકાવતી તે માહેતંમના અવાજે બોળી કેઃ—

"શીરીન તુને કોણ લઇ ગયું? ઓ માહરા રાજપાતના લાડકા માહતાબ તારી ઉપર કોણ કાળા અબલીશનું વાદળ ફરી વળ્યું? અરે તું તો એક ગુલાબની ખાલેશ કળી મારા ઉમેદના ચમનમાં લાગી રહી મને પુર ખુશબખતી ખીળવી રહી હતી; તે તું હમણા કયાં ને કોણના ચમનમાં જઇ ઠરી ખુશબો આપતી પડી? અરે મને ખબર પડતી નથી કે એવા નાજનખરાં સાથ તું શાહજાદીને કોણે મારી નજરથી દુર પાડી? અરે મારી થી તકશીર થઇ કે તેં મારી ઉપરથી દીલ ઉઠાવ્યું ને મોહબત તોડી! મારા કરતાં બીજું કોણ તને પસંદ આવ્યું કે તેને

મેજબાન કરી તું તેની મેહમાન થઇ? જો મારેથી તારાં દીલ ઉપર કાંઇપણ ગોબાર આવ્યો હતો—તેં મને ગઈ રાત શબદેજની સ્વારી માગી અને મેં એક સાઅત ના કહી એટલી આજોરદા કરી તેનો ગુસો આવ્યાથી તું મારેથી નારાજ થઇ મોહડું ફેરવી ગઇ હોય—તો તને લાજમ હતું કે પેહલા મારૂં સર તારા પંજરે મારા તનથી દુર કરતે ને પછે તું હાંથી નીકળી જતે તો મારૂં રવાન ખુશ થતે. ઓ શીરીન તું વગર મને આ પાદશાહી પસંદ નથી. મેં જાતે જેહમત ને જંગ કરી કરી બીજા મુલકો ફકત તારે ખાતર લીધા કે મારા ગુજરવા બાદ મારી નામદાર ભતરીજી તખત તાજ ને જાઓજલાલી સાથ પાદશાહી ચલાવી મારૂં નામ આશમાન સાથ બુલંદ રાખશે. એવા ઘણા અંદેશા મેં કરી રાખ્યા હતા અને તે પ્રમાણે તઇઆરી પણ થઇ તો તે તમામ તું મેળી એકાએક કેમ જતી રહી? મારી દુરઅંદેશ નેઘામાં એવું આવેછે કે તું એક ગોયા હોમા પંખીજ તે કોઇ હોશ્યાર આશક શેરની ચુંગાળમાં પકડાઈ હશે. ઓ બેટી મને તારી દીનરાત ઘણીજ ફીકર હતી તેથી હું રાત દીન તારી કદખુદાઇ કરવાની તદબીરમાં રાજા પાદશાહોના માગણા આવે એ તજવીજમાં હતી, તેટલાંજ તું એક હરણી જેવી નાજનીન શેકાર તે ખુદા માલુમ કયા શેર જેવા નાજદાર શેકારીની જાલમાં ફસી! તું મારી પાદશાહાતની માહતાબ તારા શેતારાઓથી કાંય જુદી પડી? તારૂં સીધા સરૂ મીશાળનું તન મારા જીવનાં ચમનમાં જગા રાખતું હતું. તે શરવની હરેક પાંખરી તે મારા બદનની રગ હતી. તાહરૂં પુનમના ચાંદ જેવું મોહડુ માહરા દીલનો જાન હતો. ઓ કોહીસ્તાનની પુનમચંદ શીકળ મારી આગળથી ગુમ થઇ તું કયા નેકબખત ઉપર તારી રોશનીનો ઝળકાત નાખવા ગઇછે? એક વખત ડાળોથી ચુનાયલું ફુલ તે જગા ફરી જઇ ઠરતું નથી. એક વખત આશમાનથી શેતારો ખરી પડયો તે ફરી તે જગા જઇ જડાતો નથી. એક વખત ખાનમાંથી નીકળેલુ લાલ ફરી તે અશલમાં મળતું નથી. એકવાર જે નરીઓ પડતો થયો, તે ફરી અશલ માફક તેજ બનતો નથી. એકવાર તુટેલું દીલ ફરી તે માફક સંધાતું નથી. એકવાર ગયલી હોરમત ફરી આવતી નથી. એકવાર ગયલી મોહબત ફરી દીલ ઝળકતી નથી. એકવાર ઇનશાન જે બેવફા થયો તે ફરી વફાદાર બનતો નથી. એકવાર શીપ દરીઆવથી બાહેર લાવનાર ફરી તે દરીઆવમાં નાખતો નથી. એક જખમ ખાઇ મુએલું બુલબુલ ફરી ગુલાબની ઝાંડીબંદ ખુશબોથી જીવતું થતું નથી. એકવાર નીરાસ જીવને ફરી આશા અશલ આબ દેતી નથી. એકવાર બાનુ નુર ગયું તે ફરી કરોડો ગંજ ખરચ થતાં રજ મળતું નથી. એકવાર જુવાની ગયી તે ફરી આવતી નથી. એકવાર પંખી સપડાયું જાળમાં તે શીકારીથી ખલાશી પામતું નથી. આબહીન થયળી અબળા ફરી પોતે અસીન થતી નથી. એકવાર ગમના ફાટી નીકલેળા જુદાગી ખેંચતા જીવનો હરફ ફરી ખુશાળીમાં બદલાતો નથી. એકવાર પડેલો વીજળીનો સપાટો ફરી આશમાન ઉપર ચઢતો નથી, અને એકવાર વીજળી પડી ખાક રાખ કે કોયલો થયલો ખુબશુરત બાંધો ફરી અશલ આબને જીંદગાનીમાં ઉઠતો નથી. આશમાન ઉપર તમામ શેતારાઓને હાજર નાજર જાણી મારી માહેરમના ધુંઆનો ચકરીઓ ગુમ્બજ તે આશમાન-તાઇ ઝળકતાં અખતરો દરમ્યાન ચઢાઉછું કે માહરી વાહળી તખત તાજ વારશ શીરીન વગર હું બીલકુલ વાએજેહાંન છું. તેમ મારી શીરીન તું હવે આવી મળે એ ખાબમાં મારી જીંદગી ખતંમ થશે. જેમ બેમુળું નંગ નીકળી અંગોઠી આગળોમાં રહી જાય તેમ તું નંગ ગુમ થયું ને તારા ખ્યાળની ખાલી અંગોઠી મારા દીલમાં પોવાઇ રહીછે." એ મીશાળ તમાંમ રાત કોહીસ્તાનનો રાજ મોહોળ શીરીનની જુદાઇનો ગમ ખેંચતુ હતું. સારા શેહેરમાં તે ગમ ફેલાયો હતો અને પાદશાહાત અફશોશ ખેંચી રહી હતી.

રાણી મહીબાનુના ગમમાં કોહીસ્તાનની આલમ ગરક ગઇ. તેના લશકરમાં તમાંમ જગો હો હા થઇ રહી. ઘણા નેકબખત ચુનનંદા જંગી શીપાહ શીરીનની શોધમાં કમર તંગ કરી બાહેર પડયા. ખુબશુરત શાહેલીઓ તે તમામ જંગી મરદોને પોતાની શાહજાદીની શોધમાં શેતાબ જવાને આજરબાહી કરી કેહતી હતી. શેહેર ઉલટ પૂલટ થઇ ગયું હતું. જયાંહા ત્યાંહાં ખુબશુરત શીરીનની ચાલ ને નાજ ઉપર નુકતેચીની થતી હતી.

રાણી મહીબાંનુએ શાહજાદી શીરીનની સોધ મોકુફ રાખી.

માહતાબ છે તો આપો આપ થાશે રોશન,
કાળું વાદલું ઢાંકશે ના વધુ વખ્ત હોશન.
જુવાની છે તાંહાંજ છે હાજર પુર જોબન,
બુઢાપો છે તાંહાંજ છે હાજર કાળ કપન.

ખળકના તમાંમ મોટા જરદારો ને લશકરના તમાંમ ચુનનંદા જંગબાજો ગમમાં ગરક થયલા રાણી મહીબાનુ હજુર ઉભા. થોડો વખત ચુપકીડીમાં તે જબરા આપતલોકા ગમને નમી ઠરયા પછે તે તમાંમ નેકબખતોએ માહ ગમથી સર નમાવી પોતાની મોટી રાણી જનાબ અરજ ગુજારી કેઃ—

"અમારી અપતે કેશવરમાં વખાણાયલી ને માહ નામદાર રાણી લાંબો જમાનો અમારી ઉપર કાયમ રેહજો. ઓ રોશની મીશાળના ઝળકાતમંદ રાણી, શાહજાદી શીરીનના ગુમ થવાના ગમમાં તું નામદારની આખી પાદશાહાત દીલગીરીમાં ગરક ગઇછે. અમો તમારી પાદશાહાતના તાબેદાર ફરમાબરદારો, ખળકના વડા છેયે. અમારી મરજી સાથ અમારી નેક નામદાર રાણી એકમત થાય તો અમો આપણે તાબેના પાદશાહો, રાણીઓ, સપેહશાલારોને હોકમ મોકળ્યે, કે જયાહાં પણ આપણી માહતાબ શીરીન હોય તાંહાંથી તે રોશની શરમાવનાર સરસ શીકળ શીરીનને તેની રાણી મહીબાનુ પાસ તેના મરતબાને છાજતા દબદબાથી મોકળી આપે. ફરી આપણા પોતાના લશકરને શાહજાદી શીરીનની બાચ તલાસમાં ચોતરફ વીખરી નાખ્યે, અને જંગી સપેહશાલારોને તાકીદનો હોકમ કર્યે કે તે કોહીસ્તાંનના તાજની નશીબદાર વારશ પરી શીરીનને મોટાં શલુખ ને ઇજતથી આપણી દરબાર હજુર લાવે. આશમાન ઉપરથી શેતારા ખરેછે એ આપણે નજરે જોયેછે પણ તે શાની કોઇ જગો જણાતી નથી. શીરીન કોહસ્તાનની શાહાનશાતનો શેતારો તેના નશીબાના આશમાનથી ખરી પડયો, પણ તેની નીશાન મળશે એ ચોકશ થતું નથી, પણ ભલી જેહમત ને ખરા હકનો નવાજનાર તે કુળ જેહાનનો ચલાવનાર બારેતાળા આપણા આ કારી ગમ ઉપર મેહરબાની ને ઇનશાફ નવાજશે. નેકનામ જેહાન રોશન રાણી મહીબાનુની અમુળી ઉમેદ શીરીન ફરી કોહસ્તાનની શાહાનશાતને બક્ષી ગમખાર આ પાદશાહાતને ખુશાળ કરશે. જોસતેજુઇના પેગાંમો ફરી વળશે તો આપણા પડોશી પાદશાહો આપણા આ એજગબી જેવા આંદેશામાં શરીક થઈ આપણને કીમતી મદદ કરશે. ખુદા મેહરબાન છે તો શબદેજ જેવા સીહાદેવ ઘોડા ઉપર શીરીન આ જગોથી નાહાસી ગયીછે તે ફરી આ જગો હાથી ઉપર ગોહરની અમારીમાં સ્વાર થઇ દાખળ થશે અને આપણા માહેતમપોશ તનમાં ખુશબખતીનો હોશ ઉભાવશે."

રાણી મહીબાનુંએ પોતાના અમીર ઉમરાવો ને શોદાગરોનો મોટો ઉપકાર થયો કહી જણાવ્યું કેઃ—"મારી વફાદાર ખળકના વફાદાર શરદારો તમારું દીલ જોઇ હું દીલાશો પામીછું

મારી નેક શીરીનની જુદાઇના ગમમાં તમો જે ભાગ લીધો માટે હું મગરૂર છું. મારા નેકનામ અમીર ઉમરાવો મારી નેક શ્યાણી શાહજાદી શીરીન મારા અખત્યારથી ગુજરી ગયીછે. મારી જેહમત ને હેરાનનો બદળો તે નાજનીન બેટીએ એ શીકળનો વાળ્યોછે તેમાં જે થયું તે ખુદાની મરજીનું થયુંછે એ હું માનુછું. હું મારી લાડકી પુતલી શીરીનને જેહાનમાં એ નામોશી પાંહરી ઓર પણ મારા કુટુંબ ઉપર કાળો દાગ લગાડવાનું આશકારાપણું મેળવવા ચાહતી નથી. બનનાર હતી તે બની, ને ગમની આગમાં હું ફુકાવાને શરજેલી તે હું ફુકાઇછું. શીરીનની જુદાઇ માહરૂં જીગર ખાક કરેછે, પણ તેની જુદાઇ ને મારી પાસની જતી રેહવાની વીગતથી જેહાનને રોશન કરવામાં મારી નેક નશળ ઉપર કાળો નકલનો શિરો તાણ્યા બરાબર છે. તે વાતથી દરગુજર કરી જાઉછું. હું મારી પીઆરી શીરીનની તલાશને હાલ તરત મોકુફ કરૂંછું અને મારા વફાદાર લશકરના સુનનદાઓને પોતાનો જંગી પોશાગ તનથી દુર કરવા હોકમ કરૂંછું. મને ખુદાતાળાએ ગઇ રાતના એક અજાએબ ખાબ દાવીછે. તે ખાબ ઉપર હું હાલતરત શોકર ગુજારી કરૂછું. તે ખાબ હું તમો જેવા મારી વફાદાર ખળકના દાનેશમંદ શરદારોને જાહેર કરવાને કસી અડચણ જોતી નથી. તે ખાબ તમો તમામ નેક બુજોરગ અકાબરો શાંભળો કે:—

"એક બાજ ઉજળું બરફ જેવું, ચાંચ જેની અકીક જેવી ચમકાર દેતી, ચશ્મ જેની ગોહરના બે દાના જેવી ઝળકતી, મસ્તકે કલગીર ને મુખરો ગોયા માહતાબ રોશન થયા જેવો, જે કદમાં ઘણુંજ મરોરદાર ને પગમાં નાજુખ ને લાલરંગી પંઝાનું જે હું મારા દસ્ત ઉપર હસી રમાડતી લઇ બેઠીછું, તે સાથ દીલની મોહબત ને ઉમેદની લેવર દેવર અજમાવુંછું, તે બાજને હું ઘણુંજ મીથું બેત સંભળાવી તે ઉપર મારૂં રાજ્યાત ફીદા કરી રહીછું; તેવામાં તે મારા દસ્તથી ઉડી ગયું અને હું નાચાર જેવી જાર જાર રડતી સીનો લોહી લુવાન કરતી માહેતંમમાં ગરક છું. મારા ખુદાને પોકારી પોકારી મારી ફરયાદ સંભળાઉછું. હું દાદ ચાહવા મારા તન બદનને બેશામ કરવામાં કસું બાકી રાખતી નથી; એ રીતે સાપત એક ગુજરાને હું માહેતમની મારી બસ બેશામ જેવી પડીછું તેટલાં તેજ બાજ હસતું લાડ કરતું કાંઇ રસ વરશાવતી બોળી બોળતું ને હજાર પીઆર ને દીલલગી દેખાડતું જરૂરથી અસલ મારા દસ્ત ઉપર અસલ ઢપે આવી બેઠું."

મારા મેહરબાન અમીર ઉમરાવો ને લશકરના શપેહશાલારો આ ખાબની ધીરજમાં હું પોતે પોતાના ગમ ને દીલગીર હાલતથી સમાવા માંગુછું. તમો તેથી આ મારી હીનપરતીના માંડેલા દાવમાં ફસી પડી મને ફસાવાથી દુર થાઓ, જેવારે હોનારતનો હોકમ આપણ ગમે તેવાં પણ આકશારો ઉપર પોતાના પુર તેજથી અમલમાં આવેછે તેવારે તે હોકમ સામે સરકસ થવામાં જીનહાર નફો મળનાર નથી, આ હીંગામમાં આપણે ગમે એવાં જબરાં ને જોરાવર હોકમો, ગમે એવી કારી ને આબાદ હેકમતો ને ગમે એવી જબરી ને જરફો અજમાવીએ પણ તે રતીભાર આપણી કુમક કરનાર નથી. ગમે એવા જબરા ચુનનંદા થઇ એ કામમાં નેમ કરયે યા અબદાળના એલમ મુઆફેક આસમાન સાથે મળી જઇ મનસુબો કરયે તોપણ હોનારતને દસ્ત ગયલી સબદેજ સ્વાર શીરીનની ગેરદને આપણ કદી પોંહોંચનારાં નથી. બુજોરગો દાનાઓનો કોળ છે "કોઇની પાછળ બેહુંદગીથી જાતું જોયે નહી. જે શેકાર ફાંદામાં બંદ પડેલો એકવાર તે બંદથી છુટો થઇ આપએખતીઆરીના પવન ઉપર ઉડયો તેની દુમ પકડવી નાશજાવારછે, જો પ્યારનું પાકું ને વફાદારીનું મજબુત ખબુતર તારા હાથમાથી ઉડી ગયું તો તું તેનો જોયે તો ગમ કર યા ના કર, પણ તે જો હલાલ મોહબતનું હશે તો આપો આપજ આવી

મળી તમે રીજવી રેહશે." દાનાઓ આ નશીહતના લેખ જમાના ઉપર કોતરાવી ગયાછે, તે આનાક જોરે હાલ તરત બેહતર તો એછે કે હું મારી નવજવાન બેટી શીરીનની જુદાઈમાં રહું. ને શબરના શરેદોમાં મારૂં સર નાખું. વખત આવશે ને ચોકશ આપણે જાણીશું કે આપણી પરીજાદ શીરીન કલાન જગાછે તો શેતાબ શપેહશાલારો મારા ખજાનાના લાદેલા નજરાણા સાથ તે તરફ જઈ પોહોંચશે. આપણી પરીજાદ શીરીન ભારી દબદબાથી આપણી પાદશાહાત નવાજેશ થશે."

આ રવેશ રાણી મહીબાનુંના શોખનોમાં સમજ ને શ્યાણ જોઈ તેના અમીર ઉમરાવ શોદાગરો ને ચુનનંદા શપેહશાલારો હજુર નમી જે રવેઆથી દાખળ થયા તે રવેશ તાંહાંથી શોત પોતાને મકાંન પાછા ફર્યા.

શાહજાદી શીરીન સબદેજ ઉપર મદાયુનની રાહ કાપેછે.

જેમ ખુશબોવાળી વહેછે બયાબાન લેહકી,
તેમ જાતી ઉડી શીરીન સબદેજથી.

તોફાની પવન મીશાળના મસ્ત સબદેજ ઉપર શીરીન મરદના પોશાગમાં મદાયુન જવા પોતાની શાહેળીઓથી જુદી પડી ઉડી ચાલી મંજળ કાપવા લાગી. તે નવજવાન મીશાળ પોતાના તન બદન શોભાને ફરતાં આશમાન મીશાળ પોતાની મંજળમાં શેતાબીથી સબદેજ કુદાવી ચલાવતી જતી હતી. ઉગતરાહે તે અછા સવાર મીશાળ જે ઘોડો નખાવી જાતી તે ઉપરથી તે સામે કોઇ દુશમન હીમત બીડી સકે નહી. ઘણી વખત તે પોતાની રાહમાંથી જાહેર રસ્તે નીકળી આવી કોઇ કોઈ જતા મળતા મુશાફરોને મળી મદાયુનનો પટો મેળવી વળી તે ઉગત રાહે નીકળી જાતી. તે શાહજાદી મંજળ દર મંજળ કાપતી સાંજની વખતે મુશાફર મીશાળે કોઇ બુળંદ દરખત નીચે પોતાના જીન ઉપર સાવત એક ઠરી આશાએશ લઇ ફરી સબદેજ ઉપર રવારી બીડી રાહ કાપતી; અને જે સુકો ખોરાક પોતાના ઘોડાના જીનનાં કોઠરામાં રાખેલો તે ખાઇ કેઇ ઝરાનાં પાણીથી પોતાની પ્યાશ છીપાવી આતશની વરાળ માફક આશક ઉપર તેજી ભરેલી આશકી ને ફીદાગીથી બાવરી જેવી થયલી બસ ખુશરો પરવેજની મોહબતની તાબેદારીમાં તન દઇ રહી હતી. ઘનઘનઘન કરતી વીજળી પાડતી તે પગ્રાસીકળ શીહાશીકળ અસ્પ સાથ ઝાડ ને પાહાડ ને નદી ને નાળા બેરંગી જેમ તોફાન બયાબાનને ખોળતાં ને કુદતાં ને ગગરતાં કરી દે તેમ દપટાવી જાતી હતી. હાઆ હાઆ હાઆ એ મસ મોટા પણ બાનુ હળક મીઠા શરેદી ઇશારાથી પોતાના અછા અસ્પને ચારે પગ જાણે પવન ઉપર સ્વાર કરી રહી હોય એવી તે પેહેલવાની ઢપે જાણે બયાળની પાંખ ઉપર ઉડતી હોયની અથવા તો જેમ માહતાબના ઉજાશમાં જહુનના વાદળાં જેવાં મોજાનાં ઝળકાટમાં ચાંદને શરમાવનાર માછી પોતાની મુશાફરી કરતી હોય એ રંગ ઢંગે શાહજાદી શીરીન તે બયાબાનની ઉગત રાહે પોતાના સબદેજ ઉપર તુફાની પવનજ ઉડી જતી હતી. તે સવારીની ઝરફમાં તેના સરના તાજના તેજથી કોઈ દુરના રાહદારીને તે ઉગત રાહનું બયાબાન આતશબાજી જેવું રોશનાઇ મારી રહેલું દેખાતું હતી. ઝળળળ ઝળળળ કરતી તે પોતાનો ગોહર જરાવ ચાબુક છપક છપક ઝુળાવતી જાણે કોઈ પરી પોતાની કશરતની મજોહમાં નાચી બાડ કરી મગરૂરમાં મસ્ત થઇ

રહી હોય એવી રોનકમાં શીરીન તે શબદેજનો લાડ લડાવી લાડ કરી રેહતી હતી. ચીતારા શાપુરની નીશાનો ઢુંડતી તે કઇ કઇ વખત જાહેર રસ્તે નીકળી મુશાફરોથી વાકેફ થતી આખરે પોતાના મનની મકશદ માફક મંજળ પુરી કરવામાં એ રવેશ જેહમત ને શખતી એંચતી તે નામદાર શીરીન ચાંદની માફક ચઉદ દાહાડે એરમનથી મદાયુનની શરહદમાં દાખલ થઈ.

શાહજાદી શીરીન ખાલેશ પાણીના ચશમામાં નાહેછે અને શાહની ગીરદ ને ઠાક દુર કરેછે.

નશીબા શીવા નથી નુર ને મેલાપ,
નથી એલમ કે હોશયારી કે સંતાપ.
નથી જેહમત કે ફીકર કે નેક દસ્યાફ,
નથી ફતેહ કે જશ કે જોર કે આબ.
નથી તખત કે કુમક કે મોબત કે મોત,
નશીબા શીવા નથી કોઇ જીંદગી જોત.

મદાયુનની શરહદમાં શીરીન દાખલ થઇ તે વખત આફતાબ રોશન થયો હતો. નાઉમેદ શીરીને તે રોશનીમાં ઉમેદની રોશની ધરી હોય એવી ખુશાળ દેખાતી હતી. તે નાજનીને જે મોટી મુશીબત ને કળા વાપડી આશકના પાદશાહાતમાં કદમ મેલ્યું તે વાસ્તે તે ખુદરતી મુબારકબાદી પામી હોય એવી નચીંત દેખાતી હતી. આ શરહદમાં એક જંગળ બેહશત મીશાળનું નજર આવ્યું. જગો જગો તરાંહ તરાંહના ફુલ ફલના દરખતો ખાશ ખુદરતના માળીપણામાં ખીળી રહેઆં જેવાં ચશમને ખુશાળી દેતાં હતાં: પવન પણ ખુશબોની મોહબતમાં મસ્ત થયલો તે જંગળમાં જાણે આપખુદ કોઇ મસ્તાન આશક હોય એવો તન બદનને લાગતો હતો. તે ચમન જેવાં જંગળ બયાબાનમાં એક ચશમો આબેહયાતના ચશમા મીશાળે ખાલેશ ચળકતો સાફ પાણીની મઝે દેઈ રેહ્યો હતો. તે ચશમો એવો ખાસ બાંધણીનો કોઇ આગળા મોટા શાહાનશાહની યાદગારી હોય એવો તે પાદશાહી દબદબો દેખાડતો હતો. શીરીન રાહની થાકેલી હતી. તે સરતાપા ગેરદથી ભરાયલી એવી ધુળ ને ઠાકમાં ગરક ગયલી તેથી તે ચશમામાં પોતાનું તન સાફ કરવા તથા પોશાગ ગેરદથી મોકળો કરવાના અંદેશાથી તે ખાલેશ પાણીના ચશમા આસપાસ સાયત એક ફરી. તાંહાં આગળ ને પાછળ, નજદીક ને દુર તે નાજનીને પોતાની આફતાબની રોશનીમાં શેતારા ગણી કાઢનારી તેજ ચશમો ફેરવી પણ તાંહાં આદમી તો શું પણ પશુ પંખીને પણ જોયાં નહી તેથી શબદેજથી જેમ કોહેકાફથી હોમા ઉડી નીચે આવે તેમ કુદી પડી તેણે તે શ્યાણા ઘોડાને દુર એક દરખત પાસ ચરતો મેલ્યો કે તાંહાંના ખુશ તાજાં ફળ ફુળ ખાઇ તાજો થાય અને પોતે પોતાનો પોશાગ જે મરદનો આંગ ઉપર હતો તે ઉતાર્યો. જેવારે તે નુરભરેલી શીરીને પેલા ચશમાની પાર ઉપર ઉભી ઉતરી નાહવાનો કસદ કર્યો, તેવારે તેના તનની ખાલેશી જોઇ આશમાનની આંખમાં હેરાનીઅતના ચકર આવ્યાં! જયારે શીરીંને સરનું તાજ ઉડાવી કસ્તુરી મીશાળના પોતાના સીહા બાળ વીખરાતા મેલ્યા અને સીહા કપડું કમરથી તે ગુંઠણ લગી બાનું અદબ ખાતર બાંધા તે તે ખાલેશ ચશમાંના પાણીમાં પડી તેથી જેહાનમાં આતશ વીખરાયો! યાને તેનું બહરેને તન જોઇ જેહાંન આશક થઇ આતશી દેલથી જળવા લાગી. તે શીરીન મેહબુબ પોતાની કંમરે તે એક કાળાં રંગનું કપડું બાંધી

ચશમાના પાણીમાં ઉતરી તેથી તું કેહ ગોયા શેવતીના ફુલ સાથ નીલોફર ફુલ મળી ગયું હતું! તે નાજનીન પોતાના ચાંદ જેવા ચળકતાં ને બરફ જેવા સાફ તનને જેમ કાકુમ જાણવર કે જેના બાળનું કડું બેસુમાર સુફેદ થાયછે, તે મીશાળે સુફેદી ભરેલી તે ખાલેશ ચશમના સાફ પાણીમાં લેટવા લાગી. અને જેમ માહી પોતાના રૂપેરી તનને સુરજનો ઝળકાત લેવા દઈ જળ દરમ્યાન ઝળાઝળ થઇ રહે ને ઉપર નીચે ડુબકી મારી મારી ગેળ કરતી લાડ લડી રહે તેમ શીરીન તે ચશમમાં તરતી ચળકતી હતી.

શાહેર નીજામી શીરીનના ચશમમાં નાહવા ઉતરવા ઉપર ને તન સાફ કરવા ઉપર તાજુબ થઇ કેહેછે કે મોટી અચરતી છે કે જે શીરીન એક કમળ ફુલ મીશાળની તેને ચશમો ધોએ! શીરીનને ચશમો ધોએ એ વાત જો મેં કહી હોય તે ગળત કહીછે કે ગોયા ચશમાના પાણી ઉપર એક ખુબશુરતી ફુળ ઉગેલું હતું; પણ તે ચશમો પનોતો કે જેમાં શીરીન જેવી માહતાબ મેહબુબ બહરેને તન થઇ નાહવા ઉતરી તેથી તે ચશમો એવી તો રોશન રોશનીએ પોંહોંચ્યો કે તેણે આફતાબની આબરૂ લીધી! તે નાજનીન પરીજાદના કાળા બાળ ગોયા માહી પકડવા સારૂં તે ખાલેશ પાણીમાં ગળ નાખ્યો હોયની! બળકે તેના ગળામાં માહતાબની આવી ફસી પડયો હતો! તે નાજનીનના કેસ કસ્તુરી મીશાળના હતા તેણે તેના સુફેદ ગાળ ઉપર કપુરની આરાસતગી કરી હતી! તે નાજનીન રોશન શીકળના કપુર મીશાળના રૂખશાર જોઇને તમાંમ જેહાને ગોયા કપુર ખાધો હતો. શીરીનના રૂખશારાના કપુરનો તેજ શોહરમ જેહાંનને એવો જળદ જણાયો કે તેણે તેના ઇલાજ તરીકે તે શીકળનો મેહમાન તાંહાં લાવવાનો કશદ ને મનશુબો કરયો. જેહાંનને ઇનતેજાર પરીજાદ શીરીનના કપુર રોખશારાના ખરીદનાર સેજમાં મળી આવ્યો. તે ખરીદી કરનારો શાહજાદો ખુશરો પરવેજ આવે માટે તે શીરીન પાસે તે ચશમામાં તે નાજનીનના કેસની કસ્તુરી ને ગાળના કપુરની તેજ, ખુશબો એવી બેકાયદે વીખરાવી દીધી કે તે નાજનીન શીરી મીશાળના ચશમાના પાણીમાં ઉતરી પોતાના ખરીદ કરનાર મેહમાન વાસ્તે ખુશબોના વધાવાનો વરશાત ફુંકતી હતી કે તેનો આશના ખુશરો આવે તો તે ફુકાતી ખુશબોમાં મસ્ત થાય.

શાહજાદો ખુશરો પરવેજ બેહરામ ચોબીનના કાવાદાવા તેમ પોતાના પેદરની દેહશતે ઈરાનથી નીકલી જાએછે.

માનવી છે ખુદરતનો એક નીરજીવ શેકાર,
ચાહે તો આજે તખત કાલે ખાક—ખાર.

શાહેર નીજામી પોતાના આ નામીચા કીસામાં આ દાસતાંન એ રવેશ આગળ બયાન કરેછે કે જેવારે શાહજાદા ખુશરોના જીગરનો ભેદ ભરમ જાણી ઉસ્તાદ ચીતારો શાપુર મદાયુનથી આરમન તરફ ચાલ્યો તેવારથી તે નવજવાન પોતાની માશુકની જીકર ને આશકીમાં ગીરફતાર પોતાને મોહોળ અફશોશ ને જુદાઇમાં પડી રેહતો હતો. રાત દીન તે ઉમેદ ફળવાની ઇનતેજારીમાં તે શીરીન શીરીન એ શીરીનીમાં ચીકાર હતો; પણ દાનાઇ ને દુરઅંદેશીથી તે શાહજાદો પોતાના પેદરની ખેદમત ને તાબેદારીમાં મુસ્તકીમ રેહતો હતો. જો કે પોતે સંધો પોતાની માશુક શીરીનનો ગીરફતાર હતો તોપણ તે ગીરફતારી પોતાની તનહા હાલતમાંજ જાહેર લાવી રેહતો હતો, પણ ગમે એવા પણ ખ્યાળે તે રાજદરબાર કે પાદશાહની હજુરમાં પોતાના ગમનો

એક દેખાવ પણ દેતો નહી. તે શાહજાદો મોટો દાનાવ, જંગી ને એદમતનો પાકો ને પેદર પાદશાહની જનાબ હોકમસર કમર બાંધી અદબ બજાવતો હતો. એ રવેશ જેવારે તે નામદાર શાહજાદો ઇરાનની મોટી જાહોજલાલ પાદશાહાતને લાયક ને તખત તાજને જેબ દેનાર જોયો તેવારે શાહાનશાહ હોરમજે બેહદ ખુશી ખુશહાળીથી તે નવજવાન ખુબશુરત બેટાને પોતાના સરનુ તાજ કરી જાણ્યો. તે હોનરમંદ નવજવાન બેટા ઉપર તે મેહરબાન પેદર દીન બદીન બેશુમાર મેહરબાની ને નવાજેશ કરતો હતો. તે એટલે તળગ કે તે નામદાર શાહનશાહ હોરમજ પોતાના બેટાને સાયત એક જોય નહી તો બેતાબ થતો હતો. એ હદથી જાદા મોહબત દરબાર જોઇ બેહદ રાજી રેહતી પણ તે મોહબત ઉપર જમાનાએ બીજો રંગ પકડયો. પેદર ને પેસર વચે આ હદથી જાદા મોહબત ઉપર તે ઇરાની દરબારના ફક કવતી બેહરામ ચોબીન નામના વગવાળા સપેહશાલારને અદેખો કરયો. જમાનાએ એ બાજી રચી અને તે અદેખો અમીર ઇરાની શાહાનશાત ઉપર કાળો દગો રમવાના ખ્યાળમાં ગુંટાયો. બેહરાંમ ચોબીન ઇરાની દરબારનો મોટો અમીર ને વગવાળો સપેહશાલાર હતો; તે ઇરાની લશકરનો વજીર પણ હતો. તેના હાથમાં લશકરના નામીચા શરદારો તાબેદાર જેવા હતા. તે ઇરાની અમીરે પોતાના મન સાથ મનસુબો કર્યો કે અગર હું જો કોઇ પાકી કળાથી એ બાપ બેટા વચે મોટો રખનો પેદા કરૂં અને જુદાઇ નાકું! "અગર જો હું એ રખનાથી ઇરાની દરબારમાં માહરા મોટા વગમાં ઓર પણ તે વગ હદ વગરનો જાદા વધારૂં! અને જો રખનો પાકો મચે ને ખુશરો ઇરાન તજી એ શાહાનશાત બાહેર નીકળી જાય તો પછે હોરમજ જેવા શાહાનશાહને બીજા તેવાજ પાકા રખનાના દગાથી સાફ કરી નાખુંતો મારૂં સર તાજ પેઢે! અને હું તખત ઉપર બેસું!! જાંહાં તળગ પીલો કુમરો છે તાંહાં તળગ તે એક નખથી જખમાઇ જડએખથી નાબુદ થાયછે. જાંહાં તળગ આગનું મુળ ચેરાગ જેવી મંડાણ છે તાંહાં તળગ એક ફુકથી તે હોળવાયછે. જાહાં તળગ એક દુશમન સાથ મોહબતછે તાંહાં તળગ ઝેરનું એક બુંદ મકશદ માફક તે જીંદગીનો ઘાણ કાઢેછે! જાંહાં તળગ હજદહાં દરમાં છે તાંહાં તળગ એક નાહનો ડાચો તેનો અંત લાવેછે. જાંહાં તળગ શેરનુ બચું ઉંચકી શકયે એટલાં વજનનું છે તાંહાં તળગ એક અંગોઠો તેના નરડો ડાબી તેનો દમ બંદ કરેછે. અરે જંગી બેહરામ ચોબીન તારી મુરાદ ઉપર તું શબર કરવા જશે તો તારી મુસ્તકીમ મતલબ હાંશલ કરશે નહી. જરપ કર, પાદશાહાત લેવી છે. આ રવેશ આશાન કોણે ઇરાનની પાદશાહાત જીતી છે? તારૂં નામ જમાનો મગરૂરીથી પોતાના જામા ઉપર ગુંઠાવી જેહાનને તાજુબ કરે તેવા નશીબા ઉપર લે ઉલટ ને પડ મેદાન ને રચ તારી જોરમંદ હેકમત કે ખુશરો પરવેજ ખાક થાય, હોરમજ બીન નોશીરવાન હાર ખાય ને બંદીખાને શબરે!" એ રવેશના પાપી ને બુરા અંદેશાથી બેહરામ ચોબીન આ ભેદભરેલા જમાનાનો હથીઆર બની સીહા અબલીશ જેવા તન મન ખ્યાળ તે ઇરાની દરબારથી જાહેર તવાજો ને તાબેદારો ને એદમત પણ બાતેન ગરૂર, શરકસી ને આપખુદીથી તે પોતાના મોહોળમાં ગયો. તે બુરા અમીરે પોલાદ જેવાં શખ્ત દેળ સાથ ખુશરો પરવેજના નામના શીકા સાથ છુપા દીનાર પોતાને મકાન પડાવ્યા. તે શીકા માહ કળાથી તે અમીરે બીજા શેહેરોમાં ખાનગી પોતાના જાસુસો પાસ મોકળાવી ચલાવ્યા, તે એવી તદબીરથી કે તે વાત મદાયુનમાં તેને તે જાણે કસાંમાં નથી એ રીતે મલી, અને તે વીગત તે અમીરે પોતે પોતાની શાહાનશાહાત ને શાહાનશાહનો શું એક ખેરખાહ ને અદલ અમીર હોય એ રોતે શાહાનશાહ હોરમજને ખેલવતમાં મળી કહી કે ઓ મોટા ને અદલ શાહાનશાહ, ઇરાની શાહાનશાહાતમાં માહ જબુન શરો દાખલ થયો હોય એવો કાંઇ મને વેહેમ જાયછે. અરે વેહેમ શું આતો જ્યાહાં છે ત્યાંહાં કોઇ નાપેકારો ને પાદશાહાત બુરા દુશમનો આપણા

નવજવાન શાહજાદા સાથ મળી કોઇ મોટું કાવતરૂં રચેછે. આ શોકા જો એો ઇરાનના અદલ શાહાનશાહ હોરમજ, આ શીકા ખુદરતનો કોઇ તરાસ ઈરાનના શાહાનશાહનો જમાનો શીહા કરે એવો હાંદેશો બતાવેછે! આજ જમાના થયા ઈરાનના પેહેલવાની જોર પાસ ને ઇરાનના અદલ ઇનશાફ પાસ કોઈ પાદશાહાતની તાકાત નથી કે એક હરફ કાઢી શકે. ઇરાને આજની જેહાનને પોતાને તાબે કરીછે અને જેમ ગોશપંદ ઉપર બહમન અમશાશપંદનો કાબુ છે તેમ જેહાનની બીજી પાદશાહાતો ઇરાનની દેખરેખમાં છે. અને આપણો જમાનો અદેખાઇ કરી રહે એવો હોનરમંદ ને નવજવાન શાહજાદો પોતાના પેદર સાથ દુશમન થયોછે કે આ શીકો શું કહેછે તે તજવીજ કરવામાં ઇરાનના શાહનશાહ ને તેની મોટી જાઓજલાલ દરબારને પણ પણ વખત એવો મોટા આફતનો વરસાત વરસાવવાની ધમકી દેવામાં કુમક કર્યા બરાબરછે. નાપાક બેહરામે શાહાનશાહના દીલમાં રખણો નાખ્યો. ઇરાનની મોટી દરબારે પોતાના શાહાનશાહ સાથ મશલત કરી અને તેમાં કમરેવજના અવતારના કાળા અબલીશ દગાબાજ બેહરામની મુરાદ પાર પડી. શાહજાદા ઉપર શાહાનશાહ વેહમાયો. ખુશરો પરવેજ તેના જમાનામાં એક્કો દલેર હતો તેથી તે શાહાનશાહ હોરમજ પોતાના બેટાનો ડર કરવા લાગો. તે ડર રાખી કોપ ધરી પોતાના બેટાને દુશમનના દીલથી જોવા લાગો, એ રીતે શાહાનશાહનો ડર એટલોતો જાદા વધી ગયો અને તેમાં બેહરામ ચોબીને એવી તો તદબીર રચી કે શાહાનશાહ હોરમજ દીવાના જેવો પોતાના બેટાના જીવનો તરસો થઇ તેનો જાન લેવામાં રાજી થતો તેને પકડી હાલ તરત કેદ કરવા ચાહતો હતો. આ કેદ પકડવાની ગરજ એવીતો જલદી ને અચબુચ રચવા માંગી કે તે અમલ આવતે તો બેહરામ ચોબીન પુરો મુરાદમાં નશીબવાળો નીવડતે; પણ ખુદરત એમાં પણ ન્યારી બાજી રચી રહી. શાહજાદાની તકદીરના તમાશાની ખબરથી હોરમજ વાકેફ હતો નહી, કે એ ફરતા આશમાનથી શું બનાવ બનશે! મગર બીજના ચાંદને ઓડો કરયાથી ઘરણ થતું નથી.

શાહેર નીજામી કેહછે કે નાપાક બેહરામ ચોબીને જે દગો રચ્યો પોતાના સીહા દીલનો જુનો જખમ પોતાની મતલબમાં રૂજવવાને આ નાવાજેબી બોહતાનું શાહજાદા ઉપર લાવ્યો; તેમાં શાહજાદો ખુશરો પરવેજ કેવળ બેતકશીર ને રાસ્ત હતો. તે હરદમ રાસ્તીનો ચાલનાર ને પોતાના પેદરની શાહાનશાતનો વફાદાર દોસ્ત હતો. અને જે કાંઈ અદના કે આળા રાસ્તી વીચારે કે રાસ્તી રાહે ચાલે તે શખસના હાથમાં તમામ જેહાન આવે; મગર જેહાનનો ફેસાદ તેની દામનને લાગે નહી. રાસ્તી જેના જીગરમાં હરદમ હળક લંબાવેછે તેવો જીવડો આ જેહાન મુરાદનો પકડનાર અને તે જેહાન શોરખરૂઇનો પામનાર છે. રાસ્તીની રોશનીમાં જેની બાતેન રામશની ભરેલી ઝળકેછે તેને જાહેર પાક કેરદારની કુમક છે; તેમ શાહજાદા ખુશરોને તેના રાસ્ત જીગરની કુમકે સીહા દેલ બેહરામનો શેકાર થઈ પડવાથી છટકાવ્યો. ખુશરો ઉપર આવી ચઢેલા સીહા વાદળની ખબર તેના નેક ઉસ્તાદ બુજોરગ ઉમેદને થઇ, તેથી તે નામદારે વગર વખત ઓવે અરધી રાતના શાહજાદાને મેહેલ આવી શાહનશાહ હોરમજના નવજવાન બેટાને વાકેફ કર્યો. શાહજાદાનો ખુબસુરત ચેહરો ફીકો મારયો પણ રાસ્તીની હીમતે તે શેતાબ પોતાની તઇઆરીમાં શમશેહર કમરે, ને ખંજર પેલુમા ખોસી ગુપચુપ મેહેલના ચોકમાં આવ્યો અને બુજોરગ ઉમીદે તઇઆર રખાવેળા અરપ ઉપર સ્વાર થઈ ત્યાંહાંથી નીકળી જતાં પોતાની ખાસ બાંદીઓને જણાવ્યું કે હું શેકારગાહ જાઉછું તેથી કદાચ અફતા લગી પાછો ફરૂં નહી એવું મને લાગેછે, તે અરસામાં જો કોઇ પરીજાદ જવાન ઓરત

મોર મીશાળ રંગીની ભરેલી અને સીહા રાત મીશાળના ઘોડા ઉપર શ્વાર થયલી મેહબુબ મને પુછતો જો આ મેહેલમાં આવે તો તેની બાઇજત મુદારા કરજો. મોટી તાબેદારી બજાવી ઉતારો દેજો. તે મેહમાન આવનારી ઓરત જેહાનમાં એક માહતાબ છે, જેનો તાલુકો મારા નશીબા સાથ નજદીકની નીશબત ધરાવેછે. તે માહતાબનો હજુર તમો ચેતારા મીશાળે નમનતાઈથી નોકરીમાં રેહજો. તે ખુબશુરતને જે મકાન ખુશ આવે તેમાં આરામ આપજો. અગર નવું મકાન ચાહે તો જાંહાં તે પરીજાદની મરજી થાય તાંહાં જરની કસી પણ બખીલાઇ વગર રોનકદાર બંધાવી તે દરમ્યાંન તે નાજનીન પરીને રીજવી રાખજો.

ખુશરો પરવેજ મહાચુનની શીરીનને ચશમાના સર ઉપર જોયછે અને વગર પીછાનતે મોહબતના ખીઆલમાં ગરક જાયછે.

સરજતથી ડબાયળા સુતાઝ માહ સુરા,
પેહલવાનો પળકમાં થયા સરજતે ચુરા.
સરજત છે જીંદગાની આરામ, હાંદેશા,
સરજત સીવા નથી જીવની કોઇ દશા.
સરજત છે દરખત ને બહાર ને એજાન,
સરજત છે કુલ કાળી ઘોળી આ જેહાન.

સરજતનો શીકાર થયલો શાહજાદો પોતાના દાનાવ ને દુરઅંદેશ ઉસ્તાદ બુજોરગ ઉમેદની ચેતવણી માફક સીહા અરધી રાતે પોતાનો મેહેલ ને મરતબો મુકી આરામ ને ચમનથી હાથ ઉડાવી ખાસ વફાદાર થોડાક ફરમાબરદારો સાથ સેતાબ બાહેર પડયો. શાહાનશાહના કેહેરના ડરનો મારેલો ગોયા તુફાની પવન મીશાળ પાહુમ પોતાની જાઓજલાલ રાજધાણી તરફ ઉડયો. તે દરદ ભરેલા દીલગીર દીલનો શાહજાદો આ વખત પોતાના એકબાલના ફેરફાર કરતાં પોતાની પ્યારી મેહબુબ શીરીનનો વધારે ખ્યાળ મનમાં કરતો હતો; વાસ્તે તે નામદાર નવજવાને તે નાજનીન નવબહાર પરી શીરીનના એરમનના મેહેલ તરફની રાહ પકડી. શાહજાદો આ રાતે અરધી રાતનો ઘોડેશ્વાર બામદાદના ઝળઝળા વળગ સેતાબ રાહ કાંપાથી હાંકયો તેથી પોતાના અસપને ખાસ ફરમાબરદારોને સપુરદ કરયો કે તેને ઘાસ ચારો ખવાડી તથા મસળી તાજો કરે. થંડી દીલ રીજવનારી બામદાદનો મહીમા ઘુરવા તેમ પોતાના કીસમતના પેજાયલાં સોતકાં ઉપર બાજી આગલ રમવા તે પાઉં પેઆદો જંગલમાં આગલ વધ્યોતો તે નવજવાનના જોવામાં એક હબ્યારી ગુલલાલાની કોરથી ઘેરાયલી અને તે દરમ્યાન ખાલિસ આબનો ચશમો જે ખાલેશ રોશનીનો ઝળકાટ ઝીળી એવોતો અજાએબ ઝળકી રહ્યો હતો કે આદમજાતની ચશમ તે ઉપર તાજુબી પામી રેહ એવો આવ્યો. તે ચશમાના કીનારા ઉપર એક અસપ જેનો રંગ એવો સીહા કે રાતની સીહાઇ લરજે, પણ નાજનખરાંમાં ગોયા દેખાવલો મોર; તેની મરોર શેરને તાબેદારી કરવાને લલચાવે પણ તેના કદમની ચલવચલ સાહમુરગને પીથપર મેલ એવો મસ્ત બાંધેલો દીઠો કે શાહજાદો ઓશરો પરવેજ ખ્યાળમાં પડયો. તે હબ્યારીમાં ખુશબો મેહકાવતો શબનો ખીલેળો હતો જે ઉપર તે સીહા રંગ અસપની નાલથી જેમ કોઇ દુવજાદ કોઇ પરીજાદ ઉપર જુલમ ને જાસ્તી ગુજારે તેમ ચેલ દીસતો હતો. આ રંગીલો તમાશો જોઇ ખુબશુરત ખુશરો પોતાની ખુબશુરત માશુક શીરીનને યાદ કરી પોતાના દેલ સાથ મનશુબો કરતો કે આ દીલ નાજદાર કરતી હબ્યારીમાં મારી પોતાની દીલજાન શીરીન

આવેલી હતે તો મારૂં દીલ કેવું ખુશાળ થતે? આ મારો બેસુમાર ગમ તેના રોશન નુરવાળાં મુખરાના હસતાં લબોની જાદુઈમાં જળી નાબુદ થતે; અને મારી મુશીબત તે મેહબુબની મુલાકાતથી વીખરાઇ રેહતી બેહદ મનોહમાં શેહ પામી સદાબરી કાળી મારી જતાં મારા તન બદનથી રજે રજ ફરામોશ થતે. અરે મારો આ અજાએબ નશીબો કે જેના ઢંગથી હું માહરા જેહાંન આશકાર પેદરથી જુદો ને નીરાળો થયો તે નશીબાનો સંજોગ જો મારી નાજનીન શીરીન સાથ મને આ હબ્યારી ભરેલાં ચમનમાં મુલાકાત કરાવતે તો પછે તે નશીબાની મેહરબાનીની કીંમત કોણ ફીલસુફ કરવાને બાહેર પડતે. બચારો શાહજાદો ખુશરો એ રવેશ શીરીનની મોહબતમાં ગીરફતાર દીલનો જોશ મુગો ઉભો દીલનેજ સમજાવેછે તેટલાંજ પરી નાજનીન શીરીનનુ ચશમામાંથી સર ઉંચકાયું અને શાહજાદો તે નુર ઝળકાટથી ચોંકયો; પણ તે ખુદરતના ભેદ ભરેલા એલગો તેને કસી ખબર નહી હતી કે જે ચાંદ મુખરાના નુરના ઝળકાટથી તે ચોંકયો તે તેની મુલાકાતની ઉમેદવાર થઇ વતન તજી આવેલી તનહા શીરીન છે અને જે અસ્પ તેની તાજુબી એંચો તેના મનમાં વસ્યોછે તે તેની તે નાજનીન અસીનનો શેર સાની અસ્પ છે.

આ કીસાનો અસલ જોડનાર શાહેર નોજામી આ બનાવ ઉપર એવી નશીઅત કરેછે કે એ આદમજાદા તું ભેદ ભરેલા નશીબાને પામવાને ચાહતો હોયતો આ મારો સતર ઉપર મગજ રાખ કે મકસદ માટે માશુક પોતાની મતલબ મુઆફક ઉમેદના દરવાજા તલગ પોંહોચ્યા છતાં અને તે જગોએ જાનીના દેદાર જોયા છતાં હોનારતના મારેલાં વગર પીછાણે એક બીજાથી જુદાંજ રહી જાયછે અને સારી જીંદગી તલગ મેલાપ માટે તરશાં રહેછે. કીસમતના કાબુમાં કામેલ ને ગમાર, જોરાવર ને કાયલાઓ સમઇ રહેછે. તે જે પોતાના માલકને સરજત નથી તેનો ખાબ પણ થવા દેવામાં હરખત નાખેછે. સરજતનો ગલબો ગાલેબ આવેછે અને ગળે લાગેલી ઉમેદ હાથથી જતી રેહછે તે પછે કોઇ કાળ ફરી ધારી મુરાદે મળતી નથી. એ આલમા જો તું સમજે તો તારી સરજતને તાબે થજે અને કીસમતના આધાર ઉપર તોકળ રાખજે.

ચશમામાં માહતાબ શીકળ જોઇ તે શાહજાદો તે ચશમા નજદીક ગયો, અને ખુબ નેધા કરી તે પરી શીકળ ઝળકાટ વાળો ઓરતને જોઇ તો ગોયા કોઈ માહતાબી શુંદર તે ચશમા દરમ્યાન બરેહન તન જળ ખેલ કરી રહીછે અને તે આવભાવમાં પોતાને ચકચુર ખુશ કરેછે. તે નાજની કાચ મીશાળના સાફ ઝળકતા પાણીમાં નીલોફરના ફુલ મીશાળ બેઠીછે. તે નાજનીનના તન ઉપર દુતીથી તે ગુહણ લગી ગલી રગનું કાળું કપડું બાંધેલુંછે. તે નાજનીનના પુનમ ચાંદ ચેહરાનો ઓલો તે ચશમાંમાં પડી બીજો ચાન તે જગો ચમકતો હોવની તેમ બહાર થઇ રહેલા સાથ તેણી તે ચશમામાં બેસી પોતાના બાળ હર તરફથી સાફ કરતી અને પોતાના ચંમપેલી જેવા નાજુખ ને ગોરા હાથે પોતાના સર ઉપર પાણી લેતી તે પાણી લેવું ગોયા મોતીનો વરસાત વરશાવનારી માણકઠારો પુનમ ચદાં સ્વરૂપ બની રેહતું હતું. તે સુંદરના ગાળ ઉપરથી તે પાણીના કતરા મોતીના ઘાત માફક રેળાતાં જે તે નાજનીનનું તન બરફના કોટરેલા નકશ માફક સપેત દીપતું હતું તે જોતાં શાહજાદો ખુશરો હસદનો મારેલો બરજવા લાગો. તે નાજનીંના બાળ ગોયા કાળા નાગ ગાલના ચમનપર સુતેલા તે જેહાન લુટનાર ખુબશુરત શીરીનના કાનમાં એવો શરોદ સંભળાવતા હતા કેઃ—એ શીરીન તું તો ગફલતમાં ચશમામાં બેઠી ખેલ કરેછે અને તારો આશક ખોશરો ચશમાને કીનારે ઉભોછે; પણ તે ભેદ કોઇને ખબર હતો નહી. વળી એજ કાળાં નાગ જુલફો શાહજાદા ખુશરોને દુરથી કસ્તુરીનો ખુશબોમાં પેગામ શોગાત લેઇ જઇ સંભળાવતાં હતા કેઃ—એ નવજવાન

ખુશરો તું આશકને ત્હારી માશુક શીરીન દીલના આલેશ પ્યારથી વધાવી લેછે, અને તાબેદારીમાં હાથ બક્ષ ઉભીછે. દીલદાર ખુશરો તારી દીલબર શીરીનને તારાં જીગરમાં જેવી જગો ને મરતબો આપેલોછે તેવો શાદીના નજરાણામાં જેહાન દરમ્યાન મરતબો ને પાદશાહીની જગો આપ અને મારી જીંદગી ને જીગરનો જાન થયેલોછે તેવો હરદમ થઇજ રેહ.

પણ આ કાળા નાગ જુલફાના બહારની ફસલનાં નવા ખીલેલાં ફુલ માફકની જુબાન ને અવાજ તે આશક માશુકની ગફલતીએ જાજો વાર તાંહાં ઠરવા દીધો નહી અને શીરીન ના ચશમામાંથી પોતાનો ખેલ મુકી ઉઠી કે ના ખુશરો કીનારેથી હરતો આવી તે નુરી દીપક મીશાળનો શીરીન ઉપર ફીદા થયો. તે શીરીન ગોયા કીમીઆના સુનાનો ગંજ હોય એ મીશાળ હતી, તેથી તે ગંજ ખજાના સર ઉપર ચોકી ખાતર તેના સીહા બાળના જુલફાં કાળા નાગ માફક લટકતા હતાં; તથા જેમ જાદુગરો નાગને પોતાના હાથમાં પકડેછે તેમ જાદુઇ ભરેલી શીરીન પોતાના પેચદાર કાળા બાલના વલદાર ઝુલફા હાથમાં પકડી સાફ ઝળકતાં કરતી હતી. તું કેહ ગોયા એક બાગબાનના દસ્તથી ગંજ ખજાનાના ભંડારના દરવાજાનો કુંચી પડે ને દરવાજો ખુલો રેહ. અને પેસ્તાનનો મીશાળના અનાર તમામ નજર જોએ, તે મીશાળ શીરીનનું બરેહને તન ગોયા ગંજા ખજાના ભરેલો બાગ હતો. તે પોતે તે પોતાના બાગનો બાગબાન હતી તેના તનબાગના ચમનનો બહાર ખોળી નજરે આવતો તે તેનો બેમુલો ખજાનો હતો. તે અમુલ્ય ગંજ ખજાનાના બાગ મીશાળનું તે નાજનીન તન જોઈ ખુશરોનું જવાન દીલ પાકાં અનાર માફક ફાતવા લાગું. આ રવેશના મહીમામાં તું જોઅ કે શીરીન તે ચશમામાં ગોયા માહતાબ મીશાળ તળુ થઇ રહી હતી. અરે માહતાબ નહી પણ આફતાબ આશમાન ઉપરથી પોતાનો રાહ ભુલી તે ચશમાંમાં આવી પડી બેઠો હતો.

શાહજાદો એ માફક તે દેલ ખેંચી લેનાર મેહેબુબ શીરીનનું બાલોરી તન જોતાં આતશ મીશાલ ગરમ થયો. તે જવાને દોદાંમાંથી વાદલના પાણી મીશાલ કતરા નાખ્યા, પણ તે ચમપેલી તનની શીરીન તે ચશમામાં પોતાના બદનને શાફ કરવા પડેલી હતી તેથી તે નાજનીન પોતાના આશક ખુશરોના તે કીનારે આવી લાગાથી નાવાકેફ હતી; સબબ તેણીએ પોતાના સરના બાલ સાફ કરવા તે પોતાના મોહ ઊપર વીખરેલા હતા, જે સબબે તાંહાં કોણ આવી ઉભો છે તે તે નજ ભરેલી મેહબુબ જોઇ શકી નહીં. શીરીન એ માફક નાવાકેફ રહી, પણ જેવારે તે ફરી શીકલે પોતાના સીહા જુલફો પોતાને ખુબશુરત મોહથી ઊચાં કરયાં તે વારે તેના કમલ મુખરાની કાલી ભરમરો શાહજાદા ખુશરો ઊપર પડી કે શીરીન શરમે કરી ધ્રુંજવા લાગી. તે નાજનીને પોતાની ઇજત જાલવવાનો ચારો ફકત પોતાના કાલા નાગ જેવાં જુલફો ફરી પોતાને મુખ ને બદને વીખરવામાંજ જોયો. કાલા જુલફાના નોકાબમાં પરદેનશીન થઇ શીરીને પોતાના દીલમાં ચીતરેલા ખુશરોને પોતાની ખુબશુરતીની શેહેલ મારતાં નામુરાદ તાંહાં ઉભો રાખ્યો,

દુન્યાદારી ને અદબના તરીકાથી શાહજાદો ખુશરો એવો તો નેક ને પાવરદો કેલવાયલો હતો કે તે નાજનીન શીરીનની શરમવાલી હાલત પામી જતાં મનમાં કેહવા લાગો કેઃ— આ નાજનીને દીવસના આફતાબને રાતે કરી ઢાંક્યો યાને પોતાનું આફતાબ મોહડું રાત મીશાલના જુલફાથી પરદે કરયું. પણ પોતાના બરેહને તનને જોઇ તે શરમાઇ ગયો છે માટે હું મરદાઇના તરીકાથી ચાલવા શીવાય બીજો હોનર જોતો નથી કે માહરે મારી નજર ફેરવી દુર ઉભો રહી તે નાજનીનને પોશાગ પેઢવા દેવો જોયે. શાહજાદાએ એ ખ્યાલથી પોતાની નજર ફેરવી પણ પીઠ ફરે શું કે તે તક પામતાંજ શીરીન ફરી મીશાલ ચશમાંથી બાહેર નીકલી શેતાબ

પોતાના બદનમાં અસલી પોશાગ પેહેરી સરપર કોલાહ મેલી સબદેજ ઊપર સવાર થતાંજ કે ડોમા મીશાલ પર પાંમી તે એવી તો ઉડી ગેબ થઈ કે એોકાબ મીશાળના સબદેજને ખુશરો આગળથીજ મદાયનની રાહમાં દપટાવ્યા છતાં તે નવજવાન શાહજાદાને તે નાજનીનની ખબર રહી નહી એથી પલ પછે ફરી જોતાં ખુશરોને તે નાજનીનનો દુરથી એક ઝાંખો ઓલો પણ જણાયો નહી. અને તે શાહજાદો તે નાજનીનની જુદાઈમાં જખમી તન અફશોશમાં પડયો.

ચશમાંના સર ઊપર શીરીનની જુદાઈનો ખુશરોને ગમ તેમ પેલા તરફ ખુશરોનો સબદેજ ઊપર ઊડી જતી શીરીનને ગમ.

ગમ છે આદમ ને ગમજ છે જાન,
ગમ શીવા નથી કાંઇ જીંદગી કે જેહાન.
ગમ છે પોતે આ ઉપજેલો અવતાર,
જેમ જોશે તેમ છે ગમજ આ સંસાર.
બદી છે ગમ ને નેકી પણ છે ગમ,
આ જેહાન કુલ છે ગમની મોશમ.
ગમ સીવા નથી કાઇ લતીફો આદમ,
ગમ છે ગોયા ગેબાનો ખાસ ભરમ.

ખુશરોને અકલ નહી રહી થોડોવાર તો, કેમકે શીરીન જેવી શુંદરી ગેબ થયી કે તેણે પોતે તેવી કોઇ શીકલ શાનીનો ખાબ જોયો ! થોડો વખત તો તે બાવરા માફક ચશમાના આ કીનારાની બાજુથી તે કીનારાની બાજુએ અને તે કીનારાની બાજુથી આ કીનારાની બાજુએ આવી ચશમામાં ડોકાવી ડોકાવી તે નાજનીનને જોવા લાગો. તે જંગલ જોવા લાગો ને આકાશનો ખીળતો સુરજ જોવા લાગો, તે જમીન જોવા લાગો અને ગેરદનો પવન જોવા લાગો પણ તે તમામમાં તેના મનની માશુક જોવા લાગો નહી, એ માફક સાયત એક ગુજરી ને શાહજાદો ખુશરો પોતાના દીલ સાથ મોટો અફશોશ ને ગમ ખેંચવા લાગો:— ઓ પરી મેં તાહરા જીગરની શરમ સમાવવા તુને ફુરસત આપી તો તું શેતાની કરી મારા જીગરને જલતું કરી ગયી. મેં જાણયું કે તું પોશાગ પેહરશે પછે હું તને પુછી વાકેફ થાશ પણ તું કાઇ જુદાજ મનશુબા ને ડરથી મારી ભલાઇનો લાભ લઇ મારા જીગરનું લોહી પીનારી ઠરી. ઓ અમારીમાં બેસવા લાયક નાજનીન હવે હું તને કાંહા જોશ. મેં જાણયું કે તું પુનમનો માહતાબ વાદળીમાં વીટળાય ને હું અદબથી પાસ આવી તારા આશક તરીકે તારૂં નામ નીશાન ને મકશદ પામું, પણ તેં મારા જીગરને પોતાની મતલબમાં બરબાદ થવા દેવામાં દરકાર કરી નહી, એ મોહબતનો કાનુન કેહવાય નહી. અરે માશુક તારે ખાતરીથી જાણવું હતું કે ઇરાનનો આવતા વખતનો શાહાનશાહ બેઅદબી કે બેમલાજાની કેલવણી પામ્યો નહી હતો કે તું મારેથી ડર પામી ગેબ થઇ. અરે એક લેહજામાં આ દીલને દરૂસ્ત કરનાર ચશમાના સર ઉપરથી ગુમ થઇ જવામાં ઓ માશુક તેં બેકદરગી વરસાવીછે. અરે હું અરે બેવકુફ તથા નાદાન કે મારા જેવો કોઇ તેવો હશે નહી કે મેં તે હેમકાઇથી મારે હાથ આવલા તું જેવાં ચાંદ શેકારને જતો મેલ્યો. તું એવી તો બેનમુન ખુબશુરત હતી કે શીરીન

તારા હીશાબમાં આવનાર નહી. અરે એ પરી જો તું પોતેજ શીરીન હશે તો મારી આ બેવકુફાઇ મારી ઉપર હસી ને મજાકના તાણાનો વરસાદ વરસાવી રેહશે, કે જેવારે તે મારી શીરીન તું પોતેજ હશે તો પેહેલી મુલાકાતે મારી ગફલતની શરમમાં મને ગરક કરી દેશે. આ ગમ ખેંચતો તે શેતાબ પોતાના અસ્પ પાસ આવ્યો અને તે ઉપર સ્વાર થતાંજ કે તે દીલહેરતકરનાર જંગલમાં તે માશુક ખોળી વળ્યો પણ તે નાજનીનની નીશાન પામ્યો નહી. તેથી તે શાહજાદો ઓર પણ હેરતમંદીથી ખ્યાળમાં પડયો કે તે દીલ તાજગી બક્ષનાર નાજનીન એકાએક એક લેહજામાં કાંહાં ગેબ થઇ ગયી! પણ વળી તે શાહજાદાને ખ્યાળ આવ્યો તેથી તે આજેજ થયલો ઝાડો તરફ બેઅખ્તયાર જોવા લાગો કે મબાદા તે પરી પંખેરૂં મીશાળે શીકળ બની કોઇ ડાળી ઉપર બેઠી હોય તો તે ઢુંડી કાઢે. જેવારે તલાશ કરવાથી નાઊમેદ(?) નાશીપાસ થયલો પેલા ચશમાના સર ઉપર પાછો ફર્યો તેવોજ પોતાના અસ્પ ઉપરથી કુદી પડી અસલી જગો જઈ ઉભો રહી જાર જાર રૂદન ને જારી કરવાલાગો; અને માછીઓ પાણીમાં માહી જોએ તે મીશાળે પોતાની માશુકને તે ચશમામાં જોવાલાગો, પણ તે ચશમામાં તે ચાંદ શીકળ પરી છુપાઇ નથી એવી તેની ખાતરનીશાં થઇ નહી. તે શાહજાદાએ પોતાના મનમાં વીચાર કર્યો કે જાંહાં છે તાંહાં તે પરીજાદ ચશમામાં ડુબકી મારી બેઠી હશેજ વાસ્તે હું એ ચશમામાં ઉતરૂં. એ ખ્યાળે તે નવજવાન તરત તે ચશમામાં ઉતરી પડી માહી માફક તેમાં તરવા ને લેટવા ને ડુબકીઓ મારી માશુકની ખોળ કરવા લાગો, પણ તે ચશમામાં તેના દીલમાં ઠરેલી ઠનકાદાર નાજનીન હોય તો તેને મળે કે? તેથી તે ચશમાથી નામોરાદ થાઈ પોકાર મારવા લાગો કે અરે મારી દીલદાર માશુક તું એકાએક મારા ભલા ઇરાદાનો લાભ લેઈ કાંહાં ગેબ થઇ ગઇ? તે એવોતો બેખબર થઇ ગયો હતો કે તે કબી તો તાંહાં બેપ્રાંમ જેવો ઉભો રહી શીરીન ને સબદેજને ચોતરફ જોતો ને વળી તે એવુંજ માણતો કે જાંહાંછે તાંહાં તેની પોતાના દેલમાં વસી ગયલી માશુકતો ચશમામાં માહી માફક ભરાઈ બેઠીછે! વળી પાછો બેહાલ માફક બકતો કે સબદેજ કાગ માફક રંગે સીહાછે તે મારી પરીજાદ શીરીનને લેઇ ઉડી ગયો. એ વખતે તે સબદેજ ઉપર એવોતો ખારેળ થયો હતો તે જો તેની નજરે પડે તો શેતાબ શમશેહેરે સર તેનું જુદું કરે એવો તેને દાગ લાગો. તે માશુક વગર જેહાન પણ તે શાહજાદાની નજરમાં કાગડાની પાંખ જેવી સીહા નજર આવવા લાગી; અને પોતાના તનપરના બાળ સુયા જેવા ઉભા થઈ કાંટાની માફક તેને ખુંચવા લાગા. જુદાઈથી તેની ચશમ ભાદરવાના બાદળ માફક બની આજું ગળવા લાગાં તે એવી રીતે કે એવા તે માશુકના ગુમ થવાની જુદાઇના ગમમાં તે નવજવાન ખોશરોનું તન વાકું વળી ગયું તે નાઉમેદ થઇ જીગર એક થંડી હાય મારી કેહવા લાગો કે:—મારી નેશ્રા નજદીક દીલ તાજે કરનાર બાહાર આવી પોંહોંચ્યો અને મેં ગફલતીથી તેના ફુલની ખુશબો લીધી નહી. ફુરાતનો શીરીન ઝરો મેં નજરે જોયો પણ માહરા લબને તે શીરીનાથી તર કર્યા નહી, અને હેમકાઇથી ખ્યાસો પાછો વળ્યો. બેમુળું આબેહેઆત મારે હાથ લાગું, પણ નાહક મેં તેની સમજ વના બારેવાટી કરી. મેં દીલ દીલદાર કરનાર ગુલાબની ખીળતી કળી બરી બામદાદના જોઇ પણ તે મેં ચુની નહી. તે પુર બાહાર ફુલ ખીલ્યું તે રાતનો પવન ઉડારી લઇ ગયો અને હું તે ફુલની જુદાઈમાં અફશોશ રડતો થયો. કમળ મેં ચશમામાં ચાંદ કરતાં પણ વધુ ચાદની પ્રકાશ દેતું જોયું અને હું ખાસ ભરમર છતાં તે કીનારે ગફલતપર સુઇ ગયો. અરે મને શું સુજ પડયું કે મેં તે મારોયથી પાઠ ફેરવી કે તે નાજનીનને પોતાની મકસદની પાંખ ઉપર ઉડવાને તક આપી અને મારે પોતાને હાથેજ હું પારા મીશાળ ધ્રુંજતો

થયો ! પણ એક વાત મને અજાએબીમાં નાખેછે કે તે નાજનીન પારાની અકશીર જેવી હતી અને અકશીર હોય તો આતશમાં નાખ્યાથી ઉડી જતી નથી. છતાં તે આરેમ કાચા પારા માફક પળકમાં ઉડી ગયી. ઉડી જવું તો મારૂ કામ હતું સબબ કાચા પારા મીશાળે હું ઠરેલો આ જગોએ લરજ્યા કરૂંછું. હોમા જાણવરે મારા સર ઉપર પોતાનો પનોટો સાહેગો નાખ્યો કે જેથી મને પાદશાહી મળે; તથા મારૂં સર બુલંદીયો આસમાન સાથ લાગે અરે અફશોશ તે હોમાના મુબારક સાહેઆ ઉપર મેં મારી નાદાનાએ દામન ઝટકી કે આદમીનો સાહેઓ નામુરાદ થયી જમીન ઉપર પડેછે તેજ મીશાળે હું પોતે એક તાલેમંદ શાહજાદા છતાં આ જગો ખુવારી ને અફશોશથી જમીન ઉપર પડયોછું; જે હાલતમાં દીલ નવધાર ચશમ ગળતી કરેછે. અરે જેવારે મારા એ ખુવાર હાલના દીલથી જાહેર પડતા અફશોશના આજુ તમામ થશે તેવારે કલેજાંના લોહીના કતરા આંખની રાહે બાહેર વેહશે, તે નીશાનીમાં મારો શીનો તર થયલો ગુવાઇ દેશે.

આ રવેસના જારી ને અફશોશ ભરેલા દીલનો થયલો શાહજાદો ખુશરો ચશમાની બાહેર નીકળ્યો. તે ફરી પોતાના ગમગીન મન સાથ ખ્યાળ કરવા લાગો કેઃ—ઓ દેલ તું જાગેછે કે ખાબમાં છે ? આ ચશમામાં કમળ ફુલ હતું તે કાંહાં ગયું કે આ ચશમો બેરોકો ને વગર સોભાનો મારી તે માશુક વગરનો ખાળી જોઉછું. તેથી અગર કાંટાને આતશપર મેલે ને ખાક રાખ થાય તેમ હું આ જે મોહબતનો કાંટાં જેવો થયલો અવતાર જુદાઇની આયવાય વાલા પાકા આતશ ઉપર બેસુ કે હું પણ બળી ખાક થાઉ તો આ હમેશાં બેહાલ કરનાર જુદાઇના આતશના તાપ ખમવાથી મોકળો થાઉં. અરે મેં જે શલુખ કરી તે મારોયને પોશાગ કરવાની ફુરસત આપી એ ગોયા પુનમના ચાંદની મુબારક શીકળ જોવા જગો ચશમ ફોસ્યા બરાબર કામ કર્યું. દાનાયો કેહછે કે શબરથી હરેક કામ લેવામાં નેકી ને દોરોસ્તી પોંહોંચેછે પણ મારી આ વખતના તે માશાળની શબર ને શલુએ મારા દીલને બરહમ માર્યુંછે એ ભેદ તેજ શખસ સમજશે જેણે પ્યાળું હોત તલગ ઉઠાવ્યું ને નોશ કરવાની અણી વખતે હાથમાંથી છટકી ગયું. હવે આ જુદાઇએ ગમખાર થયલું લોહી લુવાન દેલ ને હું પોતે બંધો એક સંબંધે એક સીહા ખુને બેસી મોહબતે મારેલા બેસુમાર તીરના કાપળા કાઢયામાં વખત ગાળ્યેછે. એ કામ આકેબત સરનજામ પોંહોચતાં પોંહોચતાં નામુરાદ થઇ અજળને દસ્ત પકડાઇ જવા શીવા ચારો નથી. અરે આ તોબાનો મારેલો મારા હાથે મારા ગાળ ઉપર એવાતો તમાચા લગાઉં કે મારા હરએક બાળના થડમાંથી એટલાતો બેસુમાર અવાજ ને પુકાર નીકળે કેઃ—ઓ પરવરદેગાર તું તારા લાચાર થયલા બંદા ખુશરો ઉપર મેહરબાન થા અને તેની મુરાદ બર લાવ. એ પોકાર ને અવાજ સાંભળી હું પોતાના દરદથી આશુદો થાઉં કે મારૂં આતશી દેલ શરદ થાય કેમકે જે વખતથી મેં તે મારોયને આ ચશમામાં ચમકતા ચાન મીશાળના જોઇ તે વખતથી મારૂં નવજવાન દેલ તેની જુદાઈના દરદથી લોહી ભરેલું આતશી થયલું છે. હકીમો એ દરદનું બેદું કહી ગયાછે કે કોઈપણ ઇનશાનને મુરદાર લોહીના ગલબાથી તનપર સોજા ચઢેતો તરત લોહી મેલાવે તો આરામ પામે. તેથી હું ચાહુંછું કે મારા કલેજાનું દરદ ભરેલું લોહી હું પોતે પોતાને હાથે મારા પોતાના મોહડાં ઉપર તમાચા મારી બાહેર કાઢી નાખું અને ફરી એવું નાદરૂસત કામ કરૂં નહી. આ રવેશ તે જવાન ખુબશુરત ખુશરો પોતાને હાથ આવેલી બાજી ખોહી દીધાથી ગમમાં ગરક ગયો. તેના ચેહરાનો લાલ રંગ ઉડી ગયો એટલુંજ નહી પણ તેના તન બદનના લાલ રંગનો પોશાગ ફીકાશ મારી રહ્યો. તે હરદમ તે માશુકના ખ્યાળમાંજ

હતો તેથી વળી તે મન સાથ મનસુબો કરતો કેઃ—જો તે આદમજાત હતી તો જમીન ઉપરથી એકાએક ઉડી કેમ ગયી? અરે તે એક લેહજામાં તુફાની વાદળ મીશાળે ગેબ થઇ તે ઉપરથી સાફ માલમ પડેછે કે કોઇ પરી પરીસ્તાનથી આ હબ્યારીનો ઘેરાયલો ચશમો જોઈ ખુશ થઇ નાહવાને ઉતરી હશે! અને તેવી પરીજાદ સાથ મને દોસ્તીની તલબ હોયતો તે પેહલાં મારે મારૂં નામ ને કામ શુલેમાન કરવું જોઇએ, તે વગર તે પરી મારા હોકમમાં શી રીતે આવે! શુલેમાન શીવા કોઇબી બીજા આદમજાતને તાબે પરી રહી નથી. આ ખ્યાળમાં ચકચુર ખુશરો પરવેજ ગોયા દેવાનગીમાં ગીરફતાર ફકીર જેવો હતો. તેવાજ પરેશાન હાલે ગમ ને રૂદન ભરેલાં જીગરથી તે પોતાના અસ્પને ઇશારે ચલાવતો પોતાના ખાસ લાધેલા વીશ્વાસુઓ પાસ આવી તેઓને સાથ લઈ અરમન તરફ ઘોડેસ્વાર થઇ ચાલ્યો.

પેલી તરફ સબદેજ ઉપર પરીજાદા મીશાળ બેસી પવન મીશાળ નીકળી જતી શીરીનનો સઘળો ખ્યાળ પેલા ચશમા ઉપર જોયલા નવજવાન ખુશરોનો હતો. તે નાજનીનને પોતાની રાહ શું કપાયછે તેની ખબર હતી નહી પણ તમામ મન પોતાના જોયલા જવાનમાં હોયાથી તે પોતાના મન સાથ અંદેશો કરી બોળતી કેઃ—

એ જવાન મારા ચશમાની આસપાસ આસમાન મીશાળ ફરયો તેની મને ઘણી અજાએબી ઉપજેછે. જાંહાં છે તાંહાં એ ખુબશુરત મારો પોતાનો ચાહેલો ખુશરો પરવેજછે તેથી એ દીલદારને જોતાંજ મારૂં દેલ મારે હાથથી જતું રહ્યુંછે. ખુશરો નહી હોયતો મારી મોહબત એ ઉપર દોડે નહી. અરે મને શાપુર નકશકસે એ શાહજાદાની જે નીશાન આપી હતી કે તેનો તમાંમ લેબાસ લાલ છે. પણ તેવો કોઇ રંગનો લેબાસ તેનો નથી એ કેમ બને? પણ તે છતાં મારૂં દેલ જે એ ઉપર દોડયુંછે તેથી એ બેશક ખુશરો, મારો પોતાનો પ્યાર બક્ષેલો ખુશરોજ હોવો જોયે. અરે મારૂં દેલ મને એ પ્રમાણે કેહછે કે, "ઓ શીરીન તું ગુલાબના ફુલ મીશાળ છે અને તે ખુશરો શાકર મીશાળ છે માટે તું કઇ કરી મોહબતની પીછાણ કરી લે કે બંધે સંબંધ સાથ થયાથી દીલ રીજવનારો અકસીર ગુલકન થાયછે." એ રીતે મને મારૂં દેલ ઉશકેરીને તેની મોહબત ને મુલાકાતમાં દોડાવેછે. એ ઉપરથી મને સાફ જણાયછે મારા જેવી પાક મોહબતની મારોપને ખુદાતાલાથી નેક નીશાન બસારત થાયછે. પણ શાપુરે મને જે ખુશરોનો નકશ દેખાડયો તેમાં તે ખુબશુરત તેવોજ આ ખુબશુરત જવાન છે. અને જો એ જવાન ખુશરો પરવેજ નહી હોય તો પછે હું તો એ જવાનને આશક થયીછું તે શી રીતે હકતાલાની નજરમાં નેક ઉતરશે? અરે મેં બાજી ખોહી. જે મને મળ્યો તે સાથજ મેં મારી શાદીની સરત કરી મારી કુલ પાસ સાથ લઇ જઇ કદમ ઉપર પડી આજેજી કરી મારો ખાવીંદ માંગી લીધો હતે તો કેવું સારૂં? અરે મેં સબદેજને પવન મીશાળે ચારે પગે મુકયા આગળ તે જવાન સાથ બે શોખન ગુફતેગોહ કરી તેનું મન જાણ્યું હતે; તેને ખાલેસી કહી તેની પીછાણ મેળવી હતે તો શીરીન તને શું તોટો જતે? અરે શીરીન આ હેજગારી ને મંજળ કરતી મદાયુન તે દીલદારના દેદાર ને દેલ મેળવવા જાએછે ને કદાચ તે તાંહાં તને મળ્યો નહી. કદાચ તે ને તારા દીલમાં જુદાઇ આવી ગયો. કદાચ તેણે તને જોઇતા હક બદલે હક વગરની બદીથી દીલ તારો પાસ ખોલ્યું, તો પછે આ તારા ભરેળાં પગળાને કેવું તું તોબા ને અફશોશથી ઠીનશે? મને મારો દાઇએ કેલવણી આપી હતી કેઃ—બંદગી કેબલાના મકાનમાં કરવી રવા છે. બીજી ભલતી જગો તે રવા નથી. એક ખ્યાળામાં બે જાનનું શરબત પીવામાં પસ્તાવો છે. આશના ને યજદાન એક રાખ્યે. મેં તે

નશીહતને હાં યાદ કરી કામ લીધું તો હું ભુલાવામાં ભમીશ. મને જે મળ્યો હતો તે મને પસંદ પડયોછે. તે મારો જાનજ થઇ મારા મનમાં નોંધાયોછે તો પછે હું ખુશરોને મલનાર કાંહા હતી કે મને બીજો દાગ લાગતે? મને એ દીલદાર પસંદ હતો ને હું તે પસંદગી શાદી કરી હકવાજબી મેળવતે; એમાં મેં યજદાનને રાજી રાખ્યોછે એ નકી હતું.

શીરીન એવા હજારો ખ્યાળ કરતી અને પસતાઇ પસ્તાઇને અફશોશ ખેંચતી જતી હતી, તેવામાં તેને પોતાનો કોલ યાદ આવ્યો કે તે શાહજાદા ખુશરોનીજ થઇ ચુકીછે, અને હવે તે શાહજાદા વગર બીજા કોઇપણ મરદનો ખાલી ખ્યાળ મનમાં લાવ્યાથી પણ તે પોતે ના લાયક ઠરેછે તેથી પોતાની સમજમાં આવી અને જે રાહ તેણીએ લીધી હતી તે ઉપર તવકકોળ થઇ આગળ ચાલી. તેણી આ નેક વીચારથી મન સાથ ખીરી પડી. વળી તે પોતાના મન સાથ બોળી અરે એ નવજવાન પોતે શાહજાદો ખુશરો પરવેજ હોશે અને જો એ રવેસ હું તે સાથ આ તનહા ને જંગલ જેહાન જગો મેલાપ લેઉં તો આલમથી હું દાગ પામશ. કમ જીઆદેહ બોલતુ ને હશતું પણ થાય, ગાબ મારૂં દીલ કાંઇ મારૂં નથી; તેનું છે. તેમ બને તે મને ને મારા ખાનદાન તેમ તે મારા નેક ખુશરો ને તેના ખાનદાનને છાજે નહી. બેહતર મને શાહજાદો શયાણુ શલુબ ને પરદામા જોએ. બેપરદે ને બેમલાજે ઓરતોની ઘણી મુજહમત થાયછે અને જો મેં હાં એ શખસ શાહજાદો ખુશરો હોય તોપણ મુલાકાત કે પીછાણ કરવામાં મારી નેક ને મેહરબાન ફુઈ માહરાણી મહીબાનુંને ઓર પણ ગાંગી આ નીકળી આવ્યાની ચાલ સાથ બહુ જખુની પોહોચતે. ના ગમે તે થાય પણ મારે મદાયુનમાંજ ને મેહેલના મલાજામાંજ ને બીજી નવજવાન ખુબસુરતીઓ વચેજ પેહેલી મુલાકાત તો શાહજાદા સાથ લેવી જોયે, બીજી મુલાકાત શાદીના શરનજામ ને શરોપાવમાં અને ત્રીજી તન બદન ને આંખમાં લેતાં મારે તેની મોબતનો વધાવો થઈ લેવી; કે મદાયનના પાદશાહી મેહેલના કંગુરાના ચલકાતે ઇરાનની સરહદ જાણ્યા તે શી રાતે તાંહાં દાખલ થાય એ અંદેશામાં પડી.

શાહેર નીજામી આ શીરીન ને ખુશરોના બનેલા ખુદરતી બનાવ મેલા છતાં તે આશક માશુકો દીલના પરદાથી ખુલાં થઇ મળી ગયાં નહી તે ઉપર અજાએબ તકરાર ચલાવેછે અને ફીલસુફી ભરેલી તરફ બાંધેછે કે જેવારે એ ફરતો આશમાન કોઇના કામની કારસાજી કરવાનો હોય અને તેની મતલબ મુજબ સુસતકીમ પાયો રચવાનો હોય તેવારે અવળમાં તે તરેહની બાજી ને ખેલ પરદામાં દેખાડેછે, એટલે આગ અજાણમાં તે બાજી ધણીને આબહુબ દેખાડી સરગરદાન કરી નીરાશ થવા જેવો કરી નાખેછે. અને પછે તેની મુરાદ તે ઉપર તેની ધારણા મુઆફક બજેછે. એ ફરતો આસમાન કોઇ દેહકાનીને ગંજ બખ્તનો બક્ષવાનો થયો હોયછે તો અવળમાં તે ગામડીઆને બેહદ રંજ બતાવેછે અને નીરાશીમાં ગીરફતાર કરેછે. આશનાવથા આશનાવ તેવારેજ બેશુમાર મોહબત મેલવેછ જેવારે કે તે તેનેથી દુરી પામેછે. આ ઇનશાન આ બે દીનની ફાની જીંદગી રંજ ને જેહમતથી ચોકાર સમજ કોકે દલદેસરી ને દરદ શીવા દુનયામા બીજી મજો ગજુજ છે. એ જેહાન દરગીઆન આદમી જાત ગોયા દરથી નીકળી ભુલા પડેળા અજદાહ માશાળે છે. તેનામાં કાનો ને લોભ ને ગતલબની ઉહાન જડ રોપાઇછે અને નાપેકારી ને ખુશાઇ તેનું પીંડ છે માટે આ ફરતો તાબાં તેની મુરાદ તેને બક્ષવા પેહેલા તેને અજમાયશમાં ઘડેછે. કાંઇ નવાજેશ કે ખુશાળી તે ઉપર વરસાવા પેહેલા તેને રંજ ને આફતમાં ગીરદાપેજ કરેછે; તેમ ખુશરો પરવેજ શીરીનને મલવા ને મુરાદ માફક મોહબત પામવા પેહેલા આ રંજો જેમતમા ગરક પડયોછે. તેના જીગરમાંથી શીરીન શીરીન એ સાસ કોઇ તેર ની મોતને કાંઠે તવળતા પડેલા જાનના જેવા નીકળેછે. અને શીરીન તે સાસના સવાલનો જવાબ તેવાજ ભીતર પાતાળ નીસાસાથી વાળેછે.

શાહજાદો ખુશરો પરવેજ અરમન શેહેરમાં શાહજાદી શીરીનની ફુઈ માહરાણી મહીબાનુનો મેહમાન થાયછે.

ઉઠી માલણ લાડ કરતી બરી બામદાદ,
કે ગુલજારમાં ચુનું એક ગુલ દીલસાદ.
પણ જતાં જોયતો ના ગુલ પણ અનદલીબ,
ચુંટી પીબી ગુલ, થૈ એંચતુ ગમ ગરીબ.
ખુશબોવાળી વીખરાયલી પાંદરી કોમળ,
ખાક ને ખુશબો મળી બન્યું એક ગોહર.
તે નુરને રોશનીમાં રેહ્યું તાંહાં ઝાંખી,
કે બહારમાં તે માલણ જોતાં રંગ ચે ફી.
તો થઇ પડી એકાએક ઠોકરે ખાકનશીન,
ખાક ખુશબો ને જોબન છે ખાક ગમગીન.

ગમખાર ને નીરાશ શાહજાદો ખુશરો અંતે ચીત લુટનારા તે પાણીના ચશમાથી પોતાના વફાદાર સાથીઓ સાથ ઘોડેસ્વાર આગળ ચાલ્યો પણ જેમ તે ચશમો તેની ચશમથી દુર થવા લાગો તેમ તે ચશમાનો પેલો ન્યારો ચમકાટ ચશમને વધારે એંચવા લાગો. જેમ જેમ તે દર પળે દરેક કદમ વધુ ને વધુ તે ચશમાથી દુર થતો ગયો તેમ તેમ દર પળે દરેક કદમ વધુ ને વધુ તે ચશમો તેની ચશમમાં તેજ ચળકવા લાગો અને જીગરમાં વધુ ને વધુ આગ શલગાવા લાગો. દરેક મંજલ તે ચશમો દુર થઇ પડતા તેની ચશમને વધારે ને વધારે નાઉમેદીમાં લાવી તેનુ દીલ વધારે બીમાર કરતું હતું. તે શાહાજાદાને તો એજ ગુમાન હતું કે અરમનથી શીરીન બાહેર નીકળી નથી અને જો નીકળી હોયતો પેલા તલીસમાતી ચશમામાંજ છુપાઈ બેઠીછે. અરે તે નાજનીન અરમનથી બાહેર નીકળી હતે તો મને તે જરૂર રાહમાં મલતે. અરે પણ તે પેલા ચશમા ઉપર મળી પણ કાંહાં ગયી કે તે પતો હાથ લાગતો નથી? મુલાકાત થઇ હતે તો મોહબત તે ઉપર કુરબાની કરી રેહતે. ગમે તેમ મને લાગેછે કે તે પરી અરમનમાંજ હોવી જોઇએ. હું તે અરમનની રાહ પકડું અને મારો તેજ ઘોડો તે રાહમાં એવોતો તેજીથી પરંદા મીશાળે ઉડાસ્યો જાવું કે મારી ગેરદની પણ તે નાજનીનને ખબર પડે નહી. અરે તાંહાં મારી તે મન તન રૂંવે રૂંવે નોધાયલી નાજનીન બાનુને જોવું. એક નેધા થઇ એક નજરનાં નાજમાં મારૂં નામ તેના શીના ઉપર પેદાઉં. શાહજાદો ખુશરો એવો વીચાર કરતો અરમનની રાહમાં પોતાના સાથીઓ સાથ દાખલ થયો. જેવારે તે અકે સ્વાર તે રાહ માપતો કોહીસથાનની સરહદમાં દાખલ થયો, તેવારે તેની ખબર માહરાણી મહીબાનુના મુકરર કરેલા તે ઇલાકાના હાકમને થઇ, તેથી તે એક મોટાં અનજુમન સાથ ઈરાનના નામીચા શાહાજાદાને એસતકબાલ આવ્યો. તે હાકમે આવતાં વાર તે નામદારના કોહીસથાનમાં કદમ ધરવામાં બેહદ મેહેરબાની થયલી કેહી સંભળાવી બેમુળાં નજરાણા ને શોગાત ને ખજાણો તે સામે ધરીઓ. તે હાકમ, શાહજાદાને પાદશાહી મેહેલમાં ઉતારો આપી તેની એદમત ખરાં જીગર ને ઉલટથી કરવા લાગો. શેહેરમાં જાબજા રોશની ને રામશની થવા લાગી. ખળકત ખુશ ખુશાળીમાં ખાણીપીણી કરવા લાગી અને રાજદરબારીઓ શાહજાદા ખુશરોના પોતાને મુલક કદમ ધરવાના બદળામાં જર તથા દેબાહના કપડાં લેઇ તે નામદારની એદમતમાં દોડવા

લાગા. મોટ મોટા દરબારીઓ પોતાની ગુંજાસ માફક દરરોજ તે નામદાર શાહજાદાને પોતાને તાંહાં મીજલશમાં બોલાવી તેની મદાગ એવીતો ઉમદા કરવા લાગા તથા રામજનીઓના રાગ ને મેહેમાનની મોહબતથી તે શાહજાદો એવો ખુશ થઇ ગયો કે તે નામદાર કોહીસ્થાન માટે અછું મત ધરાવા લાગો. તે સરજમીન તે નામદારને એવીતો ખુશ આવી કે તે તે મુલકની તમામ ઉમદા જગા ને એલવતખાના જોઇ તાંહાં હાકમ ને ખલકની મોહબતમાં વખત ગુજારવા લાગો. એ રવેશ તે એક માહ તે સરજમીનમાં તે મુલકના અમલદારોની તેમ પોતાની ખાયશથી મુકામ કરી રેહ્યો. તે નામદારને દરરોજ જેઆફતો ને નવા નવા તોફા હદીઆથી કોહીસ્થાન મુલકે નવાજી દીધો. આ શાદમાનીમાં એક માહ પુરો થઇ બીજા માહનો માહ જેવારે આશમાન ઉપર રોશન થયો તેવારે તે શાહજાદાને પોતાના જીગરની માહ પોતાના જીગરમાં રોશન થયલી યાદ આવી, કે મારી પરી શીરીન જે ગોયા ખુબશુરતીની માહતાબજછે તે રોશન શુરત જોયા વગર એ સરજમીન એશ અશરતમાં બેઠોછું, તે મને સજાવાર નથી. એ ખ્યાળે તે નામદારે કોહીસ્થાનથી જવાનો કસદ કસ્યો. તે નામદારે તાંહાંના હાકમ ને ખળકના મેલાવડા વચેથી પોતાના સાથીઓ સાથ સર નમાવી બેસુમાર મેહેરબાની માણી. તેણે હાકમને તેની તારીફ લાયક મદારા કરવાના બદલામાં પોતાનો એક બેમુળો ગોહર જડેલો શીકો નવાજયો અને બીજા અમલદારોને તેઓની લાયકત માફકના બેતાબ તથા પોશાગ આપી તે તાંહાંની નેકનામ આલમથી વરસતી બેસુમાર ઇજત તવાજો વચેથી એરમન તરફના પાહાડી મુલકમાં આગળ વધ્યો. આ મુલક ન્હાના કોહીસથાનથી આસકાર હતો. તાંહાંની થંડી આબોહવા માહરાણી મહીબાનુંને બહુ પસંદ હતી, તે હરદમ તાંહાંજ પડી રેહેતી અને રાજપાતનો તમામ વહીવત તાંહાંથીજ ચલાવતી હતી. તાંહાં નજદીકમાં શાહજાદાની ખબર પંઠરાઇ કે ઇરાનનો જોરાવર શાહજાદો ખુશરો પરવેજ છડી સવારી સાથ મુલકોની શેહેલ કરતો આ તરફ આવી લાગોછે. તેની તલવાર વીજળી જેવી ચમકાટ ને ઝરપવાળી છે. તેનો ઘોડો પવન મીશાળે પરંદાની ચાલે ઉડનારોછે, અને પોતે ગોયા આદમીઓની સુરતો વચે આદમ સુરતનો આફતાબ છે જે પોતાના નુર ભરેલા ચેહેરાથી ચાંદ સુરતોને નુર ને શલુખ બખશી શકેછે. આ ખબર ઉડતી ઉડતી માહરાણી મહીબાનું જે તાંહાં એકાંત મોહોલમાં શીરીનની જુદાઇમાં ગમખાર પડી હતી, તે નેક બાનુને પોંહોંચી. તેવારે તે માહરાણીએ દુરઅંદેશાથી પોતાના ગમને દુર કરી તે જેહાનના જંગી શાહજાદાની મદારા ને બેદમત કરવા માટે શેતાબ તઇઆરી કરી. તે નામદાર રાણીએ તરત લશકર ને પાદશાહી અસબાબથી તે શેહેરને આરાસતા કરયું અને તે પોતા સાથ પોતાના બુજોરગો, દાનાવો, પેહેલવાનો ને શોદાગરો લેઇ તે શાહાજાદાની રાહમાં એસતકબાલ ગયાં. જેવારે તે નામદાર રાણીએ શાહજાદાને જોયો તેવારે પોતા સાથના તમામ પાદશાહાતના મદદગારોને ઇસારત કરી પાઉપેઆદા કસ્યા અને પછે પોતે પોતાના હાથીના ઓઘામાંથી નીચે ઉતરેછે, તેટલાંજ શાહજાદો પોતાના સવારો સાથ તે નેક રાણી પાસ આવી લાગો અને નીચે ઉતરવા મના કરી. તે પોતાના નામદારો વચે સવારીમાંજ મુલાકાત કરી તેણીની એર આફીઅત પુછી. રાણી મહીબાનુએ તાંહાંજ બેસુમાર હદીઓ તથા ખજાનો તે સામે ધરાઓ, તે ખુશરોએ હસી પાછો બક્ષો તે નામદારની મેહમાની કબુલ રાખી તે સાથ તે શેહેરમાં દાખલ થયો. જેઆફતનો સરનજામ દરબારમાં તઇઆર હતો અને શાહજાદો લઓ ખલકના આવકાર વચેથી ગોહરોના વધાવામાં પાદશાહી મેહેલમાં ઉતરાઓ. અને મીજલશમાં બીરાજયો. તે મીજલસમાં એક ઉમદા તખત ઉપર શાહજાદો; શાહનશાહ નોશીરવાન અદલના દબદબાનો બીરાજયો. તેણે પોતા પાસે એક ગોહર

જરાવનાં નાહના તખત ઉપર માહરાણી મહીબાનુને બેસવા હોકમ કરયો. શાહજાદાએ ભારી ઇજતથી તે માહરાણીને ફરી ખેર આફીઅતની ખબર પુછી. પછે તે શાહાનશાહી લાયકનો ખુશરો બોલ્યો કે ઓ નામદાર માહરાણી, હું તું નેક નામના મુલકમાં આવ્યોછું તેથી તું પાદશાહી લાયકની નેકનામને તજદી પડીછે. માહરાણી મહીબાનુએ શાહજાદાથી એ રવેસની મોહબત ને મેહરબાની પોતા ઉપર વધારો થતી જોઇ, તેવારે તખત ઉપરથી નમી તે રાણીએ શરફરાજી આપવાના બદલામાં ઘણાએક નેક ને શાલેશ શખુનો સંભળાવ્યા કે જેથી શાહજાદો ખુશરો કોહીસથાનની પાદશાહી તખત ઉપર ગુલાબના ફુલ મીશાળે ખીળી રેહ્યો. તે માહરાણી બોલી કે ઓ શાહાનશાહીવાળા શાહજાદા ખાણાની મીજલસ તઇઆર છે તાંહાં ખાણું લેઇ તથા શરાબ નોશ કરી માહરા બરદેહના પાદશાહી મેહેલમાં થોડા દીવસ મકાન કરી રેહ. તે જગો ને મેહલ ઘણી ખુશ આબોહવા વાળા છે. આ જગો જરા ગરમીવાળી છે, તાંહાં તું નામદાર તજદી લેઇ મને માન દીયે એ ચાહુછું. તે જગો ને મોહોલ ને આબો હવા તું શાહાનશાહને લાયક મુઆફેક છે. તાંહાં પાણી તથા ખોરાક તથા ચારો બીશીઆરછે, તાંહાં તું નામદારના સવારો તથા ઘોડાઓને ખાવા ચરવાની ફરાખી રેહશે.

શાહજાદા ખુશરોએ માહરાણી મહીબાનુનો શોખન કબુલ રાખ્યો. ખાનું ખાઇ તથા શરાબ નોશ કરી તે નામદારે, માહરાણી સાથ બરદેહના બાગ તરફ લશકરી માન સાથ કુચ કરી. તે નામદારે તે જગા આબોહવા ખુશનુમા ને મનપસંદ જોઇ, તેથી તાંહાંનો મેહેલ જે સપેદ મોહોલ ને બાગને નામે કેહવાતો હતો તે દરમીઆન વાસો કરયો. માહરાણી મહીબાનુએ એ રવેસ શાહજાદાને બરદેહના મોહોલમાં ઉતારો આપી તમાંમ પાદશાહી અશબાબ તે મોહોલમાં મંગાવી લીધો અને તાંહાં એક મોટું તખત આરાસતા કરાવ્યું. તાંહાં ઝરફથી નાહના મોહટા દેહરા મગાવી તમામ અમીર ઉમરાવ ને પેહેલવાનોને તેઓને લાયક ઉતારો કરી આપ્યો. મહીબાનુએ પણ તે મોહોલની એકાંત લાગેલી બાંખમાં પોતાની બાંદીઓ સાથ ઉતારો રાખ્યો હતો, તે બુજોરગ બાનું દરરોજ એક વખત શાહાજાદાની મીલાકતે આવતી ને પાદશાહીને લગતી ગોફતેગોહ કરતી. શાહજાદો આ જગો એશ અસરત કરતો અને મીજલશમાં રંગ રાગ સાંભળતો, પણ તે શીરીનની યાદ ધરી તે નાજનીનની જુદાઇમાં બેહદ શરાબ પીતો અને જીગરથી જલેલા આતશ જેવો રેહતો હતો.

શાહજાદી શોરીન મદાયુનમાના શાહજાદા ખુશરો પરવેજના મેહેલમાં પોતાનો ઊતારો લેછે.

ચાહે શાહેબ તો કુરી તે કરે સંબંધ,
સંબંધને દીયે રૂપ કુરી બુલંદ.
નશીબાપર નેમ જેમ પાસા ઉપર દસ્ત,
બાજી તેનીજ ધારી ચાલે કુલ મસ્ત.

શાહેર નીજામી આ દાસતાન આગળ બયાન કરેછે કે જેવારે શાહજાદો ખુશરો પરવેજ એરમન શેહેર માહરાણી મહીબાનુનો મેહેમાન થઇ બરદેહના બાગમાં શીરીનના ગમ ને જુદાઇમાં શરાબ નોશ કરી વખત ગુજારતો હતો, તે વખતે શીરીન પેલા ચમન ભરેલા પાણીના ચશમા ઉપરથી ખુશરોની નજર ચુકાવી શબરંગ ઓંકાવીને ગોયા સુરગ મીશાળ ઉડી ગયલી મદાયુનના

પાદશાહી મેહેલના દરવાજામાં દાખલ થઇ. તે શાહજાદીએ તે બુલંદ દીલ હેરત કરનારો મેહેલ જોતાંજ જુસતેજુ ખાતર પોતાનો અસ્પ થંડો પાડી ડોબાવ્યો. તે પરીજાદ ઘોડેથી ઉતરી પડી આગળ પાછળ નેધા કરી તે મોહોલની સુંદરીઓને શાહજાદા ખુશરો બાબતે પુછવા લાગી, અને પોતાની આંગળીની બેકીંમતી અંગોઠી બતાવીને કેહવા લાગી કે તે નામદાર શાહજાદા સાથ મને મુલાકાત કરાવો. તે અંગોઠી જોતાંવાર શાહજાદાના મોહોલની તમામ ખુબશુરત નાજનીનોએ શીરીનને તવાજો ને ઇજ્જત સાથ મોહોલના ખાસ દીવાનખાનામાંના તખ્ત ઉપર લેઇ જઇ બેસાડી. જેવારે તે માહતાબ નાજનીનોએ શીરીનનો નવબાહાર ચેહરો સારી રવેસે જોયો, તેવારે હસદ ભરેલી ચશમોથી પોતાના મીઠા હોટ દાંતમાં પકડી લીધા. જેટલી ઇજત, આબરૂ ને તવાજો પોતાના શાહાજાદાથી તે આફતાબશાની શાહજાદીને આપવાને ઇશારો થયલો હતો, તેમ આપીઆ પછે શાહજાદી શીરીનનો ચેહેરો બારીકીથી તપાસ્યો તો શાહજાદાના જણાવ્યામાં ને તે પુનમ પુતલીમાં કસો તફાવત જોયો નહી. બેસુમાર ખુબશુરતી ને તેજ જોઈ તે શાહજાદાના મોહોલની તે તમામ નાજદાર હસી રમાને એક બીજામાં ગોફતેગોહ કરવા લાગી કે જો આ ખુબશુરત માહતાબ શાહજાદી શીરીનજ હશે તો પછે શાહજાદો, શીરીન નથી લાવ્યો પણ પોતાના મોહોલમાં મોહબતનો અમર ધીકતો આતશ લાવ્યો જાણવો, એજ પરીશીકલ જો શીરીન હશે તો એના રોશન આતશ મીશાળના તેજ રોખશારા જોઇ મદાપુનના ઘણાએક નામદારો ને ખુબશુરતાઓ, પેહેલવાનો ને શાહજાદાઓ વગેરે ઘણીએક ખળકનાં દીલ, વગર આતશે જળી બળી ખાક થશે. આ તથા બીજી એ મીશાળની ઘણીએક અદેખાઇ ઉપજાવતી ગોફતેગોહ કરીઆ પછે તે તમાંમ નાજનીનોએ પોતાના શાહજાદાના આપેલા હોકમ મુઆફેક તે પરીજાદ શીરીનને અંદાજા ને મલાજાથી પુંછ્યું કે એ પરીશીકળ સુંદરી તું કાંહાંની રેહનાર છે? નામ શું મુબારક તું રાખેછે? નશળ કોણ નસીબવાળાથી છે? કોણના તોખમમાં તાહરી ખુબશુરતીએ નામદારી બક્ષીછે? કેહ એ કોમળ કમળ સમ નાજુકબદન હાં તાહરી શી મકસદ ને મુરાદછે? શાહજાદી શીરીને આ સવાલોના જવાબ આપ્યા હતે, પણ તે પુછનારીઓના મોહ ઉપર મોહબતની જગો અદેખાઇની કાળાસ આવી રહેલી જોઇ તે નાજનીને દુરઅંદેશીથી આ તમામ સવાલોના જવાબ ઉડાવી કેહ્યું કે એ સુંદરીઓ મારી હકીકતનો કીસો લંબાન ને જરા હેરત ભરેલો છે, તે અગર તમોને સંભલાવુંછું તો તેમાં કસો પણ મારો કે તમારો સાર જળવાતો નથી. અને તે વળી એવો બારીકી ને ભેદથી ભરપુરછે કે તે તમારા નામદાર શાહજાદાના કાન સીવાય બીજા વાસતે મેં મારી મુરાદવાળો કર્યો નથી. જો શાહજાદો ખુશરો પરવેજ હોય તો તે નજદીક હું કેહેવા આવીશું તે શાહજાદો માહરો હેવાલ સાંભળી જોયે તો તમોને કેહ; મને તેમાં કસો મુજાકો નથી. મોહોલની પરી શીકળ સુંદરીઓએ શાહજાદી શીરીનને જવાબ આપ્યો કે શાહજાદો તો શીકારે ગયોછે, અને વખતે હફતાના હફતા તે આવે પણ નહી. શાહજાદી શીરીન બોળી, એમ છે તો જેવારે શાહજાદો ખુશરો પરવેજ શીકારથી પાછો ફરીને આ મોહોલમાં આવશે તેવારે હું મારો તમામ હેવાળ તે નામદારને જણાવશ. હાલ તો તમો તમામ નેક ઓરતોએ મારી મદારત કરવી જોયે. આ માહરા ઘોડાને સારી રવેસ એસતબળખાનામાં ખાસ ઠાણ ઉપર બાંધો અને તેનો ખોરાક આ રૂકામાં જણાવ્યા મુઆફેક અપાવો. આ મારો ઘોડો પાદશાહી ગંજ કરતાં પણ કીંમતી છે તે ખાતર જો કસી ખાયકી થશે તો તેનો તમામ જોખમ તમારે સર સમજજો. ખુબશુરત શીરીને પોતાના શાહમુરગ મીશાળના તેજ ચાલવાળા અસ્પનો હવાળો ખુશરોના ફરમાબરદારોને લેતાં જોયા પછે તે પોતાની ફીકરમાં પડી, પણ શાહજાદાના

મોહોલની નાજનીનોએ પોતાના શાહેબના જતી વખતના હોકમનો તરીકો અમલ લાવવા કસી ખાયકી કરી નહી. તે તમાંમ સુંદરીઓએ બેસુમાર નાજ નખરાં ને ઠનકાથી શીરીનને શાહજાદાના ખાસ મકાનમાં આરામ આપ્યો. ગુલાબથી તે નાજનીનનુ ઠાકેલું બદન પાક કરયું અને જરીન પોશાગો નાજની ઉઠાવનાર રાણીઓને લાયકના તે પાસ લાવી હાજર કરયા. જડાવના અમુલ્ય દાબડા તે પાસ મુકયા ને કેહ્યું કે આ બેસુમાર ને બેકીંમતી જવાહાણ વગર આ ખુબશુરત બદન જીનહાર ખાળી રેહેતું ના. જેટલી બની તેટલી લાયક ને છાજતી માઉજત ને ઇજતથી શીરીનને ગોયા હુરાં આરાસ્તા કરી. શીરીન તમામ ઈરાની પાદશાહી શીંગારમાં ગરક હતી તે કરતાં શાહજાદા ખુશરોને મલવાના વાયદાની ઇનતેજારીથી તે નાજનીનના બહારનું ગુલચમન વધારે અછું ખીળી રેહ્યું હતું. જો કે આ આ રવેશ ઇરાનના પાદશાહી મોહોલમાં શાહજાદાના ખાશ દેવાનખાના ને તખત ને તાજ ને શીંગારમાં શાહજાદી શીરીન આબાદ થઇ હતી; તોપણ મોહોલની બીજી નાજનીનો તેણીને પણ પોતા માફકની એક ખુબસુરત જાણી અજાણમાં પોતા બરાબરની લેખી ચાલતાં હતાં. આ ચાલથી મીઠા હોતની શીરીન તરત ચેતી જઇ તે પણ મોહોલની નાજનીનો સાથ બરોબરીમાં મિલાઇ ગયી અને શાહજાદો આવે તાંહાં તલગ ખુબ દાનાઇથી પેલી ઓરતો સાથ હળી મળી રમી હસી મજાક મજો કરી પોતાનો દાહડો ગુજારી લેતી, પણ રાત તો પેલા ગોહર જડાવના તખત ઉપર ખુશરો ખુશરો બોળી જુદાઇના અફશોશમાં કાઢતી હતી.

શાહજાદો શીરીન વાસતે બાકુલના કોહીસ્તાનમાં મેહેલ બનીચો.

લંબાયું જે કામ તે કરે મન હેરાન,
છુટતો તીર ટુકમાંજ જઇ પોહોંચે નીશાન.
અગર ચાહે સમજવા તું મુશ્કેળ કે આશાન,
તો ઢીળ કે જરૂર પરથી પામ તે ગ્નાન.

શાહજાદી શીરીનને મદાયુનના પાદશાહી મેહેલમાં મકાન કરયાને એક માહ બરાબર ગુજરયો તેવારે તે નાજનીનને જાણ પડી કે શાહજાદો તો પોતાનું વતન ઇરાન તજી ગયોછે. તે નામદારને પોતાના પેદર સાથ ભારી અનબનાવ બન્યોછે. તેથી તે શેકારના બાહને આરમનીની રાહે રાતોરાત ઇરાનની શાહાનશાત છોડી ગયોછે! તે શાહજાદો હવે ઈરાનમાં કદમ જલદીથી ધરે એ ખાતરી જણાતી નથી. શપેહસાલાર બેહેરામ ચોબીન જે આજ ઈરાનમાં મોટા દલેર ને વગવાળો ગણાયછે, તે જાંહાં તલગ હઇઆત છે તાંહાં તલગ શાહજાદો આ સરજમીન કે તેની સરહદમાં આવી શકનાર નથી. શીરીન આ ખબરથી બેતાબ થઇ. તે નાજનીન જાંહાં મોહબતથી પોતાના દીલને ખીળવવા ને જુદાઇની દવા પામવા આવી તાંહાં મોહબતની જગો મુશકેળી ને જુદાઇની જગો નીરાશીમાં તે ગીરફતાર થઇ. તે નાજનીન તમામ નાજ ને ઉમેદ ભુળી જઇ બેઆરામ થઇ ગયી. તેના દીલમાં આ નાશીપાશીથી ગમખારી સજર દાખલ થઇ, અને હરદમ તે દીલગીર ને એકાંત રેહવા લાગી. તે મોહોલની બીજી પરીજાદ નાજનીનોના હસવા બોલવામાં ભાગ લેવા જગો ભોગ થવા લાગી અને પેલા ચશમાના મેળાપ ઉપર ખ્યાળ દોડાવા લાગી કે અરે પેલો પરીજાદો જેનું મોહ ગોયા આફતાબના રોશન ગોહરમાંથી બનેલુ હોય એવા ઝળકાટવાળો તેજ માર્ગમાં મને મળ્યો તે માહરો પોતાનો જીગરના

પ્યારથી ચાહેલો ખુશરો પરવેજજ હતો. અરે તે નવજવાને મને શ્યાણ શલુખમાં પોશાગ કરવાની મેહેરબાની નવાજી અને હું એક બેખબરી ગુમરાહ માફક તેના દીલનો મરમ સમજ્યા વગર યાહુમ સબદેજ દોડાવી તાંહાંથી ઉડી ગયી. અરે હું તાંહાથી ઉડી નહી ગયી પણ ખુદ મારી બેકીમતી મુરાદના ગુલચમનથી ઉડી ગયી. અરે મેં ધાર્યું કે સબદેજ મને આ વખતે કોઇ નાલાયકીમાંથી બચાવનારો ફીરેસતોજ છે પણ તે જગો તે ગોયા મારા જીગરના જાન ને ચશમની કીકીથી જુદો કરનાર પોતાના રંગ જેવો અબલીશજ છે એ મેં ધાર્યું નહી. અરે જે દીલદાર ખાતર મેં મારા તમામ ચેન ને આરામ તરક કરી મારી ઉપર ફીદા રેહનાર મારી માદર મીશાળની ફુઇ માહરાણી મહીબાનુથી જુદાઇ ધરીને તાંહાંથી હું નીકળી આવી તે જેવારે મને મારા મનમાં ધાર્યા કરતાં હજાર ઘણી વધારે સેહેલાઇથી ચાહેલો મળી આવ્યો તેવારે મેં બેખબરીએ તે મેહેરબાનાનો લહાજો ઇનશાનીને શરમમાં ગરક કરી નાખે એ રવેશ વાળવામાં શોખાઇ દેખાડી. એ વગેરે ઘણીએક અફશોશ ગમખારીમાં શીરીન ગીરફતાર રેહેતી અને પોતાના વાહળા દીલદારને મલવાના તરેહવાર મનશુબા મન સાથ કરતી હતી. તે શાહજાદીના બેધ્યાણુ ધકમાં મનસુબા પાર પડવાની પાર હજી રેસપાર બંધાઇ નથી તેટલાં તો તેણીને આવ્યાને લગભગ છ માહ ગુજરી ગયા અને દીલથી ઘણીજ બેઆરામ રેહવા લાગી. જો કે તે શ્યાણી શાહજાદી ખુબ રવેસ સમજતી હતી કે બેશબર રેહી એ રવેશ અફશોશ ખાધામાં આયનદે બીમારી શીવા કસો અંજામ નથી પણ જે ખુદરતી ખવાસ તે તે નાજનીનને હેરાન કરવા ને જુદાઇમાં ચશમથી નવધાર આંજુ ગળવામાં હમેશાં ગાલેબ હતો. તે શાહજાદીએ દુરઅંદેશીથી પોતાની બેશુમાર બારીક હાલત ઉપર પોતાના ખવાસને ડાબી ડાબી ખુબ શબર ધરવામાં ફતેહ મેળવી. તેણી ચુપ રેહી ઓર પણ પોતાના દીન દરીઆફથી ગુજારવા લાગી.

ગમખારી ને હાંદેશાથી તવાઇ ચાલેલી શીરીનને જોઇ તે પાસ હસી હરી ફરી રમી એળી દીન ગુજારનારી મોહોલની સુંદરીઓને દયા ઉપજી ને તમામ નાજ ભરેલીઓએ પીઆરથી શીરીનને પુછ્યું કે ચમનની દીલરૂબા કળી આ રવેશ તું કેમ સુકાતી જાયછે? તાહરા ગુલલાલા જેવા ખીલેળા યાકુત રંગના ગાળ ઉપર હલદી રંગ કેમ ચળકેછે? શીરીન બોળી ઓ શાહેલીઓ, મને આ જગો દીલ બેચેની ઉપજેછે. હું કોહીસ્તાનની ખુશનુમા આબોહવાવાળા ચમનમાં ઉછળીછું. તાંહાંના એકાંત મોહોલમાં મારી માઉજતથી પરવરેશ થઇછું. તેથી મને શેહેર બાહેરનીજ આબોહવા માફક આવેછે અને હું પોતે પણ તે પસંદ કરૂંછું. તેથી આ શેહેરની ગરમ હવામાં મારૂં દીલ સુસ્ત ને મારો રૂખશાર કરમાયછે, વાસ્તે તમો તમામ શાહેલીઓ મારી ઉપર મેહેર લાવી પાદશાહી ઇમારત બાંધનારા કવીને કોઇ હળીઆરી ભરેલા ચમન જેવા જંગળમાં આવેલા બુલંદ પાહાડને મહાળે એક ઉમદા મોહોલ એલાએદો બનાવા કેહો કે તાંહાં મારો ઉતારો રેહાથી મને કાંઇ ચેન પડશે. આ હેવાલ સાંભળ્યાથી તે તમામ નાજનીનો હવે બરાબર સમજી ગયી કે તે મેહમાન પરીજાદી શાહજાદા શીરીન છે, તેથા શેતાબ તાબેદારીથી કેહેવા લાગીયો કે "આ પાદશાહી મીજલશની રોશની બતી તારો હોકમ બજાવ્યામાં આવશે. શાહજાદા ખુશરો પરવેજે પોતે જતી વખતે અમો તમામ જણીઓને ફરમાવ્યુંછે કે મારા ગયા પાછળ અગર કોઇ પરીજાદ નાજનીન મને પુછતી આવે અને તે રંગ સુરત ને છોકમાં માહતાબ તેજનો ગુંઠાયલો વેલો હોય તો બાઇજત તેની મદારત કરજો. ખેદમત એવી બજા લાવજો કે મારી ગેરહાજરી માલુમ પડે નહી. તે પરી શીકળ જાંહાં મકાન ચાહે તાંહાં જેમ ફરમાવે તેમ નવું કે જુનું તેને અસતક આપજો. તે નાજ ભરેલી ચાહે કે ચીનનું નકસખાનું તે પાસ બેમીશાત ગણાય તો તેવો ઉમદા મેહેલ તે જેવી ઉમદા

હળીઆરી ને હવામાં માંગે તાંહાં બાંધી રાખજો. તે માહતાબને કાંઇ પાંતીની જરાપણ કસુર પામવા દેતા ના. તો પછે અમો જેમ તાહરો હોકમ હોય તેમ પાદશાહી ઇમારતના ઉપરીઓને તાકીદ કરશું. કેઇ આબોહવા ને જમીનમાં તું શાહજાદીને મોહોલ ને મકાનનો શોખ છે?" શીરીન બોલી કે ઓ મેહેરબાન શાહેલીઓ, મને કોહીસ્તાનને લગતી ઇરાનવાળી સરહદના જંગળના પાહાડને સર એક ઉમદા ને કુશાદે મોહોલ બંધાઇ મળે તો બેહેતર ખુબ. આ હોકમ સાંભળી તે નાજનીનો બોલી કે કોહીસ્તાનની સરહદ પસંદ છે તો તાંહાં એક પાદશાહી મોહોલ શેતાબ બાંધવાનો હોકમ કરશું હવે.

શાહેલીઓ એ માફક કેહી શીરીન પાસથી ગયી, અને પોતાની એક છુપી સભા ભરી તમામ જણીઓ અદેખાઇથી શીરીનની દુશમન બનેલીઓએ સંપ કર્યો કે એ કોહીસ્થાની બાનું આપણા શાહજાદાની મોરદાર થાય અને ઇરાનની મોહોળી શાહાનશાતની રાણી ગણાય; જો કે એ વધારે ખુબશુરત ને શોભાવંતી છે, તોપણ આપણમાં આપણે સંધી શાહજાદીઓ એક એક કરતાં સરસ ને નાજ ભરેલીઓ છઇએ. આપણે આપણા શાહજાદાને ખુશ કરવા આપણા તમામ આંગનો ભોગ આપવા ઇનતેજાર છતાં દુરદરાજ શેહેરથી આ એક નવાઇ જેવું ખુબશુરત પરીનું પુતળું તે લાવી આપણી ઉપર સરફરાજ કરવા ચાહેછે વાસતે આપણે તમામ જણીઓએ એકદીલ ને એકસંપ થઇ એ કોહીસ્તાનીને અમનથી બેસવા દેવી નહી, અને બને તેટલી તોબા બોલાવવી કે એ આ સરજમીન માટે કપા થઇ આપણો પીછો મુકે. એ અદેખાઇના ખ્યાળે થયલા સંપથી તે તમામ શાહેલીઓએ પાદશાહી ઇમારત બનાવનારા વજીરને છુપો મશલતગાહમાં બોલાવી મંગાવ્યો અને પોતાના દીલનો ગમ જાહેર કરી કોઇ જાણે નહી તેમ તે વજીરને ભેદ જણાવ્યો કે આપણા મોહોલમાં એક જાદુગર ઓરત બાબુલના કોહીસ્તાનથી આવી આજ ઘણા માહ થયા વીશામો કરી પડીછે. તે ખુબશુરત પણ નાપાક એવીતો જાદુગર છે અને તે જાદુના એલમમાં એવી જબરદસ્ત છે કે જો ચાહે કે આશમાન હાલે તો શેતાબ તે તુટી પડે. જો જમીનને કેહ કે તું જેરજબર થા તો પળમાં જેહાન કેઆમતના દસ્તમાં જેમ શેકારીના જોહોલામાં શેકાર પડે તેમ ગીરફતાર થઇ રસ્તાખેજ પામે. તે જાદુગરોનો ઉસ્તાદ હોય એવી ઓરત અમારી મેહમાન થઇ રેહીછે. તે ઓરત ફરમાવેછે કે શેહેર બાહેર કોહીસ્તાનને લગતી ખુશ આબોહવાવાળી સરહદના દીલચમન જંગલ દરમીઆનના પાહાડ ઉપર એક મોહોલ શાહાનશાહ જમશેદના તખ્તશમ જેવો બનાવે કે તાંહાં તે વાસ્તે જેહાન રેહી મન ચાહેલી બાજી હાથ કરવા તરેહવાર જાદુ ફુંકે; વાસતે અમારો એવો વીચારછે કે એક મકાન એવું બાંધી અપાય કે એ ભેદ પામનારી ઓરત તાંહાં એખલી રેહી પોતાના કામમાં નીશફળ થાય અને નામુરાદ મરે. કોહીસ્તાનની સરહદમાં જાંહાં આબોહવા દીલને દરદ પોહોંચાડનાર ને ગરમ ને સુસત કરનાર હોય તાંહાં બાંધી તે નાપાકજાદીને ગોયા બંદીવાન મીશાળે એખલી બંદ નાખી રાખ્યે કે બાજાઓને તેથી હળાકી પોહોંચે નહી. તે ઉમદા મોહોલની ઉમેદમાં હરખાયછે પણ આપણે તે નાપાકને બુરાં બંદીખાનામાં રાખી હરખઇએ એવો અમારો ઇરાદોછે માટે એકાંત મેળો કર્યોછે. દાનેશમંદો દાનાઇ ફરમાવી ગયાછે કે જે કોઇ જાદુગર હોય, તેઓને સારાં મકાન કે મોહોલમા રેહેવું ખુશ લાગે નહી, માટે એક મકાન નાખુશ ને સુસ્ત તપે દેનાર આબોહવામાં બનાવ. પછે એક બેમુલું ગોહર આપી તે વજીરને પોતાના મતનો કરી લીધો એથી થયું એમ કે અદેખાઇએ શીરીનને નાલાયક નકશામાં ખેંચી નાવાજબી મકાન લાયક ઠેરવી. ઇમારત બાંધકામના વજીરે મોહોલની માહતાબોના કેહવા માફક શેહેર બાહેર ઇરાન ને બાબુલની સરહદ વચે કે જાંહાં પાહાડ ને બીઆબાન

શીવાય બીજી ખુદરતજ નહી. તે નાખુશ ને દીલ શળગાવી દરદી કરનાર જગો પસંદ કરી. તે જગો એવી તો ગરમ ને ખરાબ કે અગર કોઇ નોજવાન તે જગામાં મકાન કરે તો, સેજ દીનમાં સુકી ખખ થઇ જાય. તેની તમામ ખુબશુરતી ને માંસ જતું રેહી બદસુરત હાડપીંજર ગોયા આબલીસજ બની રેહ. તાંહાં શીરીન ખાતર ગોયા દોજખ જેવું મોટું બંદીખાનુંજ બંધાયુ હોય એવો મોહોલ બંધાઇ તઇઆર થયો. અદેખાઇએ જે અદાવત રચ્યો તેની તાબેદારીમાં સપડાઇ પેલી ઇરાની મોહોલની ખુબશુરતો બેગુનાહ શીરીન સાથ તેણીના આ ગમખાર વખતમાં ફરેબ રમીયો. રાત મીશાળનો સીહા રંગેલો તે મોહોલ, રાત મીશાળના સીહા પાહાડ ઉપર બંધાયલા દરમીઆન પેલી શાહેલીઓ જાહેરદારીમાં શીરીન ઉપર ફીદા ફીદા થઇ તેણીને હસાવી રમાડીને લઇ ગયી. શાહજાદી શીરીન સંગમાં ગોહર છુપાયા મીશાળે પોતાના નબળા દાહાડાની ચાલે તે બદશુરત પાહાડોથી ઘેરાયલાં એક સીહા રંગ પાહાડના સર ઉપર દોજખ જેવાં બંદીખાનાલોકા મોહોલમા જઇ પડી. આ નવી મુશીબત તે જોઇ શકી નહી, તેનો સબબ તેના દીલદાર ખુશરોની જુદાઇનો તેને જીગર સજર ચોંટલો કારી ગમ હતો, તેમ તે પોતા ઉપર જાહેર ડોળ ફીદા થઇ રેહનારી ઇરાની નાજનીનોની અદેખાઇ સમજી શકી નહી તેનો શબબ તે શાહજાદીનું પોતાનું સાખુત દીલ હતું.

શાહજાદા ખુશરો પરવેજને ચીતારો શાપુર શાહજાદી શીરીન મદાયુન ગયોછે તે જણાવેછે.

ખુશાળી ને ગમ છે બેદનું બંગર,
આ બાજુ માહેતમ તો તે બાજુ સુંદર.

એક રાત ગોયા નવરોજની રાત કરતાં પણ ઘણી ખુશબખતી ને રામસની ભરેલી હતી. બાબજા રંગ રાગ ને શરાબના દોરથી જમાનો જવાનીના તોરમાં ધીકીઓ હતો. તે રાત કોહીસતાનની માહરાણીના બુલંદ મોહોલમાં મીજલશ દરમીઆન શાહજાદો પાકુતના તખત ઉપર બેશી શરાબની જામ નોશ કરતો હતો. તે વખતે રોશન મુખડાની રામશગરોના શરોદાથી શમશેહેર તેજ ને રોબમાં ખીળો રહી હોય એવો તે મીજલસનો મહીમા મચ્યો હતો. તે મીજલસમાં આ રંગરાગ દરમીઆન કસતુરી ને અગર આતશદાનો ઉપર દમબદમ પડયાથી ખુશબોનો પવન તે મોહોલને ઘેરી બસ ખુશબોજ ફુકતો હોય એવો તે દેમાગતર પમરાટ થઇ રેહ્યો હતો. તે જરીન ધુપદાનાના આતસ ઉપર મેલાયલી કસ્તુરી ને અગરના ઉઠી ઉડી ઉભા થતા ધુંઆના સીધા સરવ વરાળ ચકરડાં જાણે કોઇ મોહબતથી દીલ લુટી લેઇ જનારી માશુક પરદેનશીન માહ ને તનબદને આશક પાસથી જતી રેહતી હોય પણ પીઆરના અમર સોહોલાથી સર ને સીનો ચીકાર રાખી યાદગાર બનતી હોય એવો તે સીધો ઉઠતો સરવ વરાળ ચકર ધુંઓ હતો. તેની નાજુખાઇ પવનની નાજુખાઇથી બેહદ જાદા હતી. તે નાજુખાઇ એવી તકલીદી ને તાજુબી પમાડનારી હતી કે તેથી ખુશબો ભરેલી બાદે સબાની લેહેકી શરમમાં ગરક થાય અને ગુલાબની કોમલમાં કોમલ કળીની નવી લાલાસ પોતાની ગરૂરી હેથી નાખે. ગોયા દવની માહીની ભીનાસ તે નાજુખી પાસ કસા હીશાબમાં દેખાય નહી. યા અનદલીબનો હવા વોંધી જતો શરોદ પોતાની તમામ શીરીની સાથ તે પાસ નમી ઉભો રેહ. એ નાજુખાઇ

ભરેલી તે ખુંઇ અવલ સીકાની બેમુળ ખુશબો બેહકાવતી અને તે દરમીઆન દીમાગને મોહીની સમાન તરી બખશતી ગોયા કોઇ પરદેનશીન પરીજાદી જમીન ઉપરથી આસમાન ચઢી જતી હોય એ તે રંગ હતો. તે પાદશાહી મીજલસ દરમીઆન ગોહર જડાવ ધુપદાના ઉપર આતશ જારી હતો તેમાં હબસાનના હબસીઓના રંગ મીશાલના એરમન સરજમીનની ખાનમાંથી નીકલેળા કોલસા મેલીઆથી આતશ રોશન થતો, તે શોરખ રોશનાઈ ગોયા લાલાના ફુલ મીશાળની રોનક કરી રેહતી. કોલસાએ ઘડીમાં સીહા લેબાસ તો ઘડીમાં સુરખ લેબાસ પેઢો લેતા આતશથી તે થંડીની ફસલમાં દીલને બહાર ને દેમાગને તેજ મલતું હતું. તાહાડની ફસલ હતી તેથી આતશના ધુપદાનાએ તમામ મેહેલ રોશન કરી મેલીઓ. તે વખતે જાંમમાં શરાબ નામતાં શુરોહીમાંથી પાછલી રાતના બોલતા મુરગ મીશાળના અવાજ નીકળતા. તે શુરોહીના લાલ શરાબની ગરમીએ જીગરમાં જે આતશ બરપા થતો તેથી નામદાર શાહજાદા સારૂ કબી તીતર તો કબી લાહવાં લાલાને રંગના રંગીલા આતશ ઉપર ભુંજાતાં; તેમ તોરંજ તથા શેબો ભરેલા ખુનચા જનાબમાં હાજર થતા. કબી મોરગ આબીના કબાબનો નાશતો ચાલતો. આ મીજલસમાં એ ખાના પીના દરમીઆન સુંદર તન બદનની રામસગરોના શરોદથી ને નાજનીનોના તંબુરાઓથી મોહબતની ગજલો એવાંતો રશીલાં તાન સુરમાં સીના દરમીઆન દાખલ થતી કે ખુશાળી ને ગમી એ બંધો હોનારત એક જગે તેના બીઆળનું માન પામવા ઠરી ઉભાં રેહતાં હતાં. ખુશાળી ફાની છે. એશ અસરત તકલીદી છે. નથી સદા બરકરાર બાદશાહી કે ફકીરી, બરકરાર હમેશાં એક તે કુલ ખળકત કુલ જાત જાતની પેદા કરનાર અવલ હઇઆત નુર.

આ નુકતા ઉપર શાહેર નીજામી શબક લખેછે કે અગર આદમજાતની જીંદગાનીના બાગને બેજાન જીનહાર લાગુ પડતે નહી તો આ બાગ બેહદ ખુશ લાગતે. યાને જો જીંદગી ફના હતે નહી ને મોતનો ડર રેહતે નહી તો પછે જીવવું ગોયા ખુશી પોતેજ હતી. એ જમાનાના એવાનનો પાયો એવો ઓસ્તવાર હતે કે તે કેઆમત તલગ કાયમ ને બરપા રેહતે તો આ જેહાંનના મોહોલ ને બાગબગીચા ઘણાજ દીલ રીજવનારા ખુશ થઇ પડતે. તે ખુશી ને હમેશની માયા મોતે છીણવી લીધીછે. અને એ દુનીઆ ફનાઇનું સાબુત મકાન છે તે નાખુશ લાગવાનું કારણ, તું એમાં ઘડીભર વાસો નાખી બેસે કે શેતાબ સાસ ઉપર નાશીપાસીનો દોર લાગુ પાડનારો પેગામ જેનો હેજબ મોત પોતે છે તે સર ઉપર આવી લાગી કેહછે કે ઓ જાનદાર શેતાબ ઉઠ ને ચાલ મારી સાથ. દાનાવ આ દુનીઆ ઉપર બીલકુલ ઇતબાર રાખતો નથી. આ ખાકી દુનીઆના પાયામાં કસી ઓસ્તવારી નથી; વાસ્તે એ રંગ એસ સાથ દીલ બાંધવું જોઇએ નહી. આજની ખબર કાહાછે કે કાલની ઉમેદવારીના બેત ગાઇએ? કાલના દાહડાની બીલકુલજ ઉમેદ નથી, વાસતે એ બીરાદર તું તથા હું આ ફાની જેહાનમાં એક શાએત આપણા લબ હસતા રાખયે. આખરતો આપણ ખાકી બંદાને ખાકની જમીનમાં નાચાંર સુવુંછે. ઓ બીરાદર બેહતર કે તું રાતના ખાબની જગો મોતના ખાબની ફીકરમાં રેહ.

તે પાદશાહી મીજલસમાં શાહજાદો દીલ રીજવનારા શરાબથી ચકચુર થયલોછે, અને ફરી સાકી શરાબની જામ તે નામદારને આપવા ભરેછે. તે જામ નોશ કરે તે વાસતે રામસગરો નવાં નવાં રાગમાં તાન ખેંચેછે. એવામાં એક ગુલામે શાહજાદાને સર નમાવી શેજદો કરતાં અરજ ગુજારી કે રોશન એકબાલ પાદશાહ આ બાગના દરવાજા ઉપર ઉસતાદ નકસકસ શાપુર આવી ઉભોછે. તે તું નામદાર સાથ મુલાકાત કરવાની ખાયશ જણાવેછે અને તે માટે બેહદ શેતાબી કરેછે ને મીજલસમાં આવવા ને હાજર થવાની રજા માંગેછે; અગર તું નેક

નામદારનો હોકમ હોયતો જનાબમાં આવી તે સર નમાવે. આ ખુશ ખબરથી ખુશરોનુ દીલ બેસુમાર ખુશાળ થયલું એવું ચાહતું કે તે મીજલશથી શાહજાદો પોતે ઉઠી જઇ શાપુરને બાઇજત હાથ પકડી તાંહાં લાવે. આ વીચાર જો કે પળ એક ઠોબ્યો પણ પાદશાહજાદાએ તે ખીઆળ તરફ કર્યો અને લાંબી નેગાહ પોંહોંચાડી તેણે શેતાબ શાપુરને પોતા પાસ દરગાહમાં હાજર કરવાને હોકમ કર્યો. શાપુરે દરગાહમાં દાખલ થતાંજ પાદશાહી રાહ રસમ મુઆફેક તાજીમ તવાજો બજાવીઓ અને દુવા ગુજારી. શાહજાદો પોતાની વાહલી શીરીનની વીગત જાણવાનાં હરખમાં એટલો ગરક ગયો હતો કે તે નામદાર તે કામની કારસાજી તેના ખીળતા ચેહરાથી પીછાણવામાં રોકાઇ ગયો અને ઉમેદ ને દેહસતથી વગર જખમે જખમી ઘેરાયલો ઉભો.

આ નામાનો બનાવનાર શાહેર નીજામી જણાવેછે ઇનતેજારી ગોયા પોતે એક જબરદસ્ત બળા છે. તે આદમીના દેલને ગમે એવી દરયાફ ને દાનાઈ છતાં અનદીઠ જખમી કરી તાબેદાર બનાવેછે. દુનીઆ સંધી તરફથી ગમ ને દલદેસરી વગર ખાળો નથી, પણ પોતાના વાહળા દોસ્ત કે દીલદાર માશુકના મેળાપ કરવાની ઉમેદનો ગમ ઘણોજ બદતર છે. હું પોતે ખરાં જીગરથી એ દુવા ચાહુછું કે કોઇના દોદા પોતાના આસનાવની રાહ ઉપર ઇનતેજારીમા હોતાજ ના. એ ઇનતેજારી આદમી જાતનુ તનદરોસ્ત લોહી પી તેનો ચેહેરો જરદ કરેછે. એ ઇનતેજારી ઉમેદ લુટી લેઈ ઉમર કોતાહ કરેછે.

શાહજાદાએ ઉસ્તાદ શાપુરને જોતાંજ શેતાબ તખ્ત પાસ બેશવાની રજા આપી. બેશુમાર ખુબોરગી ને ઇજતમાં તેને નેઆલ કરી દેઇ તેના મીજલસમાં આવ્યાથી પોતે હદ બાહેર ખુશાળી જાહેર કીધી. તે નામદારે પોતાના ભેદનો નીકાબ ઉચકવા પોતાની મીજલસને ઇસારત કરી કે શેતાબ તે મીજલશ બરખાસત થઇ. દીવાનખાણુ ખાલી થયું અને શાહજાદો ને શાપુર બંધે એખલા શરાબના શીશા ને જામ સાથ રેહ્યા. શાહજાદાએ પરદો ઉચકયો. અને શાપુરે મોહબતનો ખેલ બતાવીઓ. શાહજાદાએ ખુબશુરતીવાળી શીરીનની ખબર પુછી કે કોહીસ્તાનના પાહાડ ને જંગલ ને ચમન તને કેવાં ફળ્યાં? અને તે ચમનમાં ચાન શુરત શીરીનનો શું હેવાલ જોયો ને તેં તે મોહબતની ચાંદણી ચલકાવનારી ચાન શીરીનની મુલાકાતનો શું ઉપાય સાંધ્યો? તે સાંભળતાંજ શાપુર દંગ થયો અને દુવા ગુજારી શાહજાદાની ઉમર દરાજ ને દુસમન શીકસત ચાહ્યા. તું નેક શેતારાના શાહજાદાનો નશીબો બુલંદ રેહજો. લશકર ફતેહમંદ રેહજો. શાહાનશાહી નશીબાવાળા સર ઉપર હરદમ બુલંદ શાહાનશાતનું તાજ હોજો. તું રોશનતાલે શાહજાદાની મુરાદને નેકબખ્તીનો રસ્તો દેખાડજો. હરરોજ હરદમ તું નેક નવજવાનની દોલત ને દોર જીઆદા થજો. હું તાબેદાર બંદો છું. માહરી મુસાફરી ને ચારાની હકીકત લંબાન છે. શાહજાદો બોલ્યો કે શાપુર તાહરી મુશાફરી ને મુબારક ફતેહની હકીકત અગર જમાનો ગુજરે એટલી લંબાણ હોય પણ તે શીવા મને આ જેહાનમાં બીજી બેહતર કસી જીકર નથી વાસતે શેતાબ શખુનો જબાન ઉપર લાવ ને માહરી નેક શીરીન મને સંભળાવ. તે સાંભળતાં શાપુરે સર નમાવી દુવા કીધી કે હોકમનો તાબેદાર છું. કે ઇરાનની હફતેકેસવર પાદશાહાતના નશીબા, માહરી મુસાફરી તું નામદારને ફલી અને માહરી જેહમતે ને તદબીરે બેચાપલા તું રોશન સુરતના નકશ ઉપર તે જેહાનની ખુબશુરત નાજનીન આશક થઇ. એવી તે રાસ્ત ને મસ્ત આશક થઇ કે તે કોહીસ્તાતની માહતાબે એરમનનો પાદશાહી મેહેલ મારી પાસથી આછી તદબીર પામી તજી જતાં મદાયુનની રાહમાં સબદેજ ઉપર ગોયા તોફાની પવન ઉપર નાજુખ કમળ ઉડે તેમ ઉડી ચાલી; કે પોતાના પ્યારા દીલજાન આફતાબ શાહજાદા ખુશરો પરવેજને જોઇ તેના તેજમાં મળી જાય. એ પછે જે બયાન, તે ઉપર મુશાફરીની રંજ ને શીરીનને આશક કરવાની તદબીર ગુજરી તે તુલાતવીલ હેવાલથી કેહી સંભળાવ્યું. શાહજાદો

એ રીતે શીરીનને મદાયુન ગયલી સાંભળતાંજ શેતાબ ચશમો યાદ આવ્યો કે તેનેથી એક જીગર વાંધનારી ચીસ પડાઇ ગયી. તે નામદારે હવે ખાતરજમે જાણ્યું કે જે પરીજાદ ચશમામાં ગેળ કરતી મળી તે નાજનીન તે શીરીનજ હતી. તે બેકરાર થઇ શાપુરને કેહવા લાગો કે તું તે શીરીનને મારી પાસ લાવવા મદાયુન જા અને સમજાવ. શાપુર બોલ્યો કે એ કેમ બને? શાહજાદો એ સખુનો સાંભળતાંજ શાપુરની બેહદ મીનત કરવા લાગો. ઓ ચારેબાજ શાપુર નાઉમેદીના સખુનો મારી પાસ બોળીને મારા જીગરને કારી જખમ ના કર. તે ખુરશેદ તેજની શીરીનને કંઇપણ કરી બીજી મરતબે તું મારી પાસ તેના ખાસ વતન ને મેહેલમાં તેની મુરંબી માહરાણી મહીબાનુંના અખત્યારમાં લાવ. ઉસ્તાદ શાપુરે જવાબ દીધો કે ઓ શાહજાદા, મેં અવળ ખુબ હોશ્યારીથી જેહેમત ખેંચી તે તું રોશન એકબાળના શાહજાદાના પરતાપે પાર પડી. હું ફરેબ ભરેલા જાસુસ મીશાળે તે ફેસાદ ભરેલી ગલીમાં ગયો. મેં કોહીસ્તાનની સખ્ત દીલ પણ નાજુખ કમરની પરી પુતળીને માહરી મકશદ માફક મસ્ત ને મોહબતભરેલી કરી તું શાહજાદાના શેહેર તરફ રવાના કીધી. તે પુતલી શીરીન તેજ હોશ ને તાજા મોહની મીઠીછે. ચેહેરો તે નાજનીનનો ગોયા ગુલાબનું ફુલ, જે ચાંદ મીશાળની નુરાણીમાં પાકીજા ચલક ચલક થાયછે. તે શાહજાદીને મેં સરથી પગ તલગ એવી તો નાજુખ દીઠી જે પોતાના તનના એક બાળના ગાંઠે કરી બંધે આલમ બાંધેછે. જેમ ખુરદસ્તાનમાં બેઅંદાજે ખજુર પાકેછે, જે ઉપર જેમ કીડી ઓંકયા કરેછે; તેમજ તે મીઠાસભરેલા મોહબતવાળાં મોહના મીઠાસના સખુનોના સરવે કોઇ ઇનતેજારછે. તે નાજનીન લબને કોઇ આદમજાત તો શું પણ તેવા કોઇ છાંયાએ પણ બોશો લીધો નથી. હા કોઈ આશકે તેની તશવીર પડેલી હોય તે તશવીર જોતાં મોહબતે ઉસકેરાઇને મસ્તીની મોજમાં બોશો લીધો હોયતો તે બનયું હશે. અગર પોતે જોકમાં આવી હશે તે વખતે એશ કરતાં પોતાના જુલફા ઉપર પોતાનો હાથ લાંબો કીધો હશે. બાકી તે નાજુખના જુલફાં ઉપર તીરાયતનો હાથ લંબાયલો નથીજ. તેની કમર કમલ જેવી નાજુખ ને પતલી છે જે તેના સરપરનાં જુલફાંના ભારે લચકાતી હોય એવી નખરાંદાર હીળેછે. તે શાહજાદીનું નામ શીરીન છે તે નામજ કેહી આપેછે કે તે પોતેજ મીઠા પ્યારની મુરતી છે. જો કે તે માહતાબ મોહીની તમારી આલમનો ફેશાદ છે તોપણ તું પાદશાહી શાનીના શાહજાદાની સુરત ઉપર દીવાની થઇછે. તે શીરીનને સમજાવી મોહબતમાં તેજ કરી સબદેજ ઉપર એરમનથી મદાયુન મોકલી કામ દોરોસ્ત કર્યું. તે નાજનીન પાછલ હું આવનાર હતો પણ તેટલાં હું હાં એક મુદત લગી બીમાર પડયો. હવે મને એવું ગુમાન આવેછે કે નાજદાર શીરીન મદાયુનમાં તુ નવજવાન આશક વગર પાદશાહી મેહેલમાં ઇનતેજાર મુકામ કરી રેહી હશે. આ હકીકત સાંભળી શાપુર ઉપર શાહજાદા ખુશરોએ એટલાતો ગોહરનો વરસાત વરસાવ્યો કે તે ગોહરોમાં તે ગરદન તલગ ગરક ગયો. તે શાહજાદાએ તે ઉસ્તાદ ઉપર બેસુમાર આફરીન કરી કેહ્યું કે ઓ તદબીરના પાકા ઉસ્તાદ, તાહરી જેહમતનું હેશાન હું જીનહાર વીસરનાર નથી. ઓ શાપુર તેં જેહેમત કરી તે પાર પડી હતી. મેં તે નુરાની ભરેલી નાજનીનને ચશમામાં ગોશળ કરતી ને તનબદન ગેળમાં જોઇ સાયત એક શરમ ને શયાણુ શલુખ માટે દમ માર્યો તો તે પરી પરંદા મીશાળ પોતાના સીહા રંગ અસ્પ ઉપર પળક જેટલા વખત વચ્ચે ઉડી ગેબ થઇ ગયી. ઓ શાપુર તે પરીની જુદાઈથી માહરો જાન હરદમ બેકરાર રેહછે. તું જા ને ઉતર બીજી મરતબે મારી ખાતર જેહમતના જંગલમાં અને પરવાળાંના રંગના હોટ ને માહતાબ નુરવાળી શાહજાદી શીરીનને મદાયુનના પાદશાહી મેહેલથી એરમનના પાદશાહી મેહેલમાં લાવ તે લાલ રંગના નુરવાળાં ગોહરને ફરી તેના અશલ ચમનમાં પુર શોખ ને સાજમાં રોશન કર.

ઉસ્તાદ શાપુર શાહજાદી શીરીનને મદાયુનમાથી એરમન બોલાવી લાવવા ગયો.

હાંદેશાથી ખાલી નથી કોઇ ખળક,
હાંદેશો છે આત્માનો સાબુત સબક.

શાહેર નીજામી કેહેછે કે આદમીને જીંદગાનીની ખુશી કરતાં કોઇ ખુશી વધારે નથી. તેમ જવાનીના દાહડા કરતાં કોઇ દાહડા વધારે ખુશ નથી. શાહજાદો ખુશરો પોતાની જવાનીમાં અજબ તરેહનો દેખાવરો ને ખુબશુરત હતો. શાહાનશાહ નોશીરવાન અદલના વખતમાં ઇરાની બુલંદ પાદશાહાત જેટલી ખુશખુરમી ને મોજમજાહમાં આબાદ ને ખુશાળ રેહતી હતી, તે કરતાં જાદા તે નામદાર શાહજાદાના જમાનામાં તેના રોશન ઝળકાતમંદ ચેહેરો જોઇ શાદમાનીમાં રેહતી હતી. તે ઇરાનનો બખતાવર શાહજાદો હમેશાં જોકમાં ઉધરતો હતો. શરાબની જામ, ને દાનાવની ગોફતેગોહ તેનો શોખ હતો. જંગની શમશેહેર ને સવારીનો તેજ ચાલ ઘોડો તેનો ખેલ હતો. મોહબતની મોજલસ ને સુંદર રામસગરોના શરોદ તેની ઉમેદ હતી. તે બેસુમાર ઉદાર દીલનો હતો. જેવારે તેની મરજી કોઇને શખાવત કે નવાજેશ કરવા થયી તો, તે બસ ગંજ બક્ષેસ કરતો હતો. તે શાહજાદો પોતાની શીરીનનો ચારો કરનારા શાપુરને લેઇ ખેળવતગાહમાં એકાંત શરાબની જામ ને શીરીનની દાસ્તાન લેઇ બેઠો હતો તેવામાં માહરાણી મહીબાનું તે નામદારને મલવા ગયી તે નામદાર બાનું આવતા ખેરઆફીયત પુછી તે શાહજાદાના તખત પાસ સુનાની ખુરસી ઉપર બેઠી. તાંહાં શાહજાદાએ માહરાણીને બેહદ ઇજત મરતબાથી નવાજી ઘણીએક રેફાકતથી ગોફતેગોહ કરી. તે નામદાર શાહજાદાએ કોહીસ્તાનની માહરાણી સાથ શરાબની જામ ઉઠાવી અને તે રાણીના બુલંદ રાજને તેની શલામી ચાહી. એ ટપે ગોફતેગોહ આગલ ચાલતાં શાહજાદા ખુશરોએ શાહજાદી શીરીનની વાત કાહાડી. આ વખતે શરાબના બાહારમાં તે નવજવાનનું દેલ ખુશાળ ને ઉમેદ ભરેલું હતું. તેથી તે શીરીનનો ગમ ખાતો માહરાણીને અદબથી કેહવા લાગો કે ઓ રોશન બખત માહરાણી મેં એવી હકીકત સાંભળીછે કે તું નામદારની ભતરીજી શાહજાદી શીરીન શેકારગાહમાંથી શબદેજ ઉપર ગુમ થઇ ગયી, પણ આજ રોજે માહરા મોહોલથી એક કાશદ આવ્યોછે તે તે શાહજાદી શીરીનની નીશાન મદાયુનમાં છે એમ કેહેછે. ઓ નેક માહરાણી માહરો ઇરાદો બે હફતા આ જગો મુકામ રાખવાની છે અને એક કાશદ મદાયુન મોકળીને તે મારોયને સમજાવી હાં બોલાવાની છે, એરમનથી સબદેજે નાફરમાન થઇ ઉડારી મુકેલી તે મદાયુનમાં હઇઆત છે એ ખુશખબરે મને બેહદ ખુશી કરયોછે, માટે તું નેક રાણી ખુશ દેલ થઇ ગમ બરતરફ કર ને દેલના ખુલાશાથી શરાબ નોશ કર. માહરાણી મહીબાનું શાહજાદા ખુશરોની ગોફતેગોહથી પામી ગયી કે શીરીન એ શાહજાદા ઉપર આશક થડી એરમનથી મદાયુન નીકળી ગયલી જણાયછે. તે માહરાણી બોળી ઓ શાહજાદા જો તે નાજનીન બેટી મદાયુન છે તો શેતાબ તે કાશદને તે તરફ રવાના કર ને તે નેક શાહજાદી પોતાને વતન હાં આવે તેમ મારી ઉપર મેહેરબાની નવાજ. ઓ પાદશાહી તખત ધરાવનારા શાહજાદા અગર તે રોશનમોતી મને કોલજુમના દરયાવમાં જણાય તો તેમાથી પણ હું મારી ચશમના પાપણે કરી તે આફતાબ ઝળકાત ભરેલાં મોતીને ઉઠાવી માહરા સીના ઉપર જાળવી રાખું. અરે તે મોતી એકવાર માહરે હાથ આવે તો હું તે માહતાબ મોતી તું નામદાર તખતનશીનને હવાળે કરી માહરી પાદશાહી ને તે ફરજંદનો તું નવજવાન શાહજાદાને માલક કરીને પછી હું પોતાનો જાન માહરા પાક પરવરદેગારને સોપું. હું આજના

આ હાલમાં ગોયા એક બેચારી છું. તે બેચારેને તું નામદારે આ ખબરથી પાદશાહી બખશ્યા જેવી બુલંદ મરતબે પોંહોંચાડીછે. ઓ શાહજાદા તું તે કાશદને શેતાબ મદાયુન મોકળ. સબદેજ ને ગુળગુને બે એક તોખમના માહરી પાસ ઘોડા હતા, તેમાનો સબદેજતો શીરીન લેઇ ગયો. ગુલગુને ઉપર તે કાશદને મદાયુન રવાના કર કે તે શીરીનને લાવે. અને સબદેજ હઇઆત હોય તો તે નાજદાર બેઠી તે ઘોડા ઉપર ને કાશદ ગુલગુને ઉપર એરમન આવે, પણ સબદેજને જીઆન પોંહોચી હોયતો ગુલગુને ઉપર તે નાજદાર બેઠીને આશાનોથી આવવાને બને. તે વેળા તે કાશદ ઇરાનો કોઇ બીજા તેજ ઘોડા ઉપર આવે. માહરી ઉપર કરમ બક્ષેશ કરી આ કામ સરનજામ ઉતાર ઓ શાહજાદા. એ મીનત સાંભળતાંજ શાહજાદાએ નકશકસ શાપુરને ગુલગુને ઉપર મદાયુનથી શાહજાદી શીરીનને એરમન પાછી બોલાવી લાવવા મોકલ્યો.

ઉસતાદ શાપુર ગુલગુને ઘોડા ઉપર શેતાબી મંજલ કાપતાં ને રાહમાં ઠાક કે આસાએસ કમ લેતાં બરાબર એક માહે મદાયુન જઇ પોહોંચીઓ. તાંહાં શાહજાદાના ખાસ મોહોલમાં જઇ જોય શું કે માહતાબને મોહની શીરીન તાંહાં મળે નહી તેથી તેનો બુજોરગ ચેહેરો છેક ફીકો મારી ગયો, પણ તજવીજ કરતાં ને ખબર કાઢતાં તે શીરીનનો પતો પામ્યો કે તે નવા મોહોલ તરફ ગુલગુને દપટાવ્યો. શાપુર તે નવા મોહોલ તરફની સરહદ ને પાહાડો ને બીકટ રાહ જોઇ મનથી હેરાન રેહ્યો કે શાહજાદી શીરીનને એવા સીહા બીઆબાનમાં બંદીખાના મીશાળના મેહેલમાં આવી રેહવાનો સબબ શું હશે? એ ખ્યાળમાં તે તે મોહોલના પાહાડી ચોગાનમાં જઈ ગુલગુનેથી ઉતર્યો ને દરવાજો ઠોકયો. તે દરવાજાનો અવાજ સાંભળી એક નાજનીન બાંદીએ આવી અંદરના છેડમાંથી શરોદ જોવા સાથે તે બુજોરગ ચીતારાને તાંહાં આવવાનો સબબ પુછયો. શાપુરે તે તજવીજમાં પાદશાહી નીશાની આપી કે દરવાજો ખોલ્યો. શાપુર તે મેહેલમાં જઇ જોયછે તો એક સુધ સીહા સંગના સુંનેલા દીવાનખાનામાં જમાનાની રોશન બતી માહતાબ શીરીન ગોયા ગમના વાદળથી ગેરાયળા ચાન મીશાળે હતી. તે રોશન મોહીની નજદીક જતાંજ દાનાવ શાપુરે શેતાબ સર નમાવ્યું અને પાદશાહી રાહ રસમ મુઆફેક તાજીમ બજાવી ઉભો. શાપુર મુગે મોહ તે મોહોલ જોવા લાગો કે તે મોહોલ નહી હતો ગોયા એક અજાબ ભરેલું દોજખ હતું. અને જેમ સીહા સંગ અંદર ગોહર છુપું રેહ તેમ તે સીહા સંગના મેહેલ અંદર શીરીનને દીઠી યા એક બેહસતની પરી તે તંગી ભરેલાં દોજખમાં બેકરાર પડી હોય તેમ શીરીન તાંહાં વાએજેહાંન ગીરફતાર પડી હતી. શાપુર રાત દીન જેહેમત ખેંચી મદાયુન આવી તે નાજનીનનો પતો પામ્યો તેથી તે પાક બુન્યાદની નાજનીનને જોતાંજ તેનું મોહ ખુશાળીએ લાલાને રંગ બીળો રેહ્યું. જેવારે શાહજાદી શીરીને ચોતારા શાપુરને સરથી ઇસારો કરી ઇજત દીધી, તેવારે શેતાબ તે શ્યાણા શાપુરે પોતાનું સરજમીન ઉપર મેળી શેજદો કર્યો અને દુવા ગુજારી પુછવા લાગો કે ઓ ખુબશુરત પરી એરમનથી મદાયુનની રાહમાં ને મેહેલમાં શુ મુશીબત ને હેવાલ ગુજર્યો અને આ મેહેલમાં શા સબબ કરાર પકડયો? ઓ નામદાર શાહજાદી તાહરા એરમનથી ગયા પાછલ હું એકાએક બીમાર થઇ પડયો તેથી તું શાહજાદી પાછલ મારેથી અવાઇ શકાયું નહી. પણ તે બીમારીમાં માહરી હાલત કરતાં માહતાબ તાહરો મને બેહદ અફશોશ છુતો હતો. ઓ ખુબ ખાનદાનની ખુબશુરત તાહરી રંજ ને જેહમતનું આ ફળ મેં ખાબમાં પણ ધાર્યું હતું નહી; પણ હું ખાતરીથી માનતો હતો કે તું શાહજાદી કુલ ઇરાનની પાદશાહાતની રાણી થઈ મદાયુનના પાદશાહી મેહેલમાં નાજમાં પળતી હશે અને તે શાહજાદાના સીના ઉપર બેમુળાં અજમત મીશાળે લટકતી લાડ કરતી હશે. પણ આ હેવાલ જોઇ હું દીલગીર થયોછું. આ

સીહા પાહાડોમાં સીહા રંગ સંગનો ચુનાયલો મેહેલ બંધાવાની શું જરૂર થઈછે ? અને એ એવાનમાં રેહવાની ખાયશમંદ તું ખુશ હવામાં રેહનાર નગજીર મીશાળની નાજનીન કેમ થઈછે ? પરીજાદ શીરીન ગોયા પરી છે તે બેહશત જેવો મદાયુનનો મેહેલ મેળી દોજખ જેવાં આ મકાનમાં કેમ આરામ પામે ? શાહજાદી શીરીને શાપુરને સાંભળ્યા પણ તે ચીનની પુતલીએ ધીરજ સીવાય બીજો હેવાલ પોતાના જુસ્સામાં જણાવ્યો નહી. તે તદબીરથી તદબીરવાળા શાપુરની ઉસ્તાદ બની. તે બોળી એ બુજોરગ ઉસ્તાદ માહરા પ્યારા શાહજાદા વગર મને તેનો મેહેલ પસંદ આવ્યો નહી. જે ખાતર મેં વતનથી સર ફેરવ્યું તે જયારે મને તેના વતનને મેહેલમાં મળ્યો નહી ત્યારે મને આ જુવાની ને લાડ લડવાને આ ખુબશુરતીને ગોહરમાં ગરક કરવાને પસંદ પડયું નહી. તેની જુદાઇમાં મને આ વેરાન બાગ્આબાન ને સીહા મેહેલ લાયક થઇ પડયો. તેની જુદાઇએ એ નેકબખ્ત શાપુર માહરી ઉપર જે ગમ ને શેતમ પાડયે, તે પાસ બીજા ગમ ને શેતમ નીરજીવ ઠસ્યાછે. તે દીલદારની જુદાઇએ માહરા કીસમત સાથ મનસુબો કરી મારે વાસ્તે એ નાખુશ મકાન બંધાવી મને એ દોજખ મીશાળના બંદીખાને નાખી. બુજોરગોની નશીહત હું સીખી હતી કે સબુરી આદમીજાતની મુરાદ બર લાવેછે, તે સબુરી મેં ધરી તો હું બેવતન આ પારકે મુલક રંજ ને તંગીમાં ગીરફતાર માહરા દીલદારની રાહમાં ઇનતેજાર પડીછું; તોપણ મેં સબર એક પળક પણ ખોહી નથી. તેથી માહરી મુરાદ બર આવશે ને એ રંજ મને ગંજ નવાજશે એ ખાતરી રાખુંછું. આ સબર ને આ શીરીન આ મેહેલ ને આ બીઆબાન જોઇ શાપુર તાજુબ થયો અને તે પોતાનો ગંભીર કાબુ ભુલ્યો. તેણે તે સ્યાણી શીરીનને પોતાનો તમામ ભેદ કેહી સંભળાવ્યો. તે બોલ્યો કે રોશન તાળે તું શેતાબ ઉઠ ને સવાર થા તે સબદેજ ઉપર, કેમકે તે ખુરશેદ શાની ખુશરો પરવેજનો મને હોકમછે કે તું નાજનીન શાહજાદીને જાંહાં હોય તાંહાંથી પાછી એરમન લાવી કોહીસ્તાનની માહરાણી મહીબાનુને સ્વાધીન કરે, કે તે નેકબખ્ત માહરાણી પોતાને હાથે ને મેહેરબાનીએ તે શાહજાદાના હાથમાં તુ તખ્તનશીનનો હાથ આપે. શાપુરે પછે વગર ધાલે શીરીનને તે દોજખથી કાઢી ગુલગુને ઉપર સ્વાર કરી કેહ્યું કે એ શાહજાદી શીરીન તું શેતાબ એરમનની રાહ એખ્ત્યાર કર. સબદેજ મદાયુનમાં પાદશાહી એસતેબલમાં છે તાંહાંથી લાવવો મુશકેળ છે. તે મેહેલથી શીરીન કંટાળેળી શેતાબ શાપુરની મશલહત માફક એરમન ગુલગુને ઉપર ઉડી ચાલી. પોતાના દોલદારને મલવાનો ઉમેદે આ વખત ગુલગુને ઉપરનો સ્વારી તે શાહજાદીને સબદેજની સ્વારી કરતાં ઘણીજ ખુશ લાગી. એવી તો ખુશાળ ને ઉમેદવાર ઘોડો દપટાવતી જતી હતી, કે ગોયા હોમા ઉપર હુરાં સ્વાર થઇ આસ્માન ઉપર ઉડી જાયછે.

શાહજાદો ખુશરો પરવેજ પોતાના બાપ શાહનશાહ હોરમજનું મોત ને ઈરાનની શાહાનશાતનું તાજ પેહરવાનો પેગામ સાંભલેછે.

મુરાદ છે ગોયા એક મસ્તીની કેફ,
પા બચાંની જબાને સોભેછે અલેફ.
તે મોહબતમાં દોડતી પોકારેછ મોત,
તે નશામાં લાવી દેછ એકેદમ ખોટ.
તે ખ્યાળમાં દેખાડેછ તમાંમ આશાંન,
પણ હસ્તીમાં તે કરેછ બેકરાર જાન.

શેતાબ ચાલ એ જમાના વખત ઉપર સ્વાર થઇને અને જણાવ તુંદી ને તકોબરીથી કુલ જેહાંનને કે તેં કેવા કેવા શાહાનશાહોને ખાકમાં ગુમ કર્યાછે. તેં ભર પુનમના ચાનને

અમાસની કાળાસીમાં જપત કસ્યોછે. તેં રોશન રોજનો નુરાની ભરેલો આફતાબ કરોડો વખત જીરજબર કરી બંદમાં નાખ્યોછે. તેં જેઓની ખ્યાળ શકતી મીનોઇના મેહેલ ને દરબાર, બેહસ્ત ને દોજખ સેજમાં ચોતારી શકી હતી તેઓનો નાશ કસ્યોછે. તેં જેહાનને જેમ વાહાનને નાખોદા ચલાવે કે અટકાવે એવો દોર દસ્ત બરપા રાખ્યોછે. શેતાબ આ વખત તાહરી રવારી એરમનનો રામસની ભરેલી મીજલસમાં દપટાવ અને તાહરી ચશમ ને ભવાં ચઢાવી પુકાર માહેતમ વરસાવનારો પેગામ તે શાહજાદાની શરાબ પી ખુશાળી મચાવનાર જનાબમાં કે જેહાનના જોરેમંદ શાહાનશાહ નેકનામ હોરમજે ફનાઇથી પોતાનો વાસો ઉઠાવ્યોછે, તે હાંથી ગુજરી તાંહાં મીનોઇમાં જઇ વસ્યોછે. જાલમ જમાના, હોનારતનું છતર સર ઉપર ફરતું ધરી તું પવનના પગલાંએ જુવાનીની હોશમાં મોજ ખેળતા મોહબતમાં ગીરફતાર પડેલા શેકારને આફતનો રૂકો નજર કર અને અજલનો સીહા શેર તેના તનમાં બરપા કર. ઓ રોશની ને સીહાઈની અજમાયશના પાકા પલીત તેં આજે જવાનીનો પરદો ઉઠાવી જુલમી જબરીમાં ચોકાર કરતો નકશો પેહેલો બતાવીઓ નથી કે તું કોઇ જાતની મેહેરબાનીવાલો થવાને લલચાય. ચાલ જલદી કોઇબી લાલચથી બેદરકાર રેહનારા જમાના, તે જવાનમરદ ખુરશેદશાની અદલ નોશીરવાનના નબીરાની હજુર અને સરકસીથી હરખની મશાળ લેઇ તેનું મોહ તાહરા પેગામથી કેવું રૂપ ધરેછે તે બારીકીથી જોવા સાથ કમીગાહ કરતો કેહ તે જીગર જખમી કરનારો માહેતમનો પેગામ કે જેહાનનો શાહાનશાહ હોરમજદ પોતાના નીઆગાનો મશાળે એક ખાબ થઇને આ જેહાનથી ગુમ થયોછે. તેની ઉમેદના ચમન ઉપર બેજાન ફુકાઇછે. ખામદાદની ખુશ હવામાં તે થંડો ગાર ગોયા ગોહરનો કોતરેલો વગર જીવનો પણ નેકનામીનો રોશન તેજ ભરેલો પડોઓછે. તે નામદારે ફનાઇને છેલી શલામ બજાવીછે. નવા બાગે બેહસ્ત તરફ તે શાહાનશાહનું પાક રૂવાન હસતે ચેહેરે જઇ મકાન કરી પડ્યુંછે. મગરૂરીનો ઝળકાટ તે રોશન રવાનને ઘેરેછે સબબ તે નામદારે જેહાન ઇનશાફ ને મોહબત ને દાદથી ચલાવીછે. ઇજતનો હડીઓ આસમાનથી તે ઉપર વરશેછે સબબ તે નામદારે લાલચ ને બખીલાઇથી દુર રેહી શખાવત ને ઇનશાફ નવાજ્યોછે. મોહશમો ઉપર મોહશમ ચાલી ગયી. વખત પળ પળ કરીને વર્ષોના વર્ષો સાથ ગુજરી ગયો અને આજનો જવાન ગોયા આવતી કાળે જઇફ થઇ જમીનપર બેજાન સુતો; એ હેવાલ કેહી જોપે તેવી પોતાને મોટાઇ બક્ષો આ જમાના તું ફરી તાહરે કામે લાગ અને તાહરી સદા સર ચોંહોંટેલી હેજગારીમાં હારમાર થા.

આજે નામદાર શાહજાદો ખુશરો બેસુમાર મસ્ત ને બેસુમાર ખુશાળીમાં ચીકાર છે. જુવાનીના બેતંબા જોસામા તે પુર તેજ ખીળીઓછે. તે આજે ખુદરતને નથી પીછાણતો કે ફનાઇને યાદ કરતો આજે તે અકળમંદ જીગરને ભુલીઓછે. બસ આજે તે શીરીનની મોહબતમાં ઉસકેરાયલો તે માશુકની યાદમાં શરાબજ નોશ કરેછે. આજે તે દુનીઆની તમામ જંજાલ ભુલી રામસગરોના શરેદોમાં પોતાની મુરાદ ભર આવનારી શીરીનને વધાઈ ગવડાવેછે, ને દુવાનો વરશાત વરસાવેછે. આજે તેના ઢંગમાં ગોયા ખુશાળો ગાંડો બની જઇ છકી ગયો હોય તેમ તે શાહજાદાનો હાલ છે. તે હાલમાં મસ્ત હતો. તે પાસ રોશન મુખની માહતાબ સાકીણો શુરાઈ પકડી ઉભી હતી. આજુબાજુ; આગલ ને પાછળ શીરી શરેદો તાન અલાપમાં ગેલ કરી રેહ્યા હતા. તે તખત ઉપર ગોયા આશમાન ઉપર ખુરશેદ ઝળકાટમંદ હતો. તે બેહદ મજો ને જોક ને ખુશ તખેમાં એક ઇરાની કાશદ આવી તે સામે સર જમીન ઉપર મેલી દુવા ગુજારી અને દીદામાં માહેતમ ભરી એક રૂકો શાહજાદાને આપ્યો તે રૂકામાં લખ્યું હતું કે શાહાનશાહ હોરમજદ ઇરાન, ચીન, માહચીન ને જંગબાર વગેરે બેહદ મોલકોનો

મરાવનાર હક થયોછે. તે તખત તું નામદાર શાહાનશાહની રાહ જોયછે. એ નામદાર પાદશાહ તું શેતાબ આવ અને તખત તથા તાજ પેહેરીને ઇરાનની શાહાનશાહાતની રાહ રસમ મુઆફેક ગમ ને અફશોશ કરવાનો કુલ આલમને હોકમ કર. આ પેગામ આગલ એ બેયાન હતું કે તે નામદાર શાહાનશાહને તેના કોઇ મુદઇએ પાદશાહી ખેદમતગારો સાથ મળી જઇ તે શાહાન- શાહની ચશમમાં શુરમાને બદલે ઝેરી સળી ફેરવાવી તે ચશમો ખેંચી કાઢી તેથી તે અજાબે તે પાદશાહ ગુજર્યો. આ હેવાલ જેહાન કબુલ કરતી નથી. આલમ કેહેછે કે યુસુફ પોતાના બાપથી દુર પડયો તેથી યાકુબ તેનો ગમ ને માહેતમ કરતાં જે હાલતને પોંહોંચ્યો તેમ ખુશરો પરવેજની જુદાઇથી તેનો બાપ પાદશાહ હોરમજદ બેઅખત્યાર માહેતમમાં પડયો, અને તેના ચશમ ગયી. આખર તે જુદાઇમાં તેનો જાન ખતમ થયો. હવે એ ખુરશેદ ખુશરો તખત તાજ ઉપર તું નામદાર પાદશાહ કાયમ હોજો. તે મરનાર શાહાનશાહની ચશમની પુતળી મીશાળ તું નામદાર શાહજાદો કાયમ છે. તે તું બુલંદતાળે પાદશાહને આ ઇરાનની ઓહોળી શાહાનશાતનું તાજ તખત આમીન હોજો. શેતાબ જાંહાં હોય તાંહાંથી તું ઓહલી ઇરાની શાહાનશાત ઉપર બીરાજવા ઇરાન તરફ નીકલી આવ અને ઇરાની આલમનાં જીગર રોશન કર.

આ રૂકો શાહાજાદો વાંચી રેહ્યો કે વળી બીજો એક ઇરાની હેજાબે સરકારી અમલદારો તરફથી આવી જનાબ પોતાનુ સર જમીન ઉપર ધરી પાદશાહી કુનસ બજાવી તાબેદારી બરેલી ચશમોથી એક રૂકો તે નામદાર શાહજાદા હજુર મેલ્યો. તે રૂકામાં એ હેવાલ હતો કે એ નામદારી ભરેલા શાહનશાહ નોશીરવાન અદલના નબીરા નામદાર શાહાનશાહ ખુશરો પરવેજ, તું ને ઇરાનનું તખતો તાજ મુબારક હોજો, અને જાવેદાન તલગ હમારાં સર ઉપર પાદશાહાત ચલાવજો. એ નામદાર શાહાનશાહ, આખર જમાનો બેવફા થયોછે. તે ઇનશાફના ખાવીંદ નામદાર શાહાનશાહ હોરમજદને ફનાઇથી ઉડાવી ... ... છે. આ બનાવમાં બારીક ભેદ સમાયલોછે. દુરઅંદેશીથી મજબુત પાયો બંધાયોછે, કે આજ ઘણુ થયું મોટા ઉમરાવ બેહરામ ચોબીનની આશકારા ઇરાની શાહાનશાત ઉપર નજર હતી. એકવાર તેને શાહાનશાહ હોરમજદે ઓરતનો પોશાગ પેહરાવી અમીરોની ભર મીજલસમાં નામોશી ભરેલો રંજીદા કર્યો હતો, તે વખતથી તે ઉમરાવે શાહાનશાહ ઉપર કીનો લેવાનું છુપું પોતાને મન મજબુત મકાન કર્યુ. અને આખરે તે ઉમરાવ પોતાના કાવાદાવામાં પાર પડીને તું નામદારને પોતાના પેદરથી જુદો પાડી શાહાનશાહને મરાવામાં ફાવ્યોછે. તે ઉમરાવે એ ઉમેદ રાખી છે કે શાહજાદો ઇરાનમાં નથી અને શાહાનશાહ હક થયો તો ઇરાનની પાદશાહાતનો તે માલક બનશે; તેમ તે ઇરાની તમામ લશકરનો શપેહસાલાર ને મોટો ઉમરાવ ઇરાનનો શાહાનશાહ થઇ બેસવાનો પરવાનો આલમમાં આશકાર કરેછે. એ નામદાર શાહાનશાહ તું શેતાબ તે તાહરા હોમાયુન પેદરને મરાવનાર બેહરામ ચોબીન ઉપર કીનો લેવાને કમર બાંધ. અમો તમામ તાહરા ફરમાનબરદાર યાર છઇએ. જે પણ કામ તું નામદારને હોય તે શેતાબ પડતું મેળી પવન મીશાળે મદાયુન તરફ નીકળી આવ. અગર નહીતો ઇરાની બુલંદ પાદશાહાત તું નામદારના નશીબાથી ઉતરશે. અગર તું ગોફતેગોહ કરતો હોય તો તે છેલો શખુન હાં આવી બોલજે. ગોયા ગોફનનો ગોળો થઇ શેતાબ ઉડયો આવજે ગોયા કમાનના છુટેલા તીર મીશાળનો તેજ થઇ આવજે. ગોયા ખેજાનના પવન મીશાળે બેહેરામ ચોબીનની બસંતને ફુકજે. ગોયા આસમાન ઉપર ચડતા ધુંઆ મીશાળે તું આતશનો જુસો થઇ ઊભાજે. આ બે રૂકા વાંચી મસ્ત શાહાજાદો સુરત તબે થયો. તેનું જીગર જખમી ને જાન નામુરાદ થયો. તે મન સાથ બોલ્યો આખર જમાનાએ પોતાની બાજી જુલમગાર

બાજુ સાથ મારી ઉપર બોળી. મારી ઉપર જમાનાએ જફા ભરેલો અમલ કર્યો. શેતાબ તે શાહાજાદાએ શાદમાનીનો સરનજામ ઉંચકાવી ગમખારીનો શાજ પોશાગ તન બદન ઉપર પેહરયો. પોતે હવે બરાબર સમજયો કે જમાનો બેવફા છે. મજીઠ સાથ ગળીનો રંગ પણ લાગત રાખેછે. મધ સાથ શરકો, અમલ સાથ અજાબ, મોહબત સાથ જુદાઇ, દોસ્તી સાથ કીનો, મીથાસ સાથ કવરાસ, તોરશી સાથ નમક, તનદરોસ્તી સાથ આજાર અને જોર સાથ નબળાઇ લાગેલાં છે. મતલબ એ કે દુનીઆમાં જીવ સાથ મોત છે. શાહેર નીજામી કેહેછે કે ઓ બંદા અગર તુને જીવવાની ખાયશ હોય તો અવળ તારી સાથ તું ગમને હાજર રાખ, તે પછે તું જીવવાનું કબુલ કર. અગરજો તને ફરાગત જોઇએ તો નાબુદીની રાહ પકડ. મતલબ તું જીવથી હાથ ઉઠાવ કે સરવે વાતે ફારેગ રેહશે. આ જેહાન અબળીસ મીશાળની બદ નઇઆત અને સીહા દેળ છે, તે કોઇ દહાડે તાહરૂં તખત લેઇ બેળશે. એ ઢંગ તું ખાતર જમે જાણ અને હોશ્યાર રેહ, નહી તો એ જેહાન તને શખતી ને હેજરાનીમાં ઘેરી પકડી લેશે. આજ એ જેહાનથી તું ખુશી થાય તો કાળ નાખુશીમાં ગીરફતાર અટકાય. મીથાં પાણીથી તને આજ આસુદા કરે તો કાળ તેજ પાણીથી જાન મુજાવનાર જલનદરનો જાલમ રોગ પેદા કરે. કોઇ જાનદારને ખારાં પાણીની તલબમાં રંજીદા રાખેછે અને બહારના હીંગામમાં મીથા દવથી દરખતોની દાદ લેઇ ખુશી બખ્શેછે. મતલબ એક મોહસમ બહારની આવેછે. તેમાં તમામ દરખત ખીળી નવજવાન ને તાજે થાયછે તે પાછળ બેજાન આવેછે. આ મોહોસમમાં પવન એવા મળે જે તે નવબહાર ને તાજગી ફના થાઇ જાયછે. એક પાન વટીક હઇઆત રેહેતું નથી. ઓ બંદા કોઇને જીવતાં જીવત કફન પેહરાવતું નથી કે જરીન કપડું પેહરાવી મેહરબાની કરવાની માઉજત બતાવે. ગુજર્યા પાછળ કફન પેહરાવવાનું જારી થાયછે. અગર તે કફન બેકીમતી જરાવનું હોય કે ખુશબોથી દેમાગ તર કરતાં ફુલોનું હોય પણ ઘોરમાં સુતા પછે તે તમામ ખાકી તન સાથ બરાબર તારાજ થઇ જાયછે. જાંહા લગી તું જીવતો છે અને હઇઆતી ભોગવેછે તાંહાં લગીજ તને લાજમ છે કે દીનઆઇનનો રાહ મીશાળનો લેબાશ પેહેરે. મતલબ એ કે જેહાનમાં નેક કામ કર. તે ખાલેશ નેકીજ બસ તાહરી સાથ આવશે. બાકી તમામ મોટાઇ ખાબ મીશાળે ગુમ થશે. તને બેસુમાર તરેહવાર ખાણું મળતું હોય તે વખત તાહરી દામન ઝટક પાને તે ઉપર ગુમાન ના કર અને મોટાઇ ના માણ. એક રોટી ઉપર તું કનાયત પકડ. હવે શાહેર દુનીઆને કેહેછે કે એ જેહાન તું કાંહાં લગી એટલી બેદાદી કરી મને ગમગીન કરી પોતાને ખુબશુરત રાખશે? તું મને ગમ નવાજેછે તો હું તને આબાદી ચાહતો નથી. તું પોતે ચોર, કનીઆ લોકો જે ઘહું દેખાડીને બચાગ અજાણા લોકોને જવ આપી ઠગેછે એવી દગાબાજ છે. અમો આદમી અજાણા છઇએ, તેઓને તું ફરેબ દેઈ આફતબમાં નાખેછે. તે દગાબાજી તને મુબારક હોજો. તું ચકીના પથર મીશાળે હજારો આદમઓના દીલ તોડેછે જે ઉપર તને જરા માયા મેહેરબાની છુટતી નથી! તું જો કે ઘટી કરોડો દાનાના દેલ તુકડા કરેછે તે સબબે તું પોતાના બંધી હાથ અફસોસથી ઘસ્યા કરેછે. મને બેહતર એજ છે કે હરરોજ રાતને વખત હકતાળા એક રોટી જે ખાલેશ જવની નેઆમત પોંહોંચાડેછે તે ઉપર કેનાયત પકડી બેસું અને તાહરી દગલબાજીથી ઠગાઇ ફસું નહી. હવે શાહેર પોતાને કેહેછે કે ઓ નીજામી તું એક ગધેડાની મીશાળ ઘાસનો ખાનાર થઇ પેગામબરની બરાબરી કરવા ચાહેછે તે કેમ બની શકે? તું ફકત ગધેડા મીશાળનોજ છે તો જાંહાં તલગ જીવે તાંહાં તલગ ખાજો બેચો ચાલ્યા કર સબબ ગધેડાને પોતા ઉપર બોજોજ ભરેલો ખુશ લાગેછે.

શાહજાદો ખુશરો પરવેજ ઈરાનનો શાહનશાહ થયો.

જુવાની પાછલ જેરી, એજાન પાછલ બહાર,
મુરાદ પાછલ નીરાશી, નુર પાછલ અંધકાર.
પેદર પાછલ પેસર, શબ પાછલ દીન,
પાદશાહ પાછલ શાહજાદો છે તખ્તનશીન.

પોતાના પેદર શાહાનશાહ હોરમજદનો દમ ખતમ થયાની ખબર સાંભલતાંજ તે શાહજાદો શેતાબ રંગરાગથી ચોંકી ઉઠયો. તે નામદારે પોતાના નેકખાહ અમીર ઉમરાવોના સંપેસા માફક અંદેશાથી મદાયુન જવા સારૂ માહરાણી મહીબાનુ પાસ રજા લીધી. તે નવજવાને પતજ ડીના પવન મીશાલે પોતાનો તેજ અસપ તે રાહમાં હાંકાળ્યો. કોહીસ્તાનથી મદાયુન તલગની રાહમાં તે પોતાની શાહાનશાતના ખ્યાલમાં ગરક હતો. વલી તે નામદાર પોતાના જેહાનશીન પેદર હોરમજદના મોતના ગમમાં ગીરફતાર હતો, તોપણ તે નવજવાન પોતાની માશુક પરી શીરીનને તે તમામ રાહમાં નેધા કરતો ગયો પણ તકદીર તદબીરને હસી હાથ તાલી આપવામાં ફતેહ પામી. એકગમ ઇરાનથી શાહજાદી શીરીનને કોહીસ્થાન તરફ પોતાના આશના ખુશરો પરવેજ તરફ ઉમેદવાર દોડાવી અને બીજી તરફ કોહીસ્થાનથી શીકશત દીલ શાહજાદા ખુશરોને ઇરાન તરફ ના ધારેલા જબરા હાંદેશામાં ગરક કરી મોકલ્યો. તે શાહજાદો રાતદીન રાહ માપતો છડી સવારી માથ મદાયુન આવી પોંહોંચી ઇરાનની બુલંદ પાદશાહાતમાં દાખલ થયો. એક રોશન મુબારેક રોજે આખા ઇરાનમાં રામશની થઇ રેહી. પાદશાહી તખ્તે પોતાના બાપદાદાની રાહ રસમ માફક નવજવાન ખુશરો બીરાજયો.

પેલો બેરાંમ ચોબીન શાહાનશાહ હોરમજદને આ જેહાંનથી નાબુદ કરી પોતાની મુરાદ જે ઇરાનની શાહાનશાહાત મેલવી તાજદાર થવાની તેમાં તે હીલાથી કામ લેતો હતો. તે જે વારે શાહાનશાહનો વાંકો થયો તેવારે ઇરાન પોતાને કબજ લેતે પણ તે દગલબાજ અમીરે શાહજાદાને જેહાંનથી નાબુદ કરવામાંજ પોતાને અમનથી પાદશાહી ભોગવવામાં મજબુતી જોઇ તેથી તેણે હીલાથી શાહજાદાને મદાયુનમાં આવવા દેઇ તે નામદારને તેના બુરંબીના તખ્ત ઉપર બીરાજવા દીધો અને શેજવાર મુલક આબાદીમાં નચીંત પામવા દીવો. ખુશરો પણ તખ્ત પામી મોટી જાવોજલાલીથી પાદશાહાત ચલાવવા લાગો, પણ તે હોમાયુનનું તમામ દીલ પોતાની મકશદ ને મોહબત જે નાજની શીરીન તેમાં હોવાથી તે મદાયુનમાં દરરોજ ફકત શેકાર-ગાહમાં જઇ શેકારબાજી કરી શરાબ ને મીજલશ ને રંગ ને રાગ ને મશકેરી ને મોહબત શીવા બીજામાં થોડુંજ મગજ દેતો હતો. તે મશગુલાત જોઇ તે માહવરો વધ્યો જાય એવી બે-દરકારીથી ઇરાનની શાહાનશાત ચાલવા દેવાને પેલા કીનાબાજ બેરામ ચોબીને થોડો વખત જોયાં કીધું, અને પોતાની મુરાદ નકી પાર પડે એવી જેહમત ને પાયો પુર પાકો રચી લેવામાંજ લાગુ રેહો. ખુશરો ઇરાની શાહાનશાતની કીંમત કરતાં શરીનની કીમત વધુ સમજીને તે દીનબદીન તખ્ત કરતાં મોહબતમાંજ ચકચુર થતો ચાલ્યો, અને તે માશુક પરી શીરીનજ પોતાની જીંદ-ગાની ને જાન હોય એવી રીતે તે નામ ઉપર કુરબાની કરવામાજ સરક ગયો. શરાબની જામ ને મોહબતનો શાહલો એ તેનાં દીલનું દરદ ને કામ હતું. જેવારે તે જવાન શાહાનશાહે જાણ્યું કે નાજનીન શીરીનને શાપુરે આવી કેહાથીજ એકાએક તે પરીપેકર તે નવા મેહેલથી ગુમ થઇ ગયી. તે ઉપરથી તે શાહાનશાહ તે શીરીનનો ભેદ પામ્યો અને પોતાના કેહા માફક શાપુર શાહજાદી શીરીનને પોતા તરફ મોકલી શકયો તેથી તે જમાનાના ભરમ ભરેલા કામથી

હેરત રેહ્યો. તે નામદારે શાહજાદી શીરીનની અવલ સવારીનો પેલો ચુનંદો સબદેજ ઘોડો પોતાના એસતબલખાનામાં ભારી દબદબા ને રોબથી બંધાયલો જોયો તેવારે તે તે પવન જેવો ચાલાક ઘોડો જોઇ હેરાંન રેહી પોતાના હાથ ઉપર હાથ મારીને પરીજાદ શીરીનનો ખુબ ગમ કરવા લાગો. તે શાહાનશાહે તે દીન પોતાની સ્વારીનો ખાસ ઘોડો પોતાની માશુકની હરદમ યાદ રેહવા માટે પેલો સબદેજ મુકરર કીધો, જેવારે તે પવન ચાલ ઘોડા ઉપર તે શાહાનશાહ ખુશરો પરવેજ સવાર થતો હતો તેવારે હરવખત તે તેની સ્વારી લેનારી ચાંદ શીકલ શાહેબ સાહજાદી શીરીન વગર કેરબાની જગો પથર જેવો તેને નજર આવતો હતો. શીરીન વગરના સબદેજને જોઇ ખુશરો પરવેજ ઘણી વખતે શીરીન શીરીન કેહીને તે તેજ ખુબશુરત મસ્ત જાનવરને લાડ લડાવતો હતો. એ રંગ ઢંગમાં શાહનશાહને ગરક થવા દેવાને શપેહસાલાર બેહરામ ચોબીને બીજી પણ છુપી તાલ રચી હતી. તે દગલબાજ ઇરાની અમીરે શાહાનશાહના ખાસ નોકરોને મોટી લાલુચ આપી તે નામદારને પાદશાહાત ચલાવવાથી ગફલતમાં લલચાવતા રાખ્યા, એથી જે મકશદે તે દાવ મંડાયો હતો તેમાં તેઓ તે દગાખોર અમારને ઘણીરીતે ફતેહ પામતો કરતા હતા. એ રવેસ પાદશાહી તાજની ખાયશમાં ગરક તે ઇરાની કપટી અમીરે તખત ઉપર નચીંતાઇથી ખુશરોને ઠરવા દેઇ તેને બેફામામાં રેહવા દીધો અને ઇરાનના તમામ લશકર ને સરદારો ઉપર પોતાનોજ પુર કાબુ તેથી તે તમામ જનની મંજુરપત ને મોહબત પામીને તથા ઇરાનના બીજા બુજોરગ અમીર ઉમરાવો ને લશકરને લડાઇનો ડર બતાવી તેમ મોટી મોટી કીમતી શોગાતો નજર કરી તે ઇરાનના તખતનો ધણી થવામાં લગોલગ ફાવવા આવ્યો. જેવારે ઇરાનના બુજોરગ અમીરો, ઉમરાવો, સરદારો, શોદાગરો ને તે માફક મરતબાવાલા તમામ આદમીઓ તે દગલબાજ સપેહશાલારની તરફેણમાં બંધાયા, તેવારે તે નાપેકાર કપટી બેહરામચોબીન એક નેક જસનને દીને મોટું જબબર તોહમત જોડી અનજુમન હજુર પોતાના હથયારબંધ લશકર સાથ દાખલ થઇ પોકાર મારી કેહવા લાગો કે ઓ નામદાર જંગી ઇરાનીઓ, ઓ જેહાનના જબરા જંગીઓ ખુશરો પરવેજ પોતાનો પેદર જે આપણો બુલંદ મરતબે શાહાનશાહ હોરમજદ તેની આંખમાં ઝેરી શલી પોતાના ખાસ માનીતાઓ પાસ ફેરવાવી મારી નાખી તખત ઉપર બીરાજયો છે. તેવા તે ખુનીને શાહાનશાહ તરીકે આપણી બુલંદ ને નેક ને જંગી ને અદલ ઇરાની ખલકત કબુલ રાખવામાં તે યજદાન પાક પાસ બેસુમાર તકશીરવાર થઇછે. આજ હું મારા તમામ જંગી લશકર સાથ માહરા નામદાર શાહાનશાહનો ખાસ કીનો લેવા તે નાપાક ને ખુની ખુશરો સામે કમર બાધુંછું અને ખુદાવંદતાલા રાસતીનો શરીક ને મેરહબાન મદદગાર છે તો તે નાફરમાન ને પાપી શાહજાદાના રફીકોને કતલ કરી તેને બાંધેલો શરગરદાન આ બુલંદ અનજુમન હજુર ગલામાં તોક નાખી ચલાવી લાવુંછું. પછે ઇરાનની શાહાનશાતનો નાફ અદલ ઇનશાફ જે સજા તે ખુનીને ઠેડવે તે તે ઉપર બજા લાવું. એ ખુની છોકરાથી બાપની જેહાન સવાચીન લેવાય નહી. બાપનો જાન લેનાર દગલબાજ પેહયાથી ઇરાનની અદલ પાદશાહાત રખાય નહીં. જેણે પોતાના પેદરને નાતરસ થઈ પાદશાહાતની લાલચે બેજાન કીધો તે આપણા જેવાઓના જાન સેજમાં દગો કરી લે એમાં કસો શક નથી; તે સાથ જે પલથી તે ઇરાનના તખત ઉપર આવ્યોછે તે પલથી તે એશઆરામમાં મશગુલ છે. તેની તબીઅત ગરમ ને મીજાજ ખુની છે. સારા મોલકમાં નેકાબદી થાયછે તેથીબે પરવાછે. તે અમીર ઉમરાવોની ભારી જેહમતમાં લાનત અને શરોદ આનારને શાબાશી ને મુલકો બખશેછે. જે મુલકો જંગી લશકરથી મેદાન રાતદીન ખુનમાં ગરકાવ રેહી ઇરાનના જબરા પેહલવાનોના ખુનથી જમીન લાલાના રંગની

કરી બેહદ જેહમત ને ફકરથી તે માહરા મરહુમ પેદરે મરહુમ શાહાનશાહ આદલ નોશીરવાનના જમાનામાં અને મેં એખલાએ ભારી જવાંમરદી કરી મરહુમ શાહાનશાહ હોરમજના વખતમાં બાજા પાદશાહો પાસે જીતી લીધેલા તે તમામ મુલકો તે ખુની શાહજાદો બેઆબતી આર બેગાના બે બદામના ગવાહઆએ ને બુરી ગમશગરો ઉપર શદકો કરેછે. તે ઇરાનની જેહાનના તખત ઉપર આ પાદશાહાતની તકેદારી બદલે બીજીજ વાત ઉપર મશગુલ છે. તે ઇરાન જેવી હજાર પાદશાહી એક કોઇ શીરીન જેવી કોહીસ્થાની ઓરત ઉપર ફીદા કરી આશક થયો છે. બસ તે શીરીનજ તેની જીંદગાની ને મોજ જોક ને તમામ પાદશાહી કારોબાર છે. એ છોકરો ઇરાનની બુલંદ પાદશાહાત ઉપર બેસી ઇશકનો ગરમ તે પણ એક નનામી ઓરતનો આશક થવામાં ઇરાનની બુલંદ પાદશાહાતને બેસુમાર નામોશી છે. વાસતે હું તે જાહેલ છોકરાને પકડી બંદીવાન કરવા મારી તલવાર આ મેઆન બાહેર બેંચુછું. મારી સાથ તમામ દાનાવ અનજુમને ઇરાનની પાદશાહાતનાં બેરખાહોમાં ખપીને તે નાદાન ખુનીની રાહ બંદ કરવામાં મદદ કરવી. આ તદબીરથી તે કીનાના લેનાર દગલબાજ મતલબી બેહરામ ચોબીને ઇરાનની નેક ને જંગી રઇઅતને તેના નવજવાન ચુનનદા શાહાનશાહથી બેફરમાન ને બેદેલ કીધી.

આ નાખુશ ખબર શાહાનશાહ ખુશરો પરવેજને તેના ઘણાજ બેરખાહ ને ઇમાનદાર હમનશીનોએ કેહી તેવારે પાદશાહ ખુશરો પોતાનું બખત બરગસત જોઇને પોતાની પાદશાહાતથી નાઉમેદ થઇ હોશીઆરીમાં રેહ્યો. જેવારે તે શપેહશાલાર બહેરામ ચોબીન મોટાં જબરદસત લશકર સાથ સામે આવ્યો તે જોઇ શેહેરની રઇઅત પણ શરકસીથી પોતાના શાહાનશાહ સામે જોર તેગ તાનાજની કરવા લાગી. દુશમન પોતે જબરી તાલ ને હેકમતથી ઇરાનને વાહલો થઇ પડી જરૂર ભારી નુકશાન કરી ફાવશે અને મારી કોઇ પનાહ કે મજબુતી નથી એ ખ્યાલે ખુશરો આખરીગતે આબેજ જેવો સબદેજ ઉપર સવાર થઈ પોતાના ખાસ ઇમાનદાર જંગી સરદારો ને શીપાઇઓ સાથ શેતાબ મદાયુનમાં ઇરાનનું તખત મુકી પોતાનો જાન તાજ તખત કરતાં હજાર હીસે બેહતર જાણી કોહીસથાન તરફની ઉગત રાહમાં નીકલી ચાલ્યો.

શાહેર નીજામી કેહેછે કે આદમીને અકલ છે તે મશલહતના કુલફની કુંચી છે. નેક અકલ બેકીમતી ખજાનાના ભંડારની ગોહર કુંચી છે. પેહેલવાન, લડાયક તલવારનો મારનાર અકલના દસ્ત ઉપર સેજમાં શેહ ખાય છે. એક બારગી શમશેરે શેરનર શો આદમાને કદી જમાન દોસ્ત કરી શકે પણ દુરબીન અકલે કરી દાનાવ કે કાવાદાવાવાલો ભારી લશકરને સેજમાં ગીરદાપેજ કરી તારાજ કરે. અકલ ફનાઈમાં તમામ ખુદાઇ બખશેશોમાં બુલંદ ને બુજોરગ છે. તે અકલે શફેશાલાર બેહરામ ચોબીને ઇરાનનો કાબુ તેના હકદાર શાહાનશાહના હાથથી ચારો ને તાલ રચી સેજમાં મેલવી લીધો અને તેજ અકલના તેજે શાહાનશાહ ખુશરો પરવેજ નાફરમાન લશકર ને રઇઅતથી પોતાનો જાન બચાવી દુશમનના દસ્તથી બચી ઉગત રાહે નીકલી ગયો અને નાપાક બેહરામચોબીનને તેની મુરાદમાં નાશીપાવસ કીધો. શાહાનશાહ શો શો મકર ને દાનાઇએ નેગાહ પોંહોંચાડી પોતાનો ભરમ પોતા પાસ રાખીને આદરબીજાનની સહે કુચ કરી જતો હતો. જો કે આ રવેસ જીગર ખુન વરસતું કરનારો હાંદેશો તે નવજવાન ઉપર ગુજરતો હતો તોપણ તેના દીલમાં શીરીનનો ખુબશુરત નકશ આશમાનના ઝલકતમંદ માહતાબ મીશાલે રોશન ને દીલપજીર હતો.

શાહઝાદી શીરીન અરમનમાં મહીબાનુને મલી. તે તાંહાં શેકારગાહમાં શાહાનશાહ ખુશરો પરવેજને એકાએક મલેછે.

ગઝલ.

દીન તો જતો રેહશે રે આ રડતાં બુલબુલ,
ભરજવાની ગોયા છે આખી ખાલેશ ફુલ.
યા પરપોટા છે એવા કે શરમાય જોઇ ગોહર,
જપત છે એવી કે નુર છે જાંહાં બીન મુલ.
કરોડો શેતારા ના થાય કીમત એક ચશમની,
ખાલેશ ખુદરત શમાવેછે આપમાં જે કુલ.
તર બોહલા દરયાવ મીસ્ળ મોહબત પાસ તું,
કુલ જુવાનો જીંદગાનો છે મીસ્ળ બતી ગુલ.
સમજ શ્યાણુ આ દગલબાજ દીલલેનાર,
ફનેના કુલે ખુજાના છે મીનુઇ પાસ ચમટી ધુલ.

મદાયુનના કોહીસ્થાનની સરહદના પાહાડોને લગતા નવા મોહોલથી શાહજાદી શીરીનને ઉશતાદ શાપુરે શાહજાદા ખુશરો પરવેજના મત ને મકાન ને મુરાદથી વાકેફ કરીને અરમન તરફ તેજ ગુલગુને ઘોડા ઉપર સવાર કરી મોકલી, તે કઇ/ંક રોજ ઉગત રાહમાં ઠાક વગર જેહમત ખેંચી મહીબાનુના બાગમાં આવી ઉતરી. તે નાજનીનના ફરી આવ્યાથી બાગના શરવોએ નવરોજનો બાહાર લીધો. તે શાહજાદીને જોતાંજ માહરાણી મહીબાનુના દીદામાં ફરી નુર ઝળક્યું. એશ તથા સાહેલીઓમાં નવેશરથી ખુશબખતી ને તાબેદારી તાજી થઇ. વેના મુબારક કદમ અરમનના પાદશાહી મેહેલના કુલ ગમનો આતશ શરદ થયો. તેની ચાંદ શીકલથી ગોયા ગમ ને અંદેશો ગોયા શીહાઇ માફક નાબુદ ને બરતરફ થયો. તે પરીજાદ ભતરીજીને જોઇ મહીબાનું ગોયા જૈફની જુવાન થઇ ગયી. તે નામદાર રાણીએ લાંબી તરકથી શીરીન પોતાની નાફરમાનીની શરમમાં અંદેશમંદ થાય તેમ ના થવા દેવા માટે પોતે જાણે તે બનાવથીજ બેખબર હોય એ રીતે હસતે મોહ તે નાજનીનને પોતાની ગોદમાં પકડી માદરની મોહબતથી તેણે તેના ચેહોરા ને ગરદન ઉપર બેસુમાર બુશા લીધા. તે દીલ ફીદા કરીને બોલી:—એ બેટી એ માહરા પાદશાહી ખાનદાનની રોશન ચેરાગ તું માહરા દીદાની રોશની છે. હરગીજ મારેથી તું રોશનીને જુદાઇ થતી ના. પછે બેસુમાર ગોહરો ને મોતીનો વધાવો કરીને ખુરબાન થઇ રહી. શીરીન પોતાની નેક ફુઇ માહરાણીથી આ રવેશ ખુરબાની જોઇ પોતે પણ તે મીશાલના ખાલેશ દીલથી તે મોહબતમાં ભેલાઇ. ફરી તે અગ્લ રએતા માફક પોતાની શાહેલીઓ સાથ ચમન ને ચકારમાં મશગુલ થતી હરદમ પોતાના આશકની નીશાન ઢુંડતી હતી. માહતાબ શીરીન પેલી સીતેર શીતારા શાહેલીઓ સાથ હરદમ હરદન નવીનવી ખેલબાજીમાં મશગુલ થઇ. મહીબાનું તે પરી નાજનીનની મોહબત જાણી ચુકી હતી. તે રાણીએ ખુશરો પરવેજને તે મસ્ત મોહબતના ચમનમાં મીથો શરોદ ગાનારો બુલબુલ જોયો હતો અને તેથી તે પોતાની ગાદીની વારેસને બેહદ નાજુખીથી જાલવવાની કોશેશ કરવામાં ફાવી હતી, પણ આસમાનમાં આ રવેશ ઉલટી બાજી રમવામાં ફરી શું ખેલ ખેલવાને ભેદ શમાયેછે તેની કોઇને ખબર હતી નહી. તે નાજનીન પોતાની શાહેલીઓ સાથે શેકારગાહના પોશાગમાં ગુલગુને ઉપર ગોયા ડાલી ઉપર ગુલાબ મગમગ ખીલ્યું ઉભું હોય તેમ શેકારગાહમાં શેકાર-

બાજીમાં મશગુલ થવાને તે જંગલમાં આવી હતી. તે જંગલમાં તે શાહજાદીને પોતાના આશનાવની શુરત યાદ આવ્યાથી તે પોતાના ગમનો શરોદ ગાતી બોલતી હતી કેઃ—મારા દીલદાર ખુશરોનું નશીબ કેવું અજાયબ થયું છે. તે પાદશાહ હાલમાં પોતાના મુલકથી કાંહાં હશે? તેનો છુપો ભેદ મને જાહેર થતો નથી કે તે નવજવાન આશનાવને આ વગર મદારત ભરેલો આશમાન વલી કાંહાં લેઇ ગયો. આ શરોદ ગાયાંને તે પોતાના દીલદારની યાદધરી શેકારગાહમાં ફરતી હતી. તે વખતે શાહાનશાહ ખુશરો પરવેજ પોતાના તખત તાજથી નામુરાદજ થઈ પોતાની આશનાવ શીરીનના સબદેજ ઉપર તેજ શેકારગાહમા દેવાના આદમી માફક શરગરદાન થયા જેવો આ તરફથી તે તરફ ઉડતો હતો. તેના દીલમાં તે આ વખતે પોતાના તાજ તખત ગુમાવ્યાનો ગમ અને તે દગલબાજ બેહરામ ચોબીનને હાથ પકડાઇ જવાનો અફશોશ ખેંચતો હતો તેવામાં એકાએક તેની નજર જમીન ઉપર એક માહતાબ શીકલ નાજનીન ઉપર પડી કે તરત તે નામદારે તે રોશની ભરેલા દીદાની પુતલીને પેલા ચશમા ઉપર મલેલી નુર મુરતી સાથજ આબેહુબ મલતી જોયાં કે છક થયો ઉભો પણ શીરીન તો પોતાના સબદેજ ઉપરનો પરીજાદો સવાર જોતાંજ તે શાહાનશાહ ખુશરો છે એ નકી સમજી થોડો વખત બસ ચુપજ થઇ બેશરમ રેહી. આશકે પોતાની માશુક ને માશુકે પોતાનો આશક દીલના સદા અમર તપતા આતશના શોહલાથી પીછાણી લેઇ અંદાજા ને ચશમના મરત મારાથી એક બીજાના નામ પુછયાં કે સેજ શક નાબુદ થઇ એક બીજાંથી વાકેફ થતાંમાંજ બેહોશ બની તે બંધો તાંહાંજ પોતાનાં જીન ઉપરથી તે હબ્યારી ભરેલી જમીન ઉપર પડયાં; પણ શીરીનથી ખુશરો જુદો હતો નહી અને ગુલગુનેથી સબદેજ દુર હતો નહી. જેવારે તેઓ હોશમાં આવ્યાં તેવારે શાહાનશાહે પોતાની માશુક શીરીનને ઘડી એક જોયા પછે પોતાની ભીતર ગમગીની ફરામોશ કરી દીધી, તે બસ બેહદ ખુશમાં આવી તે ઉપર ફીદા થઇ રહયો. શીરીન પણ હોશમાં આવી પોતાના પ્યારા ખુશરો ઉપર હજાર જાંફેસાની કરી રેહી. જેવારે બંધે આશક માશુકે એક બીજાને બરાબર ઓલખયાં તેથી કલેજાના દરદથી હાલતનો શોલો ઉઠાવ્યો અને શબર પકડી. પછે પાદશાહી રાહોરસમ માફક એક બીજાને ફીદાગીથી ખેરોઆફીઅત પુછી તેઓ તનના પોશાગ બરાબર કરી પોતાના ચાલાક ઘોડા ઉપર સ્વાર થયાં અને કોઈ તનહાઇમાં એક બાજાને પોત પોતા ઉપર વીટેલું મોહબતનું આફત બયાન કરવા તાંહાંથી ઘોડા યાહુમ ઝોકાવ્યાં. તે જોઇ શીરીનની શીતેર સુંદર શાહેલીઓ પણ પાતાના ઘોડા તેઓ પાછલ ઝોકાવતી ચાલી. તે શાહેલીઓએ ખુશરો તથા શીરીને સબદેજ ને ગુલગુલને ઉપર સાથે સવારી કરતાં જતાં ગોયા આફતાબ ને માહતાબજ સાથે મલેલાં જોયાં. તે શાહેલીઓ તેઓ બંધે એક બીજાના ઇશકમા ગીરફતાર છે તે જાણતાં હતાં તેથી તેઓ ઉપર ખુબ ગોફશાઇ રાખવાને બરાબર સાથના સાથ રેહેતાં હતાં પણ તેઓના મોહ તરફ જોઇ બેહદ અજબ થતાં હતાં સબબ કે તે શીકલો એટલીતો આબેહુબ ખુબશુરતી ને નવજવાનીના તેજ રંગમાં એક બીજાંને મલતી હતી કે તેમાં ખુશરો કીઓ ને શીરીન કેઇ તે બીલકુલ માલમ પડતું હતું નહી. એ અજાએબ મલતી શુરતો ઉપર તે પરીજાદ શાહેલીઓના ઘકદયાણુ હેરાન છે તેવામાં દુરતરફથી તે શાહનશાહનું ખાસ ઇમાનદાર લશકર આવી પોહોંચી તે બે એકસાન સ્વારો આસપાસ શફ ખેંચી ઉભું.

આ રવેશ મામલો જોઈ પરીજાદ શીરીન પોતાના આશનાવ સાથ એકાંત મોહબતની ગોફતે ગોહ કરવામાં નાશીપાયશ થયાં, તેથી તે નાજનીને એક તાલ શોધી કાઢી અને તે પાદશાહી રાહરશમને મલતી આવી. શીરીને શાહાનશાહ ખુશરોને મોહબતથી કેહ્યું કે ઓ ખુલંદ શાહેબ

હું જેવી ખાખ બાંદી તાહરા મોહોલમાં તાબેદાર થઇ રેહેજો. તાહરાં તાજથી આશમાનને નવીઓ પોહોંચજો. જમીન તાહરા તખ્ત નીચે ખુબ સરફરાજ થજો. ઓ શાહેબ અફતેકેશરવ જમીનનો મોલક તાહરા તાબામાં છે પણ હકતાલા મેહેરબાન થયો તેથીજ તું રોશન શુરત શાહાનશાહ મને રાહમાં મળ્યોછે. જો તું નામદાર ખાસ તજદી લેઇને મારાં મકાન ઉપર મે-હેમાન આવે તો ગોયા મને જેહાન નવાજ્યા જેવો સરોપાવ થયોજ. તું નામદારના મુબારક કદમ મારાં મકાન ઉપર આવ્યાથી મારાં ખાનદાનને સરફરાજી હાંશલ થયીજ. કીડીના સર ઉપરથી હાથી ચાલી જાયતો તે કીડીને કસો એલજામ પોહોંચતો નથી પણ ઓર તે કીડી પોતાના મનમાં તે બુજોરગ જાનવરનો શાહેઓ પોતાને સર થયેલો ધારેછે. તું બુજોરગ શાહાનશાહ મારાં સર ઉપર ચાલી આવી મારો મેહમાન થાય તો મને આશમાન તલગ મરતબો દીધો ને મેહરબાની નવાજી હું જાણશ. એ મોહબત ને શખુન શંભલી શાહાનશાહ ખુશરોએ શાહજાદી શીરીનને જવાબ દીધો કે ઓ શીહાદીલના રોશન ચંદ્રમા તું મને પોતાના જાન માશાલે જાણી મેહમન બોલાવેછે તો હું પણ મારા જીવની ખાયશથી આવુશ્કું. આ જવાબથી શીરીને ખુશ થઇ શેતાબ મહીબાનું ઉપર ખુશરોના મેહમાન આવવાની ખબર પોહોંચાડી.

માહરાણી મહીબાનુ શીરીનના કામથી વાકેફ થતાં શાહનશાહ ખુશરો લાયક મદારત કરવાનો સામાન ને શરોપાવ તઇઆર કરાવી પોતે શાહનશાહને એસતકબાલ ગયી. જતાંવાર અવલમાં આફતાબ મીશાલના ખુશરો ને માહતાબ માશાલની શીરીન ઉપર ગોહરનો નેશાર કીનો. શાહનશાહને બેહશત જેવા પોતાના ખાશ બાગમાં લાવી ઉતારો આપિયો. તાંહાં તે શાહનશાહને લાયક તમામ અશબાબ મોકલ્યા અને તે નામદારની ખેદમતમાં તે કોહીસ્થાની માહરાણી મહીબાનું શાહજાદી શીરીન સાથ રાત દીન દીલ ફીદા કરીને રેહવા લાગી. શાહાનશાહ ખુશરો શાહજાદી શીરીનને પોતાના જાન કરતાંને પણ વધારે જાણતો હતો.

શાદી થયા તલગ શાહાનશાહ ખુશરોથી પાકદામન રેહવા સારૂ શાહજાદી શીરીન માહરાણી મહીબાનુ પાસ કશમ લે છે.

દીલ હશે દરયાફનું તો દરદો તુફાનમાં નીભશે રે,
મુશકેલીના કાંટાં ઉપર કાંટાં દીલ શર ઝીલશે રે.
તુફાનના જબરા પવન ગભરાટે પણ ના હીલશે રે,
પણ જબરા હાંદેશા સોસી સરજતમાં તે ખીલશે રે.
સરજતના દલેર શોરશારમાં શર બદન તે પીલશે રે.
પીલઇ પીલઇ પીલતાન બની આ જીંદગીમાં રીજશે રે.

શાહેર નીજામી કેહેછે પાકદામની અવલ નુરના ઝલકાટવાલો ફીરેસતાઇ અવતારનો મોભો છે. ફીરેસતાઇ મોભો ગોયા ખુદાઇ ખાશ બખશેશ છે. એ બખશેશ હજારો પરેજગારોની પાકી સાફી ને બંદગી હાને ઉમદા છે. એ ઉમદાઇ આ જેહાન નુરાની ને તે જેહાન શોરખરૂઇ છે. એ શોરખરૂઇ ગોયા ગેબી યજદાનતાલાનો અજમતી અંશ છે યાને પાકદામની ગોયા ખાલેશ ખુદાઇ છે. તે શાહજાદી શીરીનની બેકીમતી ખાલેશી જાલવવાને માહરાણી મહીબાનુ ફીક-રમંદ થઇ. કણબી ખેતરમાં સારૂં ઉમદા બીજ નાખેછે તેમાંથી ઉમદા અમરત ફલ પેદા થાયછે. પાકજાદ આદમી પોતાની બુગીઆદ પાક રાખતું હોય તે આ દુનીઆના દોરંગ

દગાવાળી એબમાં શી રીતે આલુદા થાય, નેક પાક આદમી કોઇનો નબલો શગુન પોતા ઉપર પડે નહી માટે હરદમ હકવાજબી મોજ જોક ને આશનાઈમાંજ રાજી રેહેછે. તેજ મીશાલે મહીબાનું પાકજાદ ને પાક બુનીઆદ કેહવાતી હતી. તે નામદાર પોતે નવજવાન ઇરાની શાહનશાહ ખુશરો ને નવજવાન કોહીસ્થાની શાહજાદી શીરીન વચેની મરત મોહબતથી તમામ રીતે વાકેફ હતી. તે શ્યાણી રાણીએ દુરઅંદેશો કીધો કે હાલમાં જુના પુરાના સુકાં ઘાસને આતશ સાથ રાખવામાં ખુબી નથી, જો સાથ થાય તો સેજ જળો ઊની રાખ બને યાને ખુશરો ને શીરીનને શાદી વગર એખલાં વીલાં બાહેર મુકવા દેવાં નહી જોયે, એ ખ્યાલ કરીને તે નામદાર માહરાણીએ શાહજાદી શીરીને પોતાની હજુર તેડી મંગાવી તેણીને એલવતગાહમાં સાથ લઇ બેસીને એકાંત કેહેવા લાગી કેઃ—આ દાનવ બેટી તું માહરી ઉપર શાહેબ નથી પણ તમામ મેહેબુબો ઉપર ગોયા રોશન નુર ભરેલી શાહેબ છે. તું નુરજાદ બેટીનો અદા નાજનખરો સો પાદશાહતો કાને બેહતર ને બેકીમતી છે. તમામ કોહીસ્થાનનો માલક અને તેનો તમામા ગંજ ખજાનો તું નેક અશમ બેટીની એક રજ બરાબર પણ નથી. સારી જેહાને તાહરી ખુબશુરતાની રોશનાયા માહતાબને ફરામોશ કરી તાહરી ઉપર ફીદાગી વરસાવીછે. તારી ખુબી બુજોરગ પાદશાહોના પનાહમાં છે, સબબ તું નેક નુરભરેલી શાહજાદી તે શાહનશાહ જમશેદ ને દારાને તોખમની છે. તે તોખમની તું છે તેથીજ તાહરી પાકી ઉપર તે રોશન નુર ભરેલા આફતાબ પોતે ગુવાહ દેછે. તો આ સમજ કે કુલ જેહાનના તમામ ગંજ ખજાના કાને પણ પાકદામન એટલી બેકીમતી છે કે તે ગુજરેલા ને ગુજરતા ને ગુજરનારા ખાનદાનના જમાનાની બેમુલી નુરી ઇજત ઉપર કોઇ એકુ સીહા લાછન પડી તો તે કરોડો કાકલુદી ખરચતાં, કરોડો પસેમાની એંચતા, કરોડો દાન ધરમ કરતાં ને કરોડો અજાબ આફતમાં ગરક જતાં પણ એક ખાબના છાયાં જેટલો તે ઝાંખાસ મારનાર નથી. એક વખત આ ફનાઈ તમામ ફના થાય પણ એ પાકદામનને લાગેલી કાલી લાછન કેઆમત તલગ એકસાન સીહા સીહેમાં તપતીજ રેહેશે. પાકદામની તમામ ઇજત, મરતબા ને ખજાના કરતાં વધારેછે. ગોયા તે જીંદગાની ઝલકાવનારૂં અમર નુર છે. તેં પોતાની દાનાઇ જોરે જેહાનની તમામ નેકી બદી અજમાવી છે તો સેજેજ પાકદામનનો મહીમા કોઈ પણ જીગરને જેમ આ જેહાનને આફતાબ, તેમ નુર બખશનાર કુમક છે. આ દાનાવ બેટી આ ફાની જેહાન મોતી તથા માણક ચોસ્થામાં ઘણીજ મકારે ને ફરેબબાજ છે વાસતે માહરા દીલમાં એવું પકીન આવેછે કે આ જેહાનનો પાદશાહ ખુશરો તારી ઉપર ફીદા છે. તે શાદી કરવા તદબીર તથા મરજી રાખેછે અને જો તું પણ ખુબ જાણતી હોય કે એ ખુબશુરત શાહનશાહ તાહરી ઉપર ફીદા છે તો એમજ જાણજે કે તાહરા ફાંદામાં એક ભારી શેકાર સપડાયોછે. તેનો કસો અંદેશો નથી; પણ જેવારે તે જવાનને તું નાસબર ને મોહબતથી જોશમંદ થયલો જોય તેવારે તું તેના ફરેબ ભરેલા સખુનો સાંભળ્યા કરજે. તું તાહરાં તન સાથ તેનું તન એક નખ જેટલું પણ લગાડવાથી દુર રેહજે. એવું નહી થાય જે તે નવજવાન પોતાની શીરીન જુબાને શેકાર થયલી તું જેવી પરીજાદી શીરીન નાજનીનનો નાજદાર હલવો મફતમાં ખાઇ જાય ને તને સદાની ગોયા કાસાંના ખાલી ખુમચા મીશાલની નકામી ને બેખોશાત બનાવી જાય વાસતે એ વાતથી તું પોતાનાં તનને ખુબ નેગાહ રાખજે. માહરી તો ખાતેરનીશાં છે કે તું પાકજાદ ને પરેજગાર પરીજાદ મારી બેટી આલેશ ખુબશુરતીમાં ભારી નેકનામ ને નુરભરેલા રોશન શીકલ છે. એ પાકી, પરેજગારી ને શરમરૂઇથી તું પોતાનું સર હરગીજ નહીજ ઉઠાવે એ હું ખાતરીથી જાણુંછું. તું નેકજાદ બેટી

પોતાની પાક બુલંદ બુનીઆદ ઉપર નેગાહ રાખી એવા નાલાયક કામથી પરેહજ રાખશેજ, પણ ઈશક એવી ચીજ છે કે ઝેરીબુટીને પાઓઝેર કરતાં વીલંબ નથી લગાડતો. જેવારે મોહબત જોસભરેલી ને મનને પસંદ પડેલી તનજાનમાં પંઠરાઇ રેહેલી, ખાલેશ ચશમ જીગરમાં સમઈ તીરનદાજી પાપણે પાપણ વીટલાઇ ભરાયલી જેની ઉપર ઝલઝલ થતી આશા માશાલે પુર તેજ શલગી જાયછે તેવારે આશમાન ઉપર કોઇ બુરા ગજબ લાવનારા કાલાં બીઆમણા સીહાઈ પાંઠરી દેનારા વાદલા ફુકનારા ને જેહાન જમીન ઉલટ પુલટ કરનારા પાયામાલી પવનવાલા તોફાન સમ તે મોહબતનો માડવો સલગી જઇ સેજવારમાં અશલ બેકીમતી માલ મીલકત જલી બલી વેરાન પાયામાલ ગોયા ખાક રાખ થઈ ખાબ જેવી પાછલથી બેબદામનો નકલ હઈ-આતી પામેછે. તેવાં કોઇ ચઢી આવતાં મોહબતના તોફાનમાં જેટલો મરદ પોતાની આબરૂનો બચાવ ભુલેછે તેટલીજ ઓરત તે ભુલાવામાં મદદ કરનાર થઈ પડી આબરૂના નુરી શીંગારનો ભોગ થતા આબ ઉતરી મુલહીન થયલાં મોતી મીશાલની કોડીની થઇ કંગાલ્યતના ખુનામાં ગગરી રહેછે. તેવા તે પુર મોહબતના તેજ વખતે તું જીનહાર તે શાહનશાહ સામે ઉભી રેહેતી ના અને તેના નાવાજબી જોશાને મીથા પણ અસરકારક સકત ઠપકા દેઇ દેઇ જાંહાં તલગ શાદીના ખુદઇ પરવાનાથી તે નામદારે તને પોતાની મારદાર કરી નથી તાંહાં તલગ તાહરી બુનીઆદની ઇજત શેરખરૂ રાખજે. આતશી ઇશક જાતે પોતે હર નાજનીં ઓરતને ચાલી ચલાવી તેના ચાહેલા મરદપાસે લેઇ જઇ ઉભી કરી તાબેદારીમાં ફસાવેછે. વાસતે ખુ-શરોને કોઇ પણ કઢંગા કદમ ભરતી વેળા મના કરવાની સોસતી કરતી ના. જો ઈશક તું ઉપર ગલબો કરે અને તે પાદશાહ માશાલે તને પણ ગફલત અને મસત કરે તેથી જો તું તાહરી પાકદામન તેના કેહાઝર ઓઢી દેશે તો આજ જેવી તું શાહજાદીમા નેકનામી છે તે તમામ બરબાદ થશે અને કાલી બુરાઇથી તું આ ને તે બંધો જેહાન દરમીઆન મશહુર થઇ નામોસીમા ગરક જશે. મેં એવું સાંભળ્યું છે કે તે શાહનશાહના ખાશ જનાનખાનામા સો નાજનીન ઓરત માહતાબને તકર દેનારી, ખુબશુરતી ધરાવનારી, બુલબુલ મીશાલે સીરીં શખુન બોલનારી અને શાંકલ મીશાલના પેચ ખાવેલા બાલની લટીઓવાલી હાજર છે; તે તમામ ઉપરથી તેનું દીલ ઉતરી જઇ તાહરી ઉપર કેમ એટલું ફીદા છે? ઓ માહરી માહતાબ શીરીન તું નવી છે તેથીજ તે શાહનશાહ તાહરી ઉપર એ રવેશ જાંફેશાની ને મોહબત ફીદાગી કરેછે. જે ચીજ સેજ મલેછે તે અગર આફતાબ જેવી નુરાનીવાલી હોય પણ તે શીહા ને સાધારણ દીસેછે. જે હમેશાં પાસ હોયછે તે દીઠાથી ઉતરેછે. એકવાર હમેશાં થતી ફતેહ લડાઇનું રૂપ ગોયા મેહમાની ને શાદમાની મીશાલે દેખાડેછે. ઓ પરીજાદ બેટી એક વખત જો તું આ લાલચને વસ થયલી મોહબતથી તે જવાન શાહનશાહના હવસની ગુલામ થઈ ગઈ તો પછે તું પેલી સો મેહબુબ પાસે એક બીજી વધારો થઇ જઈ ગમવાની અને કોઇ કાલ તાહરી બુની-આદ કે ખુબશુરતી આ જેહાનમાં કીમત પામવાની નથી. ઓ નાજદાર બેટી જે ફુલો કે તાંજાં ને ખુશબોદાર હોય તેને સઉ કોઈ પોતાને દસત ને પાસામા રાખવા બલકે પોતાના તાજમાં ઓસવા માટે લેવાને ખાયશ કરે. જેવારે તે હાથમાં આવે, બે ચાર પાંચ વખત તેની ખુશબો ને તાજગીનો લાહવો લેવાય કે પછે તે કાંહાં નખાય કે નખાયલાં રવડે તેની ખાબમા પણ જાણ પડે નહી. તું શ્યાણી બેટીને આ તો ખબર છે કે મરદને શરાબની તલબ થાય છે અને જેવારે પેહેલી જામ તેના દસતમાં મેલાયછે તેવારે તે પેહેલી શરાબની જામ કેવા હરખથી શોકથી, કેવી દુવા ને આશાથી, કેવા કોમલ જુસા ને ઉભરાથી કેવા ઉદાર ચોખ તેમ કેવી

ખુશ મજોહથી તે નોશ કરેછે. તેમ મરદ શાદી વગર શાહાજાદીની પાક દામનનો એકવાર શરીક થયો તો પછે શકમંદ ને ફરામોશ જીગરનો થઇ જાયછે. પછે જનમમાં પણ તે તેને યાદ આવતી નથી. ઓ નવજવાન બેટી હાલમાં મોહબતની તું સદાબરી ફરમાનબરદાર થઇછે તેથી માહરી આ ગોફતેગોહ ને સલાહ ઉપર તને નાખુશી ઉપજતી હશે. પણ આ તું સાંભલ ને ખુબ યાદ રાખ કે ઓરતને કદખુદાઈ કર્યા આગલ તેના ચાહેલા જવાંમરદ આસકથી કેવી સરફરાજી ને મરતબો ને કદખુદાઇ થયાપછે કેવી બેહોરમતી ને નીચાઇ છે તે તું થોડાવખતમાં સેજે જાણશે તેવારે માહરી આ તમામ નશીઅત તું બેકીમતી માનસે. ઓ જેહાંને તાજુબ કરતી ખુબશુરતીવાલી માહરી બેટી તું કેહશે કે જેહાનમાં ખુશરો પરવેજ ગોયા રોશન ખુરશેદ પુર બાહાર ને તેજ ઝલકારમંદ છે તો આપણ પોતે કાંહાં રોશન માહતાબ કરતાં ખુબશુરતી ને નુરમાં કમી છઇએ? અગર એ પાદશાહ જાતે કેખુશરો હશે તો આપણે પાદશાહ અફરાશ્યાબ છઇએ. વાસ્તે નાજનીન ઓરતોને ખુબશુરતા જવાંમરદો પાછલ દોડી જવું સજાવાર નથી. ઓરતોમાં જવાંમરદી ને બેપરદગી હોય નહી તે બેહતર છે. તું જોનહાર તે શાહાનશાહની જબાન ઉપર જાંફેશાની કરી નાપાક નહી બનતાં નેકી ને મોહબતથી કોલની ઓસતવારીમાં રેહેશે તો તે નેક શાહનશાહ તને પોતાના મોહોલ લાયક ખુબીભરેલા કોલની એસતવાર ને ખુબીવાલી જાણશે અને તાહરી ઇજ્જત ને રાહરસમ વખાણી માહરી ઉપર તાહરી માગણીમ! લાયક પેગામ મોકલી તાહરી શાદી ચાહશે. હું તાહરી કદખુદાઈ કરી તને આ બોહલાં રાજનો રીત સાથ તે નામદારને સ્વાધીન કરશ તે ખબર સારી જેહાન જાણશે તેથી તું ગોયા જેહાનની પાદશાહી ઉપર માહરાણી કેહેવાઇ આલમમાં પાકદામન ને પરેજગારીમાં મશહુર થશે. આ નશીહત સાંભળો શ્યાણી શીરીને પોતાની ફુઇ માહરાણી મહીબાનુંને કેહેવું કેઃ—ઓ માદર તાહરી તમામ નશીહત મને પસંદ છે. હું આ ઉપલા સાતે આસમાનના શાહેબ પાક ખુદાવંદતાલાના રોશન નામના કશમ લેવું છું કે અગર માહરા ખુશરોની મોહબતથી હું ગલાઇ ગલાઇ જલેલા ઇંધણ સમાન થાવું, અગર તેની મસ્ત મારે મનલાગેલી મોહબત મને જુદાઇમાં ભાદરવાના વાદલ મીશાલે જારજાર જાનથી વરશાવે, અગર તે બેઅંદાજે બંધાયલા આજુંની રાહે લોહીની ધારાથી એ મોહબત એક લાલ નદી વેહવારે, અગર હું તે નવજવાન આશકની મોહબતમાં જખમી થઈ લુલાં લગરાં હરણ મીશાલની થઇ ખાટલે પડી રેહું, અગર જેમ તંદુરમાં ગોસપંદ ભુંજી નાખતા જાલમ આતશ મીશાલે મોહબતનું મને સવરૂપ આવે, અગર એ મોહબત પોતાની જુદાઇથી મને વાહેજેહાન દોજખની નાશીપાયશ સીહાઇ મીશાલની કાલી કીલીઆન કરી નાખવાની હાલતમાં લાવે તોપણ હરગીજ નહી હું હરગીજ નહી તે શાહનશાહ જે મારો જાન ને નુર છે તે સાથ હરામ ઓરત થાવું. કદખુદાઈ કર્યા વગર તે સાથ હું હરગીજ જોક કે મોજમાં બેસું નહી. શાદી વગર તે જવાન નજદીક હરગીજ હું શરાબની જામ ને મોહબતની રામશનીમાં ફશું નહી. માહારાણી મહીબાનું આ કશમ સાંભલી ખુદાનો શોકર કરી બોલી કેઃ—ઓ બેટી હવે તું જોયે તેમ તે નામદાર શાહાનશાહ સાથ તારો રેસાલો લેઇ બાગ કે ચમન કે શેકારગાહ જા આવ, મને હવે તાહરી જરાપણ ફીકર નથી કેમકે આબનો કતરો તે નુરનો શોલો થતો નથી.

શાહાનશાહ ખુશરો શાહાજાદી શીરીન ને તેની સીતેર શાહેલીઓ સાથ બાહારની ફસલમાં ચોગાન દડી ખેલેછે.

સાદમાની ચમને હસી બેઠા ખુશરો,
શરમ જોતી તાંહાં ખુબસુરતીનો મૂખરો,
ચશમ જોતી તાંહાં ખુશબોનો નખરો.
કોલ હતો ચક્રોને મોહબત સકરો
દરમ્યાં હતી શીરીન તદન બેખબર,
બસ દીલ તેનુ ખુશરો ને ખુશરો દીલબર

રોશન રોજની ઝલે ઝલકાવતો નુરમંદ આફતાબ આશમાન ઉપર તલુ થયો તેવારે નાજનીન શીરીન પોતાની શીતેર શાહેલીઓ સાથે જેમ માહતાબ શેતારાઓ સાથ આસમાનના ચોગાન દરમ્યાન ખુબસુરતીના ખાલેશ ઝલકાટમાં રોશન ગમસની પુર ખીલે તેમ નવબાહાર ખીલેલા રોશનચેહેરે પોતાના મેહેલ બાહેર નીકલી. તે પોતાની તમામ શાહેલીઓ સાથ મરદાને મરદના સીકારી ને ચોગાન દડી ખેલવાના પોશાગમાં હતી. સરપર કોલાહ તનપર સાદું બખરેશની બખતર ને પીઠે તીરના ભાથરા ને કમાન તેમ ચોગાન દડી રમવાના દડુંકા સાથ ઘોડે સ્વાર થએલી શાહાનશાહ ખુશરોની દરગાહમાં આવી, તે જોઇ તે નામદારનું જીગર બાગબાગ થયું. તેણે શીરીનને જોતાં શેતાબ તખત ઉપરથી ઉઠી સામે ચાલી જઇ ને નાજનીને બેહદ પયારથી બગલગીરી કરીઆ પછે દસ્ત પકડી તખત ઉપર પોતાની પાસ જમની બાજુ બેસાડી, અને શીતેર શાહેલીઓને શુનાની ખુરશીઓ ઉપર દરવાને ઇશારત કરી. થોડો વખત હસી રીજીને મોહબત ને કુરબાનીથી એક બીજાનો ચેહેરો ને ચશમ જોયા પછે શ્યાણી શીરીન બોલી ઓ શાહાનશાહ અમો મેદાનમાં ચોગાન દડી ખેલવા જઇએ છઇએ. તે દરમીઆન તું નામદાર અમારો શરીક થા. આ શીરીનના શખુનોએ શાહાનશાહ શેતાબ શેકારી પોશાગમાં તઇઆર થતોંજ કે શીરીનનો દસ્ત પકડી શીંહ માફક પોતાની દરબાર બાહેર આવ્યો અને મરત શબદેજ ઉપર સ્વાર થતાં ગુલગુલની સ્વાર શીરીન સાથ ગોયા શેકારીના ફાંદામાં આવેલા શેકાર મીશાલે ને નાજની સાથ ચાલ્યો. પરીપેકર શાહેલીઓ પોતાની શાહજાદીને સ્વાર થઇ મેદાન ઘોડો નખાવતી જતી જોઇ પોતાને ઘોડે સ્વાર બની પવન મીશાલે તે ઘોડાઓ પાહુમ મેલી દેઇ એકે શેતાબ તે મેદાન ચોગાન દરી આશમાન ઉપર વાદલાંઓમાં ધુંધુંધું કરતી એવી ફેંકી કે શીરીન ને ખુશરો તેવારેજ પોતાની મોહબતથી ફારેગ થતાં દાવ મંડાયલો જોઈ તેમાં શામેલ થયાં. આ વખત એક ગમથી ગુલગુલને અને બીજી તરફથી શબદેજ જાણે માહાતાબ ને આફતાબજ ઉઠાવી ધડપકડ કરતાં ચોગાન દડી ઉપર ડોલા ફેરવતા કોઇ અપાર બલના લડાયકો હોય એ મીશાલે તે દાવમાં અચરત ભાગ લેતા હતાં. તાંહાં દડી જેવી જમીન તરફ આવતી તેવીજ તે ખેલારી શાહેલીઓ એવીતો કલાથી બાહેર નીકલી આવી તે ફરીને ઉપર મોકલવાનો ફટકો લગાવતી કે શાહાનશાહ તે નાજનીનોના દાવ ને જોર ને જરફ જોઇ દાંતમાં આંગલી પકડી લેતો. પણ એ દાવ જુજ વખત ચાલ્યો તેટલાં ખુશરોના પણ ખાસ સાથીઓ શેકારી પોશાગથી આરાસ્તા બનેલા તે મેદાનમાં આવ્યા અને એકગમ શીરીન પોતાની શાહેલીઓ સાથ અને બીજી ગમ ખુશરો પોતાના સાથીઓ સાથ સામાસામી તે ચોગાન દડી દાવમાં મશગુલ થયાં, દાવ રસકસ ઉપર ચઢયો અને શીરીને દડીદાવ હાથ કીધો અને પોતાના સુનેરી તારમા મઢેલી ગોહર દાંડીએ તે ચોગાન એવી તો કલાથી ઘુંમાવી કે તે દડી આશમાન જઇ ચકરી ખાંઈ

ખુશરોના સીનાના બંદમાં આવી ભરાઈ ગયી પણ તે તે દડી કાઢે તેટલાં તો તે શાહાજાદીએ પોતાના ગુલગુલને દપટાવતી પાસામાંજ ભરાઇ જતી હોય એમ ખુશરો સાથ મલી જઇ તે દડી તેના શીનામાંથી દાંડો ઉભી ટપે મારી ગજ બેગજ ઉડાસ્યો પછે જોરના ફટકાથી ફરી એવી ધુંમાવી કે આશમાન તેના તે દાવથી દંગ થઇ ગયો અને જયારે પણ શીરીનની દડી ખુશરો ઝીલી કે કબજ કરી લેતો અને તે જીતના હરખમાં ગરક થતો ત્યારે ત્યારે શીરીન તે ઉપર હજાર તરેહનો શદકો કરી તે જીતની મુબારકબાદી આપતાંજ તે દડી એવી તો ઝરફથી તેના દસ્તથી ઉડારી મેલતી કે તે મેદાનનું ચોગાન ખેલનારૂં સારૂ મંડલ શાબાસ શાબાસના પોકાર કરી રેહતું હતું. આ દાવમાં લગભગ ત્રણ કેલાક ગુજરતાં છેલે બાજી જેવી શીરીનની જીતમાં આવી તેવી તે શીરીને પોતાના અઠાગ પયારના શદકા તરીકે તે દાવ જાણે પોતે જીતી લેછે એ ભરૂશે પોતાની તમામ શાહેલીઓને ગફલત નાખી તે દડી જેવારે ખુશરો નીરાશ થઇ હારમાં આવી થોડો ધીમો કરતો હતો તેવામાં તે દાવના ધોરણ માફક તે દડી ખુશરોની હથેલીમાં એક બેમુલી ગોહર અંગોઠી સાથ તેણે ફેંકી દેરવી અને શીરીન હારી શરમાઇ ગયી હોય એવા ડોલે ખુશરોને નમી દાવ જીત્યાનું માન આપી જુદા થઇ રેહી. એ નામાચી ચોગાન ખેલારીને ખુશરો જોઇ ઘણોજ હેરત થયો અને તે નાજનીના રમાયલા કેટલાક પેજ તે સમજી શીખીને ઓરપણ પોતાના મનમાં તેનો ઉપકારી થયો. બેમુલી અંગોઠી છેલે શીરીનની ખાશ માલમ પડ્યાથી ખુશરોએ પોતાની અંગોઠી તે બદલામા હસતાં હસતાં દસ્ત પકડી તે દાવ થઇ રેહ્યા પછે સાથ ચાલતાં ચાલતાં એ રવેસ પેદાવી કે જેની જાણ તે નાજનીનને રાતના સુવા જતી વેલાજ થઇ. દાવ ખલાશ થયા પછે આફતાબ પુર તાપ તપયા પછે તે મેદાનમાંજ આગલથી ગોઠવણ રાખ્યા માફક દેરો નખાઇ પાદશાહી ખાનાનો શોફરો તઇઆર થયો હતો તાંહાં તે નામદારોએ ખાનુ લીધું પણ નમતે પોહોરે તેઓની શીકારબાજીમાં તે તમામ મેદાન ને જંગલ હલમલ્યું. ઉપરાસાપરી છુટતા તીરોથી જાબજા શેકારો વીંધાઇ જમીનદોસ્ત થવા લગા. જાણે આકાસ પંક્ષીઓનુંજ અને જમીન પશુઓનુંજ બનયું હોય અને શેકારી તીરોથી પક્ષીઓનોજ વરસાન વરસતો હોય એ શેકારબાજી એકગમ શાહાનશાહ ખુશરો પોતાના સાથીઓથી અને બાજી ગમથી શાહજાદી શીરીન પોતાની શાહેલીઓથી એવી પુર તેજ ચલાવાં લાગાં કે અછા લાલ રંગીન લોહીના યાકુતના વરસવાથી તે તમામ મેદાન ને જંગલ ગોયા લાલભર થઇ ગયું. આ શેકારબાજીમાં બે નામાચા શેકારો થયાં હતાં. તેમાં એક શીરીન રતન હંસણી અને બીજો ખુશરો રતનહંસ એક બીજાના નેને દીલથી વીંધાઇ શેકાર બની ગયલાં બસ એક બાજાનેજ જોવામાં જીંદગાની જાણતા હતા. આ ચોગાનબાજી એક મહીનો ચાલી હતી.

બાહારના ફસલ ઉપર મીજલશ સમારો ખુશરો ને શીરીન મોજજોક કરેછે તાંહાં ખુશરો વાઘને મારેછે.

શરાબ વીના જામ છે હીની ખાલી,
શરમ વીના જાન છે બુગી કંગાલી.

મરદઇ વીના મરદ છે કુલને મરકી,
રેહેમ વીના મોત છે સંસારને કરકી.

આ આવી સું સજન? ઉડાવ ખુખોં,
અરે ના રે સજન! એ તો શેર ભુખો.

એક માહ એ રમત ગમતમાં તમામ થયો અને એક રોજ વનનો મોર બાગથી ગુમ થયો યાને આફતાબ ગોરબ થઇ રાત પડી જોઇ શીરીને પોતાના દીલદાર ખુશરોથી પોતાને

મોહોલ જવા રજા માંગી તેવારે શીરીનને ખુશરોએ કેહ્યું કે એ માહતાબ તાહરો રોશન ચેહેરો મુરાદની નીશાન છે. એ જેહાનની ઓરતોની સરદાર તું માહરા મેહેલમાં આવ કે આજ રાતથી કાલની બામદાદ તલગ આપણે સાથ બેસીને સરાબબાજી કરીએ અને ફીરોજા રંગના આસમાનથી બંધો મુરાદભર ફતેહ પામ્યે. અવલ લાલ શરાબ મંગાવું તે નોશ કરી આપણે ખુશીનો પેશો કરીએ, એ વગર મને બીજી સોખી એ દરમ્યાન લાવવાનો મુદલ ખાબ પણ નથી, અને હું તું માહતાબનો નેક ચેહરો જોવાના પાક શોખ વગર બીલકુલ બીજો કોઇ ખેઆલ ધરાવતો નથી. એ શીરીન જેવી તું પોતે પાક દામન છે તેવોજ હું પણ પાક છું. હકતાલાનો હોકમ હશે ને આપણા નેકા થશે તેવારેજ હું તાહરો ખાવીંદ હકદાર ને માલેક છું. પાક દામન શીરીન પોતાના આશક ખુશરોની આ ઉમેદ બર લાવવાને કબુલ થઇ કે, ખુશરોએ પોતાના મેહેલમાં મીજલશ શમારી. તાંહાં ગોહરના તખ્ત ઉપર ખુશરો ને શીરીન બેઠાં. શાહેલીઓ ને જવાનોએ તે મીજલશમાં પોત પોતાની લાયક જગો લીધી ને રંગ રાગ જારી થયો. શરાબની જામ ને ગુલાબના રૂખશારા ને બુલબુલી જબાનોથી તે મીજલશ ગોય રામસગી જેવો મહીમા બની ગયો. શાહેર લખેછે કે જેવારે આ પીર આશમાન આદમજાતનો આશનાવ થઇ તેનાં ખાસ આશનાવ સાથ મેલવી તાજો શબજો દેખાડેછે તેવારે જોનાર તાજગી ભરેલો નવજવાન ને ઉમેદમાં ચોકાર થાયછે. આ બહારની ફશલનો હીગામ હતો. જાબજા માટીમાં ફુલ ફુટેલાં હતાં. બનફસાંના ફુલોએ તરેહવાર રંગની પાંખરી કાઢેલી હતી તાંહાં મુરગો દીલ રીજવનારા શરોદો ગાઇ ને બાહારને વધામણી કરતાં હતાં. શેવતીના ફુલો સફાબદન થઇ ઉભેલાં હતાં. નરગેશે જામ હાથમાં પકડી હતી. બુનફશાના ફુલ ખુમારીમાં ગરક હતાં, લાલાના ફુલ મસ્ત હતાં. ખુશબોદાર પવન શાદાં આદમી સારૂ બારખા ખોલીને દેલાશો નજર મેલતાં હતાં. સરવોએ ચમનમાં સર ઉઠાવી લાડ કરવો સરૂ કર્યો હતો. તેની મોહબતમા લાલાએ ફેહેરન ફાડેલાં હતાં. બાદે શબજા ઉપર મોતીની લટો તોડી નાખેલી હતી. શબનમના ખાલેશ કતરા ઘાસ ઉપર પડી બેકીમતી ગોહર માફક ઝલકી રેહેલા તાંહાં નજર આવતા હતા. રેહાનો પોતાની જાતની રેહાનો સાથે દસત ચેહેરા ઉપર મસલતી હતી. તાહાં હરણના બચ્ચાં દુધ પી ખુબ મસ્તીમાં તે સબજા આસપાસ પોતાની માદર સાથ ખેલતાં હતાં. આ બાહારની ફસલમાં સરવ તથા ચીનાર બીલી નવબાહાર મીશાલ બન્યાં હતાં. તેને હર તરેહના ફુલોવાલા વેલાના હાર ઓરવઇ વધાવો થયો હતો. બુલબુલ તથા તીતરના અવાજોએ આશકોની ઉમેદ તાજી કરેલી એવી તે ફશલ આશકને નવાજનારી હતી. એવી ફશલમાં એશકબાજી વગર બીજી બાજી ખતા છે. આ વખત તે ખુશરો શીરોન આશક માશુક તાંહાં જાબજા મીજલશમાં બેસી ફરીંતે ચમનમાં ફશલની મોજ જોક કરતાં હતાં. પાક મોહબત, શરાબબાજી ને બુશાબાજીમાં ચીકાર થયલી તે આશક માશુકોના મન પોતાના મકમપણામાં એવાં સાબુત ને મજબુત બાંધી ગુંઠતી હતી કે જમાનો તે બાજી ઉપર તરાહે થઇ જોઇ રેહેતો હતો. આ વખતે એક ગમ શીરીન પોતાની શાહેલી સાથ અને બીજી ગમ ખુશરો પોતાના સાથીઓ સાથ અરસ પરસ તે બહારના હીંગામને લગતાં શરોદોમાં પોતાના મનની મુરાદના શરોદો ગાવા લાગાં તેમાં ખુશરો જરા વધ્યો તે ઉપર શીરોને મનાનો અવાજ કાઢો. એ રવેસ તાંહાં મોજ જોક થયી રેહીછે. મીજલશમાં આફતાબ ખુશરો ને માહતાબ શીરીન હસી ખુશીને લાડ નખરાંથી એક બીજા ઉપર જાનફેશાની કરી રેહાંછે. તે નદીના કીનારા ઉપર નખાવેલાં પાદશાહી દેરામાં શીરીનથી ખુશદેલ થયલો ખુશરો ને ખુશરોથી રીજી રેહેલી શીરીન હસી હસી ખુબ જખાંબાજી કરતાં

હતાં તેવામાં તાંહાં એક મસ્ત શેરે આવી શેતાબ પાદશાહ ઉપર પંજો મારવાનો કસદ કર્યો તેટલાંજ તે જંગીએ હોશ્યારી પકડીને જો કે ના તનમાં બખ્તર કે ના કમરે શમશેર કે ના પાસ નેજો કે તીર તે છતાં જેમ તીર મારવા સારૂ કમાન ઉપર દસ્ત ઉઠાવે તેમ પોતાનો દસ્ત ઉઠાવી એક મુક્કી તે શેરના સર ઉપર એવી લગાવી કે તે શેરનો હોશ જતો રેહ્યો. તે તાંહાં શેતાબ મુરડું થઇ પડયો; તે જોતાંજ શાહાનશાહે હોકમ કીધો તેથી તેનું સર કાપી ગરદનથી ચામડું ઉખેડી કાઢયું. આ વખતથી તે નામદારે હમેશ પોતાની પાસે એક શમશેર રાખવાનો રાબેતો પાડયો આજથી એ દલેરી કર્યાથી તે શાહાનશાહનું નામ શેરગીર પડયું કેમકે શરાબની બેસુમાર ખુમારી છતાં તે નામદારે પુર હોશ્યારીથી જવાંમરદી કરી બતાવી તેથી જેહાંન હેરત થઈ હતી આ બનાવથી માહતાબ શીરીંને પોતાના સરદારની દલેરીનું ઇનામ આપવા શેતાબ તે મરદાનો દસ્ત પકડીને તે ઉપર બુશો લીધો. તે નાજનીન આફરીન કરી બોલી કે "ઓ નામદાર હમેશાં તું એવા શેર ઉપર ગાલેબ હોજો" એથી પાદશાહ હશ્યો કારણ શીરીનના બોશાથી તેનો દસ્ત ગોયા શાકર ભરેલો થયો. એ બાહને તે શાહાનશાહે શેતાબજ શીરીનને પોતાની ગોદમાં પકડી પોતાની ખાલેશ મોહબતની મતલબ મુઆફક પોતાની ગરદન લાંબી કરીને તે નાજનીનના રૂખશારા ઉપર એક બુશો લીધો. તે પોતાના મનસાથ બોલ્યો કે મધ તો એ પરીના ગલામાંજ દેખું. તે શીરીનને બોલ્યો, માહતાબ તું ગોશો કરતી ના. બુશો લેવાની જગો દસ્ત નથી પણ આદમીનાં રૂખશારા છે. જે ગુલાબ મીશાલ ખીલેલા ને ખુશબોદાર મુગદની જગો છે. ઓ નાજનીન તને ખબર નથી કે હાથમાં શાકર હોય તે કરતાં મોહડાંમાં મેલ્યે તો ખુબ છે. તેં મારા હાથ ઉપર બોશો લીધો તે કાને મેં તારા રૂખશારા ઉપર લીધો તેમાં બેહદ લેહજત જણાઇ છે. આ તાલ જોઇ શીરીન પણ હસી. તેણીએ મનમાં વીચાર્યું કે બુશો તો લેવાયો અને દાનાઇથી તે લેવાયો છે પણ પોતાને પરહેજીના કશમ હોવાથી તે ખુશરો પરવેજના રૂખશારા ઉપર બુશો લેવાથી માહ મુશકેલ રીતે મનને સમજાવી પરહેજ રેહી શકી. પણ આ બુશાની ઉલતમાંજ શીરાને પાદશાહને પોતાને હાથે શરાબની જામ ભરી આપી. તે બોલી:—શેર માર્યથી તાહરી કેફ ઉડી ગઈછે માટે તું આ જામ નોશ કર. આ જામ ખુશરો પરવેજે નોશ કરી તે તેને એવી તો લેજતદાર લાગી કે તે પછે ઘણી પણ બીજી જામ નાજનીન શીરીને પોતાને હાથે ભરીને પાયી પણ તેવી લેહજતદાર લાગી નહી. તેમ તે પેહેલી જામ તે કોઇ કાલ વીશર્યો પણ નહી.

શાહેર નીજામી કેહેછે કે એ તો રાબેતોજ છે કે પેહેલી જામ પોતાની માશુકના હાથથી પાયલી લેહેજત લાગેછે તેવી તે પછીની જામ કોઇ કાલ લેહેજતદાર જણાતી નથી જે ફુલ બાગમાં ઝાડ ઉપર પેહેલું ફુટેછે તેની ખુશબો બાજા સેંકડો ફુલ કરતાં ઓર જાદા ને કીમતી હોયછે. પકાવેલાં ખાનામાંથી પેહેલે ખાનારને ઓર લેહેજત મલેછે. બાહારની ફસલનો પેહેલો રોજ તે જેહાનમાં વખણાયલો નવરોજછે તે પછેના બીજા રોજો ગમે એવા નવબહાર તે અવલ રોજ પાસ ખીસાત નથી. બચ્ચાંનો પેહેલા અવાજનો બોલાયલો બોલ મોટી ખુશાલી કેહવાયછે. પેહેલી શાદી જીંદગાનીનો અમુલો રોબ છે. એ રેશ પેહેલો બુશો ને પેહેલી જામ ને પેહેલી ગોદબાજી તે આશક માશુકમાં શદાની યાદગાર રેહી ગયી. એ પછે તે આશક માશુકો શરાબબાજી ને બુસાબાજીમાં ગમે એટલાં ગરમ ને ફીદા થયાં પણ તે તમામ જાનફેશાની અવલની જાનફેશાની પાસ ગોયા નવરોજ પાસ બીજા મહીમા મીશાલ જણાયો.

ભાગ પેહેલો સમાપ્ત.
